ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો. (લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો. (લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૧૧૫ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# પંજાબની રાજધાની ચંદીગઢ છીનવી લેવાનો કારસો ? ભારે ધમાલ પછી કેન્દ્ર સરકારનો યુ-ટર્ન

**મંત્રાલયે સ્પષ્ટતા કરી કે કેન્દ્રનો સંસદના આગામી શિયાળુ સત્રમાં આવું કોઈ બિલ રજૂ કરવાનો કોઈ ઈરાદો નથી**



**કેન્દ્ર સરકારે ચંદીગઢ અંગે તૈયાર કરેલા પ્રસ્તાવથી પંજાબમાં ઉગ્ર અને ઘેરા પડઘા પડ્યા હતા, પંજાબના રાજકીય પક્ષોએ આક્ષેપ કર્યો હતો કે અમારૂં પાટનગર છીનવી લેવાનું કાવતરૂં છે**

**હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી : વિરોધ બાદ કેન્દ્રએ ચંદીગઢ પ્રસ્તાવ પર પીછેહઠ કરી**

**આ પગલાથી પંજાબમાં ઉગ્ર રાજકીય પ્રતિક્રિયાઓ આવી હતી જેમાં તમામ મુખ્ય પક્ષોએ ચંદીગઢ પર પંજાબના દાવાને ઘટાડવાના પ્રયાસ તરીકે તેનો વિરોધ કર્યો હતો.**

**આ પ્રસ્તાવની પંજાબના રાજકીય પક્ષોએ નિંદા કરી હતી. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ તેને 'ઘોર અન્યાય' ગણાવ્યો, અને ભાજપની આગેવાની હેઠળની NDA સરકાર પર પંજાબની રાજધાની 'છીનવી લેવાનું કાવતરૂં' કરવાનો આરોપ લગાવ્યો. તેમણે જણાવ્યું કે ચંદીગઢ પંજાબનો 'ભાગ હતો, છે અને હંમેશા રહેશે અને રાજ્ય આ સુધારો પસાર થવા દેશે નહીં. માનએ દલીલ કરી હતી કે પંજાબ, મૂળ રાજ્ય તરીકે, તેની રાજધાની પર એકમાત્ર અધિકાર ધરાવે છે અને તેને વારંવાર કેન્દ્ર તરફથી અન્યાયનો સામનો કરવો પડ્યો છે. AAP કન્વીનર અરવિંદ કેજરીવાલે પણ કેન્દ્ર પર પંજાબની ઓળખ અને બંધારણીય અધિકારો પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે આ પગલું 'સંઘીય માળખાને તોડી નાખે છે' અને રાષ્ટ્રીય સુરક્ષા, ખાદ્ય સુરક્ષા અને માનવતા માટે 'હંમેશા બલિદાન' આપનાર રાજ્યને નુકસાન પહોંચાડે છે. કેજરીવાલે પુનરોચ્ચાર કર્યો કે 'ચંદીગઢ પંજાબનું છે અને પંજાબ સાથે રહેશે.' પંજાબ કોંગ્રેસના પ્રમુખ અમરિંદર સિંહ રાજા વારિંગે આ પગલાને 'સંપૂર્ણપણે અનાવશ્યક' ગણાવ્યું અને ચેતવણી આપી કે ચંદીગઢને પંજાબથી 'છીનવી લેવા'ના કોઈપણ પ્રયાસના 'ગંભીર પરિણામો' આવશે. તેમણે કહ્યું કે કોંગ્રેસ સંસદમાં બિલનો સખત વિરોધ કરશે અને તેને રોકવા માટે સમાન વિચારધારા ધરાવતા પક્ષોને એકત્ર કરશે. વોરિંગે પંજાબ ભાજપના નેતાઓ પાસેથી સ્પષ્ટતાની માંગ કરી. શિરોમણી અકાલી દળ (એસએડી)ના પ્રમુખ સુખબીર સિંહ બાદલે આ કાયદાને 'પંજાબના અધિકારો પર હુમલો' અને ચંદીગઢને પંજાબને ટ્રાન્સફર કરવા માટે કેન્દ્ર દ્વારા કરવામાં આવેલી પ્રતિબદ્ધતાઓનો વિશ્વાસઘાત ગણાવ્યો હતો.**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

પંજાબની રાજધાની ચંદીગઢના કેન્દ્રશાસિત પ્રદેશને બંધારણની કલમ ૨૪૦ અંતર્ગત સમાવી લેવાના કેન્દ્ર સરકારના પ્રસ્તાવથી પંજાબમાં રાજકીય ઘમાસાણ જાગી ઊઠ્યું હતું અને પંજાબના તમામ રાજકીય પક્ષોએ ઉગ્ર વિરોધ કર્યો છે પરિણામે કેન્દ્ર સરકારને ચંદીગઢની દરખાસ્ત અંગે યુ-ટર્ન લેવાની ફરજ પડી છે. બંધારણની કલમ ૨૪૦ રાષ્ટ્રપતિને કેન્દ્રશાસિત પ્રદેશ માટે નિયમો બનાવવાની અને કાયદા ઘડવાની સત્તા આપે છે. સરકારે નક્કી કરેલા ચંદીગઢ બિલ સામે પંજાબમાં આમ આદમી પાર્ટી, કોંગ્રેસ અને શિરોમણી અકાલી દળે ઉગ્ર પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે ચંદીગઢ ઐતિહાસિક રીતે પંજાબની જ રાજધાની છે અને અમારી જ રહેશે. ભારે વિરોધ પછી સરકાર ઝૂકી ગઈ છે અને ખુલાસો કર્યો છે કે સંસદના શિયાળુ સત્રમાં આવો કોઈ ખરડો લાવવાનો પ્રસ્તાવ નથી.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રવિવારે સ્પષ્ટતા કરી કે કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢ માટે કાયદા બનાવવાની પ્રક્રિયા સંબંધિત દરખાસ્ત પર કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. ગૃહ મંત્રાલય (MHA) એ જણાવ્યું હતું કે, 'કેન્દ્ર સરકારનો સંસદના આગામી શિયાળુ સત્રમાં આ અંગે કોઈ બિલ રજૂ કરવાનો કોઈ ઈરાદો નથી.' કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટ માટે લેફ્ટનન્ટ ગવર્નરની નિમણૂક કરવાની મંજૂરી આપતા બંધારણના અનુચ્છેદ ૨૪૦ હેઠળ બિલ શરૂ કરવાના કેન્દ્ર સરકારના કથિત પગલા પર પંજાબમાં રાજકીય વિવાદ થયો હતો. ભાજપના પંજાબ એકમે કહ્યું છે કે તે પ્રસ્તાવિત બિલને પાછું ખેંચવાની માંગ કરશે. ગૃહ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'આ પ્રસ્તાવ ફક્ત કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢ માટે કેન્દ્ર સરકારની કાયદા બનાવવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે હતો અને તે હજુ પણ કેન્દ્ર સરકાર સાથે વિચારણા હેઠળ છે. આ પ્રસ્તાવ પર કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ પ્રસ્તાવ કોઈપણ રીતે ચંદીગઢના શાસન કે વહીવટી માળખામાં ફેરફાર કરવાનો નથી, ન તો તેનો ઉદ્દેશ ચંદીગઢ અને પંજાબ કે હરિયાણા રાજ્યો વચ્ચેની પરંપરાગત વ્યવસ્થામાં ફેરફાર કરવાનો છે. ચંદીગઢના હિતોને ધ્યાનમાં રાખીને, બધા હિસ્સેદારો સાથે પર્યાપ્ત પરામર્શ કર્યા પછી જ યોગ્ય નિર્ણય લેવામાં આવશે. આ બાબતે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. કેન્દ્ર સરકારનો સંસદના આગામી શિયાળુ સત્રમાં આ અંગે કોઈ બિલ રજૂ કરવાનો કોઈ ઈરાદો નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે પંજાબ ભાજપની કોર કમિટી આજે સવારે મળી હતી અને પંજાબના લોકોના માનસ પર પ્રસ્તાવિત બિલની અસર અંગે ચર્ચા કરવા માટે કેન્દ્રના નેતાઓ સાથે વર્ચ્યુઅલ મીટિંગ યોજી હતી. બાદમાં, કેન્દ્ર સરકાર સાથે આ મુદ્દાને ઉકેલવા માટે સંમતિ સધાઈ હતી. આ બેઠકમાં રાજ્ય એકમના વડા સુનીલ જાખડ, રાજ્યના ભાજપ સંગઠન પ્રભારી મંત્રી શ્રીનિવાસુલુ, કાર્યકારી પ્રમુખ અશ્વની શર્મા, ઉપરાંત સમગ્ર ભાજપ રાજ્યના ટોચના નેતાઓ હાજર રહ્યા હતા. ઉપરાંત, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરૂણ ચુઘ બેઠકમાં હાજર રહ્યા હતા. આ કોર કમિટી સંમત થઈ હતી કે બિલનો સમય યોગ્ય નથી અને તે રાજ્યના લોકોમાં અવિશ્વાસ પેદા કરી શકે છે. પંજાબ ભાજપના કાર્યકારી પ્રમુખ

**ચંદીગઢ પ્રસ્તાવ અંગે કોઈ અંતિમ નિર્ણય નહીં, વહીવટી માળખામાં કોઈ ફેરફાર નથી : ગૃહ મંત્રાલયનું નિવેદન**

અશ્વિની શર્માએ કોર કમિટીની બેઠક થઈ હોવાની પુષ્ટિ કરી અને કહ્યું, 'નદીના પાણીના મુદ્દા પર અમે પંજાબીઓ સાથે

**કેન્દ્ર સરકારે ખુલાસો કર્યો છે કે ચંદીગઢ અંગે કોઈ ઠરાવ હજુ અમલમાં મૂકવામાં આવ્યો નથી**

છીએ. પંજાબના હિતોનું રક્ષણ કરવું એ પાર્ટીના રાજ્ય એકમની ફરજ છે. પ્રસ્તાવિત સુધારાના મુદ્દા પર અમે કેન્દ્ર સરકારના સંપર્કમાં છીએ.' ઉપરાંત, પંજાબ ભાજપના પ્રમુખ સુનીલ જાખડે કહ્યું કે ચંદીગઢ કેન્દ્રશાસિત પ્રદેશ પંજાબનો અભિન્ન ભાગ છે અને તેના પર કોઈપણ મૂંઝવણ ફક્ત સરકાર સાથે ચર્ચા કરીને જ ઉકેલી શકાય છે. પંજાબ ભાજપ રાજ્યના હિતોની સાથે છે, પછી ભલે તે ચંદીગઢનો મુદ્દો હોય કે પંજાબના પાણીનો. ચંદીગઢ અંગે જે પણ મૂંઝવણ ઊભી થઈ છે તે સરકાર સાથે ચર્ચા કરીને ઉકેલવામાં આવશે. એક પંજાબી તરીકે, હું તમને ખાતરી આપું છું કે અમારા માટે, પંજાબ હંમેશા પહેલા છે. ઉલ્લેખનીય છે કે, ૧૯૬૬માં હરિયાણાને પંજાબમાંથી અલગ કર્યા પછી ચંદીગઢને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યું હતું. હાલમાં, પંજાબના રાજ્યપાલ ચંદીગઢના પ્રશાસક છે.

## દેશમાં SIRનું ઉતાવળે અમલીકરણ નોટબંધી તથા કોવિડ-૧૯ લોકડાઉનનું સ્મરણ કરાવે છે, BLOના મૃત્યુ અંગે કોંગ્રેસની પ્રતિક્રિયા

**કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે SIR કવાયતના કામનો વધતો જતો બોજો ચૂંટણી અધિકારીઓ અને BLOને આપઘાતની ફરજ પાડી રહ્યો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

દેશભરમાં ચાલી રહેલી એસઆઈઆર કવાયતને લઈને પ્રતિક્રિયા આપતાં કોંગ્રેસે એવો આક્ષેપ કર્યો હતો કે મતદાર યાદી સઘન રિવિઝન ઉતાવળે કરવામાં આવી રહ્યું હોવાથી નોટબંધી તથા કોવિડ-૧૯ લોકડાઉન જેવી અરાજકતાનું વાતાવરણ ઊભું થઈ ગયું છે. આ કવાયતમાં કામનો બોજો વધી રહ્યો છે તેના કારણે ચૂંટણી અધિકારીઓ અને બીએલઓ આપઘાત કરી રહ્યા છે. છેલ્લા ૧૯ દિવસમાં ૧૬ બીએલઓ મૃત્યુ પામ્યા છે. આ રીતે ભાજપની 'મતચોરી' કવાયત જીવલેણ વળાંક લઈ રહી છે. કોંગ્રેસ પ્રમુખે આ કવાયતને કારણે જાન ગુમાવનારા કર્મચારીઓના પરિવારો પ્રતિ સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે



મૃત્યુનો સાચો આંકડો હજુ વધારે હોઈ શકે છે. વાસ્તવિક પરિસ્થિતિ જોઈએ તો જે જાહેર થયા છે તેના કરતાં વધુ મૃત્યુ નોંધાયા છે. જે અત્યંત ચિંતાજનક બાબત છે. આ પરિવારોને ન્યાય કોણ આપશે ? કોંગ્રેસ પ્રમુખે એમની પોસ્ટમાં આખરી ભાષામાં લખ્યું હતું કે, ભાજપ ચોરીથી મેળવેલી સત્તાના ફળ મજાથી ચાખી રહ્યો છે અને ચૂંટણી પંચ મૂક પ્રેક્ષક બની રહી ગયું છે. બિન-આયોજિત, ઉતાવળ સાથે અને બળજબરીથી થઈ રહેલી એસઆઈઆર નોટબંધી અને કોવિડ લોકડાઉનનું સ્મરણ કરાવે છે. ભાજપની સત્તાની ભૂખ લોકશાહી સંસ્થાઓને આપઘાત તરફ દોરી રહી છે. બંધારણના ચીંથરા કાઢી નાંખ્યા છે અને લોકશાહીને નબળી પાડી દેવામાં આવી છે. ખડગેએ આ આક્રોશ સાથે ઉમેર્યું કે બસ હવે બહુ થયું જો હજુ આપણે જાગૃત નહીં બનીએ તો લોકશાહીના આખરી સ્તંભને પણ ધરાશાયી થતો રોકી નહીં શકીએ. જે લોકો એસઆઈઆર અંગે મૌન છે અને મતચોરી વિશે બોલતાં નથી એ લોકો આ તમામ નિર્દોષોના મોત માટે જવાબદાર છે.

## યુએસના નવા પ્રતિબંધોને લીધે ભારતની રશિયન તેલની આયાત વિક્ષેપિત થઈ શકે છે

(એજન્સી) તા.૨૩

રશિયાના ક્રૂડ ઓઈલની ભારતની આયાત, જે પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણ માટેનો મુખ્ય ઘટક છે તેમાં નજીકના ભવિષ્યમાં મોસ્કોના ટોચના તેલ નિકાસકારો પર નવા યુએસ પ્રતિબંધો સંપૂર્ણ રીતે અમલમાં આવશે તેથી તીવ્ર ઘટાડો થવાની ધારણા છે પરંતુ તે સંપૂર્ણપણે બંધ નહીં થાય. રોઝનેફ્ટ અને લુકોઈલ અને તેમની બહુમતી માલિકીની પેટાકંપનીઓ પર યુએસ પ્રતિબંધો ૨૧ નવેમ્બરના રોજ અમલમાં આવ્યા છે. આ વર્ષે રશિયાથી ભારતની ક્રૂડ ઓઈલની આયાત, સરેરાશ ૧.૭ મિલિયન બેરલ પ્રતિ દિવસ (bpd) હતી, તે નવા કાપ પહેલાં સ્થિર રહી હતી, અને નવેમ્બરમાં આવક ૧.૮-૧.૯ મિલિયન બેરલ પ્રતિ દિવસ રહેવાનો અંદાજ છે, કારણ કે રિફાઈનર્સ ડિસ્કાઉન્ટેડ ખરીદી કરતાં હોય છે. પરંતુ ડિસેમ્બર અને જાન્યુઆરીમાં આ આયાત નોંધપાત્ર રીતે ઘટવાની ધારણા



**પરંપરાગત રીતે, મધ્ય પૂર્વીય તેલ પર નિર્ભર ભારતે ફેબ્રુઆરી ૨૦૨૨ના યુક્રેન આક્રમણ પછી રશિયાથી તેની તેલની આયાતમાં નોંધપાત્ર વધારો કર્યો હતો**

છે, વિશ્લેષકોનો અંદાજ છે કે નજીકના ગાળામાં તે ઘટીને લગભગ ૪,૦૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ થશે.

પરંપરાગત રીતે, મધ્ય પૂર્વીય તેલ પર નિર્ભર ભારતે ફેબ્રુઆરી ૨૦૨૨ના યુક્રેન આક્રમણ પછી રશિયાથી તેની તેલની આયાતમાં નોંધપાત્ર વધારો કર્યો હતો. પશ્ચિમી પ્રતિબંધો અને યુરોપિયન માંગમાં ઘટાડો થવાને કારણે રશિયન તેલ ભારે ડિસ્કાઉન્ટ પર ઉપલબ્ધ હતું. પરિણામે, ભારતની રશિયન ક્રૂડ આયાત ટૂંકા ગાળામાં તેની કુલ ક્રૂડ ઓઈલ આયાતના ૧ ટકાથી વધીને લગભગ ૪૦ ટકા થઈ ગઈ હતી. નવેમ્બરમાં, રશિયા ભારતનું ટોચનું સપ્લાયર રહ્યું છે, જે દેશ દ્વારા આયાત કરાયેલા તમામ ક્રૂડ ઓઈલના લગભગ ત્રીજા ભાગનું ઉત્પાદન છે.

કેપ્લરના રિફાઈનિંગ અને મોડેલિંગના લીડ રિસર્ચ એનાલિસ્ટ સુમિત રિટોલિયાએ જણાવ્યું હતું કે, "અમે નજીકના ભવિષ્યમાં, ખાસ કરીને ડિસેમ્બર અને જાન્યુઆરી સુધીમાં, ભારતમાં રશિયન ક્રૂડના પ્રવાહમાં નોંધપાત્ર ઘટાડો થવાની અપેક્ષા રાખીએ છીએ. ૨૧ ઓક્ટોબરથી લોડિંગ પહેલાથી જ ધીમું પડી ગયું છે.

## રાજસ્થાન પોલીસે નવા ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળ ૨ ખ્રિસ્તી મિશનરીઓ સામે કેસ નોંધ્યો, આરોપીઓએ હિન્દુઓ વિશે અપમાનજનક ટિપ્પણી કરી હતી

(એજન્સી) તા.૨૩

સૌ પ્રથમ વખત, રાજસ્થાન પોલીસે નવા ઘડાયેલા ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળ ૨ ખ્રિસ્તી મિશનરીઓ સામે કેસ નોંધ્યો હતો. અહેવાલો અનુસાર, આરોપીઓની ઓળખ ચાંડી વર્ગીસ અને અરૂણ જોન તરીકે થઈ છે. કોટાના બીરશેબા ચર્ચમાં આયોજિત ૩ દિવસીય 'આધ્યાત્મિક સત્સંગ' દરમિયાન લાલચ દ્વારા ધર્માંતરણ કરાવવા બદલ પોલીસે તેમની સામે FIR નોંધી હતી. આ કાર્યક્રમ આ વર્ષે ૬થી ૯ નવેમ્બર દરમિયાન યોજાયો હતો. બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના સભ્યો દ્વારા આ અંગે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.



'આધ્યાત્મિક સત્સંગ' દરમિયાન ઘણા લોકોનું કપટથી ધર્માંતરણ કરાવનારા ચાંડી વર્ગીસ અને અરૂણ જોન પર ભારતીય ન્યાય સંહિતા (BNS) કલમ ૨૯૯ (ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના હેતુથી કૃત્ય) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. વધુમાં, પોલીસે ખ્રિસ્તી મિશનરીઓ પર રાજસ્થાન ગેરકાયદેસર ધર્મ પરિવર્તન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૫ની કલમ ૩ અને ૫ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ બંનેએ હિન્દુ સમુદાયને શાબ્દિક રીતે ગાળો પણ ભાંડી હતી અને ભાજપની આગેવાની હેઠળની રાજસ્થાન સરકારને 'શેતાનનું રાજ્ય' ગણાવી હતી. પોલીસે આ મામલાની તપાસ શરૂ કરી છે અને હવે સોશિયલ મીડિયા ફૂટેજની તપાસ કરી રહી છે અને કાર્યક્રમ દરમિયાન હાજર રહેલા સાક્ષીઓની પૂછપરછ કરી રહી છે. તેમણે ખ્રિસ્તી મિશનરીઓને ૩ દિવસની અંદર જવાબ આપવા માટે નોટિસ મોકલી છે. આ વર્ષે સપ્ટેમ્બરમાં, રાજસ્થાન વિધાનસભાએ ધર્માંતરણ વિરોધી કાયદો પસાર કર્યો હતો, જે કપટી ધાર્મિક પરિવર્તન માટે દંડ અને સજા લાદે છે.

### ક્યા બાત હૈ ?!

**આ ઈમરાનભાઈનું નામ સાંભળીને તમારા વાળ કેમ ઊભા થઈ ગયા ?**




## વડાપ્રધાન મોદીએ ટેક્નોલોજીનો દુરૂપયોગ અટકાવવા માટે AI પર વૈશ્વિક કોમ્પેક્ટનું આહ્વાન કર્યું

**G20 સમિટના ત્રીજા સત્રમાં મોદીએ કહ્યું કે ટેકનોલોજી એપ્લિકેશનો 'રાષ્ટ્રીય' નહીં 'વૈશ્વિક' હોવી જોઈએ અને 'વિશિષ્ટ મોડેલ' નહીં 'ઓપન સોર્સ' પર આધારિત હોવી જોઈએ**

(એજન્સી) જોહાનિસબર્ગ, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે AIના દુરૂપયોગને રોકવા માટે વૈશ્વિક કોમ્પેક્ટનું આહ્વાન કર્યું અને મહત્વપૂર્ણ ટેકનોલોજીઓને નાણાં-કેન્દ્રિત કરવાને બદલે માનવ-કેન્દ્રિત બનાવવા માટે સમર્થન આપ્યું હતું. G20 સમિટના ત્રીજા સત્રને સંબોધતા, મોદીએ એમ પણ કહ્યું કે ટેકનોલોજી એપ્લિકેશનો 'રાષ્ટ્રીય' નહીં પણ 'વૈશ્વિક' હોવી જોઈએ અને 'વિશિષ્ટ મોડેલ' નહીં પણ 'ઓપન સોર્સ' પર આધારિત હોવી જોઈએ. મોદીએ



કહ્યું કે આ વિઝન ભારતના ટેકનોલોજી ઈકોસિસ્ટમમાં સંકલિત કરવામાં આવ્યું છે અને તેના પરિણામે નોંધપાત્ર ફાયદા થયા છે, પછી ભલે તે અવકાશ એપ્લિકેશનો હોય, AI હોય કે ડિજિટલ ચુકવણીઓ હોય અને ભારત તેમાં વિશ્વમાં અગ્રણી છે. મોદી 'બધા માટે એક ન્યાયી ભવિષ્ય-મહત્વપૂર્ણ ખનિજો; યોગ્ય કાર્ય; આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' વિષય પર G20 સમિટના ત્રીજા સત્રને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે આપણે બધાએ ખાતરી કરવી જોઈએ કે AIનો ઉપયોગ વૈશ્વિક ભલા માટે થાય અને તેનો દુરૂપયોગ અટકાવવામાં આવે. આ કરવા માટે, આપણે અસરકારક માનવ દેખરેખ, સલામતી સાથેની ડિઝાઈન, પારદર્શિતા અને ડીપફેક, ગુના અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં AIના ઉપયોગ પર કડક પ્રતિબંધો સહિત ચોક્કસ મુખ્ય સિદ્ધાંતો પર આધારિત AI પર વૈશ્વિક કોમ્પેક્ટ બનાવવો જોઈએ.

પ્રધાનમંત્રીએ કહ્યું કે AI સિસ્ટમો જે માનવ જીવન, સુરક્ષા અથવા જાહેર વિશ્વાસને અસર કરે છે તે જવાબદાર અને ઓડિટેબલ હોવી જોઈએ. અને સૌથી અગત્યનું, AIએ માનવ ક્ષમતાઓમાં વધારો કરવો જોઈએ, પરંતુ નિર્ણય લેવાની અંતિમ જવાબદારી હંમેશા માનવીઓ પર રહેવી જોઈએ.

મોદીએ કહ્યું કે, AIના આ યુગમાં, આપણો અભિગમ 'આજની નોકરીઓ'થી 'આવતીકાલની ક્ષમતાઓ' તરફ બદલવો જોઈએ. ઝડપી નવીનતા માટે પ્રતિભા ગતિશીલતાને અનલોક કરવી જરૂરી છે. અમે દિલ્હી G20માં આ વિષય પર પ્રગતિ કરી છે. અમને આશા છે કે આગામી થોડા વર્ષોમાં, G20 પ્રતિભા ગતિશીલતા માટે વૈશ્વિક માળખું વિકસાવશે.

# દિલ્હી વિસ્ફોટની તપાસમાં નવા ધડાકા, શિક્ષિત આતંકવાદીઓના મોડ્યુલ દ્વારા બે વર્ષથી વિસ્ફોટકોનો સંગ્રહ કરવામાં આવતો હતો

### એનઆઈએની તપાસમાં ખુલાસો થયો, કાવતરાને અંજામ આપવા પાંચ ડોક્ટરોએ રૂા.૨૬ લાખ ભેગા કર્યા હતા

(એજન્સી) ચંદીગઢ, તા.૨૩

વ્હાઈટ કોલર આતંકવાદી મોડ્યુલ અંગે એનઆઈએની તપાસ આગળ વધી રહી છે અને નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. એવું બહાર આવ્યું છે કે શિક્ષિત આતંકવાદીઓની આ ટુકડી છેલ્લા બે વર્ષથી વિસ્ફોટકો અને રિમોટથી ધડાકા કરવાના સરંજામને એકત્ર કરી રહી હતી. એનઆઈએની પૂછપરછમાં ડોક્ટર મુઝમ્મીલ ગનઈ દ્વારા કબૂલ કરવામાં આવ્યું હતું કે હરિયાણાના ગૂરૂગ્રામ અને નૂહમાંથી ૨૬ ક્વિન્ટલ જેટલું એનપીકે ખાતર મેળવવામાં આવ્યું હતું. ડો. ઉમર નબીની દેખરેખ હેઠળ ખાતરમાંથી સ્ફોટક પદાર્થ બનાવવામાં આવતો હતો. એ માટેના રિમોટ ડિટોનેટર અને બોમ્બ માટેની સર્કિટની વ્યવસ્થા પણ ઉમરે કરી હતી



અને તમામ ટેક્નિકલ ઓપરેશન સંભાળ્યું હતું. ડો. ગનઈ કહે છે કે વિસ્ફોટકો રાતોરાત તૈયાર થયા ન હતા ખૂબ લાંબાગાળાની મહેનત પછી બનાવવામાં આવ્યા હતા. ખાતર તથા રસાયણો, એમોનિયમ નાઈટ્રાઈટ અને યુરિયાનો જથ્થો ડો. ગનઈ એકત્ર કરતો હતો. સૂત્રોએ એવું પણ કહ્યું કે પાંચ ડોક્ટરોએ એકત્ર થઈને કાવતરાને અંજામ આપવા રૂા.૨૬ લાખ એકઠાં કરી લીધા હતા.

## હૈદરાબાદના RGI એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

નવી દિલ્હી : શનિવારે પોલીસે જણાવ્યું હતું કે, હૈદરાબાદના RGI એરપોર્ટ પર બોમ્બ મૂકવામાં આવ્યો હોવાનો દાવો કરતો ઈમેઈલ મળ્યો હતો અને આખરે તે ખોટો હોવાનું બહાર આવ્યું હતું. એરપોર્ટના ગ્રાહક સેવા વિભાગને શુક્રવારે ઈમેઈલ મળ્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે એરપોર્ટના આગમન વિસ્તારમાં બોમ્બ વિસ્ફોટ થશે. ઈમેલમાં મુસાફરોને તપાસ કરવા અને ખાલી કરાવવાનું સૂચન કરવામાં આવ્યું હતું. તપાસ હાથ ધરવામાં આવી હતી અને બોમ્બની ધમકી ખોટી હોવાનું બહાર આવ્યું હતું, એમ પોલીસે ઉમેર્યું.

## માઓવાદી વિરોધી કાર્યવાહી તીવ્ર બની, તેલંગાણાના ડીજીપી સમક્ષ ૩૭ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું

નવી દિલ્હી : વધુ એક મોટી શરણાગતિ, ત્રણ રાજ્ય સમિતિના સભ્યો સહિત ૩૭ માઓવાદીઓએ શનિવાર, ૨૨ નવેમ્બરના રોજ તેલંગાણા ડીજીપી બી શિવધર રેડ્ડી સમક્ષ આત્મસમર્પણ કર્યું. આપસીરદ કરાયેલા કેડર્સમાં ત્રણ રાજ્ય સમિતિના સભ્યો, ત્રણ વિભાગીય સમિતિના સભ્યો, નવ ક્ષેત્ર સમિતિના સભ્યો અને ૨૨ અન્ય સીપીઆઈ (માઓવાદી) સભ્યોનો સમાવેશ થાય છે, એમ રેડ્ડીએ પત્રકારોને જણાવ્યું.રાજ્ય સમિતિના ત્રણ સભ્યો કોયદા સંબૈયા (૪૯), ઉર્ફે આઝાદ, અપ્પાસી નારાયણ, ઉર્ફે રમેશ (૭૦), અને મુચાકી સોમાદા છે. જ્યારે સંબૈયા અને નારાયણ તેલંગાણા સમિતિના છે, ત્યારે સોમાદા માઓવાદીઓની દંડકારણ્ય સ્પેશિયલ ઝોનલ કમિટીનો ભાગ હતા. આત્મસમર્પણ કરનારા માઓવાદીઓએ એક AK-47 રાઇફલ, બે SLR રાઇફલ, ચાર ૩૦૩ રાઇફલ, એક G3 રાઇફલ અને ૩૪૬ રાઉન્ડ જીવંત દારૂગોળો સોંપ્યો.

## પશ્ચિમ બંગાળમાં વધુ એક BLOનું મોત; સુસાઈડ નોટમાં SIRને કામનું ભારણ દર્શાવવામાં આવ્યું

નવી દિલ્હી : પશ્ચિમ બંગાળમાં પહેલેથી જ તણાવપૂર્ણ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કવાયતમાં વધુ એક દુઃખનો માહોલ છવાઈ ગયો છે, કારણ કે ત્રણ દિવસમાં બીજા બૂથ લેવલ ઓફિસર (BLO)નું અવસાન થયું છે, આ વખતે નાદિયા જિલ્લામાં ૫૧ વર્ષીય મહિલા, જેમણે પોતાની ફરજોના ભારે ભારણ વિશે એક ભયાનક નોંધ છોડી દીધી છે. કૃષ્ણનગરના શાંત શાસ્ત્રિતલા વિસ્તારમાં રિંકુ તારાફદાર - જે પાર્ટ-ટાઈમ શિક્ષિકા અને બાંગલાઝી વિસ્તારમાં નિયુક્ત BLO છે - શનિવારે તેના રૂમમાં લટકતી મળી આવી હતી. નજીકમાં એક સુસાઈડ નોટ પડી હતી, જેના શબ્દો થાક અને નિરાશાથી ભરેલા હતા. હું દબાણ સહન કરી શકતી નથી, તેણીએ લખ્યું. ચૂંટણી પંચ મારા ભાગ્ય માટે જવાબદાર છે. હું એક સામાન્ય વ્યક્તિ છું. હું અમાનવીય કાર્યભાર સહન કરી શકતી નથી. તેણીએ આગ્રહ કર્યો કે તેના પરિવારમાં કોઈને દોષી ઠેરવવા જોઈએ નહીં. પોલીસે અકુદરતી મૃત્યુનો કેસ નોંધ્યો છે અને તેના શરીરને શબપરીક્ષણ માટે મોકલ્યું છે. એક વરિષ્ઠ અધિકારીએ પુષ્ટિ આપી છે કે નોંધ સ્પષ્ટપણે SIR સંબંધિત સતત તણાવને ભંગાણ બિંદુ તરીકે દર્શાવે છે.

## SIRના કામના ભારણમાં વધારો થવાના કારણે વડોદરાના BLO સહાયકનું ફરજ પર મૃત્યુ; ગુજરાતમાં ચાર દિવસમાં ચાર મૃત્યુ

નવી દિલ્હી : શનિવારે વડોદરાની એક શાળામાં ફરજ પર એક મહિલા BLO સહાયકનું મોત થયું હતું, જેના કારણે SIR વર્કલોડના વધતા દબાણ અંગે તીવ્ર પ્રશ્નો ઊભા થયા છે, ખાસ કરીને કારણ કે ગુજરાતમાં ચાર દિવસમાં ચાર BLO કર્મચારીઓના મૃત્યુ થયા છે - જેમાંથી બે અચાનક હૃદયરોગના હુમલાથી અને એક આત્મહત્યાથી. ગુજરાતના વડોદરામાં બનેલી ઘટનાએ SIR કાર્યના વધતા દબાણ અંગે ચિંતા વધારી દીધી છે કારણ કે BLO સહાયક, ઉષાબેન ઈન્દ્રસિંહ સોલંકી કડક બજારની પ્રતાપ સ્કૂલમાં ફરજ પર પડી ગયા અને મૃત્યુ પામ્યા. આ ઘટના થોડી મિનિટોમાં જ બની હતી, છતાં દરેક વિગતો થાક અને નિરાકરણ ન કરાયેલી ફરિયાદોના મોટા પેટર્ન સાથે જોડાયેલી છે. પોલીસે જણાવ્યું હતું કે, ગોરવા મહિલા ITIમાં કામ કરતી ઉષાબેનને ખરાબ તબિયત હોવા છતાં BLO ફરજ પર તૈનાત કરવામાં આવી હતી. તેમના પતિ, ઈન્દ્રસિંહ સોલંકીએ ખુલાસો કર્યો હતો કે પરિવારે અગાઉ અધિકારીઓને ચેતવણી આપી હતી. મારી પત્નીની તબિયત સારી ન હતી. અમે સુભાનપુરામાં PW ક્વાર્ટરમાં રહીએ છીએ અને તે ગોરવા ITIમાં કામ કરતી હતી. અમે વિનંતી કરી હતી કે તેમને આ BLO ફરજ ન સોંપવામાં આવે, એમ તેમણે કહ્યું. પરંતુ અપીલ છતાં, તેમને ફરજ પર મોકલવામાં આવ્યા. જ્યારે તેઓ ફિલ્ડ વર્ક દરમિયાન તેમના સુપરવાઇઝરની રાહ જોઈ રહ્યા હતા, ત્યારે ઉષાબેન અચાનક પડી ગયા. ઈન્દ્રસિંહે પીડાદાયક સ્પષ્ટતા સાથે અંતિમ ક્ષણો વર્ણવી. તે અચાનક બેહોશ થઈ ગઈ, એવું લાગે છે કે તેમને હુમલો આવ્યો હતો.

## પાલઘર જંગલમાં ૧૧ વર્ષના છોકરાએ દીપડા સામે લડત આપી; સ્કૂલ બેગે તેનો જીવ બચાવ્યો

નવી દિલ્હી : મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં એક ૧૧ વર્ષનો છોકરો એક અનોખો હીરો બની ગયો છે, જેણે એક હુમલાખોર દીપડાનો સામનો કર્યો અને એક એવા હુમલામાંથી બચી ગયો જે સરળતાથી જીવલેણ બની શકે. તેની ઢાલ ઝડપી વિચારસરણી, મિત્રની અટલ વફાદારી અને એક નાની સ્કૂલ બેગ જેણે આ હુમલો સહન કર્યો. શુક્રવારે સાંજે માલા પદવીપાડા નજીક આ નાટક પ્રગટ થયું, જ્યાં ધોરણ ૫નો વિદ્યાર્થી મયંક કુવારા શાળાએથી ઘરે પરત ફરી રહ્યો હતો. એક દીપડો જંગલની શાંતિમાંથી રસ્તા પર કૂદી પડ્યો. પરંતુ મયંક અને તેના મિત્ર, ગભરાઈ ગયા, અને તેમણે શિકારીનો સામનો પુખ્ત વયના લોકો કરતાં પણ હિંમતથી કર્યો - બૂમો પાડતા, પથ્થરો ફેંકતા અને એટલો બધો અવાજ કરતા કે મોટો જાનવર છુપાઈ ગયો જ્યાંથી તે બહાર આવ્યો. જોકે તેની સ્કૂલ બેગ મોટાભાગનો શ્રેય લઈ લે છે, મયંકના હાથ પર પંજાના ઘા હતા અને તેને વિક્રમગઢ ગ્રામીણ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે, જ્યાં ડોક્ટરોએ ઈજાઓ ટાંકા કરી હતી. પહેલા હુમલાના સ્થળે અને પછી હોસ્પિટલ પહોંચેલા વન અધિકારીઓ, આ દુર્ઘટનાને કેટલી સરળતાથી ટાળી શકાય તે જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. નિવાસી વન અધિકારી સ્વપ્નિલ મોહિતેએ પીટીઆઈને જણાવ્યું હતું કે વિભાગ આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈ રહ્યું છે.

## ડિસેમ્બરની સમયમર્યાદા સુધીમાં ભૂલમુક્ત મતદાર યાદી પહોંચાડવાની ચૂંટણી પંચની ક્ષમતા પર તૃણમૂલ કોંગ્રેસે સવાલ ઉઠાવ્યા

નવી દિલ્હી : તૃણમૂલ કોંગ્રેસે શંકા વ્યક્ત કરી હતી કે શું ચૂંટણી પંચ મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને ભૂલ-મુક્ત રીતે પૂર્ણ કરવાની સમયમર્યાદા પૂરી કરી શકશે, જે અન્યથા આ કવાયતનો હેતુ નિષ્ફળ જશે. આ ગતિએ, એ લગભગ નિશ્ચિત છે કે ૪ ડિસેમ્બર સુધીમાં, ઘણા મતવિસ્તારોમાં મતદાર ડેટા ચોકસાઈ સાથે અપલોડ કરી શકાશે નહીં, જેનાથી મોટા પાયે ભૂલો અને સાચા મતદારોના મતાધિકારથી વંચિત રહેવાનો માર્ગ મોકળો થશે. આ પરિસ્થિતિ ચૂંટણી અખંડિતતાના મૂળ પર પ્રહાર કરે છે, એમ રાજ્ય મંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું. શનિવારે નાદિયાના કૃષ્ણનગરમાં એક બૂથ લેવલ ઓફિસર તેમના નિવાસસ્થાને લટકતો મળી આવ્યાના કલાકો પછી ભટ્ટાચાર્ય, રાજ્ય મંત્રી અરૂપ બિસ્વાસ અને બેરકપુરના લોકસભા સાંસદ પાર્થ ભૌમિકે શનિવારે CEOને મળ્યા હતા. ચાલુ ગણતરી પ્રક્રિયા ૪ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે અને ડ્રાફ્ટ મતદાર યાદી ૯ ડિસેમ્બરે પ્રકાશિત કરવામાં આવશે. ડ્રાફ્ટ યાદી પરના દાવાઓ અને વાંધાઓ માટે, કેન્દ્રીય ચૂંટણી પેનલે ૯ ડિસેમ્બરથી ૮ જાન્યુઆરી સુધી એક મહિનાની સમયમર્યાદા નક્કી કરી છે. તેની સુનાવણી અને ચકાસણી ૯થી ૩૧ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવશે.

## બિહાર : કોંગ્રેસના કાર્યકરોએ રાજ્ય નેતૃત્વ સામે વિરોધ કર્યો, મહિલા કોંગ્રેસ પ્રમુખે રાજીનામું આપ્યું

નવી દિલ્હી : મહાગઠબંધનની હાર અને બિહાર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના ખરાબ પ્રદર્શનના એક અઠવાડિયા પછી, કોંગ્રેસના કાર્યકરોએ શુક્રવારે પટનામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ રાજેશ રામ અને પાર્ટીના બિહાર પ્રભારી કૃષ્ણ અલ્લવારૂ વિરૂદ્ધ વિરોધ પ્રદર્શન કર્યું. પટનામાં વિરોધ કરી રહેલા કોંગ્રેસના કાર્યકરોએ પ્રદેશ પ્રમુખ અને પાર્ટીના બિહાર પ્રભારી વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. સમાચાર એજન્સી ANI દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં, ઘણા કાર્યકરો બેનરો લઈને જોવા મળ્યા હતા જેમાં લખ્યું હતું, ટિકિટ ચોર, ગાદી છોડ. તાજેતરમાં પૂર્ણ થયેલી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની હાર બાદ આ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે મહાગઠબંધનના ભાગ રૂપે, કોંગ્રેસે ૬૧ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખ્યા હતા, જેમાં ફક્ત છ બેઠકો જીતી હતી. મહાગઠબંધને કુલ ૩૫ બેઠકો જીતી હતી. NDAએ ૨૪૩ બેઠકોમાંથી ૨૦૨ બેઠકો જીતીને ફરી એકવાર બિહારમાં સરકાર બનાવી. ગુરૂવારે, નીતિશ કુમારે પટણાના ગાંધી મેદાનમાં રેકોર્ડ દસમી વખત મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. અહેવાલ છે કે પૂર્ણિયાના અપક્ષ સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવ પટણામાં વિરોધ પ્રદર્શનમાં પહોંચ્યા હતા અને વિરોધીઓને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ગુસ્સે ભરાયેલા કોંગ્રેસના નેતાઓએ તેમની સાથે પણ દલીલ શરૂ કરી હતી.

# ભારત, ઓસ્ટ્રેલિયા અને કેનેડા ગ્રીન એનર્જી અને AI પર ત્રિપક્ષીય ટેક્નોલોજી સહભાગિતા માટે સંમત : મોદીનો ‘માસ્ટર સ્ટ્રોક’



### આ દેશના ત્રણેય પ્રધાનમંત્રીઓ સંમત થયા હતા કે આ પહેલને આગળ વધારવા માટે અધિકારીઓ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં મળશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

ભારત, ઓસ્ટ્રેલિયા અને કેનેડાએ એક નવી ત્રિપક્ષીય ટેકનોલોજી ભાગીદારીની જાહેરાત કરી છે જેનો હેતુ ગ્રીન એનર્જી, મહત્ત્વપૂર્ણ ખનિજો અને કૃત્રિમ બુદ્ધિમત્તા પર સહયોગને વધુ ગાઢ બનાવવાનો છે. શનિવારે જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ વ્યવસ્થા ઓસ્ટ્રેલિયા કેનેડા ઈન્ડિયા ટેકનોલોજી એન્ડ ઈનોવેશન પાર્ટનરશિપ (ACITI) તરીકે ઓળખાશે. દક્ષિણ આફ્રિકામાં G20 સમિટ દરમિયાન ભારતના નરેન્દ્ર મોદી, ઓસ્ટ્રેલિયાના એન્થોની અલ્બેનીઝ અને કેનેડાના માર્ક કાર્ની વચ્ચે થયેલી બેઠક બાદ આ જાહેરાત કરવામાં આવી હતી. આ પહેલ ત્રણેય દેશોની કુદરતી શક્તિઓ પર આધારિત હશે અને ગ્રીન એનર્જી ઈનોવેશન અને મહત્ત્વપૂર્ણ ખનિજો સહિત સ્થિતિસ્થાપક સપ્લાય ચેઈન બનાવશે. આ નિવેદન અનુસાર, આ સહયોગ વધુ સુરક્ષિત, સ્થિર ભવિષ્ય બનાવવા માટે સપ્લાય ચેઈનને વૈવિધ્યીકરણ કરતી વખતે ચોખ્ખી શૂન્ય ઉત્સર્જન તરફના પ્રયાસોને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. સ્વચ્છ ઊર્જા તકનીકો અને અદ્યતન ઉત્પાદન માટે જરૂરી મહત્ત્વપૂર્ણ ખનિજો, સપ્લાય ચેઈન આ સહકારનો મુખ્ય ઘટક હશે. આ ભાગીદારી નાગરિકોના જીવનને સુધારવા માટે AIના વિકાસ અને અપનાવવા માટે પણ પ્રયાસ કરશે. આ વર્ષે મોદી અને કાર્ને વચ્ચે આ બીજી બેઠક છે. આ બંને પક્ષો ઓટ્ટાવાના આરોપો પછી બે વર્ષના રાજદ્વારી સ્થિરતા પછી સંબંધોને સ્થિર કરવા માંગે છે. આ ત્રણેય વડા પ્રધાનો સંમત થયા હતા કે પહેલને આગળ વધારવા માટે અધિકારીઓ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં મળશે. ઓક્ટોબરમાં વિદેશ મંત્રી અનિતા આનંદની નવી દિલ્હી મુલાકાત દરમિયાન ભારતે કેનેડાના વડા પ્રધાનને આગામી વર્ષની શરૂઆતમાં યોજાનારી AI સમિટમાં આમંત્રણ આપ્યું હતું. અલ્બેનીઝે પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ "આશા રાખે છે કે આવતા વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતમાં યુનાઈટેડ સ્ટેટ્સ, જાપાન, ભારત અને ઓસ્ટ્રેલિયાને સંડોવતા ક્વાડની બેઠક થશે. ભારતે મૂળ ૨૦૨૫ માં સમિટનું આયોજન કરવાની અપેક્ષા રાખી હતી અને મોદીએ ફેબ્રુઆરીમાં વોશિંગ્ટનની તેમની મુલાકાત દરમિયાન ટ્રમ્પને આમંત્રણ આપ્યું હતું. જો કે, ટ્રમ્પ વહીવટીતંત્ર આ જૂથને પ્રાથમિકતા તરીકે જુએ છે કે નહીં તે અંગે યુનાઈટેડ સ્ટેટ્સ તરફથી તાજેતરમાં કોઈ સંકેત મળ્યો નથી.

## મતદાનમાં ગોટાળા થયા હતા પરંતુ કોઈ પુરાવા નથી : પ્રશાંત કિશોરે બિહારના પરાજય પર ખુલાસો કર્યો

### મીડિયા સાથે વાત કરતા પ્રશાંત કિશોરે રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) પર વિધાનસભા ચૂંટણીના અંતિમ દિવસોમાં બિહારમાં મહિલાઓને ૧૦,૦૦૦ રૂપિયાનું વિતરણ કરવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૨૩

જન સુરાજના સ્થાપક અને પૂર્વ મતદાન વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરે બિહાર વિધાનસભા ચૂંટણીમાં તેમના નવા રચાયેલા રાજકીય પક્ષના પરાજય બાદ પોતાનું મૌન તોડ્યું અને દાવો કર્યો કે મતદાનમાં ‘ગોટાળા’ થયા હતા, જોકે તેમણે સ્વીકાર્યું કે આ તબક્કે તેમની પાસે આ આરોપને સમર્થન આપવા માટે કોઈ પુરાવા નથી. કિશોર, જેમની પાર્ટી પહેલીવાર રાજ્યવ્યાપી ચૂંટણી લડી હતી, તેમણે કહ્યું કે હાર ‘કરારી’ હતી પરંતુ ભારપૂર્વક કહ્યું કે તેમના અભિયાનનો જમીન પર પ્રભાવ હતો. તેમણે દાવો કર્યો કે મતદાનના વલણો મહિનાઓ સુધી ચાલેલી જન સુરાજ યાત્રા દરમિયાન તેમની ટીમે મેળવેલા પ્રતિસાદ સાથે મેળ ખાતા નથી, અને ઉમેર્યું કે તેઓ માને છે કે ‘કંઈક ખોટું થયું છે’. કિશોરે એક ચેનલના મેનેજિંગ એડિટર પ્રીતિ ચૌધરી સાથે વાત કરતા કહ્યું કે, ‘કેટલીક અજેય શક્તિઓ રમતમાં હતી. જે પક્ષોને લોકો ભાગ્યે જ ઓળખતા હતા તેમને લાખો મત મળ્યા. કેટલાક લોકો મને અવાજ ઉઠાવવા અને કહેવાનું કહી રહ્યા છે કે ઈફસ્માં છેડછાડ કરવામાં આવી હતી. આ એવી વાત છે જેનો લોકો હાર્યા પછી આરોપ લગાવે છે. મારી પાસે કોઈ પુરાવા નથી. પરંતુ ઘણી બાબતો સરખી નથી. પહેલી નજરે, એવું લાગે છે કે કંઈક ખોટું થયું છે, પરંતુ અમને ખબર નથી કે શું થયું’. વધુમાં, જન સુરાજના સ્થાપકે રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) પર ચૂંટણી પરિણામો સાથે છેડછાડ કરવા માટે બિહારમાં હજારો મહિલા મતદારોને પૈસા વહેંચવાનો પણ આરોપ લગાવ્યો. કિશોરે કહ્યું કે, ‘ચૂંટણીની જાહેરાત થઈ તે દિવસથી મતદાનના દિવસ સુધી, મહિલાઓને દસ હજાર રૂપિયા આપવામાં આવ્યા હતા. આ રકમ પણ તેમને જે વચન આપવામાં આવ્યું હતું તેના માટે પૂરતી ન હતી. તેમને કહેવામાં આવ્યું હતું કે તેમને કુલ બે લાખ રૂપિયા મળશે અને આ દસ હજાર તો પહેલો હપ્તો હતો. જો તેઓ NDAને મત આપે, નીતિશ કુમારને મત આપે, તો તેમને બાકીના પૈસા મળશે. બિહારમાં કે દેશમાં ક્યાંય પણ, મને યાદ નથી કે કોઈ સરકારે ક્યારેય ૫૦,૦૦૦ મહિલાઓને આ રીતે પૈસા આપ્યા હોય’. જન સુરાજ સામે ભારે અસર કરનાર બીજું એક પરિબળ લાલુના જંગલ રાજના પાછા ફરવાનો ડર હતો.

## હૈદરાબાદની હોસ્પિટલમાં ૧૭ વર્ષની વયના એક સગીરનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં જબરદસ્ત તણાવ, અચાનક મોત થઈ જતા પરિવારજનો હતપ્રભ બની ગયા અને દુઃખના સાગરમાં ડૂબી ગયા

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૩

હૈદરાબાદમાં શનિવારે સાંજે એક સ્થાનિક હોસ્પિટલમાં ભારે તનાવ ઊભો થઈ જવા પામ્યો હતો. એ હોસ્પિટલમાં ૧૭ વર્ષની ઉંમરના એક સગીરનું અચાનક સારવાર દરમિયાન મૃત્યુ થઈ જતા પરિવારજનોમાં રોષ અને આઘાતની લાગણી પ્રસરી વળી હતી અને જોરદાર તનાવ પ્રસરી વળ્યો હતો. મહાનગરમાં હયાત નગર વિસ્તારમાં આવેલા સઈદા ક્લિનિકમાં આ ઘટના બની હતી. હરસની બીમારી હોવાથી આ સગીરને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો પરંતુ તેનું ઓપરેશન થયા પછી તેનું અચાનક મૃત્યુ થઈ ગયું હતું. અચાનક બનેલી આ ઘટનાથી પરિવારજનો ખૂબ જ ગુસ્સે ભરાયા હતા અને હતપ્રત થઈ જવા પામ્યા હતા. તેમણે સારવાર અંગે ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી હતી અને એવો આક્ષેપ કર્યો હતો કે બનાવટી ડોક્ટર એટલે કે જોલાછાપ ડોક્ટર દ્વારા આવી ક્લિનિકમાં ઓપરેશન કરવામાં આવે છે અને નિર્દોષ લોકોને જાન ગુમાવવા પડે છે. થોડા મહિના પહેલાં ડુંડીગલ ખાતે પણ આવી જ ઘટના બની હતી ત્યારે પણ પોલીસે એક સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ૨૬ વર્ષની ઉંમરના દર્દીનું સારવાર દરમિયાન મૃત્યુ થયા પછી કેસ પણ દાખલ કર્યો હતો. ૧૧મી મે ના રોજ દર્દી કુરારા પરમેશના પરિવારજનોએ હોસ્પિટલ સામે કેસ દાખલ કર્યો હતો જે દર્દીનું મૃત્યુ થયું હતું. એ હોસ્પિટલ બહાદુર પલ્લી વિસ્તારમાં આવેલી છે. પરમેશ એક મુવર્સ એન્ડ પેકર્સ કંપનીમાં કામ કરતો હતો અને તેને જમણા પગની નસમાં કોઈ તકલીફ ઊભી થઈ હતી અને તેનું ઓપરેશન થયું હતું એ પછી તેનું મૃત્યુ થયું હતું. થોડા મહિનાઓ પછી ફરી એકવાર આવી જ ઘટના બની છે.

## ભારત અને ઈઝરાયેલ વચ્ચે કૃષિ ક્ષેત્રમાં સહકાર વધારવા માટેના માર્ગોની વિચારણા

### ભારતના કોમર્સ અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે એમની ઈઝરાયેલની સત્તાવાર મુલાકાત દરમિયાન શ્રેણીબદ્ધ બેઠકોમાં હાજરી આપી હતી અને કૃષિ તેમજ ટેક્નોલોજી તથા સંશોધન અને વ્યાપાર જેવા ક્ષેત્રોમાં સહકાર વધુ મજબૂત બનાવવા ચર્ચા થઈ હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

કૃષિ સહિતના ક્ષેત્રમાં સહકાર વધુ મજબૂત અને વ્યાપક બનાવવા માટે ભારત અને ઈઝરાયેલ વચ્ચે મહત્ત્વની ચર્ચા વિચારણા થઈ છે તેમ વાણિજ્ય મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું. કોમર્સ અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે એમની ઈઝરાયેલની સત્તાવાર મુલાકાત દરમિયાન ઈઝરાયેલના કૃષિ અને અન્ન સુરક્ષા પ્રધાન આવી ડીચર સાથે વિગતવાર ચર્ચા વિચારણા કરી હતી અને કૃષિ ક્ષેત્રમાં સહકાર આગળ વધારવાના માર્ગો અંગે વિચારોની આપ-લે થઈ હતી. ઉદ્યોગ મંત્રીએ એમની યાત્રા દરમિયાન ત્યાંના અધિકારીઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી અને



કૃષિ તેમજ ટેક્નોલોજી અને સંશોધન તથા વ્યાપાર જેવા ક્ષેત્રોમાં સહકાર વધુ મજબૂત અને વ્યાપક બનાવવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અત્રે એ યાદ રહે કે ભારત ઈઝરાયેલમાં ઘણું મોટું રોકાણ કરતું રહ્યું છે અને વ્યાપાર પણ વધતો જાય છે.

## બિહારની ચૂંટણીઓમાં ધબડકા પછી પ્રશાંત કિશોરની જન સુરાજ પાર્ટીના તમામ જિલ્લા સંગઠનના એકમોને વિખેરી નાખવામાં આવ્યા

### એક નિવેદનમાં પક્ષના પ્રવક્તા સૈયદ મસીહુદ્દીને જણાવ્યું હતું કે નવા સંસ્થાપક ઘટકોની આવનારા એકથી દોઢ મહિનામાં પુનઃરચના કરવામાં આવશે

(એજન્સી) પટના, તા.૨૩

પ્રશાંત કિશોરના પક્ષ જન સુરાજ પાર્ટીના સંગઠનના તમામ ઘટકો અને એકમોને વિખેરી નાખવામાં આવ્યા હોવાનું પક્ષ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. તાજેતરમાં બિહારની ચૂંટણીઓમાં ખૂબ ખરાબ દેખાવ કર્યા પછી પંચાયત કક્ષાથી માંડીને રાજ્યકક્ષા સુધીના સંગઠન એકમોનું વિસર્જન કરવામાં આવ્યું છે. એક નિવેદનમાં પક્ષના પ્રવક્તા સૈયદ મસીહુદ્દીને જણાવ્યું હતું કે સંગઠનના તમામ ઘટકોની આવતા એકથી દોઢ મહિનામાં પુનઃરચના કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે પટના ખાતે પક્ષના પ્રદેશ પ્રમુખ મનોજ ભારતીના અધ્યક્ષસ્થાને મળેલી પક્ષની નેશનલ કાઉન્સિલની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રશાંત કિશોરના પક્ષનો ચૂંટણીઓમાં ધબડકો થયા પછી રાજકીય રીતે નવા રચાતા એટલે કે સ્ટાર્ટ અપ પક્ષોના ભવિષ્ય અંગે ભારે ચર્ચા થઈ રહી છે. પક્ષની બેઠકમાં પ્રશાંત કિશોર પણ હાજર હતા અને અન્ય નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. નિવેદનમાં જણાવ્યું હતું કે પક્ષના સિનિયર નેતાઓને તમામ ૧૨ ડિવિઝનની જવાબદારી સોંપવામાં આવી છે અને અમે નવેસરથી અસરકારક રીતે સક્રિય સંગઠન માળખું ઊભું કરવા જઈ રહ્યા છીએ. પક્ષના સિનિયર નેતાઓની ટીમ પરાજયના કારણોની સમીક્ષા કરશે અને જે કોઈ નેતાઓએ ગેરશિસ્ત આચરી હોય અથવા તો આંતરિક દગાબાજી કરી હોય તે અંગેનો વિગતવાર અહેવાલ નેતાગીરીને આપશે.

## ‘અહંકારને કારણે રાવણનું પતન થયું હતું’ : એકનાથ શિંદેનો ભાજપ પર છૂપો પ્રહાર ?

### લોકોને ‘રાવણના ઘમંડ’ સામે મતદાન કરવા હાકલ કરતા શિંદેએ કહ્યું, ‘અમે અહીં સરમુખત્યારશાહી અને સરમુખત્યાર સામે એકઠા થયા છીએ’

(એજન્સી) મુંબઈ, તા.૨૩

શિવસેનાના ધારાસભ્યોને દબોચવાના પ્રયાસો પર તેમના સાથી પક્ષ ભાજપ પર સ્પષ્ટ પ્રહાર કરતા, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું કે તેમની પાર્ટી પાછળ પડનારાઓનું પણ રાવણ જેવું જ પરિણામ આવશે. લોકોને ‘રાવણના ઘમંડ’ સામે મતદાન કરવા હાકલ કરતા, શિંદેએ કહ્યું, ‘અમે અહીં સરમુખત્યારશાહી અને સરમુખત્યાર સામે એકઠા થયા છીએ.’ ઉપ મુખ્યમંત્રી શિંદે નગર પંચાયત પ્રમુખ પદ માટે તેમના પક્ષના ઉમેદવાર ભરત રાજપૂત માટે પ્રચાર કરવા માટે દહાણુમાં હતા. રાજપૂત પાલઘર જિલ્લાના પ્રમુખ પણ છે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના અને કોંગ્રેસ બંનેએ ચૂંટણીમાંથી પોતાના ઉમેદવાર પાછા ખેંચી લીધા હોવાથી, લડાઈ શિવસેના અને ભાજપ વચ્ચે છે. શિંદેએ કહ્યું કે, ‘આપણી પ્રિય બહેનોએ રાજ્યની ચૂંટણીઓમાં મોટા પાયે મતદાન કર્યું છે અને અમે પરિણામ પણ જોયું છે. જો આપણી બહેનો પણ એ જ રીતે મતદાન કરશે, તો આ ચૂંટણીઓમાં અમને મોટી જીત મેળવવાથી કોઈ રોકી શકશે નહીં. આ જીત આ પ્રદેશમાં મોટા વિકાસને વેગ આપશે’. તેમણે વધુમાં કહ્યું કે તેઓ ભ્રષ્ટાચારને તેના મૂળમાંથી ખતમ કરવા માંગે છે, તેથી આ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં તેમના પક્ષના ઉમેદવારોને મત આપવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. શિંદેએ એ પણ યાદ અપાવ્યું કે શિવસેનાએ ફક્ત ૮૦ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૬૦ બેઠકો જીતી હતી; તેથી સેના પાસે તેમના વચનો પૂરા કરવાની ક્ષમતા છે અને તેથી લોકોએ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં તેમના પક્ષના ઉમેદવારોને મત આપવો જોઈએ. શિંદેએ કહ્યું કે



તેઓ એક એવી વ્યક્તિ છે જે દરેક સમુદાયના વ્યક્તિના વિકાસ અને પ્રગતિ માટે કામ કરે છે. શિંદેએ વચન આપ્યું કે, ‘‘શિવસેનાનો અર્થ વિકાસ છે. અમે બાળકો માટે રમવા માટે બગીચા અને રમતના મેદાનો વિકસાવીશું. સ્થાનિક સ્તરે તમામ અત્યાધુનિક સુવિધાઓ સાથે મૂળભૂત માળખાગત સુવિધાઓમાં પણ સુધારો કરવામાં આવશે જેથી તેમને મૂળભૂત સેવાઓ માટે ક્યાંય જવાની જરૂર ન પડે’’. ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધનમાં આંતરિક ઘર્ષણ ભગવા પક્ષના ટોચના નેતૃત્વ સુધી પહોંચાડવાના શિંદેના પ્રયાસો સફળ રહ્યા નહીં કારણ કે તેમને કહેવામાં આવ્યું હતું કે પક્ષ તેની વિસ્તરણ યોજનાઓ સાથે આગળ વધશે. શિંદેએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની પૂર્વસંધ્યાએ ભાજપ પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણ દ્વારા શિવસેનાના નેતાઓને કથિત રીતે ખરીદવાના પ્રયાસો તેમજ ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકારમાં સાવકી મા જેવા વર્તન અંગે ચિંતા વ્યક્ત કરી હોવાનું કહેવાય છે.

## ‘આ બધું મીડિયાનું સર્જન છે કે, કર્ણાટકમાં નેતાગીરીમાં ફેરફારની અટકળો દર્શાવતા અહેવાલોને ફગાવી દેતા સીએમ સિદ્ધારમૈયા, ખડગે સાથે ટેલિફોન પર વાતચીત

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૩

કર્ણાટકના મુખ્યમંત્રી સીધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડી.કે શિવકુમાર વચ્ચે લાંબા સમયથી સત્તા સંઘર્ષ ચાલી રહ્યો છે અને નેતૃત્વ પરિવર્તનની અફવાઓની યાદી પ્રસરી વળી છે. એ દરમિયાન નવી દિલ્હીમાં કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સાથે બેઠક કરીને પાછા ભરેલા મુખ્યમંત્રીએ મીડિયા સમક્ષ એવું કહ્યું હતું કે એ માત્ર શુભેચ્છા મુલાકાત હતી. તેમણે નેતૃત્વ દરમિયાન અમે સંગઠનની ચર્ચા કરી હતી અને બેંગ્લુરૂ મહાનગરપાલિકા સહિતની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આવનારી ચૂંટણીઓ અંગે ચર્ચા થઈ હતી. તાજેતરમાં જ પક્ષના ૧૫ જેટલા ધારાસભ્યો અને એક ડઝન જેટલા વિધાન પરિષદ સભ્યો દિલ્હી પહોંચી ગયા હતા જેથી કરીને કર્ણાટકના મુખ્યમંત્રીના પદ પર શિવકુમારને બેસાડવા માટે કોંગ્રેસ હાઈ કમાન્ડ પર દબાણ કરી શકાય તેમ જાણકાર સૂત્રોએ

### પોતાના નાયબ મુખ્યમંત્રી અને કર્ણાટક પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ડી.કે. શિવકુમાર સાથે સત્તાનો સંઘર્ષ જેમનો ચાલી રહ્યો છે એવા મુખ્યમંત્રીએ આ પહેલા પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે હુંમારા હોદ્દા ઉપર ચાલુ રહેવાનો છું અને ભવિષ્યમાં રાજ્યનું બજેટ પણ રજૂ કરીશ

પરિવર્તનની જે ચર્ચા અને અનુમાનો થઈ રહ્યા છે એ મીડિયાની ઉપજ ગણાવ્યા હતા. મીડિયાના મતે શિવકમાર સાથે મુખ્યમંત્રીનો સત્તા સંઘર્ષ ભારે જોર પકડી ગયો છે ત્યારે મુખ્યમંત્રીએ દિલ્હીથી આવ્યા બાદ ભારપૂર્વક જણાવ્યું હતું કે હું અત્યારે મારા હોદ્દા ઉપર યથાવત છું અને ભવિષ્યમાં રાજ્યનો બજેટ પણ રજૂ કરવા જઈ રહ્યો છું. પ્રતિભાવ રૂપે શિવકુમારે એમને શુભેચ્છા પાઠવી હતી. ખડગેને મળ્યા પછી પત્રકારો સાથે વાતચીત કરતા કર્ણાટકના મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે શુભેચ્છા મુલાકાત જણાવ્યું હતું. આ માગણી એટલા માટે થઈ રહી છે કે મુખ્યમંત્રીના વિરોધી જૂથનો દાવો છે કે ૨૦૨૩માં સત્તા વહેચણીની સમજૂતી થઈ હતી તે મુજબ પહેલા અઢી વર્ષ માટે સીધા રમૈયા મુખ્યમંત્રી રહે અને બીજા અઢી વર્ષ શિવકુમાર મુખ્યમંત્રી રહે એવી સમજૂતી થઈ હતી.

દરમિયાન કેન્દ્રીય મંત્રી એચડી કુમાર સ્વામી એ એવો દાવો કર્યો હતો કે કોંગ્રેસમાં અને ખાસ કરીને કર્ણાટક કોંગ્રેસમાં આગામી સમયમાં વિસ્ફોટક ઘટનાઓ બનવાની છે અને પક્ષે એ માટે તૈયાર રહેવાનું છે.

## વિમાનના પાયલોટ દ્વારા જાતીય હુમલો કરવામાં આવતા વિમાન કર્મચારીની ફરિયાદ બાદ પાયલોટ સામે કેસ દાખલ

### વિમાનની કર્મચારી યુવતીએ હૈદરાબાદના બેગમપેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૩

એક ચાર્ટર્ડ ફ્લાઈટના પાયલોટ દ્વારા બેંગલુરૂની હોટેલમાં જાતીય દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની વિમાનની એક ૨૬ વર્ષની કર્મચારી યુવતીએ ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી. જાતીય હુમલાની ઘટના ૧૮ નવેમ્બરના રોજ બેંગલુરૂની હોટેલમાં બની હતી પરંતુ વિમાનની સ્ટાફની આ મહિલાએ બેગમપેટ પોલીસ સ્ટેશન હૈદરાબાદમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઝીરો એફઆઈઆર દાખલ કરી હતી અને વિવિધ કલમો હેઠળ કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી. આ વિમાનની કર્મચારીએ ચાર્ટર્ડ ફ્લાઈટ બેંગ્લોરથી પાછી આવી એ પછી હૈદરાબાદ આવીને પોલીસમાં પાયલોટે પોતાની ઉપર જાતીય દુષ્કર્મ કર્યું હોવાની ફરિયાદ દાખલ કરી હતી. હૈદરાબાદમાં કેસ નોંધીને બેંગ્લોર પોલીસને ટ્રાન્સફર કરવામાં આવ્યો છે તેમ અધિકારીએ જણાવ્યું હતું.

## સ્મૃતિ મંધાનાના પિતાને હૃદયરોગનો હુમલો આવતા પલાશ મુછલ સાથેનો લગ્ન સમારંભ મુલતવી

(એજન્સી) સાંગલી, તા.૨૩

સ્ટાર ભારતીય મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાનાના પિતા શ્રીનિવાસને રવિવારે અચાનક હૃદયરોગનો હુમલો આવતા એમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સ્મૃતિ અને પલાશ મુછલના લગ્ન સમારંભને મોકૂફ રાખવામાં આવ્યો છે. સાંગલીના સમડોલ વિસ્તારમાં આવેલા ફાર્મહાઉસમાં સ્મૃતિના પિતાને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. આ ફાર્મહાઉસ તેના પિતાનું છે જ્યાં ભવ્ય લગ્ન સમારંભ યોજાનાર હતો. સ્મૃતિના મેનેજર તુહિન મિશ્રાએ કહ્યું હતું કે શ્રીનિવાસ મંધાનાને રવિવારે સવારે અચાનક હૃદયરોગનો હુમલો આવ્યો હતો એમને તાત્કાલિક



હોસ્પિટલ લઈ જવાયા હતા. એમની સારવાર અત્યારે કરી રહેલા તબીબોએ જણાવ્યું હતું કે થોડા દિવસ એમને હોસ્પિટલમાં રાખવા પડશે. સ્મૃતિએ તેના પિતા બિલકુલ સાજા થઈ ન જાય ત્યાં સુધી લગ્ન સમારંભ મુલતવી રાખી દીધો છે.

# ન્યાયાધીશ સૂર્યકાંત સોમવારે ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ તરીકે પદ ગ્રહણ કરશે

(એજન્સી) તા.૨૩

ન્યાયાધીશ સૂર્યકાંતને ૩૦ ઓક્ટોબરના રોજ આગામી CJI તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેઓ લગભગ ૧૫ મહિના સુધી આ પદ પર રહેશે. જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો દૂર કરતી કલમ ૩૭૦ રદ કરવા, બિહાર મતદાર યાદી સુધારણા અને પેગાસસ સ્પાયવેર કેસ અંગે અનેક સીમાચિહ્નરૂપ ચુકાદાઓ અને આદેશોનો ભાગ રહેલા ન્યાયાધીશ સૂર્યકાંત સોમવારે ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેશે. ન્યાયાધીશ સૂર્યકાંત આજે સાંજે નિવૃત્ત થનારા ન્યાયાધીશ બી.આર. ગવઈનું સ્થાન લેશે. ન્યાયાધીશ કાંતને ૩૦ ઓક્ટોબરના રોજ આગામી CJI તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેઓ લગભગ ૧૫ મહિના સુધી આ પદ પર રહેશે. ૯ ફેબ્રુઆરી, ૨૦૨૭ના રોજ ૬૫ વર્ષની ઉંમરે તેઓ પદ છોડશે. ૧૦ ફેબ્રુઆરી, ૧૯૬૨ના રોજ હરિયાણાના હિસાર જિલ્લામાં એક મધ્યમ વર્ગના પરિવારમાં જન્મેલા, ન્યાયાધીશ કાંત નાના શહેરના વકીલ તરીકે દેશના સર્વોચ્ચ ન્યાયિક કાર્યાલયમાં ગયા, જ્યાં તેઓ રાષ્ટ્રીય મહત્વ અને બંધારણીય બાબતોના અનેક ચુકાદાઓ અને આદેશોનો ભાગ રહ્યા છે. તેમને ૨૦૧૧માં કુરૂક્ષેત્ર યુનિવર્સિટીમાંથી કાયદામાં માસ્ટર ડિગ્રીમાં 'પ્રથમ વર્ગ પ્રથમ' પદ મેળવવાનો પણ ગૌરવ ધરાવે છે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં અનેક નોંધપાત્ર ચુકાદાઓ લખનારા ન્યાયાધીશ કાંતને ૫ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા



હતા. SC ન્યાયાધીશ તરીકેનો તેમનો કાર્યકાળ કલમ ૩૭૦ નાબૂદ, વાણી સ્વતંત્રતા અને નાગરિકતાના અધિકારો પરના ચુકાદાઓ દ્વારા જાણીતું છે. રાજ્ય વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલો સાથે વ્યવહાર કરવામાં રાજ્યપાલ અને રાષ્ટ્રપતિની સત્તાઓ અંગેના તાજેતરના રાષ્ટ્રપતિના સંદર્ભમાં ન્યાયાધીશ ભાગ હતા. આ ચુકાદાની આતુરતાથી રાહ જોવાઈ રહી છે અને તેના રાજ્યોમાં સંભવિત પરિણામો આવશે. તેઓ તે બેન્ચનો ભાગ હતા જેણે વસાહતી યુગના રાજદ્રોહ કાયદાને સ્થગિત રાખ્યો હતો, નિર્દેશ આપ્યો હતો કે સરકાર સમીક્ષા ન કરે ત્યાં સુધી તેના હેઠળ કોઈ નવી FIR નોંધવામાં ન આવે. બિહારમાં મતદાર યાદીના ડ્રાફ્ટમાંથી બાકાત રાખવામાં આવેલા ૬૫ લાખ મતદારોની વિગતો જાહેર કરવા માટે ન્યાયાધીશ કાંતે ચૂંટણી પંચને પણ આગ્રહ કર્યો હતો, જ્યારે ચૂંટણી પંચના મતદાનગ્રસ્ત રાજ્યમાં મતદારોની યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કરવાના નિર્ણયને પડકારતી અરજીઓની બેંચની સુનાવણી કરી હતી. પાયાના સ્તરે લોકશાહી અને લિંગ ન્યાય પર ભાર મૂકતા આદેશમાં, તેમણે એક બેન્ચનું નેતૃત્વ કર્યું હતું જેણે ગેરકાયદેસર રીતે પદ પરથી દૂર કરાયેલી મહિલા સરપંચને પુનઃસ્થાપિત કરી હતી અને આ બાબતમાં લિંગ પૂર્વગ્રહની ટીકા કરી હતી. સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન સહિત બાર એસોસિએશનોમાં એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનો નિર્દેશ આપવાનો શ્રેય પણ તેમને જાય છે. ન્યાયાધીશ કાંત એ બેન્ચનો ભાગ હતા જેણે ૨૦૨૨માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પંજાબ મુલાકાત દરમિયાન સુરક્ષા ભંગની તપાસ માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ ઇન્દુ મલ્હોત્રાની આગેવાની હેઠળ પાંચ સભ્યોની સમિતિની નિમણૂક કરી હતી. તેમણે સંરક્ષણ દળો માટે વન રેન્ક-વન પેન્શન યોજનાને પણ સમર્થન આપ્યું હતું, તેને બંધારણીય રીતે માન્ય ગણાવી હતી અને કાયમી કમિશનમાં સમાનતા મેળવવા માટે સશસ્ત્ર દળોમાં મહિલા અધિકારીઓની અરજીઓ સાંભળવાનું ચાલુ રાખ્યું હતું. જસ્ટિસ કાંત સાત જજોની બેન્ચમાં હતા જેણે ૧૯૬૭ના અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના ચુકાદાને રદ કર્યો હતો, જેનાથી સંસ્થાના લઘુમતી દરજ્જા પર પુનર્વિચારનો માર્ગ ખુલ્યો હતો. તેઓ પેગાસસ સ્પાયવેર કેસની સુનાવણી કરતી અને ગેરકાયદેસર દેખરેખના આરોપોની તપાસ માટે સાયબર નિષ્ણાતોની પેનલની નિમણૂક કરતી બેન્ચનો પણ ભાગ હતા અને કહ્યું હતું કે રાજ્ય 'રાષ્ટ્રીય સુરક્ષાના આડમાં કોઈ મુક્તિ' મેળવી શકતું નથી.

# 'વ્યાપક રીતે ખોટી અને બનાવટી માહિતી છે' : ફ્રેન્ચ નૌકાદળે પાકિસ્તાની મીડિયાના રાફેલ તોડી પાડવા અંગેના દાવાનું ખંડન કર્યું

## ફ્રેન્ચ નૌકાદળે પાકિસ્તાની મીડિયાના એવા દાવાઓને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે કે તેણે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત પર પાકિસ્તાનની હવાઈ શ્રેષ્ઠતાની પુષ્ટિ કરી હતી, ફ્રેન્ચ નૌકાદળે કહ્યું કે પાકિસ્તાની મીડિયા દ્વારા તેના કમાન્ડરને ખોટી રીતે ટાંકવામાં આવ્યો હતો

(એજન્સી) તા.૨૩

ફ્રેન્ચ નૌકાદળે રવિવારે પાકિસ્તાની મીડિયા દ્વારા કરવામાં આવેલા એવા દાવાઓને સખત રીતે નકારી કાઢ્યા હતા કે મે ૨૦૨૫ના સંઘર્ષ અને રાફેલ જેટ તોડી પાડવા દરમિયાન ફ્રેન્ચ કમાન્ડરે ભારત પર પાકિસ્તાનની હવાઈ શ્રેષ્ઠતાની પુષ્ટિ કરી હતી. નૌકાદળે આ અહેવાલોને 'વ્યાપક ખોટી માહિતી' ગણાવી હતી. પાકિસ્તાનના જીઓ ટીવીએ એક લેખ પ્રકાશિત કર્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ફ્રેન્ચ કમાન્ડર કેપ્ટન જેક્વિસ લૌનેએ ઓપરેશન સિંદૂર દરમિયાન હવાઈ લડાઈમાં પાકિસ્તાનના પ્રભુત્વની પુષ્ટિ કરી હતી. તેમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે પાકિસ્તાન વાયુસેના 'વધુ સારી રીતે તૈયાર' હતી અને રાફેલ ફાઈટરને ચીની J-10C ફાઈટર્સની તકનીકી શ્રેષ્ઠતાને કારણે તોડી પાડવામાં આવ્યું ન હતું. આ દાવાને નકારતા, ફ્રેન્ચ નૌકાદળે તેને 'બનાવટી સમાચાર' ગણાવ્યા, અને કહ્યું, 'આ નિવેદનો કેપ્ટન લૌનેયના નામે હતા જેમણે ક્યારેય કોઈપણ



પ્રકારના પ્રકાશન માટે સંમતિ આપી ન હતી. આ લેખમાં વ્યાપક ખોટી માહિતી છે'. આ ઘટનાની ઓનલાઈન તીવ્ર ટીકા થઈ છે, અને ઘણા લોકોએ પાકિસ્તાની મીડિયામાં ભારત વિરોધી પ્રચારની નિંદા કરી છે. ભાજપ નેતા અમિત માલવિયાએ આ ઘટનાને પાકિસ્તાનની 'ખોટી માહિતી મશીનરી'ના પુરાવા તરીકે પ્રકાશિત કરતા કહ્યું કે, ફ્રેન્ચ નૌકાદળે પાકિસ્તાનના જીઓ ટીવી અને તેના સંવાદદાતા હામિદ મીરને 'ખોટી માહિતી' ફેલાવવા બદલ ટીકા કરી છે. હામિદ મીરે પોતાના અહેવાલમાં રાફેલ અને મે મહિનાના કહેવાતા સંઘર્ષ વિશેના એ જ જૂના, બનાવટી દાવાઓનો ઉપયોગ કર્યો હતો અને હવે તેનો ખુલાસો થયો છે. જ્યારે સત્તાવાર સંસ્થાઓ તેમના પ્રચારને ખોટો સાબિત કરવાનું શરૂ કરે છે, ત્યારે તમે જાણો છો કે પાકિસ્તાનની ખોટી માહિતી આપતી મશીનરી કેટલી ભયાવહ બની ગઈ છે. ઘણા અન્ય લોકોએ પણ પાકિસ્તાની મીડિયાની ટીકા કરી હતી, અને આરોપ લગાવ્યો હતો કે તેનો ભારત વિરૂદ્ધ ખોટી માહિતી ફેલાવવાનો અને પાયાવિહોણા દાવા કરવાનો ઈતિહાસ છે. પાકિસ્તાનનું સમગ્ર અસ્તિત્વ તેમના પશ્ચિમી માસ્ટર્સ તરફથી માન્યતા પર આધારિત છે. મે મહિનામાં, ભારતે પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં પાકિસ્તાન સામે એક ઝડપી લશ્કરી કાર્યવાહી શરૂ કરી, જેને ઓપરેશન સિંદૂર નામ આપવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં પાકિસ્તાની સેનાને મોટો ફટકો પડ્યો અને તેના પરિણામે જાનહાનિ થઈ હતી, અને ઈસ્લામાબાદની વિનંતી પર બંને પક્ષો યુદ્ધવિરામ માટે સંમત થયા હતા.

# ISI સાથે સંકળાયેલ હથિયાર હેરફેરનું નેટવર્ક ઝડપાયું, દિલ્હીના રોહિણી વિસ્તારમાંથી ચાર હિન્દુ આરોપીઓની ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શસ્ત્રોની હેરફેરનું પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ સાથે સંકળાયેલું એક મોટું નેટવર્ક પકડી પાડવામાં સફળતા મેળવી છે અને દિલ્હીના રોહિણી વિસ્તારમાંથી ચાર હિન્દુ આરોપીઓની ધરપકડ કરી છે. અમેરિકા બેઠેલો એક ગેંગસ્ટર આ સમગ્ર સિન્ડિકેટની પાછળનું મુખ્ય ભેજો હોવાનું તપાસમાં જાહેર થયું છે. પોલીસે જણાવ્યું હતું કે પકડાયેલા આરોપીઓ અજય, મનદીપ, દલવીન્દર અને રોહન તુર્કી તથા ચીની બનાવટની ખૂબ જ ઉચ્ચ કક્ષાની અને આધુનિક મોંઘી પિસ્તોલની હેરાફેરી કરતા હતા અને એ રાજ્યના જુદા જુદા અપરાધીઓને પૂરી પાડવામાં આવતી હતી. પાકિસ્તાન સરહદ તરફથી ડ્રોન મારફત અતિ આધુનિક શક્તિશાળી પિસ્તોલનો જથ્થો મંગાવીને પંજાબમાં ઉતારવામાં આવતો હતો અને ત્યાંથી આ ટોળકી અલગ અલગ રાજ્યોના ગુનેગારોને સપ્લાય કરતી હતી. ડીસીપી સંજીવ કુમાર યાદવના માર્ગદર્શન હેઠળ સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું અને તપાસમાં ખુલ્યું હતું કે પાકિસ્તાનથી આવેલા શસ્ત્રો પંજાબમાં ઉતારવામાં આવતા હતા અને પછી દિલ્હી લઈ જવાતા હતા ત્યાં અપરાધી ગુનાખોર ટોળકીઓને હથિયારો પૂરા પાડવામાં આવતા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા દસ વિદેશી બનાવટની પિસ્તોલ જે અતિ આધુનિક મનાઈ છે અને તેના ૯૨ કારતુસ પણ કબજે લેવામાં આવ્યા હતા. આરોપીઓએ આધુનિક પિસ્તોલ દિલ્હી, હરિયાણા, પંજાબ અને અન્ય વિસ્તારોની અપરાધી ગેંગને પહોંચાડી હતી. આ સિન્ડિકેટના બે આરોપીની પંજાબમાંથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જાહેર કર્યું હતું કે લોરેન્સ બિશ્નોઈ, બમ્બીહા, ગોગી અને હિમાંશુ ભાભાઉ જેવી ખતરનાક અને કુખ્યાત ગેંગને શસ્ત્રો પૂરા પાડવામાં આવતા હતા. અત્યારે આવેલો નવો જથ્થો પકડાયેલા આરોપીઓ દિલ્હી પહોંચાડવાની તૈયારીમાં હતા તેમ પોલીસે જણાવ્યું હતું. ડીસીપી યાદવે અતિ આધુનિક અને શક્તિશાળી હથિયારોની હેરફેરની સમગ્ર પદ્ધતિ ખૂબ જ ખતરનાક અને લાલબત્તી સમાન ગણાવી હતી. જોઈન્ટ સીપી સુરેન્દ્ર કુમાર જણાવે છે કે દિલ્હીના રોહિણી નગર વિસ્તારમાંથી ૧૯મી નવેમ્બરના રોજ આ કેસમાં પહેલી ધરપકડ થઈ હતી. ગુપ્તચરોએ હથિયારોની હેરફેર થવાની માહિતી



**શસ્ત્રોની હેરફેર માટેની સિન્ડિકેટના સંચાલન પાછળ ચાવીરૂપ ભૂમિકા અમેરિકામાં રહેતા જમસીત જસ્સાની હોવાનું તપાસમાં જાહેર**

આપી હતી. પોલીસને જાણવા મળ્યા મુજબ પકડાયેલા ચારમાંથી એક આરોપી મનદીપ પાકિસ્તાનમાંથી દોરી સંચાર કરતી ગેંગના અપરાધી સાથે સતત સંપર્કમાં હતો. તેની પૂછપરછ ને આધારે રોહન અને અજયને પણ ઝડપી લેવાયા હતા. એ બંને યુપીના બાગપતના રહેવાસી છે. એ બંને પાસેથી પણ બે વધારાની પિસ્તોલ કબજે લેવામાં આવી હતી. ગુપ્તચરોએ આપેલી માહિતીના આધારે પોલીસે રોહિણીમાં ભારે વોચ ગોઠવી હતી અને ગુપ્ત પાકી માહિતી હતી કે આ ટોળકી મોટા પ્રમાણમાં શસ્ત્રનો જથ્થો લઈને આવવાની છે. એટલે પોલીસની ટીમે એમને અટકાવ્યા હતા અને તુર્કી તથા ચીનની બનાવટના શક્તિશાળી આધુનિક હથિયારો કબજે કર્યા હતા. આ સમગ્ર સિન્ડિકેટની પાછળનું મુખ્ય ભેજુ અમેરિકામાં રહેતો જમસીત જસ્મા હોવાનું ખુલ્યું છે. પોલીસ વધુ ધરપકડો કરશે તેવી શક્યતા છે.

# ભારતમાં પ્રથમ કન્યા કોલેજ સ્થાપનાર દુર-એ-શાહવર સુલતાના

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

છેલ્લા ખલીફા અબ્દુલ મજીદ એફેન્ડીની પુત્રી દુર-એ-શાહવર સુલતાન, ભારતમાં આધુનિકીકરણ અને સુધારાઓમાં એક અગ્રણી વ્યક્તિ હતી. તે વિકાસવાદી હતી અને મહિલા શિક્ષણ અને અધિકારોની હિમાયતી હતી. તેણીએ હૈદરાબાદ ડેક્કનમાં પડદાની પ્રથા નાબૂદ કરવામાં મદદ કરી અને તેના પિતરાઈ ભાઈ નીલોફરને રમતગમત અને મુસાફરીમાં જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા. દુર-એ-શાહવરે જૂની હવેલીમાં જાહેર અને બાળકોની હોસ્પિટલો અને યાકુતપુરાના બાગ-એ-જહાનારામાં છોકરીઓ માટે જુનિયર કોલેજની સ્થાપના પણ કરી. તેણીએ



ઉસ્માનિયા મિલ્લત હોસ્પિટલનું પણ સંચાલન અને ઉદ્‌ઘાટન કર્યું અને મહિલાઓ અને બાળકો માટે દુર-એ શાહવર ચિલ્ડ્રન્સ અને મિલ્લત હોસ્પિટલની સ્થાપના કરી. તેણીએ ૧૯૩૯માં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી હેઠળ અલીગઢમાં પ્રખ્યાત અજમલ ખાન તિબ્બીયા કોલેજ હોસ્પિટલનું પણ ઉદ્‌ઘાટન કર્યું. સુલતાનઝાદા દુર-એ-શાહવર સુલતાનની શહેરમાં છેલ્લી પ્રવૃત્તિ ૨૦૦૦માં નિઝામના સિલ્વર જ્યુબિલી મ્યુઝિયમના ઉદ્‌ઘાટન સમારોહની અધ્યક્ષતામાં થઈ હતી. હૈદરાબાદ ડેક્કનમાં મહિલાઓ અને છોકરીઓ માટે આધુનિકીકરણ અને શિક્ષણમાં તેમનું યોગદાન નોંધપાત્ર છે.

# અજિત પવારની મતદારોને ધમકી : "જો મત નહીં આપો તો ભંડોળમાં કાપ મૂકવામાં આવશે"; ચૂંટણી પંચ નિંદ્રામાં છે : વિપક્ષોનો આરોપ

## અજિત પવારના વિવાદાસ્પદ નિવેદન, "જો તમારી પાસે મત છે તો મારી પાસે ભંડોળ છે" પર વિપક્ષે ચૂંટણી પંચની નિષ્ક્રિયતા પર સવાલ ઉઠાવ્યા છે અને પૂછ્યું કે શું આ આચારસંહિતાનું ઉલ્લંઘન નથી ?

(એજન્સી) તા.૨૩

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને એનસીપી પ્રમુખ અજિત પવારે ફરી એકવાર વિવાદાસ્પદ નિવેદન આપીને રાજકીય ઉથલપાથલ મચાવી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન, અજિત પવારે મતદારોને સ્પષ્ટપણે કહ્યું હતું કે જો તેમની પાર્ટીના તમામ ૧૮

**તમારી પાસે મત છે, તો મારી પાસે ભંડોળ છે: અજિત પવારે મતદારોને NCPને સમર્થન આપવા અથવા સહાય ગુમાવવા માટે તૈયાર રહેવા ચેતવણી આપી**

ઉમેદવારો જીતશે નહીં, તો તેઓ આ વિસ્તાર માટે ફાળવવામાં આવેલા ભંડોળને રોકી દેશે. તેમના નિવેદનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. તેઓ તાજેતરમાં બારામતી તહસીલમાં માલેગાંવ નગર પંચાયત ચૂંટણી પ્રચાર દરમિયાન એક જાહેર સભાને સંબોધિત કરી રહ્યા હતા.

અજિત પવારે એક ચૂંટણી રેલીમાં કહ્યું કે, "કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસે ઘણી યોજનાઓ છે. વડાપ્રધાન, મુખ્યમંત્રી અને બંને નાયબ મુખ્યમંત્રીઓ સાથે મળીને આ યોજનાઓનો અમલ કરી રહ્યા છે. જો આપણે બધા સાથે મળીને કામ કરીએ, તો માલેગાંવનો વિકાસ થઈ શકે છે. હું નાણામંત્રી છું. જો તમે બધા ૧૮ NCP ઉમેદવારોને ચૂંટો છો, તો હું ખાતરી કરીશ કે ભંડોળની કોઈ અછત ન રહે. મેં આપેલા બધા વચનો હું પૂરા કરીશ. પરંતુ જો તમે મારા ઉમેદવારોને હરાવો છો, તો હું ભંડોળમાં પણ કાપ મૂકીશ. તમારી પાસે તમારા મતની શક્તિ છે, અને મારી પાસે ભંડોળ રોકવાની શક્તિ છે. હવે તમે નક્કી કરો કે શું કરવું જોઈએ."

**વિપક્ષનો હુમલો**

વિપક્ષે અજિત પવારના નિવેદનને મતદારો



માટે ખુલ્લી ધમકી ગણાવી છે અને ચૂંટણી પંચ પાસેથી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે. શિવસેના UBT નેતા અને વિધાનસભા પરિષદમાં વિરોધ પક્ષના નેતા, અંબાદાસ દાનવેએ જણાવ્યું હતું કે, "આ પૈસા જનતાના કરમાંથી આવે છે, અજિત પવારના પરિવારમાંથી નહીં. જો આવા અગ્રણી નેતા મતદારોને ધમકી આપી રહ્યા છે, તો ચૂંટણી પંચ કેમ સૂઈ રહ્યું છે ? આ આદર્શ આચારસંહિતાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન છે.

કોંગ્રેસ અને NCP (શરદ પવાર જૂથ)એ

**મતદારોને "ધમકી" આપવા બદલ વિપક્ષે તેમની આકરી ટીકા કરી છે**

પણ આ નિવેદનની સખત નિંદા કરી છે. મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા હર્ષવર્ધન સપકલે મહાયુતિ ગઠબંધનમાં વધી રહેલા વિખવાદને દોષી ઠેરવ્યો છે. તેમણે ભાજપ અને તેના સાથી પક્ષો વચ્ચે "ગેંગ વોર" ચાલી રહી હોવાનો દાવો કર્યો અને રાજ્ય સરકાર પર દિલ્હીથી સૂચનાઓ લેવાનો આરોપ લગાવ્યો. સપકલે એવો પણ આરોપ લગાવ્યો કે પવાર પુણે જમીન સોદા કેસમાં તેમના પુત્ર પાર્થ પવારને ક્લીનચીટ મેળવવા માટે રાષ્ટ્રીય રાજધાની આવ્યા હતા.

અજિત પવારનો વિવાદાસ્પદ નિવેદનોનો લાંબો ઈતિહાસ છે. ૨૦૨૫માં જ્યારે લોકોએ બારામતી વિધાનસભા મતવિસ્તારમાં એક જાહેર સભામાં મેમોરેન્ડમ સુપરત કર્યું, ત્યારે ગુસ્સે ભરાયેલા અજિત પવારે જવાબ આપ્યો કે, "માત્ર એ કારણ માટે કે તમે મને મત આપ્યો, તેનો અર્થ એ નથી કે હું તમારો ગુલામ છું."

સપ્ટેમ્બર ૨૦૨૫માં જ્યારે NCP કાર્યકર્તાએ ગેરકાયદેસર ખાણકામની તપાસ કરતી મહિલા પોલીસ અધિકારીને ફોન આપ્યો, ત્યારે અજિત પવારે ફોન પર કહ્યું, "હું તમારી સામે કાર્યવાહી કરીશ... તમે મને જોવા માંગો છો, ખરૂં ને ? મને તમારો નંબર આપો અથવા

**અજિત પવારે મહારાષ્ટ્રના માલેગાંવના મતદારોને એમ કહીને વિવાદ ઊભો કર્યો છે કે વિકાસ ભંડોળ ફક્ત ત્યારે જ આપવામાં આવશે જો તેઓ તેમના NCP સમર્થિત પેનલને ચૂંટે છે**

મને વોટ્સએપ કરો. તમે મારો ચહેરો ઓળખી શકશો. શું તમે એટલા ઘમંડી બની ગયા છો ?" ત્યારબાદ તેમણે એક વીડિયો કોલ કર્યો અને તેમને કાર્યવાહી બંધ કરવા કહ્યું. તેમણે પાછળથી સ્પષ્ટતા કરી કે તેઓ ધમકી આપી રહ્યા ન હતા, પરંતુ પરિસ્થિતિને વધુ ખરાબ થતી અટકાવી રહ્યા હતા. ૨૦૧૩માં દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં ખેડૂત વિરોધ દરમિયાન બે મહિનાથી ભૂખ હડતાળ પર રહેલા સોલાપુરના ખેડૂતની મજાક ઉડાવતા અજિત પવારે કહ્યું હતું કે, "તમે ડેમમાંથી પાણી છોડવાની માગણી સાથે ૫૫ દિવસથી હડતાળ પર છો. અમે પાણી ક્યાંથી મેળવીશું ? શું આપણે પેશાબ કરવો જોઈએ ? અને જ્યારે પીવાનું પાણી ન હોય ત્યારે પેશાબ કરવો પણ મુશ્કેલ બને છે." માલેગાંવ સહિત મહારાષ્ટ્રમાં અનેક નગર પરિષદોની ચૂંટણી ૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાવાની છે. મતદાનના માત્ર ૧૦ દિવસ પહેલા અજિત પવારના નિવેદને ચૂંટણી વાતાવરણને સંપૂર્ણપણે વિવાદાસ્પદ કરી દીધું છે. વિપક્ષ હવે આ મુદ્દાને સમગ્ર રાજ્યમાં લઈ જવાની તૈયારી કરી રહ્યું છે, જ્યારે મહાયુતિ ગઠબંધન પણ આ નિવેદનથી અસ્વસ્થતા અનુભવી રહ્યું છે.

# BLO એપમાં ખામીઓ અને BLOને તાલીમના અભાવ વચ્ચે TMCએ ચૂંટણી પંચને SIRની સમયમર્યાદા લંબાવવા વિનંતી કરી

(એજન્સી) તા.૨૩

તૃણમૂલ કોંગ્રેસનું એક પ્રતિનિધિ મંડળ શનિવારે બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) મનોજ અગ્રવાલને મળ્યા અને તેમને એક મેમોરેન્ડમ સુપરત કર્યું, જેમાં મતદાર યાદીઓના ચાલી રહેલા ખાસ સઘન સુધારણા (SIR) માટે ભરેલા ગણતરી ફોર્મ અપલોડ કરવાની સમયમર્યાદા લંબાવવાની માંગણી



છે કે CEOની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી યાદીમાંથી ઘણા મતદારોના નામ ગાયબ હતા. જ્યારે અમે તે જ બૂથની હાર્ડ કોપીને CEOની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી યાદી સાથે મેચ કરી ત્યારે આ સ્પષ્ટ થયું છે. આ ઈરાદાપૂર્વક કરવામાં આવી રહ્યું હતું કારણ કે EC એક ચોક્કસ રાજકીય પક્ષને મદદ કરવા માટે કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે ઈઝ

## પ્રતિનિધિ મંડળે CEOને કહ્યું કે જો BLO એપમાં ખામીઓ ચાલુ રહેશે તો ૪ ડિસેમ્બર પહેલા ૭.૬૬ કરોડ ગણતરી ફોર્મ અપલોડ કરવાનું અશક્ય બનશે

કરવામાં આવી હતી. તૃણમૂલ કોંગ્રેસે કહ્યું કે BLO એપમાં ખામીઓ અને બૂથ-સ્તરના અધિકારીઓ માટે તાલીમના અભાવને કારણે અપલોડિંગ અવરોધાઈ રહ્યું હોવાથી સમયમર્યાદા લંબાવવાની જરૂર છે. નાણા વિભાગના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) ચંદ્રિમા ભટ્ટાચાર્યએ સીઈઓ સાથે બેઠક યોજ્યા બાદ જણાવ્યું હતું કે, અમે સીઈઓને એક મેમોરેન્ડમ સુપરત કર્યું છે જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે બીએલઓ ૪ ડિસેમ્બરની અંતિમ તારીખ પહેલાં ભરેલા ગણતરી ફોર્મ અપલોડ કરી શકશે નહીં, કારણ કે બીએલઓ એપ યોગ્ય રીતે કાર્ય કરી રહી નથી. બીએલઓને જરૂરી તાલીમ આપવામાં ન આવી હોવાથી ડિજિટાઈઝેશન કવાયતને પણ ભારે અસર થઈ છે. તેમણે કહ્યું કે તૃણમૂલ કોંગ્રેસે સમયમર્યાદા લંબાવવાની માંગ કરી છે, નહીં તો બંગાળમાં પાંચમાંથી ચાર મતદારોને સુનાવણીનો સામનો કરવો પડશે. પ્રતિનિધિમંડળે સીઈઓને એમ પણ કહ્યું કે જો બીએલઓ એપમાં ખામી ચાલુ રહેશે, તો ૪ ડિસેમ્બર પહેલા ૭.૬૬ કરોડ ગણતરી ફોર્મ અપલોડ કરવાનું અશક્ય બનશે.

મતદાર યાદીનું ખાસ સુધારણા ૪ નવેમ્બરથી શરૂ થયું હતું, અને ઘરે ઘરે જઈને ગણતરી પ્રક્રિયા ૪ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. મતદાન પેનલના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચ પાસે ઉપલબ્ધ ડેટા અનુસાર, ૭.૬૪ કરોડ ફોર્મનું વિતરણ થઈ ચૂક્યું છે અને ૩.૦૭ કરોડ ભરેલા ફોર્મ બીએલઓ દ્વારા અપલોડ કરવામાં આવ્યા છે. એવું લાગે છે કે ગણતરી ફોર્મનું ડિજિટાઈઝેશન પૂર્ણ કરવા માટે પૂરતો સમય છે.

રાજ્યના ઊર્જા મંત્રી અરૂપ બિસ્વાસ સીઈઓની મુલાકાતના પ્રતિનિધિમંડળમાં હતા, તેમણે કહ્યું કે તેમણે ચૂંટણી પંચ સમક્ષ કેટલાક મુદ્દાઓ ઉઠાવ્યા છે. ૨૦૦૨ની SIR પછીની યાદીમાં ઘણી ભૂલો હતી. અમને જાણવા મળ્યું બે મહિનામાં એક કવાયત કરી રહ્યું છે જે બે વર્ષમાં થવી જોઈતી હતી. અમે પહેલાથી જ ત્રણ BLO ગુમાવી ચૂક્યા છીએ જે અમાનવીય કાર્યભારને કારણે મૃત્યુ પામ્યા છે. આ ફક્ત એક રાજકીય પક્ષને તરફેણ કરવા માટે કરવામાં આવી રહ્યું છે જેનું લક્ષ્ય બંગાળમાં મતદાર યાદીમાંથી બે કરોડ મતદારોના નામ કાઢી નાખવાનો છે.

CEOની ઓફિસના એક અધિકારીએ જણાવ્યું હતું કે BLO પરના કાર્યભારને લગતી બધી ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવી રહ્યું છે. જો કોઈ BLOને સ્વાસ્થ્ય સમસ્યાઓ હશે, તો તેનો ચોક્કસપણે વિચાર કરવામાં આવશે. પરંતુ સમસ્યા ફક્ત એટલા માટે આવી કારણ કે રાજ્ય સરકાર ભરેલા ગણતરી ફોર્મ અપલોડ કરવામાં BLOને મદદ કરવા માટે ૧,૦૦૦ ડેટા એન્ટ્રી ઓપરેટરોની નિમણૂક કરવાની મંજૂરીમાં વિલંબ કરી રહી હતી.

# વોશરૂમ સાફ કરવાથી લઈને ૧૨૦ કરોડ રૂપિયાના વ્યવસાયના સીઈઓ સુધી, એક એવી વાર્તા જે સાંભળવા લાયક છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

સ્વપ્નની નોકરીમાં તમારા પહેલા દિવસની કલ્પના કરો. તમે આશાથી ભરેલા છો. પછી, તમને ડસ્ટર આપવામાં આવે છે અને આખા મહિના માટે શૌચાલય સાફ કરવાનું કહેવામાં આવે છે. આ રીતે વિભાંશુ મિશ્રાની આતિથ્યની દુનિયામાં સફર શરૂ થઈ. તે કોઈ આકર્ષક શરૂઆત નહોતી, પરંતુ તે એક સફરમાં પહેલું, મહત્વપૂર્ણ પગલું હતું જે તેને તે નમ્ર ક્ષણથી સેંકડો કરોડોના વ્યવસાયની સ્થાપના સુધી લઈ જશે. વિભાંશુના પિતા એક જાણીતી શાળાના વાઈસ-પ્રિન્સિપાલ હતા. સ્વાભાવિક રીતે, તેઓ અપેક્ષા રાખતા હતા કે તેમનો પુત્ર ટોચનો સ્કોરર બનશે. પરંતુ વિભાંશુ એક સરેરાશ વિદ્યાર્થી હતો, તેણે સાતમા ધોરણમાં લગભગ ૪૮-૪૯% ગુણ મેળવ્યા હતા. આ શૈક્ષણિક દબાણે તેમની વચ્ચે અંતર બનાવ્યું. બાળપણમાં તે તેની માતાનો પ્રિય હતો. જ્યારે તે નવ વર્ષનો હતો, ત્યારે હોટેલ મેનેજમેન્ટનો અભ્યાસ કરીને દક્ષિણ આફ્રિકા ગયો હતો તે એક પાડોશી તેની પ્રેરણા બન્યો. તેની માતાએ તેને કહ્યું કે તેણે હોટેલ મેનેજમેન્ટ કરવું જોઈએ, અને તે વિચાર તેની સાથે રહ્યો. પછી દુર્ઘટના બની. ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૬ના રોજ, જ્યારે વિભાંશુ ૧૨મા ધોરણમાં



હતો, ત્યારે તેની માતાનું અવસાન થયું. તે ભાંગી પડ્યો. તે ૧૨મા ધોરણની પરીક્ષામાં નાપાસ થયો અને પછી પૂરક પરીક્ષામાં લગભગ ૪૨% ઓછા ગુણ સાથે પાસ થયો. તેની માતાના સ્વપ્નને વળગી રહીને, તેણે તેના પિતા દ્વારા આયોજિત હોટેલ મેનેજમેન્ટ કોર્ષમાં પ્રવેશ મેળવ્યો. પોતાનું જીવન બદલવા માટે મક્કમ વિભાંશુએ હોટેલ મેનેજમેન્ટના પહેલા વર્ષમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો, ૯૪.૨% સાથે તેના કોર્ષમાં ટોચનું સ્થાન મેળવ્યું. રજાના વિરામ દરમિયાન, તેણે એક મહિનાની વ્યાવસાયિક તાલીમ પ્લેસમેન્ટ માંગી અને તેને ITC દાર્જિલિંગ મોકલવામાં આવ્યો. સ્નાતક થયા પછી, વિભાંશુએ નાગપુરની પ્રાઈડ હોટેલમાં નોકરી લીધી. પરંતુ તેની માતાની વિદેશ જવાની ઈચ્છા તેના પર કાયમ રહી. જ્યારે એક મિત્રએ તેને બહેરીનમાં ઓછી કક્ષાની ફૂડ અને બેવરેજ નોકરી વિશે કહ્યું, ત્યારે તેણે તે નોકરી સ્વીકારી લીધી, ભલે તેનો અર્થ વેઈટર બનવાનો હોય. તેણે ૧૦ માર્ચ ૨૦૨૦ના રોજ નાગપુરમાં પોતાનું પહેલું નાનું આઉટલેટ ખોલીને ચાલુ ચાઈનીઝ નામની ભારતીય-ચાઈનીઝ બ્રાન્ડ શરૂ કરી. ભાગ્યે ફરીથી તેની કસોટી કરી. દસ દિવસ પછી, દેશવ્યાપી કોવિડ-૧૯ લોકડાઉન શરૂ થયું. મહિનાઓ સુધી કોઈ આવક ન હોવાથી, તેમની ટીમ ભૂખ્યા સૂતી રહી. પરંતુ તેમણે હાર ન માની. જુલાઈ ૨૦૨૦ સુધીમાં, તેમણે ફરીથી કામ શરૂ કર્યું અને પોતાનું આઉટલેટ ખોલ્યું. ઓર્ડર ધીમે ધીમે વધવા લાગ્યા, અને ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં, તેમણે ભોપાલમાં બીજું આઉટલેટ ખોલ્યું, ત્યારબાદ રાયપુર અને ભરૂચમાં વધુ આઉટલેટ ખોલ્યા. જુલાઈ અને ડિસેમ્બર ૨૦૨૧ની વચ્ચે, તેમણે માત્ર છ મહિનામાં ૧૩ આઉટલેટ ખોલ્યા.

# પ્રભાસપાટણ : પથિક સોફ્ટવેરમાં ઉતારૂઓની ઓનલાઈન એન્ટ્રી નહીં કરતા હોટલ સંચાલક વિરૂદ્ધ કડક પોલીસ કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)
પ્રભાસપાટણ, તા.૨૩

ગીરસોમનાથ જિલ્લા ખાતે દેશ વિદેશમાંથી યાત્રાળુઓ/લોકો સાસણ/સોમનાથ વિગેરે સ્થળે ફરવા/દર્શનાર્થે આવતા હોય છે. કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે તેમજ અગત્યના ઈનપુટસ બાબતે મહત્ત્વની માહિતી મળી રહે તેમજ આંતકવાદી ઘટનાઓને અટકાવવા માટે આવા રિસોર્ટ/ફાર્મહાઉસ/હોટલ/ગેસ્ટહાઉસમાં રહેવા માટે આવતા વ્યક્તિઓના આધાર, પુરાવા વાહન વિગેરે તમામ બાબતોની એન્ટ્રી પથિક સોફટવેરમાં કરવા માટે જિલ્લા મેજી.સા. ગીરસોમનાથ



તરફથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. તેની કડક અમલવારી કરાવવા માટે સૂચના મળેલ હતી.ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદિપસિંહ જાડેજા સાહેબનાઓના માર્ગદર્શન અનુસાર તા.૨૨/૧૧/૨૦૨૫ના એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એમ. કાગડાની રાહબરી હેઠળ એસ.ઓ.જી. શાખાનો સ્ટાફ પ્રભાસ પાટણ વિસ્તારમાં હોટલ/ગેસ્ટહાઉસ ચેકિંગની કામગીરીમાં હતો. દરમ્યાન હોટલ ગુરૂકૃપાના સંચાલકે પોતાની હોટલમાં રહેવા માટે આવતા વ્યક્તિઓની પથીક સોફટવેરમાં એન્ટ્રીઓ કર્યા વગર રૂમ રહેવા માટે આપેલ જેના પગલે હોટલ સંચાલક શબ્બીરભાઈ મોઠિયા (ઉ.વ.૨૭)ના વિરૂદ્ધ પ્રભાસ પાટણ પો.સ્ટે.માં જાહેરનામા ભંગનો ગુનો નોંધાયેલ છે. પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# દમણ-દીવના કચીગામ મુખ્યમાર્ગ ઉપર ઝૂલતો સ્ટ્રીટલાઈટનો પોલ

વાપી, તા.૨૩

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ દીવના કચીગામ ખાતે નવ નિર્મિત થયેલા સ્ટ્રીટ લાઈટના પોલ ઝુલતા દેખાતા રોડ ઉપર ચાલતા વાહન ચાલક અને રાહદારીઓમાં ક્યારે આ પોલ પડી જાય એને લઈ ભયનો માહોલ સર્જાયો હતો. સંઘપ્રદેશ દમણ ખાતે આવેલા કચીગામના મુખ્ય માર્ગ ઉપર નવ નિર્મિત કરાયેલા સ્ટ્રીટ લાઈટના પોલ થોડા દિવસ અગાઉ જ લગાવામાં આવ્યા હતા જેમાં આ પોલ ઝુલતા થઈ ગયા હતા.આ ઝુલતા સ્ટ્રીટ લાઈટનો પોલ ભારતીય જનતા પાર્ટીના માજી સાંસદ લાલુભાઈ પટેલના ઘરની ખૂબ જ નજીકમાં આવેલું છે તેમ છતાં જોખમી પોલ પ્રશાસનને દેખાતો નથી. સાતે સાત આ



(તસવીર : શકીલ સૈયદ, વાપી)

ઝુલતા સ્ટ્રીટ લાઈટના પોલ ઉપર લાગેલું એક સત્તાધારી પાર્ટીના ઝંડાથી પણ કોઈ કાર્યકર્તામાં જાગૃતતા ન જોવા મળી કે અમે સરકારી વિભાગમાં જાણ કરીને આ પોલને સરખો કરાવી શકીએ.

# જામનગરની ચર્ચિત જે.સી.સી. હોસ્પિટલમાં નાણાં પડાવવા અંગેનું વધુ એક કરતૂત ખુલ્યું

## વધુ એક દર્દીની બિનજરૂરી સારવાર કરવામાં આવ્યા પછી દર્દીનું મૃત્યુ થયાની પોલીસમાં ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૨૩

જામનગરની જેસીસી હાર્ટ હોસ્પિટલમાં બિનજરૂરી હાર્ટની સારવાર કરવામાં આવી હોવાનું સરકારની તપાસમાં ખૂલવા પામ્યા પછી સરકારે હોસ્પિટલ અને ડોક્ટરને સસ્પેન્ડ કર્યા હતા. ત્યારબાદ નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. વધુ એક યુવાને પોતાના પિતાનું આ હોસ્પિટલની સારવારમાં મૃત્યુ થયાની પોલીસ સમક્ષ લેખિત ફરિયાદ કરી તપાસની માંગ કરી છે. પીએમ-જેએવાય કાર્ડની હાર્ટને લગતી સારવારના ૧૫૩ કેસોમાં બિન જરૂરી સારવાર કરનારી અને સરકારે સસ્પેન્ડ કરેલી જેસીસી હાર્ટ ઈન્સ્ટિટ્યુટ હોસ્પિટલમાં સ્ટેન્ટ મુકાવવાની સારવાર લેનારા એક વેપારીની તબીયત ક્યારેય ન સુધર્યાના દાવા સાથે ગત તા.૧ નવેમ્બરે મૃત્યુ પામેલા વેપારીના પુત્રએ સીટી-એ ડિવીઝન પોલીસ મથકમાં અરજી કરીને તપાસની માંગી કરી છે. પોલીસમાં તપાસ માંગતી આ બીજી અરજી થઈ છે. આગામી દિવસોમાં વધુ લોકો હિંમત કરીને આગળ આવે તેવી શક્યતા છે. આટલા મોટા કાંડમાં સરકાર દ્વારા કોઈ કડક પગલા લેવાયા નહી હોવાનો સૂર પણ ઉઠવા પામ્યો છે. જામનગરના મોમાઈનગરમાં રહેતા રવિ રસિકભાઈ હિન્ડોચા એ તા.૨૧/૧૧/૨૫ના સીટી એ ડિવીઝન પોલીસ મથકમાં જેસીસી હાર્ટ ઈન્સ્ટિટ્યુટ સામે સવાલો ઉઠાવતી અરજી કરીને જણાવ્યું છે કે, તેના પિતા હિન્ડોચા રસિકકુમાર વલ્લભદાસને સામાન્ય શ્વાસ ચડવાની તકલીફ હોવાથી તા.૧૭/૨/૨૫ના રોજ જામનગરની જેસીસી હાર્ટ ઈન્સ્ટિટ્યુટ હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા. ત્યારે જેસીસી હાર્ટ ઈન્સ્ટિટ્યુટ દ્વારા એમ જણાવવામાં આવ્યું હતું કે હાર્ટની તકલીફ છે.માટે સ્ટેન્ટ બેસાડવું પડશે.હાર્ટની સારવાર - સ્ટેન્ટ બેસાડ્યા પછી બીજા દિવસે હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. પરંતુ રસિકભાઈને કોઈ જાતનો સુધારો ન થયો હોવાથી તેમજ શ્વાસ ચડવાની જુની તકલીફ તો ચાલુ જ રહેતાં હોસ્પિટલમાં અવાર-નવાર દેખાડવા ગયા હતા. પરંતુ હોસ્પિટલ દ્વારા કોઈપણ જાતનો યોગ્ય જવાબ કે સારવાર અપાઈ ન હતી. સ્ટેન્ટ બેસાડવા છતાં રસિકભાઈનું તા.૧/૧૧/૨૫ના રોજ અવસાન થયું હતું. આ જેસીસી હાર્ટ ઈન્સ્ટિટ્યુટ હોસ્પિટલ અંગે કોઈને ગંભીર બીમારી ન હોવા છતાં ઓપરેશની કરીને મોટા ચાર્જ વસુલતા હોય તેવું અખબારમાં આવેલું હોવાથી હિન્ડોચા પરિવારને પણ દહેશત છે કે, પિતા રસિકકુમારને નોર્મલ શ્વાસની બિમારી હોય અને ખોટો ડર બતાવીને ઓપરેશન કરીને સ્ટેન્ટ બેસાડેલો હોવાની શક્યતા છે. તેથી આ જેસીસી હાર્ટ ઈન્સ્ટિટ્યુટ અને ડોક્ટર સામે યોગ્ય કાર્યવાહી કરી પરિવારને ન્યાય અપાવવામાં આવે. જામનગરમાં પોલીસને થયેલી આ બીજી અરજી છે. આ મામલાઓમાં સત્ય બહાર લાવવા તટસ્થ તપાસ થાય તેવી લોક અપેક્ષા રાખી રહ્યા છે. આ હોસ્પિટલના અન્ય ભાગીદારોએ તો આ કથિત કૌભાંડમાંથી પોતાના હાથ ઊંચા કરી દીધા છે અને હાર્ટ વિભાગ ડો.પાર્શ્વ વોરા સંભળાતા હોવાથી પોતે સમગ્ર બાબત થી અજાણ હોવાનું જણાવી દીધું છે. જ્યારે સ્થાનિક સરકારી તંત્ર પણ જણાવે છે, કે પીએમજેએવાયની કાર્યવાહી સીધી પોર્ટલ પર થતી હોવાથી સમગ્ર પ્રક્રિયાથી સ્થાનીક તંત્ર અજાણ હોય છે. જોકે આ અંગે સ્થળ પર રોજકામ કરીને સરકારને મોકલી દેવામાં આવ્યું છે.

# સુરેન્દ્રનગર પોલીસ સમક્ષ ગણેશ ગોંડલ તપાસ માટે હાજર રહ્યા

## ગણેશ ગોંડલ સહિત અન્ય લોકો પાસેથી મળેલી માહિતી મુજબ આગળની કાર્યવાહી અને તપાસની દિશા નક્કી થશે





(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૨૩

સુરેન્દ્રનગરમાં રાજકુમાર જાટના મોત મામલે તપાસ તેજ બની છે. આ કેસમાં ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ ગોંડલ સહિત ૧૩ શખ્સોને સુરેન્દ્રનગર એસપી સમક્ષ તપાસ માટે હાજર કરવામાં આવ્યા હતા. આ કેસમાં ગોંડલ, કાલાવડ અને રાજકોટમાં ત્રણ અલગ-અલગ ફરિયાદો નોંધાઈ છે, જેની તપાસ હાઈકોર્ટે સુરેન્દ્રનગર એસપી અને ધાંગધ્રાના ડીવાયએસપીને સોંપી છે. હાઈકોર્ટના આદેશ મુજબ, તમામ શંકાસ્પદ વ્યક્તિઓના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. તપાસ ટીમ ઘટનાક્રમની ઝીણવટભરી તપાસ કરી રહી છે. હાઈકોર્ટે ૧૦ તારીખ સુધીમાં કેસની સંપૂર્ણ તપાસ પૂર્ણ કરીને વિગતવાર રિપોર્ટ સુપરત કરવાનો નિર્દેશ આપ્યો છે. સુરેન્દ્રનગર પોલીસ મથકે ગણેશ ગોંડલ સહિતના તમામ વ્યક્તિઓના નિવેદનો દિવસભર નોંધવામાં આવ્યા હતા. રાજકુમાર જાટના મોતનું સત્ય બહાર લાવવા પોલીસ ટેક્નિકલ અને દસ્તાવેજી પુરાવાઓની પણ ચકાસણી કરી રહી છે. કેસની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને પોલીસ અત્યંત સાવચેતીપૂર્વક તપાસ આગળ વધારી રહી છે. રાજકુમાર જાટના મોત કેસમાં તપાસ દરમિયાન ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ ગોંડલ સહિત કુલ ૧૧ શખ્સોની સંડોવણીના સંકેતો મળ્યા છે. આ ગંભીર કેસની તપાસ સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુને સોંપવામાં આવી છે, જેમાં ધાંગધ્રાના ડીવાયએસપી જે.ડી. પુરોહિત પણ જોડાયા છે. પોલીસે જણાવ્યું કે, ગણેશ ગોંડલ સહિત તમામ શંકાસ્પદ વ્યક્તિઓને સુરેન્દ્રનગર ખાતે પૂછપરછ માટે હાજર રહેવા જણાવાયું હતું. તેમના નિવેદનોની ઝીણવટભરી ચકાસણી અને પૂછપરછ ચાલી રહી છે. તપાસ દરમિયાન, ગોંડલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં રાજકુમાર જાટના ગુમ થયા અંગેની ફરિયાદ અને ત્યારબાદ એનસી ગુનો નોંધાયો હતો. આ ઉપરાંત, રાજકોટમાં તેની હત્યા અંગે અલગ ગુનો પણ નોંધાયો છે. હાઈકોર્ટે ત્રણેય કેસોની તપાસ સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડાને સોંપતા, પોલીસે તપાસ વધુ તેજ બનાવી છે. હાલમાં સુરેન્દ્રનગર ખાતે તમામ શંકાસ્પદ વ્યક્તિઓની ઝીણવટભરી પૂછપરછ ચાલી રહી છે. પોલીસ દ્વારા આ કેસમાં વધુ ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. સમગ્ર જિલ્લાનું ધ્યાન આ હાઈપ્રોફાઈલ કેસની આગામી કાર્યવાહી પર કેન્દ્રિત થયું છે.

# જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર હિટ એન્ડ રનની ઘટનામાં વેપારી યુવાનનું મોત

(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૨૩

જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર ગઈકાલે વધુ એક 'હીટ એન્ડ રન'નો બનાવ બન્યો હતો, જેમાં એક બાઈક સવાર વેપારી યુવાનને અજ્ઞાત વાહનચાલકે ચગદી નાખતાં કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું છે. આ બનાવની વિગત એવી છે કે જામનગર ની ભાગોળે ગોવર્ધન ગ્રીન્સ સોસાયટીમાં રહેતા અને વોટર સપ્લાયનો વ્યવસાય કરતા વનરાજસિંહ ભગવતસિંહ રાઠોડ નામના ૪૩ વર્ષના વેપારી ગઈકાલે પોતાનું જી.જે. ૧૦ ડી.એક્સ ૭૭૭૪ નંબરનું મોટર સાયકલ લઈને મોટી ખાવડી ગામ તરફ જઈ રહ્યા હતા. જે દરમિયાન લાખાબાવળ ગામના પાટીયા પાસે કોઈ અજાણ્યા ભારે વાહનના ચાલકે તેઓને હડફેટમાં લઈને ચગદી નાખ્યા હતા. જેઓનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે આજ્ઞાત વાહન ચાલક અકસ્માત સર્જીને ભાગી છૂટ્યો હતો. આ અકસ્માતના બનાવ અંગે મૃતકના પુત્ર જયરાજસિંહ વનરાજ લસિંહ રાઠોડએ સિક્કા પોલીસ મથકમાં અજાણ્યા વાહનના ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા વાહનચાલકની શોધખોળ શરૂ કરાવાઈ છે, જ્યારે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ધ્રોલ તાલુકાના નાના વાગુદડ ગામે સંતાન પ્રાપ્તિના વિયોગમાં પરિણીતાનો ગળાફાંસો

(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૨૩

જામનગરમાં જિલ્લાના ધ્રોળ તાલુકાના નાના વાગુદડ ગામની સીમ વિસ્તારમાં વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજાની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતી મધુબેન અશોકભાઈ વાઘેલા નામની ૨૩ વર્ષની ભીલ જ્ઞાતિની યુવતીએ ગઈકાલે પોતાના ઘેર પતરાના એંગલમાં દોરડું બાંધી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે મૃતકના પતિ અશોક કાનાભાઈ વાઘેલાએ પોલીસને જાણ કરતાં ધ્રોલ પોલીસે બનાવના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન મૃતક મધુબેનને અગાઉ બે વખત કશુવાવડ થઈ ગઈ હતી અને સંતાન પ્રાપ્ત થતું ન હોવાથી તેના વિયોગમાં આ પગલું ભરી લીધું હોવાનું જાહેર કરાયું હતું.

# જામનગરમાં જુગાર રમતી ૭ મહિલા ઝડપાઈ

જામનગર, તા.૨૩

જામનગરમાં જડેશ્વર પાર્ક મેઈન ચોકમાં રામાપીરના મંદિર સામે જાહેરમાં કેટલીક મહિલાઓ એકત્ર થઈને ગંજી પાના વડે જુગાર રમી રહી છે, તેવી બાતમીના આધારે સીટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે મહિલા પોલીસને સાથે રાખીને દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન ૭ જેટલી મહિલાઓ ગંજી પાના વડે જુગાર રમતાં મળી આવી હતી. પોલીસે બનાવના સ્થળેથી નીતાબા ભરતસિંહ પિંગળ, સુનિતાબેન જીતેન્દ્રભાઈ નાગપાલ, આશાબેન યોગેશભાઈ મેવાડા, પુષ્પાબેન મનીષભાઈ ચાવડા, શાંતાબેન પરસોત્તમભાઈ જેઠીયા, મીનાબેન વલીદાસ ભાઈ સોલંકી, અંકિતાબેન વલીદાસભાઈ સોલંકી તેમજ બલવીરસિંહ દિલીપસિંહ ગોહિલની અટકાયત કરી હતી. તેઓ પાસેથી રૂપિયા ૧૨,૭૬૦ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# કઠલાલ : હાઈવે રોડ ક્રોસ કરતાં વૃદ્ધનું એસટી બસની ટક્કરે મોત

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૨૩

કઠલાલના સરાલી ગામ પાસે ગઈકાલે સાંજના ઈન્દોર હાઈવે રોડ ઓળંગતા એક વૃદ્ધને હાઈવે રોડ પર પુરપાટ પસાર થતી એક એસટી બસ એ જોરદાર ટક્કર મારતા શરીરે ગંભીર ઈજાગ્રસ્ત થયેલ વૃદ્ધના ઘટના સ્થળે રામ રમી ગયા છે.મળતી માહિતી મુજબ કઠલાલના સરાલી ગામના દારાજીના મુવાડા સીમ વિસ્તારમાં રહેતા કાભઈ ઉર્ફે કાળાભાઈ શકરાભાઈ ઝાલા ગઈકાલે સાંજના સમયે દૂધ લઈ ઘેર જવા માટે ગામ નજીકનો ઈન્દોર હાઈવે રોડ ક્રોસ કરતા હતા ત્યારે હાઈવે રોડ પર પુરપાટ પસાર થતી અમદાવાદ થી ફતેપુરા જતી એસટી બસ નંબર GJ 18 ZT 2667 રોડ ક્રોસ કરતા તેમને જોરદાર ટક્કર મારી હતી. જેને લઈ શરીરે ગંભીર ઇંજાઓ પહોંચવાથી વૃદ્ધ કાભઈ ઉર્ફે કાળાભાઈ શકરાભાઈ ઝાલા ઉ વ ૬૫નુ ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મૃત્યુ નિપજ્યું હતું. કઠલાલ પોલીસે એસટી બસના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## અવસાન નોંધ

### ભાવનગર

મર્હૂમ રહેમાનભાઈ રાઠોડના દિકરા અ. સમદભાઈ રહેમાનભાઈ (ઉ.વ.૮૨ રહે. ઈબ્રાહીમ મસ્જિદની પાછળ, મફતનગર)નો તા.૨૨/૧૧/૨૫ને શનિવારે ઈન્તેકાલ થયેલ છે. મર્હૂમની ઝિયારત મર્દો માટે તા.૨૪/૧૧/૨૫ સોમવારે સવારે ૮:૩૦ કલાકે મોમીનવાડ મસ્જિદ, સાંઢીયાવાડ, ભાવનગર તેમજ ઔરતો માટેની ઝિયારત સવારે ૧૦:૦૦ કલાકે મહેફિલે મહોબત સિપાઈ જમાતખાના હોલ, ભાવનગર ખાતે રાખેલ છે.

LCB સ્ટાફે લગ્ન પ્રસંગમાં મહેમાન બની દિવસભર રેકી કરી રાત્રે ઉઠાવ્યો

# સૂત્રાપાડાના અપહરણ અને બળાત્કારના ગુનામાં ૧૫ વર્ષથી ફરાર શખ્સને બિહારથી ઝડપ્યો

(સંવાદદાતા દ્વારા)
પ્રભાસપાટણ, તા.૨૩

ગીર સોમનાથ પોલીસ એ સૂત્રાપાડા પોસ્ટેના અપહરણ બળાત્કારના ગુનાના કામે છેલ્લા ૧૫ વર્ષથી નાસતા ફરતા ઈનામી આરોપીને બિહાર ખાતેથી પકડી પાડેલ છે. જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાઓએ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે નાસતા ફરતા/લાલશાહી આરોપીને પકડી પાડવા સૂચના આપી હતી.

જિલ્લામાં ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલ અને લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સારૂ આગોતરા ઈનામ જાહેર કરવાની સુચના મળતા તા.૧/૧૨/૨૦૨૨ના રોજ ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા ટોપ-૦૫ આરોપીઓ કે જેઓ બહુજ લાંબા સમયથી નાસતા ફરતા હતા. જેઓની યાદી તૈયાર કરી પકડી પાડવા રૂા.૧૦,૦૦૦/- ઈનામ જાહેર કરવામાં આવેલ હતું. જે અનુસંધાને એલ.સી.બી.ના પો.ઈન્સ.એસ.વી. રાજપૂતની રાહબરી હેઠળ એ.એસ.આઈ. રામદેવસિંહ જાડેજા તથા એ.એસ.આઈ. ભૂપેન્દ્રસિંહ ચાવડાના સચોટ ટેક્નિકલ એનાલીસીસ આધારે સૂત્રાપાડા પોસ્ટે.ના વિવિધ ગુનાનો છેલ્લા ૧૫ વર્ષથી નાસતો ફરતો આ ઈનામી આરોપી વિનયકુમાર સોહન મહતો (ઉં.વ.૩૫) તામીલનાડુ હોવાનું જણાય આવતા પો.ઈન્સ.એસ.વી. રાજપૂતે એક ટીમ બનાવેલ આ આરોપીને પકડી પાડવા સાહેબગંજ શહેર વિસ્તારથી ૪ કિ.મી. દૂર હોય અને જંગલ વિસ્તાર હોય જેથી પગપાળા ૪ કિ.મી. ચાલી આ જંગલ વિસ્તારમાં આવેલ ઝુપડપટ્ટી આજુબાજુ ચાલતા લગ્નના માહોલમાં અલગ-અલગ



તામીલનાડુ ખાતે જવા રવાના થયેલ પરંતુ ત્યાંથી આ આરોપી બિહાર તરફ રવાના થયાનું જાણ થતા મુંબઈ ખાતે પહોચેલ ટીમને બિહાર ખાતે તાત્કાલિક જવાના રવાના કરી હતી.

એલ.સી.બી. ટીમ બિહાર રાજ્ય ખાતે આરોપીના વતન પહોચતા ત્યાં હાલ લગ્નની સિઝન ચાલુ હોય દેશભરમાંથી બિહારના વતની મજૂરો મોટી સંખ્યામાં લગ્ન પ્રસંગ સબબ રજામાં આવેલ જેથી એલ.સી.બી. ટીમ દ્વારા આરોપીના રહેણાંક વિસ્તારની માહિતી મેળવતા આ વિસ્તાર વિસ્તારમાં એલ.સી.બી ટીમના માણસો પોતાની ઓળખ છુપાવી લગ્નમાં આવેલ મહેમાન તરીકે ફેલાઈ ગયા હતા. દિવસભર રેકી કરી હ્યુમન સોર્સીસ ઉભા કરી આરોપી તથા તેના સગા વહાલા તથા તેના રહેણાંક બાબતે સચોટ બાતમી મેળવી રાત્રિના સમયે સ્થાનિક પોલીસને આ બાબતેની તમામ માહિતી પૂરી પાડી સ્થાનિક પોલીસની મદદ મેળવી વિનય મહતોને તેના રહેણાંક મકાનેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# જામનગરમાં ૧૦ લાખ રૂપિયાની લેતી-દેતી મામલે યુવાન પર હિચકારો હુમલો

## ગંભીર ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ ખસેડાયો

(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૨૩

જામનગરમાં શરૂ સેક્શન રોડ પર રહેતા અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા હરદેવસિંહ ભીખુભા ભટ્ટી નામના ૨૨ વર્ષના ક્ષત્રિય યુવાન ઉપર છરી, લોખંડના પાઈપ, ધોકા જેવા હથિયારો વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે મેઘપરમાં રહેતા યુવાનના પિતરાઈભાઈ મહેન્દ્ર સિંહ કિશોરશિંહ પિંગળ તેમજ તેના પરિવારના સભ્યો અને સાગરીત એવા મયુર રામાવત, ચિરાગ ભાનુશાળી, વંશરાજસિંહ રૂપસંગ પિંગળ, દુષ્યંતસિંહ ભરતસિંહ પિંગળ અને મિતરાજસિંહ રૂપસંગ પિંગળ સામે યુવાન ફરિયાદ નોંધાવી છે. જ્યારે ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયો છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુવાનની બહેન કે જેઓ વિરૂદ્ધ આરોપી હુમલાખોર મહેન્દ્રસિંહના પિતા કિશોરસિંહ પિંગળે મેઘપર પોલીસ મથકમાં સોનાના દાગીનાની ચોરીની ફરિયાદ નોંધાવી હતી અને તે દાગીના યુવાનની બહેને હરેન્દ્રસિંહ જાડેજાને ૨૨ લાખમાં વેચી નાખ્યા હતા.

જે પ્રકરણમાં પોલીસ ફરિયાદ થયા બાદ મેઘપર પોલીસે યુવાનની બહેન પાસેથી દસ લાખ રૂપિયા રોકડા અને બાકીના ઘરેણા કબજે કર્યા હતા, જે પરત આપવાના મામલે કોર્ટે તમામ ઘરેણા કિશોરસિંહને આપી દેવા હુકમ કર્યો હતો, જ્યાં દસ લાખ રૂપિયા યુવાનની બહેનને પરત કરવાનો કોર્ટે હુકમ કર્યો હતો. જે ૧૦ લાખ રૂપિયાની લેતી દેતી મામલે આરોપી મહેન્દ્રસિંહ અને તેના સાગરિતોએ આવીને આ હિચકારો હુમલો કરી દીધો હોવાનું પોલીસમાં જાહેર થયું છે. હાલ તમામ આરોપીઓ ભાગી છુટ્યા હોવાથી સિટી એ. ડિવિઝન પોલીસ તમામને શોધી રહી છે.

# સુરેન્દ્રનગરની ગાંધી હોસ્પિટલમાં દસ મહિનામાં ૨૯૩ સફળ પ્રસૂતિ

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૨૩

ગાંધી હોસ્પિટલમાં અતિ જોખમી પ્રસૂતિમાં ૨૦૨૫ના જાન્યુઆરીથી ઓક્ટોબર સુધીમાં ૨૯૩ કેસો આવ્યા હતા. આ સમયગાળામાં એકપણ પ્રસૂતાનું મોત ન થયાનું પણ બહાર આવ્યું હતું. આ અંગે સીડીએમઓ ડો. ચૈતન્યકુમાર પરમારે જણાવ્યું કે, પ્રસૂતિ મહિલાઓને સરકારી તમામ યોજનાના લાભો સાથે સારવાર આપવામાં આવે છે. જયારે પેથોલોજીસ્ટ ડો. હર્ષદ પ્રજાપતિએ જણાવ્યું કે, ગાંધીની બ્લડ બેંકમાંથી છેલ્લા ૧૦ માસમાં બ્લડ બેંકમાંથી ૧૯૯ બોટલો પ્રસૂતિ મહિલાઓને અપાઈ હતી. બીજી તરફ આ હોસ્પિટલમાં પ્રસૂતિના અંદાજે ૩૫ ટકા કેસો અતિ જોખમી આવતા હોવાની વિગતો બહાર આવી હતી. ત્યારે આવા જોખમી કેસો માટે પ્રસૂત વિભાગના ગાયનેકોલોજીસ્ટમાં ડો. કુલદીપસિંહ જાડેજા, ડો. વૈભવી ચાવડા, રેસિડેન્ટ ડૉક્ટર- ડો. નીરવ, ડો. મહેજબીન ઉમદા ફરજ બજાવી રહ્યા છે.

# નર્મદા જિલ્લામાં SIR અંતર્ગત ભાજપની વિશેષ ડ્રાઈવ

## પાત્રતા ધરાવતા એક પણ મતદાર બાકી ન રહે તે માટે ઘરે-ઘરે જઈને ફોર્મ એકત્રિત કરાયાં

(સંવાદદાતા દ્વારા)
રાજપીપળા, તા.૨૩

નર્મદા જિલ્લામાં હાલ ચાલી રહેલી મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાની કામગીરીને વધુ અસરકારક અને સઘન બનાવવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે એક વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના તમામ બૂથો પર જિલ્લા ભાજપના આગેવાનો અને પાયાના કાર્યકર્તાઓ આ ઝુંબેશમાં જોડાયા હતા.આ ડ્રાઈવ હેઠળ જિલ્લાના તમામ વિધાનસભા મતવિસ્તારોમાં નાગરિકોના મતદાન માટેના જરૂરી દસ્તાવેજો અને ગણતરી પત્રકો એકત્રિત કરીને ફોર્મ ભરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.નર્મદા જિલ્લા ભાજપના પ્રમુખ નીલભાઈ રાવે જણાવ્યું હતું કે, મતદાર યાદી સુધારણાની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે જિલ્લાના તમામ બૂથો પર અગ્રણી આગેવાનો સાથે પાયાના કાર્યકર્તાઓ જોડાયા છે. સવારના ૯થી સાંજના ૪ વાગ્યા સુધી બૂથ લેવલ ઓફિસરો (BLO) પોતાના મતદાન મથક પર હાજર રહીને નાગરિકોના ગણતરી પત્રક જમા કરવાની કામગીરી કરી રહ્યા છે.નર્મદા જિલ્લામાં આયોજિત આ વિશેષ ઝુંબેશ કાર્યક્રમમાં સંસદ સભ્ય મનસુખ વસાવા, જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ, ઘનશ્યામ પટેલ, નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ, હર્ષદ વસાવા, શબ્દશરણ તડવી, અનિરૂદ્ધસિંહ ગોહિલ તેમજ અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ આગેવાનો અને પાયાના કાર્યકર્તાઓએ મતદારોના ઘરે-ઘરે જઈને ફોર્મ એકત્રિત કર્યા હતા.

# જશ્ને ગૌષે આઝમ નિમિત્તે ભાવનગર ખાતે ૨૫મીએ સૈયદ તન્વીર હાશ્મીની વાએઝનો કાર્યક્રમ

ભાવનગર, તા.૨૩

જશ્ને ગૌષે આઝમ દસ્તગીર નિમિત્તે તા.૨૫/૧૧/૨૫ને મંગળવારે રાત્રે ઈશાની નમાઝ બાદ ભાવનગર શહેરના વડવા કાછીયાવાડ, ચબુતરા પાસે એક શાનદાર વાએઝનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં કર્ણાટક (બીજાપુર)ના મશહુર આલીમ પીરે તરીકત સૈયદ તન્વીર હાશ્મી સાહેબ પોતાની નુરાની તકરીર ફરમાવશે તેમજ રાજસ્થાનના મશહુર નઆતખ્વાં મહંમદજાવેદ રઝા કાદરી નઆતશરીફ પેશ કરશે. તેમજ અન્ય આલીમો, મૌલાનાઓ, સૈયદો સાદાતો પણ ખાસ ઉપસ્થિત રહેશે. તેમ બનુહાશીમ સૈયદ હુસૈનમીયાબાપુ અલફદાકે જણાવ્યું છે.

સાંસદો દ્વારા જનરલ મેનેજરને રજૂઆત

# ભરૂચ રેલવે સ્ટેશને એસ્કેલેટરની કામગીરી ઝડપી કરવા મુસાફર જનતાની માગણી

(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૨૩

ભરૂચ રેલવે સ્ટેશને મંજૂરી થયેલાં એસ્કેલેટર સંબંધી કામગીરી ઝડપી હાથ ધરાય એવી રજૂઆત સાંસદોએ રેલવેનાં જનરલ મેનેજર સમક્ષ અમદાવાદ ખાતે યોજાયેલી વાર્ષિક મિટિંગમાં કરી હતી. ભાગ્યું ભાગ્યું તોય ભરૂચ કહેવાય એ યથાર્થ રેલવે સ્ટેશન ભરૂચની કાયાકલ્પ કરાયાં પછી પણ અહીં મુસાફરો સંબંધી દુવિધાઓ ઓછી થવાનું નામ નથી લેતી. ભરૂચનાં રેલવે સ્ટેશને ચાર અલગ અલગ પ્લેટફોર્મ ઉપર લોકલ એક્સપ્રેસ ટ્રેનો દિવસ રાત સ્ટોપ કરે છે. અહીં એક સાથે અપ ડાઉનમાં ટ્રેનોનું સ્ટોપ થાય છે ત્યારે ટ્રેનમાંથી ઉતરી બહાર જવા અને ટ્રેનમાં બેસવા મુસાફરો એક માત્ર રેમ્પ ફૂટ ઓવર બ્રિજ ઉપરથી પસાર થાય છે. ત્યારે અહી મહિલાઓ, બાળકો, વૃદ્ધોની હાલત ખુબ જ કફોડી થતી જોવા મળે છે. એક માત્ર રેમ્પ ફૂટ ઓવર બ્રિજ ઉપર ચઢવું મુશ્કેલ બની જતું હોય છે. પગથિયા વગર ફક્ત સપાટ ચઢાવ ઓવર બ્રિજ અશક્ત વૃદ્ધ વ્યક્તિઓને સામાન લઈ ચઢવું મુશ્કેલ બની જાય છે. અહીં રોજિંદી લાખો ની રેવન્યુ હોવા છતાં પણ અહી એસ્કેલેટર બ્રિજ ના બનાવ્યો એ મુસાફર જનતાની મોટી કમનસીબી કે રલવે સ્ટેશનોની કેટેગરીના બહાને રેલવે લોકોને ઉલ્લુ બનાવે છે ? એમ મુસાફર જનતામાં ચર્ચાઈ રહ્યું છે. ભરૂચ રેલવે સ્ટેશને બધું જ ખાનગી કોન્ટ્રાક્ટ પદ્ધતિના નામે અસ્તવ્યસ્ત રહેલું જોવા મળે છે. સફાઈથી માંડી ટોયલેટ અને પ્લેટફોર્મ ઉપર અનિયમિત રીતે ચાલતી કામગીરીમાં મુસાફર જનતાની મુશ્કેલીઓ સંબંધે કોઈ જવાબદાર અધિકારી ધ્યાન કેમ આપતાં નથી ? એ ચર્ચાનો વિષય બની ગયો છે.




# હિંમતનગરમાં બ્રહ્માકુમારીઝ દ્વારા શાંતિ પદયાત્રા યોજાઈ



(તસવીર : એફ.કે.મનસુરી, હિમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં બ્રહ્માકુમારીઝ દ્વારા રવિવારના રોજ સવારે શાંતિ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. બેરણા રોડ પર આવેલા બ્રહ્માકુમારીઝ શાંતિ સરોવર ખાતેથી આ યાત્રાનો પ્રારંભ થયો હતો અને વિસ્તારના માર્ગો પર ફરીને શાંતિ સરોવર ખાતે જ તેનું સમાપન થયું હતું. આ પદયાત્રા બ્રહ્માકુમારીઝ ગુજરાતના ડાયમંડ જ્યુબિલી વર્ષ ૨૦૨૫ હિરક જયંતિ મહોત્સવ અંતર્ગત 'શાંતિ અનુભૂતિ દિવ્ય સમારોહ'ના ભાગરૂપે યોજાઈ હતી. વિશ્વમાં શાંતિમય સંસારના નિર્માણના હેતુથી રવિવારે સમગ્ર રાજ્યમાં 'શાંતિ પદયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. હિંમતનગર બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર-સબઝોનના ઈન્ચાર્જ રાજયોગિની બીકે જ્યોતિદીદીના નેતૃત્વ હેઠળ આ પદયાત્રામાં ૧૨ જુદા જુદા સેન્ટર અને લગભગ ૧૫૦ બ્રહ્માકુમારીઝ પાઠશાળાઓના શ્વેત વસ્ત્રધારી રાજયોગી ભાઈ-બહેનો એક જ દિવસે અને એક જ સમયે મૌનના મંત્ર સાથે શાંતિદૂત બનીને જોડાયા હતા. આ યાત્રા વ્યસનમુક્તિ અને શાંતિદાનના સંકલ્પ સાથે નવનિર્મિત બ્રહ્માકુમારીઝ 'શાંતિ સરોવર'થી પ્રસ્થાન કરીને યશસ્વી બંગલોઝ, વિરાટનગર, દેવભૂમિ સોસાયટીઓ થઈને બલવંતપુરાકંપા વિસ્તારમાં ફરીને શાંતિ સરોવર ખાતે પૂર્ણ થઈ હતી.

# કપડવંજ : ઈકો ભાડે લઈ ભેજાબાજે ભાડું અને ઈકો પાછી ન આપી

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૨૩

કપડવંજ કાપડીવાવ ખાતે પાણી પુરવઠા વિભાગમાં નોકરી કરતા એક કર્મચારીની ઈકો અમદાવાદ ખાતે મેન પાવર સપ્લાયરની કંપની ધરાવતા કાવઠના ભેજાબાજે માસિક રૂપિયા ૩૦ હજારના ભાડાથી લીધા પછી પાણી પુરવઠા વિભાગના કર્મચારીને ભાડું તો ન આપ્યું પણ ઈકો પાછી ન આપતા તેઓ એ કાવઠના ભેજાબાજ વિરૂદ્ધ કપડવંજ ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.મળતી માહિતી મુજબ કપડવંજના અંતીસર ગામના મોતીપુરા ખાતે રહેતા રાજેશકુમાર શિવાભાઈ ઝાલા (ઉ.વ.૪૪) કાપડીવાવ ખાતે પાણી પુરવઠા વિભાગમા નોકરી કરે છે તેમની આઠેક માસ પહેલા કપડવંજના અમદાવાદ ખાતે મેઈન પાવર સપ્લાયરની કંપની ધરાવતા સુરજ જશવંત વણકર સાથે ઓળખાણ થઈ હતી. તેણે પોતાની કંપનીમાં માણસો લઈ જવા લાવવા માટે રાજેશકુમારની ઈકો નંબર GJ 06 PC 4096 ભાડેથી આપવાની વાત કરી હતી આ સમયે તેણે ઈકોનો દૈનિક રૂપિયા ૧,૦૦૦ ભાડું આપવાની વાત કરવાની સાથે ઈકો ફક્ત પોતાની કંપનીના માણસોને લાવવા લઈ જવા માટે ઉપયોગમાં લેવાશે તેવો રાજેશ કુમારને વિશ્વાસ આપ્યો હતો.ત્યાર પછી નોટરી સમક્ષ સંમતિ કરાર કરી રાજેશ કુમારે પોતાની ઈકો માસિક રૂપિયા ૩૦,૦૦૦ના ભાડેથી અમદાવાદ ખાતે મેઈન પાવર સપ્લાયરની કંપની ધરાવતા સૂરજ જશવંત વણકરને ભાડે આપી હતી. મહિનો વીત્યા પછી કરાર મુજબ ભાડુંના આપતા રાજેશકુમાર ઝાલાએ ઉઘરાણી કરતા સુરજ વણકર વાયદા પર વાયદા કરતો હતો ત્યાર પછી પણ તેણે ભાડું ન આપતા રાજેશકુમાર ઝાલાએ પોતાની ઈકો કાર પાછી માગી હતી. જે ઈકો પરત કરવામાં પણ સૂરજ વણકર વાયદા પર વાયદા કરતો હતો. દરમિયાન રાજેશકુમાર ઝાલાએ કરેલ તપાસમાં તેમની ભાડે લીધેલ ઈકો તેણે એકાદ અઠવાડિયા સુધી કંપનીના કામમાં ઉપયોગમાં લીધા પછી રાજેશ કુમારની ભાડે લીધેલ ઈકો અન્ય જગ્યા એ આપી દીધી હોવાનું ઉજાગર થયું હતું. કપડવંજ ગ્રામ્ય પોલીસે આ અંગે રાજેશકુમાર ઝાલાની ફરિયાદના આધારે સૂરજ વણપર વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# વિજ્ઞાન પ્રદર્શનમાં ડીસાની સંત અન્ના સ્કૂલનો પ્રોજેક્ટ પ્રથમ ક્રમે

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૨૩

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાલનપુર તથા જિલ્લા શિક્ષણાધિકારી, પાલનપુરના સંયુક્ત આયોજન હેઠળ મહર્ષિ કણાદ શાળા વિકાસ સંકુલ, ડીસા ખાતે વિજ્ઞાન–ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૫–૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષની પ્રદર્શનની મુખ્ય થીમ "વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે STEM" હતી.પ્રદર્શનનું સ્થળ કેશર સ્કૂલ, કાંટ (તા.ડીસા) રહ્યું અને તા.૨૧ નવેમ્બર ૨૦૨૫, શુક્રવાર નિર્ધારિત કરવામાં આવી હતી.આ પ્રદર્શનમાં સંત અન્ના સ્કૂલ (અંગ્રેજી મીડિયમ) દ્વારા રજૂ કરાયેલ વિભાગ–૪ (Emerging Technology) અંતર્ગત પ્રોજેક્ટ *"Electricity From Speed Breaker"* એ ઉત્તમ પ્રદર્શન સાથે પ્રથમ સ્થાન મેળવ્યું અને આગળ જિલ્લા કક્ષાએ પસંદગી મેળવી છે.

આ પ્રોજેક્ટના બાળ–વિજ્ઞાનિકો વંશિકા સુથાર અને વૃશિકા સુથાર છે. માર્ગદર્શન આપનાર ગણિત વિજ્ઞાનના શિક્ષક સોનુભાઈ રામરતનભાઈ સોની છે. તેઓએ રોડ પર આવેલા સ્પીડ બ્રેકર પરથી ઊર્જા ઉત્પન્ન કરવાની અનોખી તકનીક રજૂ કરી છે. શાળા પરિવાર તરફથી મેનેજર સર મીના, સર કલ્પના તથા તમામ શિક્ષક મિત્રોએ આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.



# ગ્રેજ્યુએટ સોશિયલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા પાલનપુરની સાર્વજનિક હોસ્પિટલ ખાતે ૧૨મો મોતિયા દર્દીઓનો કેમ્પ યોજાયો




(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૨૩

પાલનપુર ખાતે સતત ૧૨ વર્ષથી ડો.સલીમ શેખ પ્રમુખ, ગ્રેજ્યુએટ્સ સોશિયલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, (પાલનપુર)ના નેજા હેઠળ આંખના દર્દીઓ માટે મોતીયાનો (ફેકો પદ્ધતિથી) વિના મૂલ્ય ઓપરેશન કરવામા આવેછે પ્રથમ દર્દીઓને બી.પી. ડાયાબીટીસ અને આંખની તપાસ નિષ્ણાંત તબીબો દ્વારા કરવામા આવે છે. આ વર્ષે પણ આંખના સિનિયર નિષ્ણાંત તબીબ ડો.હસમુખભાઈ જોષીએ ૬૮ દર્દીઓને તપાસ્યા હતા. જેમાથી ૨૪ દર્દીઓને ઓપરેશનની જરૂરિયાત જણાઈ હતી. તદુપરાંત ડો.સલીમ એન. શેખ, ડો.ફીરાશ એસ.શેખ તથા ડો.અનુજ પટેલે બી.પી ડાયાબીટીસની તપાસ કરી હતી. સંપૂર્ણ તપાસ બાદ ૨૪ દર્દીઓને ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમા ઓપરેશન કરવા જણાવ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા અતિકુરરેહમાન કુરેશી, ઉસ્માન ખાંન પઠાણ, વાસુભાઈ મોદી અને કનુભાઈ દવે તથા મેડીકેર હોસ્પિટલના સ્ટાફે ભારે જેહમત ઉપાડી હતી સાથો-સાથ ટ્રસ્ટના સ્ટાફનો સહકાર સાંપડ્યો હતો.

# વડોદરામાં કોર્પોરેશનની કચરાની ગાડીમાં ૧૫ લોકોની જોખમી મુસાફરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

સંસ્કારી નગરી વડોદરામાં મહાનગરપાલિકાની ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરી ફરી એકવાર વિવાદના વમળમાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની કચરાની ગાડીમાં ૧૫ જેટલા શ્રમિકો જીવના જોખમે મુસાફરી કરી રહ્યા હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. આ ચોંકાવનારો વીડિયો વડોદરાના ખિસકોલી સર્કલ વિસ્તારનો હોવાનું જાણવા મળ્યું છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, પાલિકાની કચરા ગાડીમાં સામાનની જેમ માણસોને ભરવામાં આવ્યા છે. અંદાજે ૧૫ જેટલા લોકો આ ખુલ્લી ગાડીમાં લટકતી હાલતમાં અને જોખમી રીતે મુસાફરી કરી રહ્યા હતા. ગઈકાલે રાત્રે જ આ દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા.શહેરીજનોમાં ચર્ચા છે કે આ પ્રકારની ઘટના પહેલીવાર બની નથી. અગાઉ પણ કોર્પોરેશનની ગાડીઓમાં નિયમોના ધજાગરા ઉડતા જોવા મળ્યા છે. જોકે, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોન્ટ્રાક્ટરો સામે દાખલારૂપ કાર્યવાહી કરવાને બદલે માત્ર નોટિસ આપીને કે મામૂલી દંડ ફટકારીને સંતોષ માની લેવામાં આવે છે. તંત્રની આ નરમ નીતિને કારણે કોન્ટ્રાક્ટરોને આવી જોખમી પ્રવૃત્તિઓ કરવાનું પ્રોત્સાહન મળી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, માત્ર બે દિવસ અગાઉ જ વડોદરા આર.ટી.ઓ., જિલ્લા ટ્રાફિક પોલીસ અને એસ.ટી. વિભાગ દ્વારા સંયુક્ત રીતે ડ્રાઈવ યોજીને ગેરકાયદે મુસાફરોની હેરાફેરી કરતા ખાનગી વાહનો સામે લાલ આંખ કરવામાં આવી હતી અને વાહનો ડિટેઈન કરાયા હતા. ત્યારે હવે સવાલ એ થાય છે કે, શું કાયદો માત્ર સામાન્ય નાગરિકો અને ખાનગી વાહનો માટે જ છે ? ડોર-ટુ-ડોર કોન્ટ્રાક્ટરની આ ગંભીર બેદરકારી સામે શહેર ટ્રાફિક પોલીસ અને મ્યુનિસિપલ કમિશનર શું કડક કાર્યવાહી કરશે તે જોવું રહ્યું.



# માલગઢના પૂર્વ સરપંચના આત્મહત્યા કેસમાં પાંચ શખ્સોના આગોતરા જામીન નામંજૂર

## જ્યારે આઠ આરોપીઓ હજુ પોલીસ પકડથી દૂર

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૩

ડીસા તાલુકાના માલગઢ ગામના પૂર્વ સરપંચના આત્મહત્યા કેસ મામલામાં ડીસા તાલુકા પોલીસે મૃતકના પુત્રની ફરિયાદ આધારે પૂર્વ સરપંચના મોત માટે દુષ્પ્રેરણ કરનાર એક મહીલા સહિત આઠ શખ્સો વિરૂદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જે પૈકીના વકીલ સહિત પાંચ આરોપીઓએ ડીસા સેશન્સ કોર્ટમાં ધરપકડથી બચવા માટે આગોતરા જામીન અરજી રજૂ કરી હતી. કોર્ટે આ કેસમાં ૫ આરોપીઓની આગોતરા જામીન અરજી રદ કરી હતી. આ ૫ આરોપીઓમાં વકીલ સુરેશભાઈ આઈ. સાંખલાનો પણ સમાવેશ થાય છે. આ ચકચારી કેસમાં મૃતક કુંદનલાલ પુનમાજી કચ્છવા (માળી)નો ૧૧ મીનીટ ૮ સેંકન્ડનો વિડીયો સૌથી મહત્ત્વનો પૂરાવો બન્યો છે. જેમાં મરતાં પહેલા મૃતક કુંદનલાલ કચ્છવા દ્વારા સોશિયલ મીડીયામાં પોતાને ત્રાસ આપનાર અને મોત માટે દુષ્પ્રેરણ પુરૂ પાડનારા આરોપીઓની ગુનામાં ભાગીદારીનું વર્ણન વીડિયો સ્વરૂપે ક્લિપ બનાવી સોશિયલ મીડીયામાં નાખવામાં આવી હતી. બાદમાં તેઓએ પોતાની રીવોલ્વર લમણે મૂકી ગોળી મારી આત્મહત્યા કરી હતી. આ મામલે ફરિયાદ પક્ષના વકીલે જણાવ્યું હતું કે, ડીસાના છઠ્ઠા એડીશનલ જજની કોર્ટમાં આ કામના આરોપી સુરેશભાઈ ઈશ્વરભાઈ સાંખલા (વકીલ), ધીરજકુમાર અમરતલાલ કચ્છવા (ડીસા), ત્રિકમલાલ બાબુજી ગેલોત, સુરેશકુમાર ભરતભાઈ સોલંકી અને પ્રકાશભાઈ બાબુલાલ ગેલોત (માલગઢ) દ્વારા આ કેસમાં આગોતરા જામીન અરજી મૂકવામાં આવી હતી. જ્યારે ડીસાના ઉદ્યોગપતિ દેવીન ઉર્ફે ડો. સુરેશ લચ્છાજી પઢિયાર, ધીરેનકુમાર દેવીનભાઈ પઢિયાર અને મીનાક્ષીબેન ધીરેનકુમાર પઢિયાર પણ આ કેસમાં સંડોવાયેલા છે. જેમાં આરોપી પક્ષનો બચાવ હતો કે, તેઓને આગોતરા જામીન આપવામાં આવે. જોકે, કોર્ટમાં ફરિયાદી વતી અમે જામીન અરજીનો વિરોધ કર્યો હતો. આ તમામ આરોપી વિરૂદ્ધમાં પ્રાથમિક તપાસમાં જ ચાર્જ પૂરતાં પૂરાવા પોલીસને મળી આવ્યા છે. જેથી કોર્ટે આ પ્રાથમિક પુરાવાઓ આધારે ૫ આરોપીઓની આગોતરા જામીન અરજી રદ કરી છે. જ્યારે ૮ આરોપીઓ પોલીસ પકડથી દૂર છે. આ ચકચારી કેસમાં ડીસા તાલુકા પોલીસની ટીમ તાત્કાલીક ફરાર આઠ આરોપીઓને ઝડપી પાડે તેવી માંગ છે.

# ટંકારીઆ ખાતે શિક્ષિત યુવાનોના સહયોગથી SIR માટે કેમ્પ યોજાયો



(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૨૩

ભરૂચ તાલુકામાં ટંકારીયા ગામ ખાતે મતદાર યાદી સુધારણા ૨૦૨૫ અંતર્ગત કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સરકાર તરફથી ચાલી રહેલ S.I.R.ની કામગીરીના ભાગરૂપે ટંકારીઆ ગ્રામપંચાયત દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારનાં રોજ ટંકારીઆ ગ્રામપંચાયત દ્વારા S. I. R.ની કામગીરી અંતર્ગત ટંકારીઆ મદ્રસા હોલ ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના સરપંચ તથા ડેપ્યુટી સરપંચ સફવાન ભુતા/ઈમરાન કારી તમામ સભ્યો/ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. એક જ સ્થળ પર ગામના તમામ બી.એલ.ઓ. ઉપસ્થિત રહ્યા હતાં. બી.એલ.ઓ. અને ગામના રિટાયર્ડ શિક્ષકો તેમજ એજ્યુકેટેડ નવયુવાનોએ ફોર્મ ભરવાની અને ભરેલા ફોર્મ સ્વીકારવાની કામગીરી કરી હતી. કાર્યશીલ જાગૃત યુવા પંચાયત દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવા બદલ ગામ નાગરિકોએ આભાર માન્યો હતો.

# ધોળકા ખાતે આગામી સમૂહ લગ્ન સંદર્ભે દુલ્હા-દુલ્હનોના વાલીઓની મીટિંગ મળી

(સંવાદદાતા દ્વારા)

ધોળકા, તા.૨૩

અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે ધોળકા અંજુમને નવજવાન સંસ્થા દ્વારા આગામી તા.૨૧/૧૨/૨૦૨૫, રવિવારે સવારે ૧૦ વાગે મનસુરી કોમ્યુનિટી હોલ ખાતે સમસ્ત મુસ્લિમ સમાજના ૧૪માં સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેની હાલ તડમાર તૈયારીઓ ચાલી રહી છે. આ સમૂહ લગ્ન સમારોહના આયોજન સંદર્ભે આજરોજ તા.૨૩/૧૧/૨૦૨૫, રવિવારે સવારે ૧૦ વાગે ધોળકા ખાતે ટાવર બજાર નજીક પીરાન પીરના છીલ્લા વિસ્તારમાં આવેલ અંજુમન બિલ્ડિંગમાં આ સમૂહ લગ્નમાં જોડાયેલ ૩૦ યુગલોના વાલીઓની મીટિંગ અંજુમન સંસ્થાના પ્રમુખ વસીહૈદર પીરઝાદાની ખાસ હાજરીમાં રાખવામાં આવી હતી. જેમાં દુલ્હા-દુલ્હનોના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મૌલાના ગુલામહૈદર, મૌલાના અબ્દુલજબ્બાર અને મૌલાના ફખરેઆલમ દ્વારા ખોટા ખર્ચા નહીં કરવા અને કુરિવાજોથી દૂર રહી ઈસ્લામિક શરીઅત મુજબ શાદી કરવા દુલ્હા-દુલ્હનોના વાલીઓને અપીલ કરાઈ હતી. આ મીટિંગમાં આગામી સમૂહ લગ્નના આયોજન અંગે દુલ્હા-દુલ્હનોના વાલીઓને માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ધોળકા અંજુમને નવજવાન સંસ્થાની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.



# પાલેજ ખાતે લોક સહયોગથી 'સર'ની સરાહનીય કામગીરી

(સંવાદદાતા દ્વારા)

પાલેજ, તા.૨૩

પાલેજ ગ્રામ પંચાયત ખાતે સરની કામગીરી પૂરજોશમાં હાથ ધરાઈ છે. પાલેજમાં સેવાભાવી યુવકોની મદદથી પાલેજ ગ્રામ પંચાયત ખાતે તેમજ બજારમાં તેમજ અહમદ નગર, જહાંગીર પાર્ક, નવી વસાહત, ધનજીશા જીન, માછી વાડ, ગુજરાતી કુમાર શાળા ખાતે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ઈન્ચાર્જ સરપંચ સબ્બીર પઠાણના સીધા માર્ગદર્શન સાથે તેમજ પંચાયતના સક્રિય સહયોગથી વિશાળ સેવાકિય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલેજમાં દસ વોર્ડમાંથી તમામ લોકોને મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા તે હેતુથી blo તથા દસથી વધુ સેવાભાવી યુવાનો ઈમરાન ઐયુબ મોદી, ઈરફાન બોબી, સાબીર પટેલસ, સેહજાદ પઠાણ, સલમાન, આદિલ પઠાણ, રમીઝ પઠાણ, દ્વારા એક સાથે ફોર્મ ભરવાની કામગીરી ચાલુ કરવામાં આવી હતી. મિત્રોના સહયોગથી મતદાર યાદી સુધારણાના ફોમ ભરી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. સરાહનીય કામગીરી બજાવી પાલેજ પંચાયત સહિત મતદારો જેમને ફોર્મ ભરવામાં મુશ્કેલી પડતી હતી. તેવાં નાગરિકો માટે આવા કેમ્પ લાભદાયી પુરવાર થયાં છે.



# ઉત્તરપ્રદેશના ટ્રક ડ્રાઈવરનું આમોદની હોટલમાં હાર્ટ એટેકથી મોત

(સંવાદદાતા દ્વારા)

આમોદ, તા.૨૩

આમોદની શમા હોટલમાં સોડા લેવા આવેલા ઉત્તરપ્રદેશના ડ્રાઈવરનું હાર્ટ એટેક આવતા મોત થયું હતું. જેનો વીડિયો પણ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. આમોદ પોલીસે અકસ્માત ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ કિસ્મઅલી સહેજાદઅલી શેખ (રહે. મનિકૌર તા.ભાનપુર જી.બસ્તી.રાજય ઉત્તરપ્રદેશ) સાંજના ૬ વાગ્યાના સમયે આમોદ સમા હોટલ ઉપર તેમની ગાડી પાર્ક કરી સોડા લેવા માટે સમા હોટલના કાઉંટર ઉપર ગયા હતા. જ્યાં તેઓને સોડા લીધા બાદ એટેક આવતા નીચે ઢળી પડ્યા હતા. જેથી હોટલ ઉપર હાજર હોટલના માલિક ઈમરાનભાઈએ તાત્કાલિક ૧૦૮ બોલાવી તેઓને આમોદ સામુહિક આરોગ્ય લાવવામાં આવ્યા હતા.જ્યાં ફરજ ઉપરના તબીબે તેઓને મરણ જાહેર કર્યા હતા. ગાડી ચાલકને આવેલો હાર્ટ એટેકનો ઘટના હોટલમાં રહેલા સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ હતી.

# વડોદરામાં શિયાળા દરમિયાન શહેરીજનોને બેવડી ઋતુનો અનુભવ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

વડોદરા શહેરમાં દિવસનું તાપમાન ૩૧ ડિગ્રી થતાં લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. સાંજે ઠંડીનો પારો ૧૬ ડિગ્રી નોંધાયો હતો. સવારે ઠંડી અને બપોરે ગરમી વર્તાઈ હતી. જોકે, વહેલી સવારે કડકડતી ઠંડી અનુભવાય છે. ત્યારે, શાળાએ જતા બાળકો ઠૂંઠવાય રહ્યા છે.

વડોદરા શહેરમાં ઠંડીના તાપમાનમાં સતત ઘટાડો થઇ રહયો છે. શનિવારે લઘુતમ તાપમાનનો પારો ૧૬.૦ ડિગ્રી નોંધાયો હતો. પવનની ગતિ ઘટતાં ઠંડીથી રાહત અનુભવાઈ હતી. જોકે દિવસના સમયે મહત્તમ તાપમાનનો પારો ૩૧ ડિગ્રી થતાં સવારે ઠંડી અને દિવસે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગ મુજબ ૨૫ નવેમ્બર બાદ ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ સર્જાશે. શહેરમાં શનિવારે લઘુત્તમ તાપમાનના પારામાં ૦.૪ ડિગ્રીનો વધારો થયો હતો. પારો ૧૬ ડિગ્રી નોંધાયો હતો. હવામાન વિભાગ દ્વારા બંગાળની ખાડીમાં સાઈક્લોનિક સર્ક્યુલેશનની સ્થિતિને કારણે લઘુતમ તાપમાનનો પારો સ્થિર થશે. આગામી ચાર દિવસ તાપમાન બેથી ત્રણ ડિગ્રી ધીમે ધીમે વધશે. ત્યારબાદ મોટા ફેરફારની શક્યતા નથી. ઉત્તર ભારતમાં જે રીતે કડકડતી ઠંડી અનુભવાઈ રહી છે. જેની અસર ગુજરાત પર પણ પડી રહી છે. ઉત્તર પૂર્વીય દિશામાંથી પવન ફૂંકાતા ઠંડીનું જોર વડોદરામાં વધેલું છે.

# ડભોઈના કુંભારવાગામાં શોર્ટ સર્કિટથી આગ



ડભોઈ નાના કુંભારવાગામાં રહેતા ડાહ્યાભાઈ પ્રજાપતિના ઘરમાં ફ્રિજના શોર્ટ સર્કિટને કારણે આગ ફાટી નિકળેલ પણ આગ વિકરાળ સ્વરૂપ પકડે એ પહેલા વટેમાર્ગુઓ અને આજુબાજુના રહીશો દોડી આવી આગને બૂઝાવી દીધી સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી નહીવત નુકસાનની વિગતો સાંપડી છે. **(તસવીર : આઈ.જી. બોડીવાલા, ડભોઈ)**

વટવામાં પ્રેમ પ્રકરણનો કરૂણ અંજામ

# પ્રેમસંબંધ રાખવા દબાણ કરનાર પ્રેમીને સમજાવવા ગયેલ પ્રેમિકાના ભાઈની હત્યા

## બંને વચ્ચે તકરાર થતાં પ્રેમીએ તિક્ષ્ણ હથિયારના ઘા માર્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

શહેરના વટવા જીઆઈડીસી વિસ્તારમાં પ્રેમ પ્રકરણમાં યુવકે પોતાની પ્રેમિકાના ભાઈની હત્યા કરી છે. પ્રેમિકાને પ્રેમ સંબંધ રાખવા માટે પ્રેમી દબાણ કરતો હતો.જેને લઈને પ્રેમિકાનો ભાઈ પ્રેમીને સમજાવવા માટે ગયો હતો.આ દરમિયાન બંને વચ્ચે તકરાર થતા પ્રેમીએ પ્રેમિકાના ભાઈને તીક્ષ્ણ હથિયાર વડે મોતને ઘાટ ઉતારી દીધો છે.આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હાથીજણ સર્કલ પાસે રહેતી મોનિકા સુથારે વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેને અસારવામાં રહેતા અશ્વિન ઝાલા સાથે પ્રેમસંબંધ હતો. બંને વચ્ચે વાતચીત થતી અને મળતા પણ હતા. પરંતુ મોનિકાના ઘરે ખબર પડતા પરિવાર સાથે તેઓ નારોલથી હાથીજણ રહેવા જતા રહ્યા હતા. ગઈકાલે રાત્રે મોનિકા તેના ફ્લેટની બહાર ચાલવા નીકળી હતી ત્યારે અશ્વિન બાઈક લઈને આવ્યો હતો. અશ્વિન મોનિકાની પાછળ પાછળ આવતો હતો. જેથી મોનિકા ત્યાંથી જતી રહી હતી. અશ્વિને મોનિકાને ફોન કરીને કહ્યું હતું કે, 'તું મેરે સે બાત ક્યુ નહી કરતી મે તેરે બીના રહ નહી સકતા. મુજે તુજસે સાદી કરની હૈ, મોનિકાએ અશ્વિનને કહ્યું હતું કે, તુમસે શાદી નહીં કરની તો મુજે ફોન કર કે પરેશાન મત કર. ત્યારે અશ્વિને કહ્યું હતું કે, મેં તેરે બીના રહ નહી શકતા, તું મુજે અભી મિલ. જે બાદ મોનિકાએ ફોન કાપી નાખ્યો હતો. મોનિકાના મોટાભાઈ મનીષને આ અંગે જાણ થઈ હતી. જેથી મનીષ અશ્વિનને સમજાવવા માટે ગયો હતો.

મનીષ ત્રિકમપુરા કેનાલ પાસે અશ્વિનને સમજાવવા ગયો હતો. આ દરમિયાન બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ ત્યારે અશ્વિને તીક્ષ્ણ હથિયાર વડે મનીષને માર મારી હત્યા કરી દીધી હતી. મનીષે મોઢા, ગળા અને છાતીના ભાગે મનીષને હથિયારના ઘા માર્યા હતા જેથી મનીષનું સ્થળ પર જ મોત થયું હતું. આ અંગે જાણ થતા મોનિકા અને તેનો પરિવાર ઘટના સ્થળે પહોંચ્યો હતો. આ બનાવ અંગે મોનિકાએ અશ્વિન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આજે 'અઘોષિત કટોકટી' છે, જેમાં નાગરિકોના એન્કાઉન્ટર અને તેમના ઘરો પર બુલડોઝર ચલાવાય છે


# ભારતીય દંડ સંહિતામાં કોઈ નાગરિકના ઘરને બુલડોઝરથી તોડી પાડવા જેવી કોઈ સજા જ નથી

## કસોટીના સમયે આજે ન્યાયાધીશો ઊભા રહી શકતા નથી, જે દર્શાવે છે કે લોકશાહી સુરક્ષિત નથી : સિનિ. એડવોકેટ દુષ્યંત દવે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૩

અગાઉના સમયમાં કટોકટી જાહેર કરાઈ હતી. જો કે આજે આપણી પાસે 'અઘોષિત કટોકટી' છે એટલે કે જાહેર કર્યા વિનાની કટોકટી તેથી નાગરિકોને એન્કાઉન્ટરમાં મારવામાં આવી રહ્યા છે એટલું જ નહીં. નાગરિકોના ઘરો બુલડોઝર વડે તોડી પાડવામાં આવી રહેલ છે. ભારત દંડ સંહિતામાં ઘરને બુલડોઝરથી તોડી પાડવા જેવી કોઈ સજા જ નથી એમ આજે અમદાવાદમાં રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાનમાળામાં પોતાના સંબોધનમાં સુપ્રીમકોર્ટ બાર એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ અને સિનિયર એડવોકેટ દુષ્યંત દવેએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તમે બંધારણમાં ફેરફાર નથી કરી રહ્યા પરંતુ બંધારણનું સ્વરૂપ બદલી રહ્યા છો, આ ખૂબ ગંભીર બાબત છે. આપણે સરકારના સ્વરૂપમાં આ પરિવર્તન જોઈ રહ્યા છીએ. જેમ અગાઉ આપણે જાહેર કરાયેલ કટોકટી દરમ્યાન કર્યું હતું. આજે જાહેર કરાયા વિનાની કટોકટીમાં સરકાર અને વ્યકિત વચ્ચે સતત સંઘર્ષ જોવા મળી રહ્યો છે. વ્યકિત તેના અધિકારો માટે દાવો કરે છે સંઘર્ષ કરે છે અને સરકાર તે અધિકારોને કચડી નાખવાના પ્રયાસો કરે છે. સ્વતંત્રતાનો વિચાર આવ્યો ત્યારથી શાસકોએ જયારે પણ નાગરિકે બોલવાનો પ્રયાસ કર્યો છે ત્યારે નાગરિકને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો છે. બ્રિટીશ શાસન દરમ્યાન સ્વાતંત્ર્ય સેનાનીઓએ આનો અનુભવ કર્યો હતો. બ્રિટીશ શાસન દરમ્યાન બ્રિટીશરો દ્વારા આપણા દેશના લોકો પર કરવામાં આવેલા અત્યાચારોની આપણે કલ્પના પણ કરી શકતા નથી. બંધારણ ઘડનારાઓએ બંધારણનો મુસદ્દો બનાવતી વખતે પોતાના બધા દુઃખ અને અનુભવો ઠાલવી દીધા હતા. બંધારણના તૈયાર કરતી વખતે ૧૧૪ દિવસ સુધી ચર્ચા ચાલી હતી જયારે અમેરિકન બંધારણ ચાર માસથી ઓછા સમયમાં તૈયાર થઈ ગયું હતું. ભારતના બંધારણના મૂળ પાયામાં સાર્વભૌમ લોકશાહી અને પ્રજાસત્તાકની ભાવના હતી ત્યારબાદ તેમાં સમાજવાદી અને 'ધર્મનિરપેક્ષ' શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બંધારણના ઘડવૈયાઓ વિચારી રહ્યા હતા કે બંધારણમાં આ મૂળભૂત મુલ્યો કેવી રીતે મુકવા અને એક ફકરામાં જેને પ્રસ્તાવના કહેવામાં આવે છે. તેમણે આ મૂળભૂત માનવીય મૂલ્યો મુકયા તેમ સુપ્રીમકોર્ટના સિનિયર એડવોકેટ દુષ્યંત દવેએ જણાવતા વધુમાં ઉમેર્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલ ભલે એક ચોક્કસ વિચારધારાના હીરો છે પરંતુ તેઓ ખરેખર ખૂબ જ અલગ માણસ હતા. જેમણે ભારતને માત્ર એકીકૃત જ કર્યું નથી. પરંતુ આપણને મૂળભૂત અધિકારો પણ આપ્યા. આ અધિકારો અસ્પૃશ્ય અને પવિત્ર છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ભૂતકાળમાં કેટલાક ન્યાયાધીશોએ અમને નિષ્ફળ બનાવ્યા અને પોતાને ઉદારવાદી તથા સમાજવાદી જાહેર કર્યા. જો કે કસોટીનો સમય આવ્યો ત્યારે તેઓ અમારા માટે ઉભા ન થયા. કસોટીના સમયે જો ન્યાયાધીશો ઉભા રહેવા તૈયાર ન હોય તો લોકશાહી સુરક્ષિત નથી. આજે પણ એવું જ થઈ રહ્યું છે, આપણા ન્યાયાધીશો ઉભા રહી શકતા નથી એમ કટાક્ષ કરતા વધુમાં તેમણે ઉમેર્યું હતું.




ઈન્ડિયન સોસાયટી ફોર કોમ્યુનિટી એજ્યુકેશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં પ્રો. રામલાલ પરીખ મેમોરિયલ લેકચરમાં સુપ્રીમકોર્ટના સિનિયર એડવોકેટ દુષ્યંત દવે, ગાંધી પીસ ફાઉન્ડેશન, દિલ્હીના પ્રમુખ અને ગાંધી વિચારધારા સાથે જોડાયેલ કર્મશીલ કુમાર પ્રશાંત તથા પ્રો. હેમંતકુમાર શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

લગ્નને વ્યાપાર બનાવનાર લૂંટેરી દુલ્હન ગેંગના કેસમાં પોલીસની કાર્યવાહી જારી

# લૂંટેરી દુલ્હન ટોળકીને લગ્ન માટે જરૂરી ખોટા દસ્તાવેજો બનાવી આપનાર નોટરી વકીલની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૩

લગ્નના પવિત્ર બંધનને વ્યાપાર બનાવી દેનાર અને અનેક યુવકોના જીવન બરબાદ કરનાર મહેસાણાની લૂંટેરી દુલ્હન' ગેંગના કેસમાં પોલીસે વધુ એક મોટી સફળતા મેળવી છે. બહુચરાજી પોલીસે આ કૌભાંડમાં કાયદાકીય મદદ પૂરી પાડનાર અને બોગસ દસ્તાવેજો તૈયાર કરી આપનાર નોટરી વકીલની ધરપકડ કરી છે.

પોલીસે આ કેસમાં અગાઉ મુખ્ય સૂત્રધાર 'લૂંટેરી દુલ્હન' ચાંદની ઠાકોર, તેની સાગરીત રશ્મિકા પંચાલ અને દલાલ રાજેશ ઠક્કર સહિત ૪ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે આ ટોળકીને કાયદાકીય ગૂંચવણોથી બચાવવા અને યુવકોને વિશ્વાસમાં લેવા માટે બનાવટી દસ્તાવેજોની જરૂર પડતી હતી. આ કામમાં મદદ કરનાર નોટરી વકીલ ભીમજી ચૌહાણનું નામ ખુલતા બહુચરાજી પોલીસે તેની ધરપકડ કરી છે.

### ૫૨ લાખની ઠગાઈ અને ૧૨૦૦ દલાલોનું નેટવર્ક

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ ટોળકીની મોડસ ઓપરેન્ડી એકદમ ચોંકાવનારો હતી. દલાલ રાજેશ ઠક્કર અમદાવાદ સહિતના વિસ્તારોમાંથી લગ્ન માટે ઉત્સુક અને જરૂરિયાતમંદ યુવકોને શોધતો હતો.યુવકોને ફસાવવા માટે નોટરી વકીલ ભીમજી ચૌહાણની મદદથી બોગસ આધાર-પુરાવા અને મેરેજ કરાર તૈયાર કરવામાં આવતા, જેથી યુવકોને શંકા ન જાય.લગ્ન કર્યાના થોડા જ દિવસોમાં 'દુલ્હન' ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ લઈને રફૂચક્કર થઈ જતી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ ટોળકીએ અત્યાર સુધીમાં અંદાજે ૧૮ જેટલા લગ્નો કરાવીને યુવકો અને તેમના પરિવારો પાસેથી કુલ ૫૨ લાખ રૂપિયા જેવી માતબર રકમ પડાવી લીધી છે. આરોપીઓની પૂછપરછમાં એવો પણ ઘટસ્ફોટ થયો છે કે અમદાવાદ શહેરમાં આવા લગ્ન કરાવતા આશરે ૧૨૦૦ જેટલા દલાલો સક્રિય છે. હાલ મહેસાણા પોલીસ આ નેટવર્કને તોડવા માટે વધુ તપાસ કરી રહી છે.

# સરખેજ નજીક બે કાર વચ્ચે અકસ્માત બે બાળકો સહિત ૬ લોકોને ઈજા



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ શહેરના સરખેજ વિસ્તાર નજીક અકસ્માત સર્જાયો હતો. મહમ્મદપુરા રોડ પર બે કાર વચ્ચે અકસ્માત સર્જાતા બે બાળકો સહિત ૬ લોકોને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. અમદાવાદના સરખેજ મહમ્મદ પુરા રોડ પર હાલમાં ટીપી રોડ છે તેની પાસે ચાર રસ્તાનો ક્રોસિંગ બને છે. આ ચાર રસ્તામાં ચારે તરફ એકપણ સ્પીડ બ્રેકર નથી. આ જગ્યાએ ફરીવાર અકસ્માત સર્જાયો છે. બે કાર વચ્ચે અકસ્માત થતાં બે બાળકો સહિત ૬ લોકોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. અકસ્માતની જાણ થતાં જ સરખેજ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને વધુ તપાસ શરૂ કરી છે.

# રાજ્યમાં ઠંડીનો ચમકારો : નલિયા સૌથી ઠંડું શહેર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

નવેમ્બર મહિનાના અંતમાં ગુજરાતમાં હવે શિયાળાની બરાબર શરૂઆત થઈ છે. રાજ્યમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના આંકડા અનુસાર, તમામ મોટા શહેરોનું તાપમાન ૨૦ ડિગ્રી કરતા નીચે નોંધાયું છે. છેલ્લા કેટલાક દિવસથી નલિયામાં સૌથી વધુ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ત્યારે ફરી એક વખત રાજ્યમાં ૧૦.૪ ડિગ્રી સાથે નલિયામાં સૌથી ઠંડુગાર શહેર બની ગયું છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે રાજકોટમાં ૧૩.૯ ડિગ્રી, ડીસામાં ૧૪.૩ ડિગ્રી, અમદાવાદમાં ૧૫.૧ ડિગ્રી

### આગામી સમયમાં ઠંડીના પ્રમાણમાં વધારો થશે

તાપમાન નોંધાયું છે. પોરબંદરમાં ૧૫.૮ ડિગ્રી, ભુજમાં ૧૬.૪ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૬.૨ ડિગ્રી, વડોદરામાં ૧૬.૬ ડિગ્રી, કંડલામાં ૧૭ ડિગ્રી, ભાવનગરમાં ૧૭.૮ ડિગ્રી સુરતમાં ૧૮.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

અમદાવાદ સહિત રાજ્યમાં હાલ પૂર્વના તેજ પવન જમીન પર નીચલા સ્તરે ફુંકાઈ રહ્યા છે. તેની સાથે જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધ્યું છે. આ પરિસ્થિતિમાં હજુ આગામી ૨૪ કલાક સુધી તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સુધીનો વધારો થવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રીની આસપાસ રહેશે જેથી રાતના સમયે ઠંડીનો ચમકારો અનુભવાશે.

ઠંડીનો ચમકારો વહેતા વહેલી સવાર ગાર્ડનમાં પણ લોકોની સંખ્યા વધી ગઈ છે. ઠંડીથી બચવા માટે વહેલી સવારે મોટી સંખ્યામાં લોકો ગાર્ડનમાં ચાલતા અને કસરત કરતા જોવા મળી રહ્યા હતા. જો કે આગામી સમયમાં ઠંડીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. જેના કારણે સૌરાષ્ટ્રના ભાગોમાં તાપમાનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

શહેરના સોલા બ્રિજ નજીકની ઘટના

# પતિ અને સાસુ, સસરાના ત્રાસથી કંટાળી પરિણીતાએ ત્રણ વર્ષના પુત્ર સાથે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કર્યો

## પોલીસે સાસુ, સસરા અને પતિ વિરૂદ્ધ આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૩

શહેરમાં સોલા બ્રિજ પરની રેલ્વે ટ્રેક પર પરિણીત મહિલાએ ત્રણ વર્ષના પુત્ર સાથે પડતું મૂકીને આત્મહત્યા કરતા ચકચાર મચી છે.પરિણીતાએ પતિ અને સાસુ સસરાના ત્રાસથી કંટાળીને દીકરા સાથે આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું છે. પરિણીતાના ભાઈના લગ્ન હતા ત્યારે લગ્નમાં પણ જવા દીધી નહોતી.વારંવાર માનસિક અને શારીરિક ત્રાસ આપતા પરિણીતાએ કંટાળીને આપઘાત કરી લીધો છે.આ અંગે બોડકદેવ પોલીસે પતિ અને સાસુ,સસરા વિરુદ્ધ આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વિરમગામમાં રહેતા અંબારામભાઈ સોલંકીએ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે વર્ષ ૨૦૧૬માં તેમની દીકરી મીતાના હસમુખ મકવાણા નામના યુવક સાથે લગ્ન કરાવ્યા હતા.હસમુખ સોલા બ્રિજ નીચે છાપરામાં રહે છે. હસમુખ અને મિતાને ત્રણ વર્ષનો એક બાળક પણ છે.લગ્ન થયા ત્યારથી હસમુખ મીતા ઉપર શંકા રાખીને મારઝૂડ કરતો અને ત્રાસ પણ આપતો હતો.હસમુખના માતા શારદાબેન અને પિતા કનુભાઈ પણ મિતાને માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા.દોઢ વર્ષ પહેલાં મીતાના ભાઈના લગ્ન હતા જેમાં સાસરીયોએ જવા દીધી નહોતી અને કહ્યું હતું કે જો તારે તારા ભાઈના લગ્નમાં જવું હોય તો તું મરી જજે પરંતુ અમારા ઘરે પાછી ન આવતી જેથી મીતા લગ્નમાં ગઈ નહોતી. ત્યારબાદ પણ અવારનવાર ત્રણે જણા મળીને મિતાને શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા.મીતા તેના પિયરમાં પણ ગઈ હતી ત્યારે તેના પિતાએ તેને પૂછ્યું ત્યારે મિતાએ જણાવ્યું હતું કે સાસુ સસરા સતત ત્રાસ આપે છે અને કહે છે કે અમારે તો જોઈતી નથી તું મરી જા. આમ કંટાળીને મિતાએ ૨૧ નવેમ્બરે સવારે ૯:૩૦ વાગે સોલા બ્રિજ પાસેના રેલ્વે ટ્રેક પર ૩ વર્ષના પુત્ર સાથે પડતું મૂકીને આપઘાત કરી લીધો છે.બોડકદેવ પોલીસે મિતાના આપઘાત માટે જવાબદાર તેના પતિ હસમુખ,સાસુ શારદા અને સસરા કનુ વિરુદ્ધમાં ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

# એરફોર્સમાંથી નિવૃત થયેલા વૃદ્ધ બન્યા સાયબર ફ્રોડનો શિકાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રહેતા અને એરફોર્સમાંથી નિવૃત થયેલા ૮૩ વર્ષીય વૃદ્ધ સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. ૮૩ વર્ષીય વૃદ્ધ એરફોર્સમાંથી નિવૃત થયા છે, જે પરિવાર સાથે વેજલપુર વિસ્તારમાં રહે છે. એરફોર્સમાંથી નિવૃત્ત થયા હોવાથી પેન્શન મળે છે જે SBIના બેંક ખાતામાં જમા થતું હોય છે. તેમજ આ સિવાય વૃદ્ધે એફ.ડી અને અન્ય સેવિંગના રૂપિયા અલગ અલગ ખાતામાં રાખ્યા હતા. થોડા દિવસ પહેલા મકાનનું વીજ બિલ આવ્યું હોવાથી ઓનલાઈન ભરવા માટે ગુગલ પે ખોલ્યું હતું. ગૂગલ પેથી બિલની ચૂકવણી કરતા ખાતામાં પૂરતું બેલેન્સ ના હોવાનું નોટિફિકેશન આવ્યું હતું. જેથી વૃદ્ધ ચોંકી ગયા હતા અને દીકરાને બેંક એકાઉન્ટ ચેક કરવા માટે કહ્યું હતું. દીકરાએ બેંક એકાઉન્ટ ચેક કરતા પંજાબ નેશનલ બેંક એકાઉન્ટમાં માત્ર ૬૦૦ રૂપિયા જ બતાવતા હતા. જે બાદ પંજાબ નેશનલ બેંકનું અન્ય એકાઉન્ટ ચેક કરતા જેમાં ૨૬ હજાર બેલેન્સ બતાવતું હતું. બંને બેંક એકાઉન્ટમાં ૩ લાખ જેટલું બેલેન્સ હતું અને અચાનક પૈસા ગાયબ થઈ ગયા હતા. જે બાદ પંજાબ નેશનલ બેંકના ATMમાં મિનિસ્ટ સ્ટેટમેન્ટ ચેક કરતા યુપીઆઈ એપથી નાની રકમની જ ચૂકવણી થઈ હોવાનું જોવા મળ્યું હતું. જેથી વૃદ્ધના દીકરાએ ઓનલાઈન નેટ બેક્કિંગથી પંજાબ નેશનલ બેંકના છેલ્લા ત્રણ મહિનાના બંને ખાતાના સ્ટેટમેન્ટ

### વૃદ્ધની જાણ બહાર ૨.૮૧ લાખ સાયબર ગઠિયાએ ટ્રાન્સફર કરી લીધા

ડાઉનલોડ કર્યા હતા. જેમાં ૨૪ ઓક્ટોબરથી ૨૮ ઓક્ટોબર સુધીમાં ૫ જેટલા ટ્રાન્જેક્શનથી ૨.૮૧ લાખ રૂપિયા જેટલી રકમ કપાઈ ગઈ હોવાનું જોવા મળ્યું હતું. તેમજ રૂપિયા ટ્રાન્જેક્શનના કોઈપણ મેસેજ પણ મળ્યા નહોતા. આટલી મોટી રકમ જાણ બહાર ટ્રાન્સફર થઈ જતા વૃદ્ધે સાયબર હેલ્પલાઈન નંબર પર ફરિયાદ નોંધાવી છે. તેમજ અજાણ્યા સાયબર ગઠિયા સામે વેજલપુર પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ સામે રૂા.૪.૨૮ કરોડની છેતરપિંડીનો આક્ષેપ

# છેતરપિંડીની અમુક રકમ ભાજપના પાર્ટી ફંડમાં ગઈ : વેપારીએ ગંભીર આક્ષેપો કર્યા

## BJP પ્રમુખે આક્ષેપો નકારી ૧૦ કરોડનો માનહાનિનો દાવો કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

રાજકોટના વેપારી સાથે જિલ્લા ભાજપ પ્રમુખ સહિત ૫ શખ્સોએ શેર બજાર અને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાના નામે રૂા.૪.૨૮ કરોડની છેતરપિંડી કર્યાની ઘટનામાં નવો ફણગો ફૂટ્યો છે. વેપારી દ્વારા જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા સામે ગંભીર આક્ષેપો કરાયા છે. જેમાં મધ્યસ્થી રહેલા હરી પટેલને અલ્પેશભાઈએ ભાજપ કાર્યાલયે બોલાવી બેઠક કરી ગર્ભિત ધમકીઓ આપી હતી તો અમુક રકમ ભાજપના પાર્ટી ફંડમાં ગઈ હોવાનું કહ્યું હતું. જોકે, અલ્પેશ ઢોલરિયાએ આ મામલે ખુલાસો કરતા જણાવ્યું હતું કે, હું આ વ્યક્તિને ઓળખતો નથી. મારો આમાં એક ટકાનો પણ રોલ નથી. જો આમાં મારી કોઈ સંડોવણી ખુલે તો હું જિલ્લા ભાજપ પ્રમુખ નહીં પરંતુ, હોદ્દેદાર તરીકે પણ નહીં રહું. મેં પોલીસમાં ફરિયાદ કરી છે અને રૂા.૧૦ કરોડનો માનહાનિનો દાવો કર્યો છે. મને રાજકીય રીતે બદનામ કરવા માટે આ બધું થઈ રહ્યું છે.

રાજકોટના વેપારી મહેશ હિરપરાએ પોલીસ કમિશનરને કરેલી ફરિયાદમાં એવો આક્ષેપ કર્યો છે કે, અલ્પેશ ઢોલરિયા સહિત પાંચ શખ્સોએ તેમને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાના બહાને ચાર કરોડની ઠગાઈ આચરી છે. તેમણે પૈસા પરત નહીં આપી ધમકી આપ્યાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. વેપારીએ કરેલા આક્ષેપ સામે ભાજપ જિલ્લા પ્રમુખ અલ્પેશ ઢોલરિયાએ કહ્યું હતું કે, આ બાબતે હું કશું જ જાણતો નથી. રાજકારણમાં મને નીચો પાડવા માટેનું આ કાવતરૂ છે. અલ્પેશ ઢોલરિયાએ કહ્યું હતું કે, મારા ગુરૂએ તેમને મળવાનું કહ્યું હતું એટલે હું મળ્યો હતો. બે મહિના પહેલા મીટિંગ થઈ હતી ત્યારે કોઈ ઉકેલ આવ્યો નહોતો. ત્યારબાદ શું થયું તેની મને કોઈપણ પ્રકારની ખબર નથી. હું લાઈ ડિટેક્ટર ટેસ્ટ કરાવવા માટે પણ તૈયાર છું. મહેશ હિરપરા સામે માન હાનીનો દાવો પણ કર્યો છે. જો આમાં મારી કોઈ સંડોવણી ખુલે તો હું ભાજપનો હોદ્દેદાર પણ ના રહું. મેં પોલીસને કહ્યું છે કે, આમાં મારો કોઈ રોલ હોય તો મને ચોક્કસથી સજા કરજો.

# પાલનપુરમાં જન આક્રોશ યાત્રા પહોંચી કોંગ્રેસના કાર્યાલયનું પ્રદેશ પ્રમુખે ઉદ્‌ઘાટન કર્યું

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૨૩

ખેડૂતોને પડતી મુશ્કેલી તેમજ લોકોની સમસ્યાને ઉજાગર કરવા માટે જન આક્રોશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાવ થરાદ જિલ્લાના ઢીમા ધરણીધરથી આ યાત્રાની શરૂઆત થઈ હતી અને આ યાત્રા થરાદ લાખણી ધાનેરા ઈકબાલગઢ થઈને પાલનપુર પહોંચી હતી.આગામી સમયમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા કોંગ્રેસ અલગ અલગ જિલ્લાઓમાં જન આક્રોશ યાત્રા થકી છેવાડાના લોકો સુધી પહોંચવાનો પ્રયત્ન કરી રહી છે. ખેડૂતો તેમજ લોકોને પડતી મુશ્કેલીઓ મોંઘવારી ભ્રષ્ટાચાર સહિતના મુદ્દાઓ સાથે ગુજરાત કોંગ્રેસના પ્રદેશના નેતાઓ તેમજ સ્થાનિક નેતાઓ જન આક્રોશ યાત્રામાં જોડાયા છે અને આ જન આક્રોશ યાત્રા અલગ અલગ શહેરોમાં ફરીને આજે પાલનપુર પહોંચી હતી. બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં જિલ્લા કોંગ્રેસ કાર્યાલય નવીનીકરણ થયા બાદ તેનું ઉદ્‌ઘાટન અમિત ચાવડાના હસ્તે કરવામાં આવ્યું હતું. અમિત ચાવડાએ મીડિયાને સંબોધન કરતાં જણાવ્યું હતું કે લોકોની સમસ્યાઓને વાચા આપવા માટે જન આક્રોશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યુંછે.



(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

અમદાવાદમાં તસ્કરો એક્ટિવ

# લગ્ન પ્રસંગમાં રૂા.૪.૩૪ લાખની ચોરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

એસ.પી.રિંગ રોડ પર આવેલા ચંચળબા પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગમાં આવીને અજાણ્યા શખસે ચોરીને અંજામ આપ્યો છે. ગઈકાલે મનિષાબેન પંચાલ તેમના ભાઈના દીકરાના લગ્નમાં ગયા હતા. લગ્ન પ્રસંગમાં પાર્ટી પ્લોટમાં સોફા પર સોનાના દાગીના અને રોકડ સાથેનું પર્સ મૂક્યું હતું. તે દરમિયાન અજાણ્યો શખસ લગ્ન પ્રસંગમાં આવીને સોફા પર મૂકેલું પર્સ લઈને ફરાર

### સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ

થઈ ગયો હતો. ૩ લાખથી વધુના સોનાના દાગીના સહિત ૪.૩૪ લાખની ચોરી થતા સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. લગ્ન પ્રસંગ આવતા તસ્કરો એક્ટિવ થયાં છે ફરિયાદી મનિષાબેન પંચાલ પરિવાર સાથે ઘોડાસર વિસ્તારમાં રહે છે. ગઈકાલે મનિષાબેન પંચાલના ભાઈના દીકરાના લગ્ન હતા. જેથી, લગ્ન પ્રસંગનું આયોજન એસ.પી. રીંગ રોડ પર આવેલા ચંચળબા પાર્ટી પ્લોટમાં રાખવામાં આવ્યું હતું. જેના માટે મનિષાબેન પરિવાર સાથે ગયા હતા. લગ્ન પ્રસંગ હોવાથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા પણ હતા. સોનાના દાગીના અને રોકડ રૂપિયા એક પર્સમાં રાખવામાં આવ્યા હતા. જે લગ્નમાં એક સોફા પર રાખવામાં આવ્યું હતું પરંતુ, કામ હોવાથી પર્સ સાથે લઈ જવાનું ભૂલી ગયા હતા. થોડા સમય બાદ પર્સ લેવા માટે આવતા તે સોફા પર મળી આવેલ નહતું. જેથી આસપાસમાં શોધખોળ પણ કરવામાં આવી હતી પરંતુ, મળી ન આવતા કોઈક અજાણ્યો શખસ ચોરી કરી ગયો હોવાનું સામે આવ્યું હતું. પર્સમાં ૩ લાખથી વધુના સોનાના દાગીના સહિત ૪.૩૪ લાખની વસ્તુઓ હતી તેની પણ ચોરી થઈ ગઈ હતી. જેથી ફરિયાદીએ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

# ઈઝરાયેલે ગાઝામાં હવાઈ હુમલો કર્યો, નાજુક યુદ્ધવિરામની કસોટી થતાં ૨૪ લોકોનાં મોત

(એજન્સી) તા.૨૩

૧૦ ઓક્ટોબરથી શરૂ થયેલા યુદ્ધવિરામના તાજેતરના પરીક્ષણમાં, ઉત્તર અને મધ્ય ગાઝામાં ઈઝરાયેલી ડ્રોન અને મિસાઈલ હુમલાઓમાં ૨૪ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે અને ડઝનબંધ લોકો ઘાયલ થયા છે. ગાઝાના આરોગ્ય અધિકારીઓએ અહેવાલ આપ્યો છે કે ૨૪ લોકો મૃત્યુ પામ્યા છે અને બાળકો સહિત ૫૪ અન્ય ઘાયલ થયા છે. બે વર્ષના યુદ્ધ પછી ૧૦ ઓક્ટોબરે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે અમેરિકાની મધ્યસ્થીથી થયેલા યુદ્ધવિરામ કરાર પછી શનિવાર સૌથી ઘાતક દિવસોમાંનો એક હતો. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે એક ‘સશસ્ત્ર આતંકવાદી’ ગાઝા પટ્ટીની અંદર કહેવાતી યલો લાઈન પાર કરી ગયો હતો, જેની પાછળ ઈઝરાયેલી દળો પાછા હટી ગયા છે અને ઈઝરાયેલી સૈનિકો પર ગોળીબાર કર્યો હતો. દક્ષિણ ગાઝામાં બનેલી ઘટનાના જવાબમાં, જે તેણે જણાવ્યું કે તે વિસ્તારમાં માનવતાવાદી સહાય પહોંચાડવા માટે ઉપયોગમાં લેવાતા માર્ગ પર બની હતી, ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે તેણે ‘ગાઝા પટ્ટીમાં આતંકવાદી લક્ષ્યો પર હુમલા શરૂ કર્યા છે.’ યુદ્ધવિરામ દરમિયાન તેના દળો પર કથિત હુમલાઓ બાદ ઈઝરાયેલે અગાઉ સમાન હુમલાઓ કર્યા છે. આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, બુધવાર અને ગુરુવારે ૧૨ કલાકના સમયગાળામાં ઓછામાં ઓછા ૩૩ પેલેસ્ટીનીઓ, જેમાં મોટાભાગે મહિલાઓ અને બાળકો હતા. હમાસ સંચાલિત ગાઝા આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, યુદ્ધવિરામ અમલમાં આવ્યા પછી ગુરુવાર સુધીમાં, ઈઝરાયેલી ગોળીબારમાં ૩૧૨ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે. ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂના કાર્યાલયે હમાસ પર



યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો. તેમા જણાવવામાં આવ્યું છે કે ‘હમાસે ફરી એકવાર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું, IDF સૈનિકો પર હુમલો કરવા માટે ઈઝરાયલી કબજાવાળા પ્રદેશમાં એક આતંકવાદીને મોકલીને. ‘જવાબમાં, ઈઝરાયેલે પાંચ વરિષ્ઠ હમાસ આતંકવાદીઓને મારી નાખ્યા.’ ‘ઈઝરાયેલે યુદ્ધવિરામનું સંપૂર્ણ સન્માન કર્યું છે, હમાસે નથી કર્યું. અમે ફરીથી મધ્યસ્થીઓને વિનંતી કરીએ છીએ કે તેઓ હમાસ તેના યુદ્ધવિરામ વચનને પૂર્ણ કરે.’ એક નિવેદનમાં, હમાસે જણાવ્યું કે ઈઝરાયેલી ઉલ્લંઘનોમાં વધારો યુદ્ધવિરામને નબળી પાડવાનો પ્રયાસ છે. અમે મધ્યસ્થીઓને તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અને આ ઉલ્લંઘનોને તાત્કાલિક બંધ કરવા દબાણ કરવા વિનંતી કરીએ છીએ. ઈઝરાયેલી કબજવાળા વેસ્ટ બેંકમા પેલેસ્ટીની વિદેશ મંત્રાલયે હુમલાઓની ટીકા કરી. તેણે આંતરરાષ્ટ્રીય સમુદાયને ઈઝરાયેલ પર ‘નરસંહાર બંધ કરવા’ માટે ‘તાત્કાલિક દબાણ’ લાવવા વિનંતી કરી.

# ઈઝરાયેલે ૪૪ દિવસમાં લગભગ ૫૦૦ વખત ગાઝા યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું, સેંકડો લોકો મૃત્યુ પામ્યા

(એજન્સી) તા.૨૩

ગાઝા સરકારના મીડિયા ઓફિસ અનુસાર, ૧૦ ઓક્ટોબરથી યુદ્ધવિરામ અમલમાં આવ્યા પછી ૪૪ દિવસમાં ઈઝરાયેલે ૪૯૭ વખત યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા મધ્યસ્થી કરાયેલા ગાઝા યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે, જેમાં સેંકડો પેલેસ્ટીનીઓના મોત થયા છે. આ હુમલાઓમાં આશરે ૩૪૨ નાગરિકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગના બાળકો, મહિલાઓ અને વૃદ્ધો છે. ‘અમે ઈઝરાયેલી કબજા સત્તાવાળાઓ દ્વારા યુદ્ધવિરામ કરારના સતત, ગંભીર અને વ્યવસ્થિત ઉલ્લંઘનોની સખત નિંદા કરીએ છીએ,’ કાર્યાલયે શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું કે, ‘આ ઉલ્લંઘનો આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા અને કરાર હેઠળના માનવતાવાદી પ્રોટોકોલનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. આ ઉલ્લંઘનોમાંથી સત્તાવીસ આજે, શનિવારે થયા હતા, જેના પરિણામે ૨૪ લોકોના મોત અને ૮૭ ઘાયલ થયા હતા.’ કાર્યાલયે એમ પણ જણાવ્યું કે ઈઝરાયેલ તેના ઉલ્લંઘનોના માનવતાવાદી અને સુરક્ષા પરિણામો માટે સંપૂર્ણ જવાબદારી લે છે. યુદ્ધવિરામ કરાર અનુસાર, ઈઝરાયેલ વિનાશગ્રસ્ત વિસ્તારમાં મહત્ત્વપૂર્ણ સહાય અને તબીબી પુરવઠાના સંપૂર્ણ અને મુક્ત પ્રવાહ પર ગંભીર પ્રતિબંધો લાદવાનું ચાલુ રાખે છે. ઈઝરાયેલી સૈન્યએ શનિવારે ગાઝામાં હવાઈ હુમલાઓનો



ધમધમાટ શરૂ કર્યો હતો, જેમાં બાળકો સહિત ૨૪ પેલેસ્ટીનીઓના મોત થયા છે. યુદ્ધગ્રસ્ત પ્રદેશમાં છ અઠવાડિયા જૂના યુદ્ધવિરામનું આ તાજેતરનું ઉલ્લંઘન છે. ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂના કાર્યાલયે જણાવ્યું કે તાજેતરના હુમલાઓ ઈઝરાયેલી કબજાવાળા ગાઝાના કહેવાતા યલો લાઈનમાં ઈઝરાયેલી સૈનિકો પર હમાસના એક લડવૈયા દ્વારા હુમલો કર્યા બાદ કરવામાં આવ્યા હતા. ‘જવાબમાં, ઈઝરાયેલે પાંચ વરિષ્ઠ હમાસ લડાકુઓને મારી નાખ્યા,’ નિવેદનમાં જણાવાયું છે.

# સિંગાપોરે ચાર ઈઝરાયેલી વેસ્ટ બેન્ક વસાહતીઓ પર પ્રતિબંધો અને પ્રવેશ પ્રતિબંધો લાદ્યા

(એજન્સી) તા.૨૩

સિંગાપોરના વિદેશ મંત્રાલયે શુક્રવારે (૨૧ નવેમ્બર, ૨૦૨૫) જાહેરાત કરી કે તે ચાર ઈઝરાયેલીઓ પર નાણાકીય પ્રતિબંધો લાદશે અને તેમને શહેર-રાજ્યમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકશે. મંત્રાલયે તેમના પર વેસ્ટ બેંકમાં પેલેસ્ટીની સામે “ગંભીર હિંસાના કૃત્યો” કરવાનો આરોપ મૂક્યો.

મંત્રાલયે જણાવ્યું કે, મીર મોર્ડેચાઈ એટીંગર, એલિશા યારેડ, બેન-ઝીઓન ગોપસ્ટીન અને બરૂચ માર્ઝેલ દ્વારા વેસ્ટ બેંકમાં લેવામાં આવેલા પગલાં ગેરકાયદેસર હતા અને પેલેસ્ટાઈનમાં બે-રાજ્ય ઉકેલની શક્યતાને જોખમમાં મૂકે છે.

“આંતરરાષ્ટ્રીય કાયદા અને બે-રાજ્ય ઉકેલના મજબૂત સમર્થક તરીકે, સિંગાપોર આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ગેરકાયદેસર કૃત્યો દ્વારા જમીન પરના તથ્યોને બદલવાના કોઈપણ એકપક્ષીય પ્રયાસનો વિરોધ કરે છે,” એમ તેમાં જણાવાયું છે.

યુરોપિયન યુનિયન દ્વારા ચારેય વ્યક્તિઓ પર પહેલાથી જ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

વિદેશ મંત્રી વિવિયન બાલકૃષ્ણને સપ્ટેમ્બરમાં સંસદમાં



જાહેરાત કરી કે ઈઝરાયેલી વસાહતી હતી સમુહના નેતાઓ પર પ્રતિબંધો લાદવામાં આવશે.

તેમણે ઈઝરાયેલી રાજકારણીઓની પણ ટીકા કરી હતી જેમણે ઈઝરાયેલી કબજાવાળા બે પેલેસ્ટીની પ્રદેશો, વેસ્ટ બેંક અથવા ગાઝાના ભાગોને જોડવાની માંગ કરી અને જણાવ્યું કે કહેવાતા E1 વસાહત પ્રોજેક્ટ વેસ્ટ બેંકના ટુકડા કરી દેશે.

# એક યુવાન વ્યક્તિએ ઈઝરાયેલના નરસંહારની ગાઝાની અનકહી વાર્તાઓને પુસ્તકમાં રજૂ કરી

(એજન્સી) તા.૨૩

ગાઝામાં ઈઝરાયેલના નરસંહાર યુદ્ધને કારણે ચાલી રહેલા અને અમાપ દુઃખ વચ્ચે, એક યુવાન વિસ્થાપિત વ્યક્તિ પેલેસ્ટીનીઓની તીવ્ર વેદના વ્યક્ત કરવા અને એવી માનવ વાર્તાઓ કહેવા માટે એક પુસ્તક લખી રહ્યો છે જે અન્યથા કોઈના ધ્યાન બહાર ન આવે. વસીમ સઈદનું પુસ્તક, વિટનેસ ટુ ધ હેલફાયર ઓફ જનોસાઈડ, બે વર્ષના અવિરત યુદ્ધ, તેમજ ઈઝરાયેલના અવિરત બોમ્બમારા, જમીન પર આક્રમણ, વિનાશ અને ફરજિયાત ભૂખમરાના પરિણામે વારંવાર બળજબરીથી થયેલા વિસ્થાપનનું વર્ણન કરે છે. ૨૪ વર્ષીય યુવાને અલ જઝીરાના હાની મહમૂદ સાથે પોતાની વાર્તા શેર કરી, જેમાં તેમણે વર્ણવ્યું કે તેઓ મોટાભાગે તંબુની અંદર કેવી રીતે લખે છે, ઉનાળામાં તપતા સૂર્યથી અથવા શિયાળામાં ઠંડી અને ભારે વરસાદથી વાસ્તવિક રક્ષણ સિવાય બીજું કંઈ નથી. તેમણે જણાવ્યું કે ‘વિસ્થાપન સ્થળો અને તંબુઓ આપણા જીવનનો ભાગ બની ગયા છે. આ દુઃખનો સામનો કરવા માટે આપણે રસ્તાઓ શોધવા પડ્યા છે – જોકે તે લગભગ અશક્ય છે.’ સઈદના પુસ્તકના દરેક પ્રકરણનું નામ એક એવી વ્યક્તિ, સ્થળ અથવા સ્મૃતિના નામ પરથી રાખવામાં આવ્યું છે જેને તે ગુમાવવા માંગતો નથી. તેમણે જણાવ્યું કે, ‘મને તમારી સહાનુભૂતિ નથી જોઈતી,’ તેમણે કહ્યું. ‘મને એવો અંતરાત્મા જોઈએ છે જે સડી ગયો નથી. એવી વ્યક્તિ જે પથ્થર બની ન ગઈ હોય. મને એવો વાચક જોઈએ છે જે ફક્ત પુસ્તક બંધ ન કરે, નિસાસો ન નાખે અને પછી કોફી પીવા માટે પાછો ન જાય.’ ઈઝરાયેલી સેનાએ ગાઝામાં લગભગ તમામ માળખાકીય સુવિધાઓનો નાશ કર્યો, જેના કારણે વિસ્થાપિત વસ્તી વીજળી કે ઈન્ટરનેટ વિના રહી ગઈ હતી, તેથી તેમણે ઘણી રાતો મીણબત્તીના પ્રકાશમાં લખી હતી. સઈદે જણાવ્યું કે તેમણે માન્યતા મેળવવા માટે નહીં, પરંતુ પોતાની લાગણીઓ વ્યક્ત કરવા અને તેમણે જોયેલા અત્યાચારોને જોવા માટે



લખ્યું હતું. તેમણે જણાવ્યું કે હું સંપૂર્ણપણે ભાંગી પડ્યો હતો. હું મારા ગુસ્સાને કાબૂમાં રાખી શક્યો નહીં. લેખન એ ગુસ્સો બહાર કાઢવાનો એકમાત્ર રસ્તો બની ગયો. તેમણે પોતાના અનુભવો વિશે લખવાનું શરૂ કર્યું, પરંતુ ટૂંક સમયમાં જ તેમને ખ્યાલ આવ્યો કે ઘણા લોકો એવા હતા જેમણે તેનાથી પણ વધુ ભયાનક દુર્ઘટનાઓ સહન કરી હતી, જેની માનવ મન કલ્પના પણ કરી શકતું નથી. “જેઓને કોઈને ખબર ન પડે તે રીતે મારી નાખવામાં આવ્યા અને દફનાવવામાં આવ્યા. તેમની છેલ્લી ક્ષણો. તેમનો ભય. મેં આ પ્રકરણને ‘અનટોલ્ડ સ્ટોરીઝ’ કહ્યું.” સઈદ માટે, દરેક પાનું ભૂલી જવા સામે શાંત પ્રતિકાર છે. તેમણે જણાવ્યું કે ઘણા પ્રસંગોએ, મૃત્યુ ‘અનિવાર્ય’ લાગતું હતું. તેમણે જણાવ્યું કે, ‘મેં લખ્યું કારણ કે હું કંઈક પાછળ છોડી જવા માંગતો હતો-સાક્ષી બનવા માટે, ફક્ત બીજા શહીદ માટે નહીં. જો વાર્તાઓનું દસ્તાવેજીકરણ ન કરવામાં આવે તો તે અદૃશ્ય થઈ જાય છે.’

# ‘પૂરતું દમન’ : હજારો ટ્યુનિશિયનોએ કૈસ સૈયદ સામે વિરોધ કર્યો

(એજન્સી) તા.૨૩

ટ્યુનિશિયાની રાજધાનીની શેરીઓમાં હજારો વિરોધીઓ ઉતરી આવ્યા છે, રાષ્ટ્રપતિ કૈસ સૈયદના વધતા સરમુખત્યારશાહી અને સરકારના ટીકાકારોને જેલમાં ધકેલી દેવાના વિરોધમાં પ્રદર્શન કરી રહ્યા છે. શનિવારે ટ્યુનિશિયામાં કાળા પોશાક પહેરેલા ૨,૦૦૦ લોકોએ સીટીઓ અને લાલ રિબન લઈને કૂચ કરી હતી, જેમાં ‘લોકો શાસનનો પતન ઈચ્છે છે’ અને ‘કોઈ ભય નથી, કોઈ આતંક નથી, શેરીઓ લોકોની છે’ જેવા સૂત્રો પોકાર્યા હતા. કેટલાક લોકોએ ‘દમન પૂરતું થયું’ અને ‘મારા રાષ્ટ્રપતિ નથી’ લખેલા પ્લેકાર્ડ પકડી રાખ્યા હતા. ‘અન્યાય વિરૂદ્ધ’ના નારા હેઠળ યોજાયેલી આ રેલીમાં વિવિધ ક્ષેત્રોના કાર્યકરો, NGO અને અસંતુષ્ટ પક્ષોને એકઠા કરવામાં આવ્યા હતા, જે સૈયદ વિરૂદ્ધ એકતાનો એક દુર્લભ પ્રદર્શન દર્શાવે છે. આ ઘટના ટ્યુનિશિયાની કોર્ટે ન્યાયતંત્રના રાજકીયકરણના કટ્ટર ટીકાકાર પૂર્વ વહીવટી ન્યાયાધીશ અહેમદ સોઆબને પાંચ વર્ષની જેલની સજા ફટકાર્યાના થોડા અઠવાડિયા પછી બની છે. ટ્યુનિશિયાના પત્રકાર સૈદ ઝૌઆરીએ અલ જઝીરાને જણાવ્યું કે વિરોધ પ્રદર્શનો વિવિધ વૈચારિક પૃષ્ઠભૂમિ ધરાવતા સમુહમાં નવી એકતાને પ્રતિબિંબિત કરે છે. ‘પરંતુ આ વિરોધ પ્રદર્શનો કાર્થેજ પેલેસમાં ગુંજતા નથી,’ ઝૌઆરીએ રાષ્ટ્રપતિ નિવાસસ્થાનનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું. ટ્યુનિશિયાની સરકારે ડઝનબંધ વિપક્ષી નેતાઓ, પત્રકારો, વકીલો અને ઉદ્યોગપતિઓને જેલમાં ધકેલી દીધા છે, તેમના પર ‘રાજ્ય સુરક્ષા વિરૂદ્ધ કાવતરું’ કરવાનો આરોપ મૂક્યો છે. પરંતુ ટીકાકારો કહે છે કે સૈયદ ન્યાયતંત્ર અને પોલીસનો ઉપયોગ તેના રાજકીય વિરોધીઓને નિશાન બનાવવા માટે કરી રહ્યો છે. તેઓ ચેતવણી આપે છે કે ૨૦૧૧ની ક્રાંતિ જેણે ટ્યુનિશિયાના નેતા ઝીન અલ અબીદીન બેન અલીને સત્તા પરથી દૂર કર્યા પછી અરબ સ્પ્રિંગના જન્મસ્થળમાં લોકશાહી લાભો અદૃશ્ય થઈ રહ્યા છે. જેલમાં બંધ વિપક્ષી નેતા અબ્દેલહામિદ જસ્સીની પત્ની મોનિયા બ્રાહિમે જણાવ્યું કે તેઓ કૂચમાં જોડાયા કારણ કે તેમનું માનવું છે કે ‘ઘણા ટ્યુનિશિયનો ઊંડા અન્યાયનો સામનો કરી રહ્યા છે.’ ‘હું એક નાગરિક તરીકે મારા અધિકારોનું રક્ષણ કરવા આવી છું,’ તેમણે એસોસિએટેડ પ્રેસ




ન્યૂઝ એજન્સીને જણાવ્યું. ‘રાજકીય કેદીઓ સારી રીતે જાણે છે કે તેઓ જેલમાં તેમના સિદ્ધાંતો, નાગરિક અને રાજકીય સક્રિયતાના તેમના બંધારણીય અધિકારની કિંમત ચૂકવી રહ્યા છે અને આજે ટ્યુનિશિયામાં સ્થાપિત શાસન દ્વારા બંધક બનાવવામાં આવી રહ્યા છે.’ અટકાયતમાં લેવાયેલા કેટલાક લોકો હાલમાં ભૂખ હડતાળ પર છે, જેમાં બંધારણીય કાયદાના પ્રોફેસર જોહર બેન મ્બારેકનો પણ સમાવેશ થાય છે, જે ૨૦ દિવસથી વધુ સમયથી હડતાળ પર છે. શનિવારનો કૂચ સૈયદના શાસન હેઠળ રાજકીય અને આર્થિક ઉથલપાથલ સામે દેશભરમાં વ્યાપક વિરોધ પ્રદર્શનનો એક ભાગ હતો. ગુરુવારે, ટ્યુનિશિયાના પત્રકારોએ પ્રેસ સ્વતંત્રતા પર વધતા જતા કડક કાર્યવાહી અને અનેક અગ્રણી નાગરિક સમાજ સંગઠનોના કામચલાઉ સસ્પેન્શન સામે વિરોધ કર્યો. સૈયદ ૨૦૧૯માં લોકશાહી રીતે ચૂંટાયા હતા, બેજી કૈદ એસેબ્સીના સ્થાને, જેનું આ વર્ષની શરૂઆતમાં અવસાન થયું હતું. ૨૦૨૧માં, ૭૦ વર્ષીય સૈયદે સંસદને સ્થગિત કરી અને સત્તાની તમામ શાખાઓને એકીકૃત કરી, પછી રાજકીય વિરોધીઓ અને પૂર્વ અધિકારીઓ પર કાર્યવાહી કરી. સૈયદના કાર્યકાળની શરૂઆતમાં, ટ્યુનિશિયાની સરકારે તેનું ધ્યાન એન્નાહદા પાર્ટી પર કેન્દ્રિત કર્યું, જે એસેબ્સીના શાસક ગઠબંધનનો ભાગ હતી.

# દક્ષિણ અને ઉત્તરી ગાઝામાં રહેણાંક ઈમારતોને નિશાન બનાવીને ભારે ઈઝરાયેલી બોમ્બમારો

(એજન્સી) તા.૨૩

સાક્ષીઓએ જણાવ્યું કે ઈઝરાયેલી સૈન્યએ શનિવારે સવારે દક્ષિણ અને ઉત્તરીય ગાઝા પટ્ટીમાં યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરીને ડઝનબંધ હુમલાઓ અને તોપમારો કર્યો હતો.

સાક્ષીઓ અને સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી સૈન્યએ દક્ષિણ ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી-નિયંત્રિત યલો ઝોનમાં આવતા રાફાહ અને ખાન યુનુસના પૂર્વીય ભાગોમાં હવાઈ હુમલાઓ અને બોમ્બ ભરેલા વાહનોમાં વિસ્ફોટ કર્યા હતા, જેનાથી રહેણાંક ઈમારતો અને સુવિધાઓનો નાશ થયો. સાક્ષીઓના જણાવ્યા અનુસાર, ગાઝા શહેરના પૂર્વીય અલ-તુફાહ અને શુજૈયા પડોશમાં પણ આવા જ હવાઈ હુમલાઓ અને વિસ્ફોટો થયા હતા અને યલો ઝોનના કિનારે તૈનાત ઈઝરાયેલી લશ્કરી વાહનો દ્વારા તોપમારો અને ક્યારેક ગોળીબારના અહેવાલો પણ મળ્યા હતા.

શુક્રવારે, ઈઝરાયેલી સૈન્યએ ગાઝા શહેરના ખાન યુનુસ, મધ્ય ગાઝામાં બુરેઈજ શરણાર્થી શિબિરની પૂર્વમાં અને ઉત્તરમાં જબાલિયા શરણાર્થી શિબિરની પૂર્વમાં સૈન્ય-નિયંત્રિત વિસ્તારોમાં પેલેસ્ટીની ઈમારતોને નિશાન બનાવી હતી.

યુદ્ધવિરામ કરાર હેઠળ, ઈઝરાયેલ ગાઝા પટ્ટીના ૫૦ ટકાથી વધુ ભાગ પર કબજો જમાવી રહ્યું છે, જેમાં “યલો લાઈન” પેલેસ્ટીનીના વસવાટવાળા વિસ્તારોથી સૈનિકો તૈનાત કરાયેલા વિસ્તારોને અલગ કરે



છે. તાજેતરમાં, ઈઝરાયેલી સૈન્યએ યલો લાઈનની પૂર્વમાં ફરી એકવાર હુમલાઓ શરૂ કર્યા છે, જેના કારણે વ્યાપક વિસ્તારોનો નાશ થયો છે અને આસપાસના વિસ્તારો નાગરિકો માટે અત્યંત જોખમી બન્યા છે.

ઓક્ટોબર ૨૦૨૩થી, ઈઝરાયેલી સૈન્યએ ગાઝામાં આશરે ૭૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગે મહિલાઓ અને બાળકો છે, ૧૭૦,૮૦૦થી વધુ લોકોને ઘાયલ કર્યા છે અને આ વિસ્તારને કાટમાળમાં ફેરવી દીધો છે.

# સાઉદી અરબિયા આ ક્ષેત્રમાં ઈઝરાયેલીઓના સતત ઉલ્લંઘનોની ટીકા કરે છે

(એજન્સી) તા.૨૩

સાઉદી અરેબિયાએ ગુરૂવારે આ ક્ષેત્રમાં ઈઝરાયેલના સતત ઉલ્લંઘનોની ટીકા કરી, જેમાં ગાઝા પટ્ટી પરના હુમલા અને બુધવારે દક્ષિણ સીરિયામાં તૈનાત ઈઝરાયેલી સૈનિકોની મુલાકાતનો સમાવેશ થાય છે. “સઉદી અરબિયા આંતરરાષ્ટ્રીય સમુદાયને તમામ આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને કરારોના ઈઝરાયેલી ઉલ્લંઘનોને રોકવા માટે જવાબદારી લેવા માંગ કરે છે, ખાસ કરીને ગાઝા પટ્ટીમાં તાજેતરના યુદ્ધવિરામ કરાર,” વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું.

ગુરૂવારે દક્ષિણ ગાઝા શહેર ખાન યુનુસ પર ઈઝરાયેલી દ્વારા કરવામાં આવેલા બે હુમલામાં પાંચ લોકો મૃત્યુ પામ્યા બાદ આ નિવેદન આવ્યું છે, જેનાથી લગભગ ૧૨ કલાકના સમયગાળામાં પેલેસ્ટીની પ્રદેશમાં હવાઈ હુમલામાં મૃત્યુઆંક ૩૩ થયો છે. આ હુમલાઓ ૧૦ ઓક્ટોબર પછીના સૌથી ઘાતક છે, જ્યારે યુએસ-મધ્યસ્થી યુદ્ધવિરામ અમલમાં આવ્યો હતો.

નિવેદનમાં “સીરિયન પ્રાદેશિક સાર્વભૌમત્વના ઈઝરાયેલી ઉલ્લંઘનોને રોકવા અને ઈઝરાયેલ અને સીરિયા વચ્ચે ૧૯૭૪ના છૂટાછેડા કરારનું પાલન કરવા, પ્રદેશની સુરક્ષા અને સ્થિરતા જાળવવા અને સીરિયન પ્રદેશની સાર્વભૌમત્વ અને એકતાની ખાતરી આપવા”ના મહત્વ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.



નેતાન્યાહૂએ બુધવારે સીરિયાની અંદર બફર ઝોનમાં તૈનાત ઈઝરાયેલી સૈનિકો સાથે મુલાકાત કરી હતી. તેમની સાથે સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કાત્ઝ અને વિદેશ મંત્રી ગિડીઓન સાર, લશ્કરી પ્રમુખ ઈયાલ ઝમીર, શિન બેટ સુરક્ષા એજન્સીના ડિરેક્ટર ડેવિડ ઝીની અને યુનાઈટેડ સ્ટેટ્સમાં ઈઝરાયેલના રાજદૂત યેચીલ લીટર પણ હતા.

# વેસ્ટ બેંકના દરોડામાં ઈઝરાયેલી સેના દ્વારા ત્રણ પેલેસ્ટીની ઘાયલ, ૧૦ની અટકાયત

(એજન્સી) તા.૨૩

શનિવારે વહેલી સવારે કબજવાળા વેસ્ટ બેંકમાં ઈઝરાયેલી દળો દ્વારા દરોડા દરમિયાન ત્રણ પેલેસ્ટીની ઘાયલ થયા હતા અને ૧૦ અન્ય લોકોની ધરપકડ કરવામાં આવી હતી. રાજ્ય સમાચાર એજન્સી વાફાએ સુરક્ષા સૂત્રોને ટાંકીને જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ બેથલેહેમના ઝા’તારા શહેરમાં એક પેલેસ્ટીની ઘર પર દરોડો પાડ્યો હતો અને બે પેલેસ્ટીનીઓને ગંભીર રીતે માર માર્યો હતો. સુરક્ષા દળોએ ઘરની નજીક ટીયર ગેસ છોડ્યા બાદ અન્ય એક પેલેસ્ટીની વ્યક્તિને ગૂંગળામણનો સામનો કરવો પડ્યો હતો. દરમિયાન, ઉત્તરીય શહેર નાબ્લુસમાં નવ લોકોની અટકાયત કરવામાં આવી હતી. અટકાયત કરાયેલા લોકોમાં પેલેસ્ટીની વિધાન પરિષદના સભ્ય જમાલ તિરાવી અને તેમના બે પુત્રોનો સમાવેશ થાય છે. અટકાયત પહેલાં, ઈઝરાયેલી દળોએ બલાટા શરણાર્થી શિબિરમાં તિરાવીના ઘર પર દરોડા પાડ્યા હતા. ઉત્તર વેસ્ટ બેંકના તુલકારેમમાં એક યુવાન પેલેસ્ટીનીને પણ અટકાયતમાં લેવામાં આવ્યો હતો. સ્થાનિક સૂત્રોએ જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ સતત ચોથા દિવસે દક્ષિણ શહેર હેબ્રોનમાં ડઝનેક ઘરો પર હુમલો કર્યો અને મિલકતને નુકસાન પહોંચાડ્યું. તેમણે ઉમેર્યું હતું કે પૂછપરછ માટે લગભગ ૬૦ પેલેસ્ટીનીઓની અટકાયત કરવામાં આવી હતી. ઓક્ટોબર ૨૦૨૩માં ગાઝા યુદ્ધ પછી, ઈઝરાયેલી સૈન્યએ વેસ્ટ બેંકમાં તેના હુમલાઓ વધારી દીધા છે. ત્યારથી, કબજાવાળા પ્રદેશોમાં સૈન્ય અને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ દ્વારા કરવામાં આવેલા હુમલાઓમાં એક હજારથી વધુ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે અને લગભગ ૧૧,૦૦૦ અન્ય ઘાયલ થયા છે. ૨૦,૦૦૦થી વધુ લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે. શનિવારે એક નિવેદનમાં, પેલેસ્ટીની વિદેશ મંત્રાલયે નેબ્લુસ,



રામલ્લાહ, બેથલેહેમ અને હેબ્રોનમાં પેલેસ્ટીનીઓને નિશાન બનાવતી ગેરકાયદેસર ઈઝરાયલી હિંસાને ‘આતંકવાદી હુમલા’ ગણાવી. મંત્રાલયે જણાવ્યું કે આ હુમલાઓ ‘આપણા લોકોને ભયભીત કરવા અને (ઈઝરાયેલી) કબજા હેઠળની સરકારની વંશીય સફાઈ અને બળજબરીથી વિસ્થાપન માટેની યોજનાઓને સરળ બનાવતી પ્રતિકૂળ વાતાવરણ બનાવવાના હેતુથી વ્યવસ્થિત નીતિના ખતરનાક અને સતત વધારા’નો ભાગ છે. ગયા જુલાઈમાં એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં, આંતરરાષ્ટ્રીય ન્યાયાલયે પેલેસ્ટીની પ્રદેશ પર ઈઝરાયેલના કબજાને ગેરકાયદેસર જાહેર કર્યો અને પશ્ચિમ કાંઠા અને પૂર્વ જેરૂસલેમમાં તમામ વસાહતો ખાલી કરાવવાનો આદેશ આપ્યો.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# બિહારમાં નીતિશકુમાર સામે હવે વાસ્તવિક પડકારો છે

ચૂંટણી જીતવા માટે દરેક પક્ષ જાત-જાતના વાયદા કરે છે અને આજકાલ તો મતદારોને ભરપૂર લલચાવવા માટે છૂટે હાથે રેવડીઓની લ્હાણીના વચનો અપાય છે પરંતુ જે પક્ષ જીતી જાય છે એની જવાબદારી પુષ્કળ વધી જાય છે કારણ કે એણે જે વાયદા કર્યા હોય છે એને નિભાવવાનો બહુ મોટો પડકાર સામે ઊભો જ રહે છે, વળી આજકાલની પ્રજા પણ અગાઉ જેવી રહી નથી... હવેની પ્રજા તો આપેલા વચનો યાદ રાખે છે અને તેને પૂરા કરવા માટેનો તકાજો પણ કરતી રહે છે. હવે બિહારમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, નવી સરકારની રચના કરવામાં આવી. પટનાના ગાંધી મેદાનમાં નીતિશ કુમારે દસમી વખત મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. આ સાથે, તેમણે ટોચના દસ સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા મુખ્યમંત્રીઓની યાદીમાં સ્થાન મેળવ્યું. તેમાં કોઈ શંકા નથી કે નીતિશ કુમારે તેમના લાંબા શાસનકાળ દરમિયાન ઘણા ઉતાર-ચઢાવનો અનુભવ કર્યો છે. જો કે, આ વખતે તેમના ગઠબંધનને મળેલા પ્રચંડ જનાદેશને જોતાં, તેમની સામેના પડકારો કદાચ એટલા જ મોટા અને મહત્ત્વપૂર્ણ છે.

તેમના પાછલા કાર્યકાળ દરમિયાન, નીતિશ કુમારે સુશાસન સુનિશ્ચિત કરવાના દાવાથી લઈને મહિલાઓને સશક્તિકરણ સુધી અનેક પગલાં લીધાં. ચૂંટણીમાં તેમને મળેલું સમર્થન સૂચવે છે કે તેમની વિશ્વસનીયતા અકબંધ રહી. જો કે, નવી સરકાર હવે આ ચૂંટણી દરમિયાન જનતાને આપેલા વચનો પૂર્ણ કરવાના પડકારનો સામનો કરશે. નીતિશ કુમારને ખાસ કરીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં મોટાપાયે સુધારો કરવાની જરૂર પડશે, કારણ કે છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્યમાં ગુનાહિત ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે, જે તેમના નેતૃત્વ પર પ્રશ્નો ઊભા કરે છે. આ વખતે બિહારમાં મુખ્ય ચૂંટણી મુદ્દાઓ અનુસાર, આર્થિક અને સામાજિક વિકાસને વેગ આપવાની જરૂર છે. ચૂંટણી દરમિયાન NDA દ્વારા પોતાના ઢંઢેરામાં આપવામાં આવેલા વચનોને પૂર્ણ કરવા માટે, સરકારે હવે અનેક મોરચે કામ કરવું પડશે કે જે નક્કર પરિણામો આપે. બિહારની નવી વિકાસ યાત્રા ફક્ત નવી નોકરીઓ પેદા કરીને તથા નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને જ શરૂ થઈ શકે છે. જો બિહાર સરકાર નિષ્ઠાવાન ઈચ્છાશક્તિ સાથે આ દિશામાં આગળ વધે અને નવી રોજગારીની તકો ઊભી કરે, તો રાજ્યને સ્થળાંતરના મહેણામાંથી મુક્ત કરી શકાય છે. નીતિશ કુમારે ચોક્કસપણે દાવો કર્યો છે કે તેમણે તેમના પાછલા કાર્યકાળ દરમિયાન શિક્ષણ ક્ષેત્રે સારું કામ કર્યું છે, પરંતુ તેમાં હજુ પણ મોટા સુધારાની જરૂર છે. તેમણે બિહારને પછાત રાજ્યોની શ્રેણીમાંથી કેવી રીતે બહાર કાઢવું તે અંગે પણ વિચારણા કરવી પડશે. ચૂંટણી પ્રચારમાં ભલે ગમે તેટલા દાવા કર્યા હોય પરંતુ વાસ્તવમાં બિહારની સ્થિતિ દેશના અન્ય રાજ્યો જેવી સારી નથી ત્યારે બિહારને 'બીમાર' રાજ્યની છબીમાંથી બહાર લાવવા માટે નીતિશકુમારે ભારે મહેનત કરવી પડશે.

# અમેરિકામાં ભારત વિરોધી નફરત-ઓફલાઈન અને ઓનલાઈન-મુખ્ય પ્રવાહમાં આવી રહી છે

ભારત અમેરિકન વાર્તા ગૂંચવણમાં અને અયોગ્ય રીતે જોડાયેલ છે. ક્રિસ્ટોફર કોલંબસ જ્યારે બહામાસ ગયા ત્યારે વિચારતા હતા કે તેઓ ભારત શોધી રહ્યા છે. ગરીબીમાં મૃત્યુ પામેલા કોલંબસને પાછળથી અમેરિકાના "સ્થાપક" તરીકે ઓળખવામાં આવ્યા કારણ કે અમેરિકનોને બિન-બ્રિટિશ મૂળની વાર્તાની જરૂર હતી તેથી તેઓએ સ્પેનિશ ધ્વજ હેઠળ સફર કરનાર ઈટાલિયનને "પ્રથમ અમેરિકન" તરીકે ઓળખવાનું નક્કી કર્યું, ત્યાં સુધી કે અમેરિકાના સ્વદેશી લોકોને ભારતીય તરીકે ઓળખવામાં આવતા રહ્યા હતા.

જો કે સાચા ભારતીયો તો પાછળથી આવ્યા, અને તેમાં સૌથી પ્રખ્યાત ભીખાજી ફ્રેમજી બલસારા, જે મુંબઈના એક પારસી સજ્જન હતા, જેમણે દલીલ કરી હતી કે તેમને "મુક્ત શ્વેત માણસ" તરીકે નાગરિકતા આપવી જોઈએ.

૧૯૨૩માં, ભગતસિંહ થિંડ, લાખો ભારતીય સૈનિકોમાંના એક હતા જેના સાથીઓએ બે વિશ્વયુદ્ધો જીત્યા હતા-તેમણે દલીલ કરી હતી કે "કોકેશિયન" તરીકે ભારતીયો લાયક હોવા જોઈએ, પરંતુ યુએસ સુપ્રીમ કોર્ટે આ દૃષ્ટિકોણને નકારી કાઢ્યો હતો અને ૧૯૨૧ ના એશિયન એક્સક્લુઝન એક્ટ હેઠળ દેશનિકાલ કરાયેલા ભારતીય ઈમિગ્રન્ટ્સ (૩૦૦૦ જેટલા)ની નાગરિકતા પાછી ખેંચી લીધી હતી, જેઓ ૧૯૬૫માં આ કાયદો પાછો ખેંચાયા પછી પાછા ફર્યા હતા.

ભારતીયો, તેમની મોટાભાગની અમેરિકન યાત્રા દરમિયાન, સારા વર્તનવાળા ઈમિગ્રન્ટ્સ તરીકે ગણવામાં આવતા હતા : તે મહેનતુ, કૃતજ્ઞ, શૈક્ષણિક, આર્થિક રીતે સાવધ અને સામાજિક રીતે શાંત ગણવામાં આવે છે. જ્યાં સુધી તેઓ આવા હતા, ત્યાં સુધી અમેરિકાએ તેમને એક પ્રકારની નમ્ર દ્વિધા સાથે સહન કર્યું. પરંતુ જે ક્ષણે તેઓ તેમાંથી બહાર નીકળ્યા તે ક્ષણે તેઓ ખૂબ સફળ બન્યા, દશ્યમાન અથવા રાજકીય રીતે ખૂબ અસુવિધાજનક બન્યા ત્યારે તેમનું વર્તન બદલાઈ ગયું છે.

તાજેતરની દુશ્મનાવટના ઘણા સમય પહેલા આ તણાવના સંકેતો દેખાતા હતા અને પછી ૨૦૨૪ આવ્યું, જ્યારે થોડા સમય માટે એવું લાગતું હતું કે, ભારતીય-અમેરિકન ક્ષણ આખરે આવી ગઈ છે. નિક્કી હેલી અને વિવેક રામાસ્વામી રિપબ્લિકન ચર્ચા મંચ પર ઉભા હતા. ટ્રમ્પ વહીવટીતંત્રમાં ભારતીયો શક્તિશાળી ડેસ્ક હતા : એફબીઆઈ ચીફ તરીકે કાશ પટેલ, એઆઈ સલાહકાર તરીકે શ્રીરામ કૃષ્ણન, અને પ્રથમ ભારતીય-અમેરિકન સેકન્ડ લેડી તરીકે ઉષા વાન્સ. આ ઉપરાંત, ભારતીય મૂળના વ્યૂહરચનાકારો, નીતિ સહાયકો અને ટેક વ્હીસ્પરર્સનો સમૂહ એજન્સીઓમાં છવાયેલ હતો, અને એક ક્ષણ માટે એવું લાગ્યું કે, ભારતીય વાર્તા નિર્ણાયક વળાંક લઈ રહી છે. પણ ખરેખર એવું થયું ન હતું.

શરૂઆતના ભારતીય ઈમિગ્રન્ટ્સે શાંત સિદ્ધિઓ મેળવીને પોતાનું સ્થાન બનાવ્યું. તે એવા કામદારો હતા જે સામાજિક વ્યવસ્થાને પડકારતા ન હતા, જેઓ નમ્રતાપૂર્વક એકઠા થતા હતા, જેઓ તકો માટે કૃતજ્ઞ હતા, જેઓ જાહેર મુકાબલાને ટાળતા હતા, જેઓ સમજદારીપૂર્વક પૂજા કરતા હતા અને જ્યારે તેઓ ટક્કર મારતા હતા ત્યારે માફી પણ માંગતા હતા. તે સામાજિક કરાર હવે તૂટી ગયો છે, એટલા માટે નહીં કે ભારતીયો નાટકીય રીતે બદલાયા છે, પરંતુ એટલા માટે કે તેમની આસપાસનો દેશ બદલાયો છે.

MAGAના રંગમાં રંગાયેલા ભારતીયો પર પણ તેમની શ્રદ્ધા માટે હુમલો કરવામાં આવ્યો છે. પુષ્ટિ સુનાવણીમાં જય શ્રી કૃષ્ણના નારા લગાવનાર કાશ પટેલને તેમના અનુયાયીઓને દિવાળીની શુભેચ્છા પાઠવવા બદલ તેમના "રાક્ષસોની ભૂમિ"માં પાછા જવાનું કહેવામાં આવ્યું. વિવેક રામાસ્વામીના પરિવાર પર દરેક મુદ્દા પર અવિરત હુમલો કરવામાં આવ્યો છે. સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ઓર્ગેનાઈઝ્ડ હેટ (CSOH) દ્વારા કરવામાં આવેલા વિગતવાર વિશ્લેષણમાં ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ અને ૩ જાન્યુઆરી ૨૦૨૫ વચ્ચે X પર ભારતીયો પર હુમલો કરતી સૌથી વધુ



જોવાયેલી ૧૨૮ પોસ્ટ્સ ટ્રેક કરવામાં આવી હતી. એકસાથે, તે પોસ્ટ્સને ૩ જાન્યુઆરી સુધીમાં ૧૩૮.૫૪ મિલિયન વ્યૂઝ મળ્યા હતા. ઓનલાઈન ભારત વિરોધી કથાઓનો વિગતવાર અભ્યાસ તમામ પ્લેટફોર્મ પર દુશ્મનાવટમાં વધારો દર્શાવે છે. આ ડેટા ફક્ત અમેરિકાના મનોવિજ્ઞાનને જ સમજાવતો નથી, પરંતુ તે પ્રતિક્રિયાને પણ દર્શાવે છે.

CSOH એ યુએસ સ્થિત એક સંશોધન સમૂહ છે જે સામાજિક પ્લેટફોર્મ પર સંકલિત નફરત નેટવર્ક્સ કેવી રીતે રચાય છે અને ફેલાય છે તેનું નિરીક્ષણ કરે છે. તેમનો અભ્યાસ સૌથી વધુ વાયરલ કથાઓનું વર્ગીકરણ કરે છે, તેમને કોણ ફેલાવે છે તે ઓળખે છે, અને આ નફરત કેટલી ઝડપથી ફેલાય છે તે માપે છે.

હવે પ્રભાવશાળી કથા ભારતીયોને ફાળો આપનારા તરીકે નહીં પરંતુ વસ્તી વિષયક આક્રમણકારો તરીકે રજૂ કરે છે. આ સાથે : અસ્વચ્છતા, ગંધ, ગાય, ગરીબી, અને ખોરાક વિશેના આરોપો પણ છે. અમેરિકનોને જરૂર પડે ત્યારે તેઓ ભારતીય યોગ્યતાની પ્રશંસા કરે છે; જ્યારે તેઓ જોખમ ગણે છે ત્યારે તેઓ ભારતીય સફળતાનો વિરોધ કરે છે. આ દુશ્મનાવટ દશ્યમાન અવાજો દ્વારા પ્રેરિત છે અને હવે આ મહત્વપૂર્ણ સત્ય છે : અમેરિકામાં ભારતીયો હવે વૈચારિક સ્પેક્ટ્રમની બંને બાજુઓ દ્વારા સંપૂર્ણપણે અલગ અને પરસ્પર વિરોધાભાસી કારણોસર નાપસંદ કરવામાં આવે છે.

જો વ્યાવસાયિક વિશ્વ કેટલાક અમેરિકનોને હેરાન કરે છે, તો ઈન્ટરનેટ પર ભારતીય હાજરી તેમને સક્રિયપણે ડરાવે છે. ઓનલાઈન ભારતીયોની નવી પેઢી ડિજિટલ રીતે સૌથી બેકાબૂ શાખાની જેમ વર્તે છે. દલીલશીલ, કટાક્ષપૂર્ણ, તથ્યોથી ભરપૂર, સાંસ્કૃતિક રીતે અસ્ખલિત અને ઘણીવાર ચર્ચામાં ક્રૂર હોય છે. તેઓ આદર આપતા નથી. તેઓ માફી માંગતા નથી. તેઓ મુકાબલાથી પીછેહઠ કરતા નથી. આ વર્તન, ભારતીયો માટે મનોરંજક હોવા છતાં, શાંત લઘુમતીઓ માટે ટેવાયેલા અમેરિકન પ્રેક્ષકોને ઊંડે સુધી અસ્વસ્થ કરે છે. આ દુશ્મનાવટ કેવી રીતે ફેલાય છે તેની પદ્ધતિ પણ એ જ દર્શાવે છે. દર વખતે જ્યારે કોઈ ભારતીય મૂળની વ્યક્તિ સમાચારમાં આવે છે - પછી ભલે તે કોઈ મુલાકાત હોય, વાયરલ ક્લિપ હોય, રાજકીય ટિપ્પણી હોય કે પછી કોઈ ટેક જાહેરાત હોય - ત્યારે અમેરિકન સિસ્ટમ સળગી ઉઠે છે. દુશ્મનાવટમાં વધારો થાય છે, સ્ટીરિયોટાઈપ્સ વિચારો ફરી સામે આવે છે.

દરમિયાન, ઑફલાઈન દુનિયા ઑનલાઈનને પ્રતિબિંબિત કરવાનું શરૂ કરે છે. ભારતીય પરિવારોને લક્ષ્ય બનાવીને રસ્તા પર વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. મંદિરમાં જનારાઓને હેરાન કરવામાં આવ્યા છે. પરિવારોને તેમના "ઘરે (વતન) જવા" કહેવામાં આવ્યું છે. રેસ્ટોરન્ટના આશ્રયદાતાઓનો નફરતનો સામનો કરવો પડ્યો છે. ઈમિગ્રેશન રેટરિક સ્પષ્ટપણે વંશીય બની રહ્યું છે. ભારત વિરોધી ભાવના હવે માત્ર ઓનલાઈન ઉપદ્રવ નથી; તે એક નાગરિક વાસ્તવિકતા છે.

મૉડેલ લઘુમતી દંતકથા, જે એક સમયે ઢાલ હતી, તે હવે એક હથિયાર બની ગઈ છે. ભારતીયો જ્યારે શાંત હતા ત્યારે તેમને વખાણવામાં આવતા હતા, જ્યારે તેઓ ઉપયોગી હતા ત્યારે તેમની પ્રશંસા કરવામાં આવતી હતી, જ્યારે તેઓ અદશ્ય હતા ત્યારે તેઓને સહન કરવામાં આવતા હતા, અને જ્યારે હવે તેઓ દશ્યમાન થયા ત્યારે અમેરિકનો નારાજગી અનુભવે છે, અને હવે જ્યારે તેઓ શક્તિશાળી હોય ત્યારે તેમને નિશાન બનાવવામાં આવે છે.

આ પ્રતિક્રિયા અચાનક કે આશ્ચર્યજનક નથી. ખૂબ ઝડપથી ઉભરી આવેલા દરેક સમુદાય-આઈરિશ, યહૂદીઓ, ચીની, જાપાનીઝ, મેક્સિકનને સ્વીકારવામાં આવે તે પહેલાં જ તેઓને રોષનો સામનો કરવો પડ્યો છે. ભારતીયો અપેક્ષા કરતા આ તબક્કે વહેલા પહોંચી ગયા છે, અને તે આર્થિક સફળતા, ડિજિટલ સર્વવ્યાપકતા અને રાજકીય મહત્વ દ્વારા પ્રેરિત છે. ભારતીયોને દરેક બિંદુએ નિશાન બનાવવામાં આવી રહ્યા છે. તેઓ માનતા હતા કે તેઓ આખરે અમેરિકન બન્યા છે-તેઓ મુલાકાતીઓ નહીં, બહારના નહીં, અપવાદો નહીં, પરંતુ રાષ્ટ્રીય વાર્તામાં વણાયેલા આંતરિક લોકો છે. પરંતુ અમેરિકાનો હંમેશા સફળ લઘુમતીઓ સાથે જટિલ સંબંધ રહ્યો છે અને ભારતીયો, તેમની STEM ડિગ્રીઓ, તેમના કોર્પોરેટ વર્ચસ્વ, તેમના ડિજિટલ સ્વેગર અને તેમની રાજકીય હાજરી સાથે, સાંસ્કૃતિક સામનો કર્યો છે. ભારતીયોએ વિચાર્યું કે તેઓએ અમેરિકન હોવાનું સ્વપ્ન મેળવી લીધું છે. તે દરમિયાન, અમેરિકા હજુ પણ નક્કી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે કે તે સ્વપ્ન તેમનું છે કે નહીં અને કદાચ આ ક્ષણની વાસ્તવિક વિડંબના છે. "ભારત" સાથે અમેરિકાનો પહેલો મુકાબલો એ એક ભૂલ હતી. એક નેવિગેશનલ ભૂલ જેણે સમગ્ર ખંડનું નામકરણ કર્યું અને તેના પ્રથમ લોકોનું ખોટું નામકરણ કર્યું. કોલંબસ કોઈ દેશ શોધી રહ્યો ન હતો, તે એક વાર્તા શોધી રહ્યો હતો અને જ્યારે તેને તે ભારત મળ્યું નહીં જેની તેણે કલ્પના કરી હતી, ત્યારે તેમણે અમેરિકાની શોધ કરી હતી.

સદીઓ પછી, દેશ હજુ પણ તે મૂંઝવણના પરિણામો સાથે સંઘર્ષ કરી રહ્યો છે. ભારતીયો આવ્યા, કામ કર્યું, અભ્યાસ કર્યો, કંપનીઓ બનાવી, સંસ્થાઓને ફરીથી આકાર આપ્યો અને શાંતિથી અમેરિકન સ્વપ્નને ફરીથી બનાવ્યું. છતાં જૂની ચિંતા હજુ પણ છે : જે ભારત એક અમેરિકા માટે એક સમયે એક વિચાર હતો તે હવે વાસ્તવિકતા તરીકે દેખાઈ રહ્યો છે-મસાલા કે વેપાર માર્ગોમાં નહીં, પરંતુ બોર્ડરૂમ, પ્રયોગશાળાઓ, કેમ્પસ, મતપેટીઓ અને ઓનલાઈન, જ્યાં ભારતીયોને સોંપાયેલ ભૂમિકાઓમાં નફરતનો સામનો કરવો પડે છે.

કોલંબસે ભારત માટે બીજી ભૂમિ સમજી લીધી અને ઈતિહાસનો માર્ગ બદલી નાખ્યો. આજે, અમેરિકા ભારતીયોને ધમકી સમજી રહ્યું છે. આ દુર્ઘટના એ નથી કે ભારતીયોને નફરત કરવામાં આવે છે. દુર્ઘટના એ છે કે તેમને તે જ ક્ષણે નફરત કરવામાં આવે છે જ્યારે તેમની અસંભવિત અમેરિકન યાત્રા તેના સંબંધની સૌથી નજીક લાગતી હતી. આ બધા ચાર્ટ્સ, બધા ડેટા, બધા વર્ણનો કહે છે કે, જે દેશ એક સમયે ભારતની શોધમાં નીકળ્યો હતો તે હવે તેની સામે ઉભેલા ભારતીયોને સ્વીકારવા માટે સંઘર્ષ અને ઈન્કાર કરી રહ્યો છે.

**(સૌ.: ટાઈમ્સઓફઈન્ડિયા.કોમ)**

# SIR મુદ્દે સંઘર્ષ વધી રહ્યો છે, પાંચ BLOના મોત, મમતા બેનર્જી અને ચંદ્રશેખરે ચૂંટણી પંચને પત્ર લખ્યો, સુપ્રીમ કોર્ટે ECIને નોટિસ જારી કરી

## SIR વિવાદ ચાલુ છે અને SIR પર સંઘર્ષ વધી રહ્યો છે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અને સાંસદ ચંદ્રશેખર આઝાદે SIR અંગે કમિશનને કડક પત્ર લખ્યો છે. સુપ્રીમ કોર્ટે કેરળ SIR પર જવાબ માંગવા માટે ચૂંટણી પંચને નોટિસ જારી કરી છે

(એજન્સી) તા.૨૩

સુપ્રીમ કોર્ટે SIR વિરૂદ્ધ કેરળ સરકારની અરજી પર ભારતીય ચૂંટણી પંચ (ECI) પાસેથી જવાબ માંગ્યો હતો. વિપક્ષ શાસિત રાજ્યો હવે SIRના વિરોધમાં ખુલ્લેઆમ આગળ આવ્યા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી ECI દૈનિકને પત્રો લખી રહ્યા છે અથવા નિવેદનો આપી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં, નગીનાના સાંસદ ચંદ્રશેખર આઝાદે શુક્રવારે SIR વિરૂદ્ધ ચૂંટણી પંચને પત્ર લખ્યો હતો, જેમાં વિવિધ વ્યવહારિક મુશ્કેલીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. DMKએ SIR વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં પણ અરજી દાખલ કરી છે. ઉત્તર પ્રદેશમાં પણ SIR લાગુ કરવામાં આવી રહ્યું છે, પરંતુ BLA સામે પક્ષપાતના અહેવાલો છે.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કેરળ સરકાર દ્વારા દાખલ કરાયેલી અરજી પર ભારતીય ચૂંટણી પંચને નોટિસ જારી કરી હતી જેમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પૂર્ણ થાય ત્યાં સુધી કેરળમાં મતદાર યાદીઓના ખાસ ઊંડાણપૂર્વકના સંશોધનને મુલતવી રાખવાની માંગ કરવામાં આવી હતી. કેરળ સરકારની અરજી SIR સૂચનાને પડકારતી નથી, પરંતુ ફક્ત પ્રક્રિયાને મુલતવી રાખવાની માંગ કરે છે. રાજ્યએ શરૂઆતમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ સુધી SIR પ્રક્રિયાને મુલતવી રાખવા માટે કેરળ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. હાઈકોર્ટે હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો હતો અને સૂચન કર્યું હતું કે રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરે, જે SIR સંબંધિત બાબતો પર વિચાર કરી રહી છે. ન્યાયાધીશ સૂર્યકાંત, SVN ભટ્ટી અને જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે આ મામલે આગામી સુનાવણી ૨૬ નવેમ્બર માટે નક્કી કરી છે. રાજ્ય સરકાર તરફથી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ હાજર રહ્યા હતા. કેરળ સરકારની અરજી ઉપરાંત, બેન્ચે ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગના મહાસચિવ પી.કે. દ્વારા દાખલ કરાયેલી અરજીઓ પર પણ નોટિસ જારી કરી હતી. કુન્હાલીકુટ્ટી, કેરળ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ સન્ની જોસેફ અને સીપીઆઈ(એમ) સચિવ એમ.વી. ગોવિંદન માસ્ટર. સીપીઆઈ(એમ) સચિવ તરફથી વરિષ્ઠ વકીલ રણજીત કુમાર અને આઈયુએમએલ તરફથી વકીલ હરિસ બીરન હાજર રહ્યા હતા. બંગાળ સહિત ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)નો બીજો તબક્કો ચાલી રહ્યો છે, ત્યારે બૂથ-લેવલ અધિકારીઓ (બીએલઓ) ના મૃત્યુ અને કાર્યવાહીની ઘટનાઓ સામે આવી છે. બુધવાર અને ગુરુવારની મધ્યરાત્રિએ, ગુજરાતના કપડવંજ તાલુકાના નવાપુરા ગામના ૫૦ વર્ષીય સરકારી શાળા શિક્ષક રમેશભાઈ પરમારનું જાંબુડી ગામમાં તેમના નિવાસસ્થાને હૃદયરોગના હુમલાથી અવસાન થયું. પરમારને તાજેતરમાં બીએલઓ પદ સોંપવામાં આવ્યું હતું. તેમના ભાઈ નરેન્દ્ર પરમારે પત્રકારોને જણાવ્યું હતું કે, 'બીએલઓ તરીકેનું કામ પૂર્ણ કર્યા પછી તેઓ બુધવારે સાંજે ૭:૩૦ વાગ્યે ઘરે પાછા ફર્યા. ગામમાં મોબાઈલ નેટવર્કની સમસ્યા હોવાથી, તે રાત્રે ૧૧:૩૦ વાગ્યા સુધી કામ કરતો હતો. ત્યારબાદ, તે રાત્રિભોજન કરીને સૂઈ ગયો. પરંતુ જ્યારે તે સવારે ઉઠ્યો નહીં, ત્યારે અમે તેને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. અમારૂં માનવું છે કે ભારે કામના ભારણને કારણે તેને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. પરમારની પુત્રી શિલ્પાએ પણ કહ્યું કે તેના પિતા તેમની BLO ફરજોને કારણે 'દબાણ હેઠળ' હતા. SIR શરૂ થયા પછી, પાંચ BLO મૃત્યુ પામ્યા છે. પશ્ચિમ બંગાળમાં બે અને કેરળ, રાજસ્થાન અને ગુજરાતમાં એક-એક. મૃત્યુ પામેલા લોકોના પરિવારોએ દાવો કર્યો હતો કે તેમના મૃત્યુ SIR દ્વારા થતા વધુ પડતા કામના ભારણ સાથે જોડાયેલા છે. રાજ્યસભા સાંસદ અને TMC નેતા ડેરેક ઓ'બ્રાયને આરોપ લગાવ્યો છે કે પશ્ચિમ બંગાળમાં ૨૪ દિવસમાં SIRને કારણે ૩૧ મૃત્યુ થયા છે. TMC સાંસદે કહ્યું કે મીડિયા આ મૃત્યુ પર ધ્યાન આપી રહ્યું નથી. તેમણે મૃત્યુ પામેલા લોકોના નામની યાદી પણ જાહેર કરી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજ્યમાં ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ચૂંટણી પંચને પત્ર લખીને તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની વિનંતી કરી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લખેલા પત્રને Xના રોજ શેર કરતા, બેનરજીએ SIR અભિયાનને 'બિનઆયોજિત અને ખતરનાક' ગણાવ્યું. તેમણે તાલીમનો અભાવ, જરૂરી દસ્તાવેજો અંગે સ્પષ્ટતાનો અભાવ અને જાહેર કાર્યકાળ દરમિયાન મતદારોને મળવાની અશક્યતા પર વાત કરી હતી. તેણીએ ટ્વિટર પર કહ્યું કે, 'હું મુખ્ય ચૂંટણી કમિશનરને લખેલો મારો તાજેતરનો પત્ર અહીં શેર કરી રહી છું, જેમાં SIR અંગે મારી ગંભીર ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે....' એક દિવસ પહેલા, ગુરુવારે, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પત્ર લખીને જણાવ્યું હતું કે, 'તાલીમમાં ગંભીર ખામીઓ, ફરજિયાત દસ્તાવેજો અંગે સ્પષ્ટતાનો અભાવ અને લોકોના વ્યસ્ત જીવનનિર્વાહના સમયપત્રક વચ્ચે મતદારોને મળવાની લગભગ અશક્યતા છે.' ૨૪મી નવેમ્બરે TMC એક આંતરિક બેઠક યોજશે. આ બેઠકની અધ્યક્ષતા પાર્ટીના મહાસચિવ અભિષેક બેનરજી કરશે. આ બેઠકનો ઉદ્દેશ્ય SIRની સમીક્ષા કરવાનો, અનેક સ્થળો અને જિલ્લાઓમાં સુધારા કરવાનો અને કોઈ નામ બાકી ન રહે તેની ખાતરી કરવાનો રહેશે. અભિષેક વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આશરે ૧૦ લાખ TMC કાર્યકરોને સંબોધિત કરશે. ઉત્તર પ્રદેશના નગીનાના સાંસદ ચંદ્રશેખર આઝાદે ચૂંટણી પંચને પત્ર લખીને SIR અંગેની વ્યવહારિક મુશ્કેલીઓ પર વાત કરી છે અને તેને રોકવાની માંગ કરી છે. આઝાદે પોતાના પત્રમાં ખાસ કરીને સાત મુદ્દાઓ પર લખ્યું કે ૨૦૦૩ની મતદાર યાદી મતદાર યાદીમાં નામ નોંધાવવા માટેનો આધાર છે, અને લોકો પાસેથી ૨૨ વર્ષ જૂના રેકોર્ડ માંગવામાં આવી રહ્યા છે. આ સંપૂર્ણપણે અવ્યવહારુ અને અશક્ય છે. *BLOs* પોતે યાદીમાં રહેલા વ્યક્તિઓના નામ અને EPIC નંબર શોધી શકતા નથી. બાવીસ વર્ષ પહેલાં, ગામડાઓમાં ઈન્ટરનેટ, પ્રિન્ટર અથવા મોબાઈલ ફોનનો અભાવ હતો, જેના કારણે જૂના રેકોર્ડ મેળવવાનું અશક્ય છે. SIRના મોટાભાગના ભોગ બનેલા લોકો ગ્રામીણ રહેવાસીઓ છે, ખાસ કરીને વૃદ્ધો. આઝાદે શિક્ષકો અને આંગણવાડી કાર્યકરોને દિવસમાં છ કલાક વધારાનું કામ કરવાની ફરજ પાડવામાં આવતી હોવાનો અને તેઓ જે માનસિક દબાણનો સામનો કરે છે તેનો મુદ્દો પણ ઉઠાવ્યો. કામના ભારણને કારણે ઘણા રાજ્યોમાં BLO આત્મહત્યા પણ કરી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોનો મુદ્દો ઉઠાવતા, સાંસદે લખ્યું કે નેટવર્ક નબળું છે અને મોબાઈલ ફોન પર ડેટા અપલોડ કરવો મુશ્કેલ છે, જેના કારણે એપ્લિકેશન વારંવાર હેંગ થાય છે. ચંદ્રશેખર આઝાદે ચૂંટણી પંચને લખેલા પોતાના પત્રમાં જમીની વાસ્તવિકતાઓનું વિગતવાર વર્ણન પણ કર્યું. તેમણે ચૂંટણી પંચને પત્ર લખીને જણાવ્યું છે કે અલીગઢ, આગ્રા, લખનૌ અને આંબેડકર નગર સહિત અનેક જિલ્લાઓમાંથી ફરિયાદો મળી છે કે, BLA ફોર્મ લઈને પહોંચ્યા નથી. કેટલાક વિસ્તારોમાં ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું, પરંતુ લોકોને ખબર નહોતી કે તે કેવી રીતે ભરવું. જવાબદારી BLAની છે, પરંતુ BLA તેમના ફોનનો જવાબ આપી રહ્યા નથી. જનતાએ ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO)ને પણ સીધી ફરિયાદ કરી છે. સાંસદ ચંદ્રશેખર આઝાદે લખ્યું છે કે ૯૬.૨૨% ફોર્મ વિતરણનો દાવો ખોટો છે. વાસ્તવિકતા અલગ છે.

# બેંગ્લુરૂ ATM કેશ વાન લૂંટ કેસ : પોલીસને મોટી સફળતા, રૂા.૫ કરોડથી વધુ રકમ જપ્ત, કોન્સ્ટેબલ સહિત અનેકની ધરપકડ




બેંગ્લુરૂ, તા.૨૩

રૂા.૭.૧૧ કરોડની બ્રોડ-ડેલાઈટ લૂંટની તપાસ કરી રહેલી સાઉથ ડિવિઝન પોલીસે મોટી સફળતા મેળવી છે. લૂંટાયેલી કુલ રકમમાંથી રૂા.૫ કરોડથી વધુ રોકડ જપ્ત કરવામાં આવી છે. પોલીસે આ રકમ ચેન્નાઈ અને આંધ્રપ્રદેશમાંથી રિકવર કરી છે.

**માસ્ટરમાઈન્ડ પોલીસ કોન્સ્ટેબલ ઝડપાયો**

આ કેસમાં શહેરના ઈસ્ટ ડિવિઝન સાથે જોડાયેલા એક પોલીસ કોન્સ્ટેબલ, જે કથિત રીતે આ લૂંટનો મુખ્ય સૂત્રધાર છે અને કેરળના એક પૂર્વ કેશ મેનેજમેન્ટ સર્વિસીસ (CMS) કર્મચારીની ધરપકડ કરવામાં આવી છે. આ બંને ગાઢ મિત્રો હતા અને CMS કર્મચારીએ નોકરી છોડ્યા બાદ છેલ્લા છ મહિનાથી લૂંટનું કાવતરૂં ઘડી રહ્યા હતા.

**કોન્સ્ટેબલની ભૂમિકા : તેણે લૂંટનો રૂટ મેપ તૈયાર કર્યો હતો**

પૂર્વ CMS કર્મચારીની ભૂમિકા : તેણે CMSની આંતરિક માહિતી અને કેશ-ઈન-ટ્રાન્ઝિટ-વ્હીકલ (CITV)ની સુરક્ષા સુવિધાઓની વિગતો પૂરી પાડી હતી.

બંનેના મોબાઈલ ફોન કોલ ડિટેલ્સની તપાસ દરમિયાન તેમની સંડોવણી બહાર આવી હતી.

**૭.૧૧ કરોડની લૂંટ, રૂા.૫ કરોડથી વધુ રિકવર**

પોલીસે લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડવા બદલ અન્ય ત્રણ લોકોની પણ ધરપકડ કરી છે. આ ઘટનાના કિંગપિન ગણાતા બે ભાઈઓ, જેઓ પૂર્વ સૈનિકના પુત્રો છે અને આંધ્રપ્રદેશના ચિત્તૂરના રહેવાસી છે, તેમના પર પણ પોલીસે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ ભાઈઓ બેંગ્લુરૂમાં કામ કરતા હતા.

ગુનેગારોની ઓળખ : CCTV ફૂટેજના આધારે પોલીસે પાંચ લૂંટારૂઓની ઓળખ કરી છે, જેઓ સમાન કેસોમાં સંડોવાયેલા આદત ધરાવતા ગુનેગારો હોવાનું કહેવાય છે.

સુરક્ષાનો ભંગ : કોન્સ્ટેબલે પેટ્રોલિંગ ડ્યુટી પર હતા ત્યારે એક Swift કારનો રજિસ્ટ્રેશન નંબર જોઈને લૂંટમાં વપરાયેલી Innova SUV પર લગાવ્યો હતો.

ભૂતકાળની સંડોવણી : કોન્સ્ટેબલનો ગુનાહિત ઈતિહાસ છે અને તે અગાઉ પણ શહેરના બહારના વિસ્તારોમાં કરેલા ગુના બદલ પકડાયો હતો. પોલીસને શંકા છે કે જેલમાં બંધ કેટલાક ગુનેગારો પણ આમાં સામેલ હોઈ શકે છે.

ગૃહમંત્રી જી. પરમેશ્વરે જણાવ્યું હતું કે પોલીસને મહત્વની માહિતી મળી છે, પરંતુ ગુનેગારોને એલર્ટ ન કરવા માટે તેઓ જાહેરમાં ખુલાસો કરવા માંગતા નથી.

**હદીસ બોધ**

તે માણસ ખરેખર બદનસીબ છે, જેણે પોતાના ઘરડા મા-બાપની સેવા ન કરી. (હદીસ બોધ)

**બોધ વચન**

હોદ્દાથી તમારી નહીં પરંતુ તમારાથી હોદ્દાની શોભા હોવી જોઈએ. એ ત્યારે જ શક્ય છે જ્યારે તમારા કાર્યો નિષ્પક્ષ અને સારા હોય. - પેટ્રિક

**આજની આરસી**

૨૪ નવેમ્બર સોમવાર ૨૦૨૫
૨ જમાદિલ આખર હિજરી ૧૪૪૭
માગશર સુદ ચોથ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૩૬ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૬ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૫૯ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૫-૫૩ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# દક્ષિણ આફ્રિકા સામે હવે કે.એલ. રાહુલ ટીમ ઇન્ડિયાનું નેતૃત્વ કરશે, ઋતુરાજ ગાયકવાડની પણ વાપસી

તા.૨૩

દક્ષિણ આફ્રિકા સામે ત્રણ મેચોની વન-ડે સીરિઝ માટે BCCIએ ભારતીય સ્કવોડની જાહેરાત કરી છે. કોલકાતા ટેસ્ટમાં ઈજાગ્રસ્ત થયેલા શુભમન ગિલને ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. ગિલને બદલે કે એલ રાહુલને કેપ્ટન બનાવવામાં આવ્યો છે.



**શુભમન ગિલ ઈજાગ્રસ્ત**

નોંધનીય છે કે હાલ સાઉથ આફ્રિકા સાથે ભારતની ટેસ્ટ સીરિઝ ચાલી રહી છે. કોલકાતા ટેસ્ટમાં ભારતીય કેપ્ટન શુભમન ગિલ ઈજાગ્રસ્ત થયો હતો. ગરદનમાં ઈજાના કારણે તેને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જોકે હજુ સુધી તે સંપૂર્ણ સ્વસ્થ થયો ન હોવાથી વન-ડે સીરિઝમાં પણ રમી શકશે નહીં.

અગાઉ ઓકટોબર મહિનામાં ભારતીય ટીમ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગઈ ત્યારે શ્રેયસ અય્યર ઈજાગ્રસ્ત થયો હતો. તે પણ હજુ સુધી ફિટ થઈ શક્યો નથી. તેની પહેલા એશિયા કપમાં ભારતીય ખેલાડી હાર્દિક પંડ્યા ઈજાગ્રસ્ત થયો હતો. નોંધનીય છે કે ટેસ્ટ સીરિઝની પહેલી મેચમાં સાઉથ આફ્રિકાનો વિજય થયો અને સીરિઝમાં તે ૧-૦થી આગળ છે. આજે બીજી ટેસ્ટ મેચનો બીજો દિવસ છે. ટેસ્ટ સીરિઝ બાદ બંને ટીમો વચ્ચે વન-ડે સીરિઝ શરૂ થશે. પહેલી મેચ રાંચીમાં ૩૦ નવેમ્બરે રમાશે. પછી ૨ અને ૬ ડિસેમ્બરે ક્રમશઃ રાયપુર અને વિશાખાપટ્ટનમમાં મેચ રમાશે.

**ભારતીય સ્કવોડ :** રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી , તિલક વર્મા, કે એલ રાહુલ, રિષભ પંત, વોશિંગ્ટન સુંદર, રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, નીતિશ રેડ્ડી, હર્ષિત રાણા, ઋતુરાજ ગાયકવાડ, પ્રસિદ્ધ કૃષ્ણા, અર્શદીપ સિંહ અને ધ્રુવ જુરેલ

# ભારત બ્લાઈન્ડ મહિલા T20 વર્લ્ડ કપનો પ્રથમ ખિતાબ જીત્યો !



તા.૨૩

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઈતિહાસ રચતા કોલંબોમાં રમાયેલ પ્રથમ બ્લાઈન્ડ મહિલા T20 વર્લ્ડ કપ ૨૦૨૫નો ખિતાબ પોતાના નામે કર્યો છે. ફાઈનલ મુકાબલામાં ભારતે નેપાળને સાત વિકેટે હરાવીને અજેય ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું.

શ્રીલંકાના સૌથી જૂના ટેસ્ટ સ્થળ પી. સારા ઓવલ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલમાં ભારતે ટોસ જીતીને પહેલા ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો અને નેપાળને નિર્ધારિત ઓવરોમાં ૧૧૪/૫ના સ્કોર પર રોકી દીધું હતું. નેપાળ તરફથી સરિતા ઘીમીરેએ ૩૮ બોલમાં ૩૫ રનનું યોગદાન આપ્યું હતું.

જવાબમાં,ભારતીય ટીમે માત્ર ૧૨ ઓવરમાં ૧૧૭/૩ રન બનાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું. ભારતની ફૂલા સારેને ૨૭ બોલમાં ૪૪ રનની શાનદાર ઈનિંગ રમીને ટીમને જીત અપાવી. ભારત અને શ્રીલંકા દ્વારા સહ-આયોજિત આ ઉદ્‌ઘાટન ટૂર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન, શ્રીલંકા અને યુનાઈટેડ સ્ટેટ્સની ટીમો પણ સામેલ હતી.

બ્લાઈન્ડ ક્રિકેટ એક સફેદ પ્લાસ્ટિક બોલથી રમાય છે, જેમાં બોલ બેરિંગ્સ ભરેલા હોય છે, જે ગબડતી વખતે અવાજ કરે છે, જેથી ખેલાડીઓ તેને સાંભળી શકે. બોલર બેટરને પૂછીને અંડરઆર્મ ડિલિવરી કરે છે અને ઓછામાં ઓછો એક બાઉન્સ આવવો ફરજિયાત છે.

નિયમિત ક્રિકેટની જેમ આમાં પણ બંને ટીમમાં ૧૧-૧૧ ખેલાડીઓ હોય છે, જેમાં ઓછામાં ઓછા ચાર ખેલાડીઓ સંપૂર્ણપણે દૃષ્ટિહીન (B1) હોવા જરૂરી છે. B1 ખેલાડી દ્વારા બનાવેલ દરેક રનને બે ગણવામાં આવે છે, જે રમતને વધુ રોમાંચક બનાવે છે.

# T-20 વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઇનલ અમદાવાદમાં જ રમાશે : BCCI સચિવ દેવજીત સૈકિયાનો મોટો ખુલાસો

ગુવાહાટી/નવી દિલ્હી, તા.૨૩

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સચિવ દેવજીત સૈકિયાએ એક મોટા ખુલાસામાં લગભગ પુષ્ટિ કરી દીધી છે કે આવતા વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં યોજાનારા મેન્સ T20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં જ રમાશે. ગુવાહાટીમાં રમાઈ રહેલી ઐતિહાસિક ટેસ્ટ મેચ દરમિયાન એક એક્સક્લુઝિવ ઈન્ટરવ્યુમાં તેમણે આ વાત કહી હતી.



**શા માટે અમદાવાદ જ પહેલી પસંદ?**

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શા માટે અમદાવાદનું સ્ટેડિયમ તમામ મોટી ક્રિકેટ ઈવેન્ટ્સ માટે સર્વસંમત પસંદગી બની ગયું છે, ત્યારે સૈકિયાએ સ્પષ્ટપણે જણાવ્યું કે આ સ્ટેડિયમ પોતાની યોગ્યતા પર જ શ્રેષ્ઠ વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે કહ્યું, ‘૨૦૨૩ના ODI વર્લ્ડ કપ દરમિયાન, અમે ટિકિટો અને વિદેશી મહેમાનોનું ભારે દબાણ અનુભવ્યું હતું. તે સ્ટેડિયમની સત્તાવાર ક્ષમતા ૧,૩૦,૦૦૦ છે અને તેમાં એવી શાનદાર હોસ્પિટાલિટી સુવિધાઓ છે જે દેશના અન્ય કોઈ સ્થળે નથી.’ તેમણે ઉમેર્યું, ‘મુંબઈનું વાનખેડે કે કોલકાતાનું ઈડન ગાર્ડન્સ જેવા સ્ટેડિયમ ઘણા જૂના છે. આથી, અમદાવાદની પસંદગી પાછળ એક કોમર્શિયલ પાસું અને દર્શકોને શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરવાનો ઉદ્દેશ્ય છે. તેનો ગુજરાત ક્રિકેટ એસોસિએશન સાથે કે કોણ તેનું સંચાલન કરે છે તેની સાથે કોઈ લેવાદેવા નથી.’

**ભારત-પાકિસ્તાન મેચોનું શું થશે?**

દેવજીત સૈકિયાએ પુષ્ટિ કરી કે BCCI અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) વચ્ચે થયેલા કરાર મુજબ, આગામી ત્રણ વર્ષ સુધી કોઈપણ વૈશ્વિક ઈવેન્ટમાં ભારત પાકિસ્તાનનો પ્રવાસ નહીં કરે અને પાકિસ્તાન ભારતનો પ્રવાસ નહીં કરે. તેમની મેચો ત્રીજા દેશમાં (તટસ્થ સ્થળે) યોજાશે. T20 વર્લ્ડ કપ માટે, પાકિસ્તાનની મેચો કોલંબો, શ્રીલંકામાં યોજાય તેવી શક્યતા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ફાઈનલ અમદાવાદમાં જ યોજાશે અને જો પાકિસ્તાન ફાઈનલમાં પહોંચશે તો જ તેને શ્રીલંકામાં શિફ્ટ કરવામાં આવશે.

**૨૦૨૫નું પડકારજનક વર્ષ**

૨૦૨૫ના વર્ષને પડકારજનક ગણાવતા સૈકિયાએ કહ્યું કે IPLને અધવચ્ચે અટકાવવી એ એક મોટો પડકાર હતો. જોકે, ટીમે ૧૦ દિવસમાં જ ટુર્નામેન્ટ ફરી શરૂ કરી અને તેને સફળતાપૂર્વક પૂર્ણ કરી.

**ભારતીય ક્રિકેટની તાકાત**

- **મહિલા વર્લ્ડ કપ વિજય :** તેમણે તાજેતરમાં મહિલા ટીમ દ્વારા વર્લ્ડ કપ જીતવા બદલ સંતોષ વ્યક્ત કર્યો અને કહ્યું કે હેડ કોચ અમોલ મઝુમદાર હેઠળ છેલ્લા છ મહિનાની મહેનતનું આ પરિણામ છે.
- **પુરુષ ટીમની બેન્ચ સ્ટ્રેન્થ :** તેમણે એ વાત સાથે સહમતિ દર્શાવી કે ભારત એક સાથે ત્રણ વ્હાઈટ-બોલ ટીમો મેદાનમાં ઉતારી શકે છે, જે દેશમાં રહેલી પ્રતિભાની મજબૂતાઈ દર્શાવે છે.
- **ટેસ્ટ ટીમ :** તેમણે વિરાટ કોહલી, રોહિત શર્મા અને રવિચંદ્રન અશ્વિન જેવા દિગ્ગજોની નિવૃત્તિ બાદ ટેસ્ટ ટીમને ‘વર્ક ઈન પ્રોગ્રેસ’ ગણાવી, પરંતુ ઈંગ્લેન્ડમાં નવા ખેલાડીઓના પ્રદર્શનના વખાણ કર્યા.

# લક્ષ્ય સેન ફરી ફોર્મમાં : ઓસ્ટ્રેલિયન ઓપન જીતીને આ વર્ષનો પ્રથમ ખિતાબને અંકે કર્યો, ફાઇનલમાં જાપાની ખેલાડીને હરાવ્યો

સિડની, તા.૨૩

ભારતના સ્ટાર શટલર લક્ષ્ય સેને આ વર્ષે પોતાના ખિતાબના દુકાળનો અંત આણતા રવિવારે ઓસ્ટ્રેલિયન ઓપન સુપર ૫૦૦ ટૂર્નામેન્ટ જીતી લીધી છે. સિડનીમાં રમાયેલી પુરૂષ સિંગલ્સની ફાઇનલમાં, વર્લ્ડ નંબર ૧૪ લક્ષ્ય સેને જાપાનના યુશી તનાકાને સીધી ગેમમાં ૨૧-૧૫, ૨૧-૧૧થી પરાજય આપ્યો.



**ફાઈનલમાં એકતરફી જીત**

લક્ષ્ય સેને આ ફાઈનલ મેચ જીતવા માટે માત્ર ૩૮ મિનિટનો સમય લીધો. તેણે શરૂઆતથી જ મેચ પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. પોતાની ગતિ અને આક્રમક રમતથી તેણે જાપાની ખેલાડીને ક્યારેય હાવી થવાનો મોકો આપ્યો ન હતો. જીત બાદ, લક્ષ્ય સેને પોતાના સિગ્નેચર અંદાજમાં બંને કાનમાં આંગળીઓ નાખીને ઉજવણી કરી હતી, જેનો અર્થ એ છે કે તે બહારના ઘોંઘાટ પર ધ્યાન આપતો નથી. ત્યારબાદ તેણે પોતાના કોચ યુ યોંગ સુંગ અને પિતા ડી.કે. સેનને ગળે લગાવ્યા હતા.

**ફાઈનલ સુધીની મુશ્કેલ સફર**

આ ટૂર્નામેન્ટમાં લક્ષ્યની સફર સરળ રહી ન હતી. શનિવારે રમાયેલી સેમિફાઈનલમાં તેનો મુકાબલો વર્લ્ડ નંબર ૬ અને બીજા ક્રમાંકિત ચાઈનીઝ તાઈપેઈના ચાઉ ટિએન ચેન સામે થયો હતો. ૮૬ મિનિટ સુધી ચાલેલી આ થકવી દેનારી મેચમાં, લક્ષ્ય પ્રથમ ગેમ હારી ગયો હતો અને બીજી ગેમમાં પણ હારની અણી પર હતો. પરંતુ, તેણે શાનદાર વાપસી કરીને મેચ જીતી અને ફાઈનલમાં જગ્યા બનાવી.

**સંઘર્ષ બાદ શાનદાર વાપસી**

વર્ષની શરૂઆતમાં ફોર્મ અને ઈજાની સમસ્યાઓ સામે સંઘર્ષ કરી રહેલા લક્ષ્ય સેને ૨૦૨૫ સિઝનના અંતમાં શાનદાર વાપસી કરી છે. ઓસ્ટ્રેલિયન ઓપનનો ખિતાબ જીતતા પહેલા, તે આ મહિનાની શરૂઆતમાં જાપાન માસ્ટર્સમાં સેમિફાઈનલ અને હાયલો ઓપનમાં ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચ્યો હતો. આ જીત સાથે, લક્ષ્ય સેન હવે ફરીથી વિશ્વના ટોપ ૧૦માં સ્થાન મેળવવાનો પ્રયાસ કરશે અને આ ફોર્મને ૨૦૨૬ના મહત્ત્વના વર્ષમાં આગળ ધપાવશે, જેમાં એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સ બંનેનો સમાવેશ થાય છે.

# ચાર દાયકાનો વિલંબ : દિલ્હીના વસંત કુંજમાં ૧૫૦ ભૂમિહીન દલિત પરિવારો હજુ પણ વચન આપેલા પ્લોટની રાહ જોઈ રહ્યા છે

## દિલ્હી હાઈકોર્ટે ૨૦૧૧માં રંગપુરીના ગ્રામજનોને આપેલા વચનને પૂર્ણ કરવા સરકારને આદેશ આપ્યો હતો, લગભગ એક દાયકાથી તિરસ્કારની કાર્યવાહી ચાલી રહી છે

(એજન્સી) તા.૨૩

૧૯૮૩માં, દક્ષિણ દિલ્હીના વસંત કુંજને અડીને આવેલા રંગપુરી ગામમાં કેન્દ્ર સરકારની યોજના હેઠળ ઓછામાં ઓછા ૧૫૩ ભૂમિહીન દલિત પરિવારોને ૧૨૦ ચોરસ યાર્ડના પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. બેતાલીસ વર્ષ પછી, ખાલી જમીન પર જંગલી વનસ્પતિ ઉગે છે અને ટ્રાન્સપોર્ટરો તેના પર બસો અને ટ્રક પાર્ક કરે છે. ૨૦૧૨માં દિલ્હી સરકારે જેના માટે જમીનનો એક ભાગ હસ્તગત કર્યો હતો તે સ્ટાફ ક્વાર્ટરનો કોઈ સંકેત નથી. આ મામલો ૩૦ વર્ષથી વધુ સમયથી કોર્ટમાં છે અને દિલ્હી હાઈકોર્ટે લગભગ દોઢ દાયકા પહેલા કહ્યું હતું કે ઇચ્છિત લાભાર્થીઓને તેમનો હક મળવો જોઈએ. ૨૦૧૬માં, સુપ્રીમ કોર્ટના નિર્દેશને પગલે, હાઈકોર્ટે અધિકારીઓ સામે જાતે જ તિરસ્કારની કાર્યવાહી શરૂ કરી હતી. સરકારે કોર્ટને જણાવ્યું છે કે ફાળવેલ જમીન ઉપલબ્ધ નથી. પ્લોટના બદલામાં, રંગપુરીના ૧૫૩ પરિવારોને લગભગ ૩૫ કિમી દૂર એક નાનો ફ્લેટ અથવા, જો તેઓ ઇચ્છે તો, ૧૭ લાખ રૂપિયા ઓફર કરવામાં આવ્યા છે. ૧૦ નવેમ્બરના રોજ, હાઈકોર્ટના ન્યાયાધીશ નીતિન વાસુદેવ સાંબ્રે અને અનિશ દયાલની બેન્ચે ‘વહીવટી નિર્ણયોનો આશરો લઈને’ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયિક નિર્ણયોને ‘રોકવા અથવા બિનજરૂરી બનાવવા’ના સરકારના પ્રયાસોની નિંદા કરી. પરંતુ કોર્ટે એવું પણ સૂચન કર્યું કે ફાળવણી કરનાર-અરજદારે ‘જક્કી ન રહેવું જોઈએ અને સરકાર દ્વારા વાજબી દરખાસ્ત પર વિચાર કરવા માટે ખુલ્લા રહેવું જોઈએ’. ૧૭ નવેમ્બરના રોજ, દિલ્હી સરકારના વરિષ્ઠ વકીલ સંજય જૈનના વકીલે કોર્ટને માહિતી આપી હતી કે, ‘તિરસ્કારની કાર્યવાહી લગભગ એક દાયકાથી ચાલુ હોવાથી આ મુદ્દાને ઉકેલવા માટે ૨૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ માનનીય લેફ્ટનન્ટ ગવર્નર સાથે બેઠક યોજાવાની છે’. શુક્રવારે બેઠકમાં હાજર રહેલા સૂત્રોએ જણાવ્યું હતું કે કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકાયું નથી. ૧૯૯૩માં, ૬૭ વર્ષના લાભાર્થી નંદ કિશોરે તેમના વકીલ રાકેશ સૈની દ્વારા ૧૯૮૩માં પ્રધાનમંત્રી વીસ મુદ્દા કાર્યક્રમ (TPP) હેઠળ ફાળવવામાં આવેલા પ્લોટનો કબજો મેળવવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. ૧૯૭૫માં ઈન્દિરા ગાંધીની સરકારે શરૂ કરેલી આ યોજનાનો હેતુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગના ભૂમિહીન પરિવારોને જમીન પૂરી પાડવાનો હતો. ૨૦૧૧માં, હાઈકોર્ટના એક જજે કિશોરની તરફેણમાં ચુકાદો આપ્યો હતો, જેમાં નોંધવામાં આવ્યું હતું કે સરકારની ‘રંગપુરી ગામના ભૂમિહીન રહેવાસીઓને રહેઠાણ માટે જમીન ફાળવવાની’ ‘કાનૂની જવાબદારી’ અને ‘સામાજિક જવાબદારી’ બંને છે. જો કે, દિલ્હી પંચાયત રાજ નિયમો હેઠળ ફાળવણીને જરૂરી પૂર્વ મંજૂરી ન હોવાથી, કોર્ટે અધિકારીઓને TPPના હેતુને પ્રાપ્ત કરવા માટે ફાળવી શકાય તેવી જમીન શોધવાનો નિર્દેશ આપ્યો હતો. જુલાઈ ૨૦૧૨માં આ આદેશ સામેની અપીલ ફગાવી દેવામાં આવી હતી અને વહીવટને તેનું પાલન કરવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવ્યો હતો.

# પૂર્વ U-16 ફૂટબોલર સાગર સોર્તીનું શંકાસ્પદ મોત, 3 દિવસથી ગુમ રહ્યા બાદ પાલઘરના જંગલમાંથી લટકતી હાલતમાં મળ્યો મૃતદેહ





પાલઘર/મુંબઈ, તા.૨૩

મુંબઈના પૂર્વ અંડર-૧૬ ફૂટબોલર સાગર સોર્તીનો મૃતદેહ પાલઘરના એક જંગલમાંથી ઝાડ પર લટકતી હાલતમાં મળી આવતા ખળભળાટ મચી ગયો છે. તે છેલ્લા ત્રણ દિવસથી ગુમ હતો. પોલીસે આ મામલે આત્મહત્યાની શંકા વ્યક્ત કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે.

**ઘટનાક્રમ**

પ્રાપ્ત માહિતી અનુસાર, સાગર સોર્તી ૧૫ નવેમ્બરના રોજ પોતાના ઘરેથી એવું કહીને નીકળ્યો હતો કે તે ફૂટબોલ રમવા માટે પુણે જઈ રહ્યો છે. જોકે, બીજા દિવસે જ્યારે પરિવારે તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેનો ફોન બંધ આવ્યો. ચિંતિત પરિવારે તરત જ પોલીસમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના ત્રણ દિવસ બાદ, સાગરનો મૃતદેહ પાલઘરના મેંઢાવણ ખીણના જંગલમાં એક ઝાડ પર લટકતી હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે તેના મોબાઈલ ફોનના આધારે તેની ઓળખ કરી હતી.

**માનસિક તણાવના સંકેતો**

સાગરના સંબંધીઓએ જણાવ્યું કે તે છેલ્લા બે વર્ષથી માનસિક તણાવમાં હતો. તેના માનસિક અસ્વસ્થતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે આ મહિનાના અંતમાં તેના નાના ભાઈના લગ્ન હોવા છતાં, તેણે પોતાના માટે નવા કપડાં સીવડાવવાની પણ ના પાડી દીધી હતી.

**પોલીસ તપાસ શરૂ**

કાસા પોલીસ સ્ટેશનમાં હાલમાં અકસ્માતે મોતનો કેસ નોંધવામાં આવ્યો છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જેજે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે, જેના રિપોર્ટ બાદ મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે. પોલીસ આ મામલે તમામ એંગલથી તપાસ કરી રહી છે.

# સ્મૃતિ મંધાના-પલાશ મુછાલની સંગીતમાં ધમાલ, ‘તેનુ લેકે...’ પર કપલનો ડાન્સ વાયરલ, સાથી ખેલાડીઓએ પણ જમાવ્યો રંગ





નવી દિલ્હી/મુંબઈ, તા.૨૩

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાના અને સંગીતકાર-ફિલ્મ નિર્માતા પલાશ મુછાલ આજે, રવિવાર, ૨૩ નવેમ્બરના રોજ લગ્નગ્રંથિથી જોડાવા જઈ રહ્યા છે. તેમના લગ્ન પહેલાની રસમો, ખાસ કરીને ભવ્ય સંગીત સેરેમની, હાલમાં ચર્ચાનું કેન્દ્ર બની છે. આ સંગીત સેરેમનીના અનેક વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, જેમાં ક્રિકેટ અને સંગીત જગતના સિતારાઓ ધૂમ મચાવતા જોવા મળે છે.

**સંગીત સેરેમનીના વાયરલ મોમેન્ટ્સ :** સંગીતની રાત્રે સ્મૃતિ અને પલાશે ફિલ્મ ‘સલામ-એ-ઈશ્ક’ના હિટ ગીત ‘તેનુ લેકે મેં જાવાંગા’ પર શાનદાર ડાન્સ કર્યો હતો. આ પરફોર્મન્સ દરમિયાન, સ્મૃતિએ પલાશના ગળામાં વરમાળા પહેરાવી હતી, જે ક્ષણે સૌના દિલ જીતી લીધા હતા. આ ઉપરાંત, અન્ય એક વીડિયોમાં પલાશ સ્ટેજ પર સ્મૃતિ માટે આઈકોનિક ગીત ‘ગુલાબી આંખે’ ગાતો જોવા મળે છે, જ્યારે સ્મૃતિ તેને પ્રેમભરી નજરે જોઈ રહી છે. સંગીત સેરેમનીનો સૌથી ખાસ પળ ત્યારે આવ્યો જ્યારે ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સાથી ખેલાડીઓએ સ્મૃતિ માટે ‘તેરા યાર હું મૈં’ ગીત પર એક સ્પેશિયલ ગ્રુપ ડાન્સ પરફોર્મન્સ આપ્યું હતું.

**મહેંદી અને અન્ય રસમો :** સંગીત પહેલા, મહેંદી સેરેમનીની તસવીરો પણ ખૂબ વાયરલ થઈ હતી. આ પ્રસંગે, સ્મૃતિએ પરંપરાગત જાંબલી રંગનો પોશાક પહેર્યો હતો, જ્યારે પલાશે એમ્બ્રોઈડરી વાળા જેકેટ સાથે ક્રીમ કુર્તો પસંદ કર્યો હતો. આ પ્રસંગે ગાયિકા પલક મુછાલ અને સંગીતકાર મિથુન સહિતના પરિવારના સભ્યો પણ હાજર રહ્યા હતા.

**ક્રિકેટ અને સંગીતનો સંગમ :** ઉલ્લેખનીય છે કે આ ઉજવણીની શરૂઆત ત્યારે થઈ જ્યારે પલાશે ડીવાય પાટિલ સ્ટેડિયમમાં સ્મૃતિને પ્રપોઝ કર્યું હતું. સ્મૃતિ અને પલાશના લગ્ન સમારોહમાં ક્રિકેટ અને સંગીત જગતની અનેક મોટી હસ્તીઓ હાજરી આપે તેવી અપેક્ષા છે.


# ‘દલિત’ અને ‘કંજરણ’ શબ્દો ગ્રામજનોની લાગણીઓને ઠેસ પહોંચાડી રહ્યા છે

(એજન્સી) તા.૨૩

કાઉન્સિલ સ્કૂલોના નામમાં ‘દલિત’ શબ્દનો ઉપયોગ કરવાથી ગ્રામજનોની લાગણીઓને ઠેસ પહોંચી રહી છે. શાળાના નામમાં ‘દલિત’ શબ્દનો ઉપયોગ થવાથી વિદ્યાર્થીઓ પણ પ્રભાવિત થઈ રહ્યા છે. ઉત્તરપ્રદેશ અનુસૂચિત જાતિ/જનજાતિ મૂળભૂત શિક્ષક સંઘે BSAને એક આવેદનપત્ર સુપરત કર્યું, જેમાં ગ્રામજનોની વિનંતી મુજબ બંને શાળાઓના નામમાંથી ‘દલિત’ શબ્દ દૂર કરવાની માંગ કરવામાં આવી. સંગઠનના જિલ્લા પ્રમુખ નરેન્દ્ર કુમાર સિંહના નેતૃત્વમાં, સંગઠનના સભ્યો BSAને મળ્યા. તેઓએ અહેવાલ આપ્યો કે બેવાર બ્લોક વિસ્તારના શિલવંત ગામમાં એક પ્રાથમિક શાળા ‘દલિત’ (દલિત) નામથી કાર્યરત છે. ગ્રામજનોએ શાળાના નામથી તેમને ઠેસ પહોંચી હોવાનું જણાવ્યું હતું. સુલતાનગંજ બ્લોકમાં કંજરણ ભોગાવ નામની પ્રાથમિક શાળાઓ, ભીમનગર ભોગાવના રામલીલા મેદાનમાં કાર્યરત છે. તેઓએ માંગ કરી કે બંને શાળાઓમાંથી ‘દલિત’ અને ‘કંજરણ’ શબ્દો દૂર કરવામાં આવે.

# મુખ્ય ન્યાયાધીશ ગવઈના કાર્યકાળ દરમિયાન ૨૪ ઓબીસી, લઘુમતી ન્યાયાધીશોને ઉચ્ચ અદાલતોમાં નિમણૂકની મંજૂરી

## CJI ગવઈના કાર્યકાળ દરમિયાન અનુસૂચિત જાતિ સમુદાયના ૧૦, અન્ય પછાત વર્ગો અને પછાત વર્ગના ૧૧ અને લઘુમતી સમુદાયના ૧૩ ન્યાયાધીશોને વિવિધ ઉચ્ચ અદાલતોમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા



(એજન્સી) તા.૨૩

સુપ્રીમ કોર્ટે ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈના લગભગ છ મહિનાના કાર્યકાળ દરમિયાન મંજૂર કરાયેલી ભલામણોની વિગતો આપતી એક સત્તાવાર નોંધ બહાર પાડી છે. દસ્તાવેજ દર્શાવે છે કે ન્યાયાધીશ ગવઈના નેતૃત્વ હેઠળના કોલેજિયમે વિવિધ ઉચ્ચ અદાલતોમાં નિમણૂકો માટે કેન્દ્રને ૧૨૯ નામો મોકલ્યા હતા, જેમાંથી ૯૩ નામોને મંજૂરી આપવામાં આવી હતી. માહિતી અનુસાર, સરકારે મંજૂર કરેલા નામોમાં અનુસૂચિત જાતિ સમુદાયના ૧૦, અન્ય પછાત વર્ગોના ૧૧ અને લઘુમતી સમુદાયના ૧૩ ન્યાયાધીશોનો સમાવેશ થાય છે. આ યાદીમાં ૧૫ મહિલા ન્યાયાધીશોનો પણ સમાવેશ થાય છે, જે કોલેજિયમના વ્યાપક પ્રતિનિધિત્વ માટેના પ્રયાસને પ્રતિબિંબિત કરે છે. સરકારે આ સમયગાળા દરમિયાન સુપ્રીમ કોર્ટમાં પાંચ ન્યાયાધીશોને બઢતી આપવાને પણ મંજૂરી આપી- જસ્ટિસ એન.વી. અંજારિયા, વિજય બિશ્નોઈ, એ.એસ. ચાંદુરકર, આલોક આરાધે અને વિપુલ મનુભાઈ પંચોલી. હાઈકોર્ટમાં નિયુક્ત ૯૩ ન્યાયાધીશોમાંથી ૪૯ બારમાંથી આવ્યા હતા, જ્યારે બાકીના ન્યાયિક સેવામાંથી લેવામાં આવ્યા હતા. નિયુક્ત કરાયેલા પાંચ ન્યાયાધીશોના પરિવારના સભ્યો વર્તમાન અથવા પૂર્વ ન્યાયાધીશો સાથે જોડાયેલા હતા. ભારતના મુખ્ય ન્યાયાધીશ બનનારા પ્રથમ બૌદ્ધ અને બીજા દલિત ન્યાયાધીશ, જસ્ટિસ ગવઈએ ૧૪ મેના રોજ કાર્યભાર સંભાળ્યો અને ૨૩ નવેમ્બરના રોજ પદ છોડશે. જસ્ટિસ સૂર્યકાંત ૨૪ નવેમ્બરના રોજ આગામી CJI તરીકે શપથ લેશે. ભારતના ૫૨મા મુખ્ય ન્યાયાધીશ તરીકેના તેમના ટૂંકા કાર્યકાળ દરમિયાન, ગવઈએ અનેક મહત્વપૂર્ણ ચુકાદાઓ લખ્યા-જેમાં વકફ કાયદાની મુખ્ય જોગવાઈઓ પર રોક લગાવવી, ટ્રિબ્યુનલ સુધારા કાયદાને રદ કરવો અને કેન્દ્રને પ્રોજેક્ટ્સ માટે પોસ્ટ-ફેક્ટો પર્યાવરણીય મંજૂરીઓ આપવાની મંજૂરી આપવી શામેલ છે. શુક્રવારે તેમનો છેલ્લો કાર્યકારી દિવસ હતો. ભાવનાત્મક વિદાયમાં, CJI ગવઈએ કહ્યું કે તેઓ ‘સંપૂર્ણ સંતોષજ સાથે’ પદ છોડી રહ્યા છે અને વકીલ અને ન્યાયાધીશ તરીકે ચાર દાયકાની કારકિર્દીના અંતે પોતાને ‘ન્યાયના વિદ્યાર્થી’ ગણાવ્યા હતા.

# સુપ્રીમ કોર્ટે જે ઉમેદવારનું ST પ્રમાણપત્ર રદ કરવામાં આવ્યું હતું તેની MBBS ડિગ્રી સુરક્ષિત રાખતા કહ્યું કે જો તેને માન્યતા ન આપવામાં આવે તો તબીબી શિક્ષણ બરબાદ થઈ જશે

(એજન્સી) તા.૨૨

કોર્ટે અરજદારને ભવિષ્યમાં અનુસૂચિત જનજાતિ તરીકે લાભો મેળવવાથી રોકી દીધો છે. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં એક મેડિકલ વિદ્યાર્થીને તેનું ST (અનુસૂચિત જનજાતિ) પ્રમાણપત્ર અમાન્ય ગણવામાં આવ્યું હોવા છતાં તેનું MBBS શિક્ષણ પૂર્ણ કરવાની મંજૂરી આપી હતી, કારણ કે તેણે કાર્યવાહી પેન્ડિંગ દરમિયાન કોર્સ પૂર્ણ કરી લીધો હતો. જોકે, કોર્ટે સ્પષ્ટ કર્યું કે તે ST શ્રેણી હેઠળ વધુ કોઈ લાભ મેળવવા માટે હકદાર રહેશે નહીં. CJI બી.આર. ગવઈ અને ન્યાયાધીશ વિજય બિશ્નોઈની બેન્ચ બોમ્બે હાઈકોર્ટના આદેશને પડકારતી સુનાવણી કરી રહી હતી, જેમાં સ્ક્રુટિની કમિટીના તેમના અનુસૂચિત જનજાતિ ‘મન્નેરવરલુ’ના જનજાતિ પ્રમાણપત્રને જપ્ત અને અમાન્ય કરવાના આદેશને સમર્થન આપવામાં આવ્યું હતું. અરજદારે પ્રતિવાદી નંબર ૩ - એક મેડિકલ કોલેજમાં MBBS કોર્સમાં પ્રવેશ મેળવ્યો હતો અને આ પ્રવેશ અનુસૂચિત જનજાતિ શ્રેણી માટે અનામત બેઠક પર હતો, તે તેના એવા દાવા પર આપવામાં આવ્યો હતો કે તે મન્નેરવરલુ જનજાતિનો છે. સ્ક્રુટિની કમિટી સમક્ષ કાર્યવાહી પેન્ડિંગ દરમિયાન, તેણે તેનું તબીબી શિક્ષણ પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ, સ્ક્રુટિની કમિટીએ અનુસૂચિત જનજાતિ દરજ્જા માટેનો તેમનો દાવો ફગાવી દીધો.



કોર્ટે સિનિયર એડવોકેટ સુધાંશુ એસ ચૌધરીની રજૂઆત નોંધી હતી કે અરજદારે જનરલ કેટેગરી હેઠળ ચૂકવવાપાત્ર ફીની સંપૂર્ણ ચુકવણી કરી દીધી છે. આમ, ફાળવણી પૂર્ણ કર્યા પછી સીટ ફરીથી ફાળવી શકાતી નથી.

આ બાબતને ધ્યાનમાં લેતા, બેન્ચે નોંધ્યું હતું કે “જો તેમને રક્ષણ આપવામાં નહીં આવે તો કિંમતી તબીબી શિક્ષણ બરબાદ થઈ જશે.” આમ, કોર્ટે તેમને તેમના તબીબી શિક્ષણ સાથે આગળ વધવાની મંજૂરી આપી અને બેન્ચે કહ્યું કે,

“અમે અરજદાર દ્વારા લેવામાં આવેલા શિક્ષણને સુરક્ષિત રાખીએ છીએ. તેથી, અરજદાર દ્વારા MBBS ડિગ્રી માટે લેવામાં આવેલ શિક્ષણ માન્ય રહેશે. જો કે, સ્પષ્ટતા કરવામાં આવે છે કે અરજદાર હવે પછી અનુસૂચિત જનજાતિ શ્રેણીમાં હોવાના આધારે કોઈપણ લાભનો દાવો કરશે નહીં. અરજદારોના વકીલ : શ્રી સુધાંશુ એસ ચૌધરી, સિનિયર એડવોકેટ; શ્રી આર.કે. મેંદાડકર, એડવોકેટ; શ્રી વાત્સલ્ય વિજ્ઞાન, AOR; કુ. પ્રાંજલ ચપલગાંવકર; કુ. ગૌતમ યાદવ; શ્રી યશ સિંઘાનિયા

પ્રતિવાદીઓ માટે વકીલ : શ્રી આદર્શ દુબે; શ્રી સિદ્ધાર્થ ધર્માધિકારી; શ્રી આદિત્ય અનિરૂદ્ધ પાંડે; શ્રી શ્રીરંગ બી. વર્મા; શ્રી સુહાસકુમાર કદમ; હતા.

# મારી અને મામદાની વચ્ચે ‘એક વાત સમાન છે’, અમે ન્યુયોર્ક શહેરને પ્રેમ કરીએ છીએ અને ઈચ્છીએ છીએ કે તેનો વિકાસ થાય’ : મામદાની સાથે મુલાકાત પછી ટ્રમ્પનું નિવેદન

(એજન્સી) તા.૨૨

ન્યૂ યોર્કના ચૂંટાયેલા મેયર ઝોહરાન મામદાનીની સાથેની મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આશ્ચર્યજનક સ્વરમાં કહ્યું કે જો મમદાનીએ તેમને ‘ફાસીવાદી’ કહેવાનું ચાલુ રાખે તો તેઓને વાંધો નથી. જ્યારે એક પત્રકારે મમદાનીને પૂછ્યું કે શું તેઓ હજુ પણ તે લાક્ષણિકતા પર અડગ છે, ત્યારે ચૂંટાયેલા મેયરએ શરૂઆત કરી, પરંતુ ટ્રમ્પ ઝડપથી વચ્ચે પડ્યા કે તે ઠીક છે. તમે ફક્ત હા કહી શકો છો. તે સમજાવવા કરતાં સરળ છે. મને વાંધો નથી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઓવલ ઓફિસમાં ન્યૂ યોર્ક શહેરના ચૂંટાયેલા મેયર ઝોહરાન મમદાની સાથેની તેમની મુલાકાતને ‘મહાન’ અને ‘ખૂબ જ ઉત્પાદક’ ગણાવી હતી. ન્યૂ યોર્કના વતની ટ્રમ્પે મમદાનીને તેમની ચૂંટણી જીત પર અભિનંદન આપ્યા અને કહ્યું કે બંને નેતાઓએ હાઉસિંગ ડેવલપમેન્ટ અને ખાદ્યપદાર્થોના વધતા ભાવ સહિત અનેક મુખ્ય મુદ્દાઓ પર



**અમેરીકી રાષ્ટ્રપતિએ કહ્યું કે, અમારી વચ્ચે એક વાત સમાન છે, અમે ઈચ્છીએ છીએ કે આપણું આ શહેર ખૂબ જ સારૂં કરે અને મેં તેમને અભિનંદન આપ્યા, અને અમે ખૂબ જ મજબૂત સમાનતા ધરાવતી કેટલીક બાબતો વિશે વાત કરી, જેમ કે રહેઠાણ અને રહેઠાણનું નિર્માણ અને ખાદ્યપદાર્થોના ભાવ, ઓઈલના ભાવ વગેરે**

સમાનતા શોધી કાઢી છે. અમારી હમણાં જ એક મહાન બેઠક થઈ છે, ખરેખર સારી, ખૂબ જ ઉત્પાદક બેઠક છે. એક વાત સમાન છે, અમે અમારા આ શહેરને ખૂબ જ સારી રીતે આગળ કરવા માંગીએ છીએ, અને મેં તેમને અભિનંદન આપ્યા, અને અમે ખૂબ જ મજબૂત સમાનતામાં કેટલીક બાબતો વિશે વાત કરી છે. ટ્રમ્પે મમદાની પ્રત્યે સદ્ભાવનાનો સંકેત પણ આપ્યો, જે સૂચવે છે કે તેઓ રાજકીય સ્પેક્ટ્રમમાં અપેક્ષાઓને પણ અવગણી શકે છે. મને લાગે છે કે તે એક મહાન મેયર હશે. તેઓ જેટલું સારૂં કરશે, હું તેટલો જ ખુશ રહીશ. હું કહીશ કે પાર્ટીમાં કોઈ ફરક નથી. મને લાગે છે કે તેઓ કેટલાક રૂઢિચુસ્ત લોકોને, ખરેખર, અને કેટલાક ખૂબ જ ઉદાર લોકોને આશ્ચર્યચકિત કરશે.

મમદાનીએ ટ્રમ્પના મૂલ્યાંકનને સમર્થન આપ્યું, અને ચર્ચાને ખૂબ જ ઉત્પાદક અને ન્યૂ યોર્કવાસીઓ સામેના તાત્કાલિક ખર્ચ-જીવન પડકારો પર કેન્દ્રિત ગણાવી હતી. મમદાનીએ કહ્યું કે, રાષ્ટ્રપતિ સાથેની મુલાકાતની મેં પ્રશંસા કરી, અને તેમણે કહ્યું હતું, તે એક ઉત્પાદક બેઠક હતી જે સહિયારી પ્રશંસા અને પ્રેમના સ્થળ, ન્યૂ યોર્ક શહેર પર કેન્દ્રિત હતી. તેઓએ રહેવાસીઓને શહેરમાંથી બહાર કાઢવાના મુદ્દાઓ પર ચર્ચા કરી, જેમાં વધતા ભાડા, કરિયાણા અને ઉપયોગિતાઓનો સમાવેશ થાય છે. અમે ભાડા વિશે વાત કરી, અમે કરિયાણા વિશે વાત કરી, અમે ઉપયોગિતાઓ વિશે વાત કરી. અમે લોકોને બહાર કાઢવાની વિવિધ રીતો વિશે વાત કરી. મેં રાષ્ટ્રપતિ સાથેના સમયની પ્રશંસા કરી, વાતચીતની પ્રશંસા કરી, અને હું ન્યૂ યોર્કવાસીઓ માટે સાથે મળીને કામ કરવા આતુર છું.

# રાષ્ટ્રપતિના સંદર્ભ અંગે સુપ્રીમ કોર્ટનો જવાબ વિપક્ષી રાજ્યોના અધિકારો પર થતાં ‘હુમલાઓ’ને રોકી શકશે નહીં : CPI (M)

(એજન્સી) તા.૨૨

સીપીઆઈએ શનિવારે રાષ્ટ્રપતિના સંદર્ભ પર સુપ્રીમ કોર્ટના જવાબ પર નિરાશા વ્યક્ત કરતા કહ્યું કે તે વિપક્ષ શાસિત રાજ્યોમાં રાજ્યપાલો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી વધારાની બંધારણીય સત્તાઓને પ્રોત્સાહન આપશે. તેમણે દાવો કર્યો હતો કે ટોચની અદાલતનો જવાબ કેન્દ્રના હાથમાં સત્તાઓના વધુ પડતા કેન્દ્રીકરણને કારણે ચાલી રહેલા રાજ્યોના અધિકારો પરના હુમલાને રોકશે નહીં.

સુપ્રીમ કોર્ટે ગયા ગુરૂવારે જણાવ્યું હતું કે રાજ્ય વિધાનસભાઓ દ્વારા પસાર કરાયેલા બિલોને મંજૂરી આપવા માટે કોર્ટ રાજ્યપાલો અને રાષ્ટ્રપતિ પર કોઈ સમયમર્યાદા લાદી શકે નહીં, પરંતુ એવું પણ કહ્યું હતું કે રાજ્યપાલો પાસે ‘કાયમ માટે’ બિલો રોકવાની ‘અનિયંત્રિત’ સત્તાઓ નથી.

એક નિવેદનમાં, ડાબેરી પક્ષે કહ્યું કે રાષ્ટ્રપતિ સંદર્ભ પર સર્વોચ્ચ અદાલતનો અભિપ્રાય ‘નિરાશાજનક’ હતો, અને તે કેન્દ્રના રાજકીય એજન્ટ તરીકે કામ કરતા રાજ્યપાલોની મનસ્વી કામગીરી પર કોઈપણ બંધારણીય નિયંત્રણો અને સંતુલનરાખતું નથી. બંધારણની કલમ ૨૦૦ હેઠળ રાજ્યપાલોની સત્તાઓ અંગે રાષ્ટ્રપતિ સંદર્ભ પર સુપ્રીમ કોર્ટનો સલાહકાર અભિપ્રાય નિરાશાજનક છે. તે કેન્દ્રના હાથમાં સત્તાઓના વધુ પડતા કેન્દ્રીકરણને કારણે રાજ્યોના અધિકારો પર ચાલી રહેલા હુમલાને કોઈપણ રીતે રોકશે નહીં.

રાજ્ય વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલો સાથે વ્યવહાર કરવામાં રાજ્યપાલો પાસે વિવેકાધીન સત્તાઓ છે અને કોઈ સમય મર્યાદા નક્કી કરી શકાતી નથી એવો આ અભિપ્રાય વિપક્ષ શાસિત રાજ્યોમાં રાજ્યપાલો જે વધારાની બંધારણીય સત્તાઓનો ઉપયોગ કરી રહ્યા છે તેને પ્રોત્સાહન આપશે.

ડાબેરી પક્ષે જણાવ્યું હતું કે, એવું સૂચન છે કે રાજ્યપાલ એવા બિલને મંજૂરી આપવા માટે બંધાયેલા નથી જે રાજ્યપાલ દ્વારા પુનર્વિચારણા માટે મોકલવામાં આવ્યા પછી રાજ્ય વિધાનસભા દ્વારા બીજી વખત અપનાવવામાં આવ્યું હોય. રાજ્યપાલ તેના બદલે બિલને રાષ્ટ્રપતિને મોકલી શકે છે અને તેના દ્વારા તેને અનિશ્ચિત સમય માટે વિલંબિત કરી શકે છે. આ ચુકાદામાં એકમાત્ર રાહત એ છે કે રાજ્યપાલ દ્વારા પેન્ડિંગ બિલ પર લાંબા સમય સુધી નિષ્ક્રિયતાના સંદર્ભમાં, મર્યાદિત ન્યાયિક હસ્તક્ષેપ થઈ શકે છે. આ પણ અસ્પષ્ટ છે, કારણ કે લાંબા સમય સુધી નિષ્ક્રિયતા અથવા વિલંબ શું છે તેની કોઈ વ્યાખ્યા નથી. સુપ્રીમ કોર્ટની સલાહકાર કેન્દ્રના રાજકીય એજન્ટ તરીકે કામ કરતા રાજ્યપાલોના મનસ્વી કાર્ય પર કોઈપણ બંધારણીય નિયંત્રણો મુકતું નથી.

# સરકારે એવા બિલની યાદી બનાવી છે જે ઉપરાજ્યપાલ માટે ચંદીગઢનું સંચાલન કરવાનો માર્ગ મોકળો કરી શકે છે

(એજન્સી) તા.૨૨

પંજાબના દાવા અને રાજધાની ચંદીગઢ સાથેના જોડાણ માટે વ્યાપક પરિણામો લાવી શકે તેવા પગલામાં, કેન્દ્ર સરકારે સંસદના આગામી શિયાળુ સત્રમાં કેન્દ્રશાસિત પ્રદેશનું સંચાલન કરવા માટે ઉપરાજ્યપાલની નિમણૂક કરવા માટે એક બિલ રજૂ કરવા માટે સૂચિબદ્ધ કર્યું છે. રાજ્યસભાની વેબસાઈટ પરના બુલેટિનમાં સૂચિબદ્ધ બંધારણ (૧૩૧ સુધારો)



ભાગલા પછી ચંદીગઢને પંજાબની રાજધાની બનાવવામાં આવી હતી કારણ કે લાહોર પાકિસ્તાનમાં ગયું હતું.

સાહનીએ કહ્યું કે ૧૯૬૬ના પંજાબ પુનર્ગઠન પછી, ચંદીગઢને પંજાબ અને હરિયાણાની રાજધાની બનાવવામાં આવી હતી. પછી અનેક કરારો હેઠળ કેન્દ્રએ ચંદીગઢને પંજાબની રાજધાની બનાવવાનું વચન આપ્યું હતું. હું પંજાબના તમામ

**પંજાબના સાંસદ વિક્રમજીત સિંહ સાહનીએ આ પગલાનો વિરોધ કરતા કહ્યું કે તે રાજધાની ચંદીગઢ પર પંજાબના દાવાને નબળો પાડશે, જેના પર હરિયાણા પણ દાવો કરે છે; પંજાબના તમામ સાંસદોએ અમિત શાહને મળવા વિનંતી કરી છે**

બિલ ૨૦૨૫, ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૦માં કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢને વિધાનસભા વિનાના અન્ય કેન્દ્રશાસિત પ્રદેશો, જેમ કે આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ અને પુડુચેરીની સાથે સંરેખિત કરવાનો પ્રયાસ છે.

પંજાબના રાજ્યસભા સાંસદ વિક્રમજીત સિંહ સાહની શનિવારે બિલને લાલ ઝંડી આપનારા રાજ્યના પ્રથમ રાજકારણી હતા. પંજાબના તમામ સાંસદોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળીને તાત્કાલિક આ બિલના પાયલોટ સામે નિવેદન કરવા વિનંતી કરી, જે રાજધાની પર પંજાબના દાવાને નબળી પાડવાનો પ્રસ્તાવ મૂકે છે, જેનો હરિયાણા પણ દાવો કરે છે. ચંડીગઢ હાલમાં પંજાબના રાજ્યપાલ દ્વારા સંચાલિત છે, અને નવા કાયદા સાથે, તે સ્વતંત્ર વહીવટકર્તા દ્વારા સંચાલિત થવાની સંભાવના છે. નવા કાયદા સાથે, તેમાં લક્ષદ્વીપ અને અન્ય જેવા જ વહીવટી નિયમો હશે, અને એક સ્વતંત્ર વહીવટકર્તા પણ હોઈ શકે છે. ચંડીગઢ પર પંજાબના દાવાઓનું ઐતિહાસિક મહત્વ છે.


સાંસદોને વિનંતી કરું છું કે તેઓ તાત્કાલિક ગૃહમંત્રીને આ મુદ્દા પર ચર્ચા કરવા બોલાવે. આ ઘટનાક્રમ સરકારે એક વિવાદાસ્પદ સૂચના પાછી ખેંચી લીધાના થોડા દિવસો પછી આવ્યો છે જેમાં આંતર-રાજ્ય સંસ્થા કોર્પોરેટ પંજાબ યુનિવર્સિટીના શાસન માળખામાં ફેરફાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉત્તરીય ઝોનલ કાઉન્સિલની બેઠક પછી આ બિલ આવ્યું છે જ્યાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ ચંદીગઢને રાજ્યમાં સ્થાનાંતરિત કરવાનો કેસ રજૂ કર્યો હતો.

# બિહારની સરકારી શાળાઓમાં શિક્ષકો જાતિના આધારે વિદ્યાર્થીઓનું ખોટું મૂલ્યાંકન કરે છે : અભ્યાસમાં દાવો

**ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, બેંગ્લોર દ્વારા કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બિહારની સરકારી શાળાઓમાં વિવિધ જાતિના વિદ્યાર્થીઓ પરીક્ષામાં સમાન સ્કોર કરે છે ત્યારે પણ શિક્ષકોની ધારણાઓ વાસ્તવિક પ્રદર્શન સાથે મેળ ખાતી નથી પછાત જાતિના વિદ્યાર્થીઓને સતત ઓછો સ્કોર આપવામાં આવે છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, બેંગ્લોર (IIM-B)ના નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે બિહારની સરકારી શાળાઓમાં શિક્ષકો ઘણીવાર વિદ્યાર્થીઓના પ્રદર્શનનું ખોટું મૂલ્યાંકન કરે છે અને આ ભૂલ જાતિ પ્રમાણે નોંધપાત્ર રીતે બદલાય છે.



આ અભ્યાસ દર્શાવે છે કે જ્યારે વિવિધ જાતિના વિદ્યાર્થીઓ પ્રમાણિત પરીક્ષણોમાં સમાન સ્કોર કરે છે ત્યારે પણ શિક્ષકોની ધારણાઓ વાસ્તવિક પ્રદર્શન સાથે મેળ ખાતી નથી. પછાત જાતિના વિદ્યાર્થીઓનો સ્કોર સતત ઓછો આંકવામાં આવે છે.

‘જાતિ ઓળખ અને શિક્ષકોની પક્ષપાતી અપેક્ષાઓ : બિહાર, ભારતથી પુરાવા’ નામનું સંશોધન સોહમ સાહુ (ચેરપર્સન, જાહેર નીતિ) અને ઋત્વિક બેનરજી (ચેરપર્સન, અર્થશાસ્ત્ર) દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. તેમાં બિહારની ૧૦૫ સરકારી શાળાઓમાંથી વિદ્યાર્થીઓ, શિક્ષકો, પરિવારો અને શાળાઓના વિગતવાર સર્વેક્ષણ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ગણિત, હિન્દી અને અંગ્રેજીમાં પ્રમાણિત વિષય-આધારિત પરીક્ષાઓ આપી હતી, જે વર્ગમાં તેમનો વાસ્તવિક શૈક્ષણિક ક્રમ નક્કી કરતા હતા. બીજી બાજુ, શિક્ષકોને વ્યક્તિગત રીતે વિદ્યાર્થીઓને ફક્ત તેમની ધારણાઓના આધારે ટોચના, મધ્યમ અથવા નીચેના જૂથોમાં મૂકવા માટે કહેવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના કસોટી-આધારિત રેંક અને તેમના શિક્ષક-સોંપાયેલા રેંક વચ્ચેની વિસંગતતાને સંશોધકો ‘મૂલ્યાંકન પૂર્વગ્રહ’ કહે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શિક્ષકોની ધારણાઓ સામાન્ય રીતે ઘણીવાર ખોટી હોય છે, પરંતુ જ્યારે જાતિની વાત આવે છે, ત્યારે આ ભૂલ બની જાય છે. ખાસ કરીને કહેવાતા ઉચ્ચ જાતિના શિક્ષકો, પછાત જાતિના વિદ્યાર્થીઓને ઓછો આંકવાનું વલણ ધરાવતા હતા - ભલે તેમના પરીક્ષાના સ્કોર્સ સમાન વર્ગોમાં ઉચ્ચ જાતિના વિદ્યાર્થીઓ સાથે તુલનાત્મક રીતે સારા હોય. જ્યારે મૂલ્યાંકન ઉચ્ચ જાતિના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યો હતો ત્યારે ઓબીસી વિદ્યાર્થીઓ - ખાસ કરીને દલિત અને આદિવાસી સમુદાયોના વિદ્યાર્થીઓને તેમના વાસ્તવિક પરીક્ષા-આધારિત રેંક કરતા ૦.૨૨થી ૦.૪૩ રેંક ઓછા મૂલ્યાંકન કરવામાં આવ્યા હતા. અભ્યાસમાં એ પણ દર્શાવવામાં આવ્યું હતું કે ત્રણેય વિષયોમાં ઓબીસી વિદ્યાર્થીઓ ૧૭%થી ૨૭% વધુ ઓછા અંદાજવામાં આવે તેવી શક્યતા હતી. જ્યારે સંશોધકોએ ઓબીસી અને એસસી/એસટી જૂથોમાં પછાત જાતિઓનું અલગથી વિશ્લેષણ કર્યું, ત્યારે તેમને જાણવા મળ્યું કે આ તફાવત મુખ્યત્વે સામાન્ય શ્રેણીના વિદ્યાર્થીઓની તુલનામાં એસસી/એસટી વિદ્યાર્થીઓના ઓછા અંદાજને કારણે છે. સંશોધકો કહે છે કે, આ જાતિ-આધારિત મૂલ્યાંકન તફાવત વાસ્તવિક શૈક્ષણિક પ્રદર્શનમાં કોઈ તફાવતને કારણે નથી. વિવિધ જાતિ જૂથોના વિદ્યાર્થીઓ પરીક્ષામાં લગભગ સમાન સ્કોર કરે છે. તેથી, આ તફાવત વિદ્યાર્થીઓની ક્ષમતામાં કોઈ ચોક્કસ તફાવતથી નહીં, પરંતુ શિક્ષકોની ધારણાઓ અને ગેરસમજોથી છે. અભ્યાસમાં અન્ય સંભવિત કારણોની પણ તપાસ કરવામાં આવી હતી - જેમ કે વર્ગનું કદ, ઉચ્ચ જાતિના શિક્ષકો દ્વારા શીખવવામાં આવતા વર્ગોમાં પછાત જાતિના વિદ્યાર્થીઓની ઓછી હાજરી, અથવા શિક્ષકોની ઉંમર અને અનુભવ અંગે જાણવા મળ્યું કે આમાંથી કોઈ પણ પરિબળ આ તફાવત માટે જવાબદાર નથી.

લેખકો દલીલ કરે છે કે આવા ખોટા અંદાજના ગંભીર લાંબા ગાળાના પરિણામો આવી શકે છે. જો શિક્ષકો સતત માનતા હોય કે સીમાંત જાતિના વિદ્યાર્થીઓ ખરાબ પ્રદર્શન કરશે તો તે વર્ગખંડમાં તેમના વર્તનને અસર કરી શકે છે, તેવિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ અને પ્રેરણાને નકારાત્મક અસર કરી શકે છે અને અંતે શૈક્ષણિક અંતર વધારી શકે છે. આ અસર પિગ્મેલિયન અસર સાથે સુસંગત છે, જેમાં શિક્ષકની અપેક્ષાઓ વિદ્યાર્થીઓના પરિણામોને આકાર આપે છે. આ અભ્યાસ મૂલ્યાંકન (ગ્રેડિંગ)માં પૂર્વગ્રહ પર કેન્દ્રિત અગાઉના સંશોધન સાથે સુસંગત છે જે દર્શાવે છે કે શિક્ષકોની પૂર્વગ્રહયુક્ત અપેક્ષાઓ ગુણ આપતા પહેલા પણ અસ્તિત્વમાં હોય છે.

સંશોધકો દલીલ કરે છે કે આ ગેરસમજોને સુધારવી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

# ૩ વર્ષમાં, ચીન વિશ્વના પહેલા તરતા કૃત્રિમ ટાપુનો માલિક હશે જે ‘પરમાણુ હુમલાથી બચાવી શકે છે’

**આ માળખું ૨૦૨૮ સુધીમાં તૈયાર થઈ જશે, ૭૮,૦૦૦ ટન વજન ધરાવતું, અર્ધ-સબમર્સિબલ ટ્વીન-હલ ડિઝાઈનનો ઉપયોગ કરે છે અને કિનારાથી દૂર લાંબા ગાળાના મિશનને ટેકો આપશે**

(એજન્સી) તા.૨૨

ચીન પરમાણુ આંચકાના તરંગોથી બચવા માટે રચાયેલ એક વિશાળ તરતો સંશોધન પ્લેટફોર્મ વિકસાવી રહ્યું છે, આ એક પ્રોજેક્ટ છે જેના અંગે વિશ્લેષકો કહે છે કે દરિયાઇ પ્રભાવ માટે સ્પર્ધાને ફરીથી શરૂ શકે છે. ચીનની ૧૪મી પંચવર્ષીય યોજના હેઠળ રાષ્ટ્રીય મુખ્ય વૈજ્ઞાનિક માળખાગત પ્રોજેક્ટ તરીકે સત્તાવાર રીતે વર્ગીકૃત કરાયેલ ડીપ-સી ઓલ-વેધર રેસિડેન્ટ ફ્લોટિંગ રિસર્ચ ફેસિલિટી, વિશ્વનો પ્રથમ મોબાઈલ, સ્વ-નિર્ભર કૃત્રિમ ટાપુ હશે. ૭૮,૦૦૦ ટન વજન ધરાવતું આ માળખું અર્ધ-સબમર્સિબલ ટ્વીન-હલ ડિઝાઈનનો ઉપયોગ કરે છે અને કિનારાથી દૂર લાંબા ગાળાના મિશનને ટેકો આપશે. આ ડિઝાઈનનું નેતૃત્વ કરતી શાંઘાઈ જિયાઓ ટોંગ યુનિવર્સિટી (SJTU) અનુસાર, પ્લેટફોર્મ ૧૩૮ મીટર લાંબું અને ૮૫ મીટર પહોળું હશે, જેનો મુખ્ય ડેક પાણીની રેખાથી ૪૫ મીટર ઉપર છે. તે ચાર મહિના સુધી પુરવઠા વિના ૨૩૮ કર્મચારીઓને સમાવી શકશે અને ૧૫ નોટ સુધીની ઝડપે કાર્ય કરશે. આ જહાજ દરિયાઈ સ્થિતિ ૭ સુધીની કઠિન પરિસ્થિતિઓમાં કાર્ય કરી શકે છે અને શ્રેણી ૧૭ જેટલા ઉચ્ચ વાવાઝોડાનો સામનો કરી શકે છે. તેના નાગરિક લેબલ હોવા છતાં, પ્લેટફોર્મમાં સામાન્ય રીતે લશ્કરી પ્રણાલીઓમાં જોવા મળતા પરમાણુ-વિસ્ફોટ-પ્રતિરોધક બાંધકામનો સમાવેશ થાય છે. SJTU ખાતે પ્રોફેસર યાંગ ડેકિંગની ટીમ દ્વારા ચાઈનીઝ જર્નલ ઓફ શિપ રિસર્ચમાં ૪ નવેમ્બરના રોજ પ્રકાશિત થયેલ એક પેપર પુષ્ટિ કરે છે કે સુપરસ્ટ્રક્ચરના ભાગો GJB 1060.1-1991 અનુસાર છે, જે પરમાણુ આંચકા સામે રક્ષણ માટે ચીની લશ્કરી ધોરણ છે. આ સુરક્ષિત કમ્પાર્ટમેન્ટમાં પાવર, નેવિગેશન અને કોમ્યુનિકેશન માટે મહત્વપૂર્ણ કટોકટી પ્રણાલીઓ છે. આ માળખું દબાણ હેઠળ સમાન રીતે સંકુચિત થાય છે, પરમાણુ આંચકા તરંગના તીક્ષ્ણ આવેગને ધીમા, નિયંત્રિત વિકૃતિમાં રૂપાંતરિત કરે છે. કમ્પ્યુટર મોડેલો દર્શાવે છે કે ૬૦-મીમી-જાડા પેનલ જાડા સ્ટીલ પ્લેટો કરતાં વધુ કાર્યક્ષમ રીતે ઊર્જા શોષી લે છે. આયોજકો અપેક્ષા રાખે છે કે પ્લેટફોર્મ ૨૦૨૮માં સેવામાં આવશે. તેની ગતિશીલતા ચીનને દક્ષિણ ચીન સમુદ્ર સહિત દૂરના અથવા વિવાદિત પાણીમાં અનુકૂલનશીલ હાજરીની સુવિધા આપી શકે છે. જ્યારે બેઈજિંગ તેને સમુદ્ર નિરીક્ષણ, સાધનો પરીક્ષણ અને ઊંડા સમુદ્ર સંસાધન અભ્યાસ માટે એક વૈજ્ઞાનિક સંશોધન આધાર તરીકે વર્ણવે છે, ત્યારે નિરીક્ષકો તેને એક સ્થિતિસ્થાપક કમાન્ડ પોસ્ટ, લોજિસ્ટિક્સ હબ અથવા સર્વેલન્સ નોડ તરીકે ગણે છે.

**વિશ્વનો પ્રથમ તરતો કૃત્રિમ ટાપુ :** ચીન ૭૮,૦૦૦ ટનનું, અર્ધ-સબમર્સિબલ સંશોધન પ્લેટફોર્મ બનાવી રહ્યું છે જે સમુદ્રમાં લાંબા ગાળાના, બધા હવામાનમાં રહેવા માટે સક્ષમ છે.

**ન્યુક્લિયર-બ્લાસ્ટ-પ્રતિરોધક ડિઝાઈન :** પ્લેટફોર્મમાં ભારે સ્ટીલ બખ્તરને બદલે અદ્યતન મેટામેટિરિયલ ‘સેન્ડવિચ બલ્કહેડ્સ’નો ઉપયોગ કરીને પરમાણુ આંચકા તરંગો સામે સુરક્ષિત કમ્પાર્ટમેન્ટ્સ શામેલ છે.



**નાગરિક પ્રોજેક્ટમાં લશ્કરી-ગ્રેડ ધોરણો :** ડિઝાઈનર્સ GJB 1060.1-1991નો સંદર્ભ આપે છે, જે પરમાણુ વિસ્ફોટ સંરક્ષણ માટે ચીની લશ્કરી સ્પષ્ટીકરણ છે, જે બિલ્ટ-ઈન ડ્યુઅલ-યુઝ સંભવિતતા દર્શાવે છે.

**ઉચ્ચ સહનશક્તિ અને ક્ષમતા :** તે ૧૨૦ દિવસ સુધી ૨૩૮ કર્મચારીઓને રિસપ્લાય વિના રાખી શકે છે અને ૧૫ નોટ પર ક્રુઝ કરી શકે છે, જે તેને મુખ્ય નૌકાદળના જહાજો સાથે તુલનાત્મક ટેકો આપે છે.

**આત્યંતિક હવામાન ક્ષમતા :** ટ્વીન-હલ માળખું દરિયાઈ ૭ શ્રેણીમાં કાર્ય કરી શકે છે અને શ્રેણી-૧૭ ટાયફૂનનો સામનો કરી શકે છે, જે સૌથી વધુ રેટેડ ઉષ્ણકટિબંધીય ચક્રવાત છે.

વિસ્થાપનમાં ૫૮.૫% ઘટાડો

પીક તણાવમાં ૧૪.૨૫% ઘટાડો

પરંપરાગત બખ્તર કરતાં હળવા અને વધુ કોમ્પેક્ટ

**વ્યૂહાત્મક ગતિશીલતા :** એક ગતિશીલ પ્લેટફોર્મ તરીકે, તે વિવાદિત પાણીમાં હાજરી જાળવી શકે છે-જેમ કે દક્ષિણ ચીન સમુદ્ર.

**સંભવિત દ્વિ-ઉપયોગ ભૂમિકાઓ :** સંશોધન ઉપરાંત, તે કમાન્ડ નોડ, લોજિસ્ટિક્સ હબ અથવા સર્વેલન્સ પ્લેટફોર્મ તરીકે કાર્ય કરી શકે છે.

**સમયરેખા :** બાંધકામ ૨૦૨૮ સુધીમાં કાર્યકારી સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે.

**વ્યાપક લક્ષ્યો :** ઊંડા સમુદ્રના સંસાધન નિષ્કર્ષણ, દરિયાઈ તકનીકી વિકાસ અને આબોહવા સંશોધન સહિત અર્થતંત્રમાં ચીનની મહત્વાકાંક્ષાઓ માટે મહત્વપૂર્ણ છે.

# અમરેલીમાં અનેક મતદારોના SIRના ફોર્મ ભરવાના બાકી : તંત્ર દ્વારા પ્રચાર પ્રસારનો અભાવ

## સરકારી તંત્ર SIR અંગે વધુ સમયમર્યાદા ફાળવી લોકો જાગૃત થાય તેવો પ્રચાર પ્રસાર કરે તેવી લોક માંગ

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૨૩

અમરેલીમાં મતદાર યાદી ખાસ સુધારણા સઘન (SIR) કાર્યક્રમમાં સરકારી તંત્ર દ્વારા લોકોમાં જાગૃતતા લાવવા કોઈપણ જાતનો પ્રચાર પ્રસાર ના કરવામાં આવ્યું હોવાથી હજુ કેટલાય લોકો આ મતદાર યાદી સુધારણા કાર્યક્રમથી અજાણ છે તેમજ અનેકને ફોર્મ પણ મળેલ નથી અનેકના ફોર્મ પણ ભરાયેલ નથી. હોય ત્યારે સરકારી તંત્ર આ અંગે વધુ સમયમર્યાદા ફાળવી લોકોમાં જાગૃતતા આવે તેવો પ્રચાર પ્રસાર પણ કરે તેવી લોકોમાં માંગણી ઉઠી છે અમરેલીમાં બીએલઓ બૂથ ઉપર ચાર દિવસ માટે ગત તારીખ ૧૫/૧૬ અને ૨૨/૨૩ના રોજ મતદારોનું મેપિંગ કરવા તેમજ જરૂરી માર્ગદર્શન દેવા ઉપલબ્ધ હતા તેમ છતાં અનેક મતદારો આ ફોર્મ ભરવામાં હજુ બાકી હોય તેમજ મતદારો આ બાબતે ફોર્મ ભરવા જાગૃત પણ ના હોય ત્યારે સરકારી તંત્રે પણ મતદારો ૨૦૨૬ની મતદાર યાદીમાં બાકાત ના થાય તેની કાળજી લેવી જોઈએ ફોર્મ વિતરણ કરવા અને ફોર્મ કલેક્ટ કરવા જરૂરી માર્ગદર્શન આપવું વગેરે બાબતમાં સમય મર્યાદા વધારે જોઈતી હોય ત્યારે બી.એલ.ઓ પણ આ કામગીરીમાં ઓછા સમયના કારણે મૂંઝવણમાં મુકાયા છે અને મતદારોને પણ વ્યવસ્થિત સમજાવી શકતા નથી અનેક બીએલઓ દ્વારા ફોર્મમાં ભૂલો પણ થઈ રહી છે ત્યારે સરકારી તંત્ર આ ખાસ મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમની મુદત લંબાવી પ્રસાર પ્રચાર કરે જેથી કરીને લોકોને આ કાર્યક્રમની ખબર પડે નહીંતર અનેક મતદારો ૨૦૨૬ની નવી મતદાર યાદીમાંથી બાકાત થઈ જશે.


(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

### મતદારોની મુશ્કેલીઓ

અમરેલીમાં બીએલઓ મતદારોને ફોર્મ સ્વીકારેલી રસીદ પણ આપતા નથી મતદારોએ તેમને સોંપેલ ફોર્મનો શું પુરાવો રહેશે. ભવિષ્યમાં તેમનું નામ બાકાત થઈ જાય તંત્ર દ્વારા ફોર્મ આપેલ નથી તેવું જણાવી દેવામાં આવે તો તેઓ શું સાબિત કરી શકશે. બીએલો દ્વારા ઘરે ઘરે જઈ ફોર્મ પહોંચાડવના હોઈ અને ઘરે જઈ પરત ફોર્મ લેવાના હોય છે ત્યારે અમરેલીમાં ઘણા બીએલઓ ઘરે ફોર્મ પહોંચાડતા નથી તેમજ જેઓને ફોર્મ મળેલ નથી તેવા મતદારોએ પણ બીએલઓ પાસે જઈ ફોર્મ માંગેલ નથી ત્યારે ફોર્મ જ મળ્યા નથી તેવા મતદારો ફોર્મ કેવી રીતે ભરશે ત્યારે બી.એલ.ઓ પણ મતદારોને ફોર્મ નથી પહોંચાડી શક્યા તે બાબતે સરકારી તંત્ર ને કાને વાત નાખવી જોઈએ જેથી કરીને તંત્રને આ અંગેની જાણ થાય. અનેક મતદારોને પોતાના મતવિસ્તારમાં હોવા છતાં તેમના ફોર્મ તેમને મળ્યા નથી બીએલઓ પાસે ફોર્મ લેવા જાય છે તો ત્યાંથી તેમનું ફોર્મ મળતું નથી અને તેમનું નામ હોતું નથી ત્યારે તેઓને ફોર્મ ભરવા શું કરવું આ અંગે પણ સરકારે ખાસ વ્યવસ્થા ગોઠવવી જોઈએ અને ખાસ મતદારયાદી સુધારણા સઘન કાર્યક્રમનો પ્રચાર પ્રસાર પણ કરવામાં આવે તેવી મતદારોમાં માંગણી ઉઠી છે.

# વિજ્ઞાન પ્રદર્શનમાં ડીસાની સંત અન્ના સ્કૂલનો પ્રોજેક્ટ પ્રથમ ક્રમે

(સંવાદદાતા દ્વારા)
ડીસા, તા.૨૩

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાલનપુર તથા જિલ્લા શિક્ષણાધિકારી, પાલનપુરના સંયુક્ત આયોજન હેઠળ મહર્ષિ કણાદ શાળા વિકાસ સંકુલ, ડીસા ખાતે વિજ્ઞાન–ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૫–૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષની પ્રદર્શનની મુખ્ય થીમ "વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે STEM" હતી.પ્રદર્શનનું સ્થળ કેશર સ્કૂલ, કાંટ (તા.ડીસા) રહ્યું અને તા.૨૧ નવેમ્બર ૨૦૨૫, શુક્રવાર નિર્ધારિત કરવામાં આવી હતી.આ પ્રદર્શનમાં સંત અન્ના સ્કૂલ (અંગ્રેજી મીડિયમ) દ્વારા રજૂ કરાયેલ વિભાગ–૪ (Emerging Technology) અંતર્ગત પ્રોજેક્ટ *"Electricity From Speed Breaker"* એ ઉત્તમ પ્રદર્શન સાથે પ્રથમ સ્થાન મેળવ્યું અને આગળ જિલ્લા કક્ષાએ પસંદગી મેળવી છે.

આ પ્રોજેક્ટના બાળ–વિજ્ઞાનિકો વંશિકા સુથાર અને વૃશિકા સુથાર છે. માર્ગદર્શન આપનાર ગણિત વિજ્ઞાનના શિક્ષક સોનુભાઈ રામરતનભાઈ સોની છે. તેઓએ રોડ પર આવેલા સ્પીડ બ્રેકર પરથી ઊર્જા ઉત્પન્ન કરવાની અનોખી તકનીક રજૂ કરી છે. શાળા પરિવાર તરફથી મેનેજર સર મીના, સર કલ્પના તથા તમામ શિક્ષક મિત્રોએ આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.



# માલગઢના પૂર્વ સરપંચના આત્મહત્યા કેસમાં પાંચ શખ્સોના આગોતરા જામીન નામંજૂર

## જ્યારે આઠ આરોપીઓ હજુ પોલીસ પકડથી દૂર

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૩

ડીસા તાલુકાના માલગઢ ગામના પૂર્વ સરપંચના આત્મહત્યા કેસ મામલામાં ડીસા તાલુકા પોલીસે મૃતકના પુત્રની ફરિયાદ આધારે પૂર્વ સરપંચના મોત માટે દુષ્પ્રેરણ કરનાર એક મહીલા સહિત આઠ શખ્સો વિરૂદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જે પૈકીના વકીલ સહિત પાંચ આરોપીઓએ ડીસા સેશન્સ કોર્ટમાં ધરપકડથી બચવા માટે આગોતરા જામીન અરજી રજૂ કરી હતી. કોર્ટે આ કેસમાં ૫ આરોપીઓની આગોતરા જામીન અરજી રદ કરી હતી. આ ૫ આરોપીઓમાં વકીલ સુરેશભાઇ આઇ. સાંખલાનો પણ સમાવેશ થાય છે. આ ચકચારી કેસમાં મૃતક કુંદનલાલ પુનમાજી કચ્છવા (માળી)નો ૧૧ મીનીટ ૮ સેંકન્ડનો વિડીયો સૌથી મહત્ત્વનો પૂરાવો બન્યો છે. જેમાં મરતાં પહેલા મૃતક કુંદનલાલ કચ્છવા દ્વારા સોશિયલ મીડીયામાં પોતાને ત્રાસ આપનાર અને મોત માટે દુષ્પ્રેરણ પુરૂ પાડનારા આરોપીઓની ગુનામાં ભાગીદારીનું વર્ણન વીડિયો સ્વરૂપે ક્લિપ બનાવી સોશિયલ મીડીયામાં નાખવામાં આવી હતી. બાદમાં તેઓએ પોતાની રીવોલ્વર લમણે મૂકી ગોળી મારી આત્મહત્યા કરી હતી. આ મામલે ફરિયાદ પક્ષના વકીલે જણાવ્યું હતું કે, ડીસાના છઠ્ઠા એડીશનલ જજની કોર્ટમાં આ કામના આરોપી સુરેશભાઇ ઈશ્વરભાઇ સાંખલા (વકીલ), ધીરજકુમાર અમરતલાલ કચ્છવા (ડીસા), ત્રિકમલાલ બાબુજી ગેલોત, સુરેશકુમાર ભરતભાઇ સોલંકી અને પ્રકાશભાઇ બાબુલાલ ગેલોત (માલગઢ) દ્વારા આ કેસમાં આગોતરા જામીન અરજી મૂકવામાં આવી હતી. જ્યારે ડીસાના ઉદ્યોગપતિ દેવીન ઉર્ફે ડો. સુરેશ લચ્છાજી પઢિયાર, ધીરેનકુમાર દેવીનભાઇ પઢિયાર અને મીનાક્ષીબેન ધીરેનકુમાર પઢિયાર પણ આ કેસમાં સંડોવાયેલા છે. જેમાં આરોપી પક્ષનો બચાવ હતો કે, તેઓને આગોતરા જામીન આપવામાં આવે. જોકે, કોર્ટમાં ફરિયાદી વતી અમે જામીન અરજીનો વિરોધ કર્યો હતો. આ તમામ આરોપી વિરૂદ્ધમાં પ્રાથમિક તપાસમાં જ ચાર્જ પૂરતાં પૂરાવા પોલીસને મળી આવ્યા છે. જેથી કોર્ટે આ પ્રાથમિક પુરાવાઓ આધારે ૫ આરોપીઓની આગોતરા જામીન અરજી રદ કરી છે. જયારે ૮ આરોપીઓ પોલીસ પકડથી દૂર છે. આ ચકચારી કેસમાં ડીસા તાલુકા પોલીસની ટીમ તાત્કાલીક ફરાર આઠ આરોપીઓને ઝડપી પાડે તેવી માંગ છે.

# પાલેજ ખાતે લોક સહયોગથી 'સર'ની સરાહનીય કામગીરી

(સંવાદદાતા દ્વારા)
પાલેજ, તા.૨૩

પાલેજ ગ્રામ પંચાયત ખાતે સરની કામગીરી પૂરજોશમાં હાથ ધરાઈ છે. પાલેજમાં સેવાભાવી યુવકોની મદદથી પાલેજ ગ્રામ પંચાયત ખાતે તેમજ બજારમાં તેમજ અહમદ નગર, જહાંગીર પાર્ક, નવી વસાહત, ધનજીશા જીન, માછી વાડ, ગુજરાતી કુમાર શાળા ખાતે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ઈન્ચાર્જ સરપંચ સબ્બીર પઠાણના સીધા માર્ગદર્શન સાથે તેમજ પંચાયતના સક્રિય સહયોગથી વિશાળ સેવાકિય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલેજમાં દસ વોર્ડમાંથી તમામ લોકોને મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા તે હેતુથી blo તથા દસથી વધુ સેવાભાવી યુવાનો ઈમરાન ઐયુબ મોદી, ઈરફાન બોબી, સાબીર પટેલસ, સેહજાદ પઠાણ, સલમાન, આદિલ પઠાણ, રમીઝ પઠાણ, દ્વારા એક સાથે ફ્રોર્મ ભરવાની કામગીરી ચાલુ કરવામાં આવી હતી. મિત્રોના સહયોગથી મતદાર યાદી સુધારણાના ફ્રોમ ભરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. સરાહનીય કામગીરી બજાવી પાલેજ પંચાયત સહિત મતદારો જેમને ફ્રોર્મ ભરવામાં મુશ્કેલી પડતી હતી. તેવાં નાગરિકો માટે આવા કેમ્પ લાભદાયી પુરવાર થયાં છે.



# ગ્રેજ્યુએટ સોશિયલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા પાલનપુરની સાર્વજનિક હોસ્પિટલ ખાતે ૧૨મો મોતિયા દર્દીઓનો કેમ્પ યોજાયો


(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

(સંવાદદાતા દ્વારા)
પાલનપુર, તા.૨૩

પાલનપુર ખાતે સતત ૧૨ વર્ષથી ડો.સલીમ શેખ પ્રમુખ, ગ્રેજ્યુએટ્સ સોશિયલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, (પાલનપુર)ના નેજા હેઠળ આંખના દર્દીઓ માટે મોતીયાનો (ફેકો પદ્ધતિથી) વિના મૂલ્ય ઓપરેશન કરવામા આવેછે પ્રથમ દર્દીઓને બી.પી. ડાયાબીટીસ અને આંખની તપાસ નિષ્ણાંત તબીબો દ્વારા કરવામા આવે છે. આ વર્ષે પણ આંખના સિનિયર નિષ્ણાંત તબીબ ડો.હસમુખભાઇ જોષીએ ૬૮ દર્દીઓને તપાસ્યા હતા. જેમાથી ૨૪ દર્દીઓને ઓપરેશનની જરૂરિયાત જણાઇ હતી. તદ્દુપરાંત ડો.સલીમ એન. શેખ, ડો.ફીરાશ એસ.શેખ તથા ડો.અનુજ પટેલે બી.પી ડાયાબીટીસની તપાસ કરી હતી. સંપૂર્ણ તપાસ બાદ ૨૪ દર્દીઓને ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમા ઓપરેશન કરવા જણાવ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા અતિકુરરેહમાન કુરેશી, ઉસ્માન ખાંન પઠાણ, વાસુભાઇ મોદી અને કનુભાઇ દવે તથા મેડીકેર હોસ્પિટલના સ્ટાફે ભારે જેહમત ઉપાડી હતી સાથો-સાથ ટ્રસ્ટના સ્ટાફનો સહકાર સાંપડ્યો હતો.

# ટંકારીઆ ખાતે શિક્ષિત યુવાનોના સહયોગથી SIR માટે કેમ્પ યોજાયો



(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૨૩

ભરૂચ તાલુકામાં ટંકારીયા ગામ ખાતે મતદાર યાદી સુધારણા ૨૦૨૫ અંતર્ગત કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સરકાર તરફથી ચાલી રહેલ S.I.R.ની કામગીરીના ભાગરૂપે ટંકારીઆ ગ્રામપંચાયત દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારનાં રોજ ટંકારીઆ ગ્રામપંચાયત દ્વારા S. I. R.ની કામગીરી અંતર્ગત ટંકારીઆ મદ્રસા હોલ ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના સરપંચ તથા ડેપ્યુટી સરપંચ સફવાન ભુતા/ઈમરાન કારી તમામ સભ્યો/ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. એક જ સ્થળ પર ગામના તમામ બી.એલ.ઓ. ઉપસ્થિત રહ્યા હતાં. બી.એલ.ઓ. અને ગામના રિટાયર્ડ શિક્ષકો તેમજ એજ્યુકેટેડ નવયુવાનોએ ફ્રોર્મ ભરવાની અને ભરેલા ફ્રોર્મ સ્વીકારવાની કામગીરી કરી હતી. કાર્યશીલ જાગૃત યુવા પંચાયત દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવા બદલ ગામ નાગરિકોએ આભાર માન્યો હતો.

# ઉત્તરપ્રદેશના ટ્રક ડ્રાઈવરનું આમોદની હોટલમાં હાર્ટ એટેકથી મોત

(સંવાદદાતા દ્વારા)
આમોદ, તા.૨૩

આમોદની શમા હોટલમાં સોડા લેવા આવેલા ઉત્તરપ્રદેશના ડ્રાઈવરનું હાર્ટ એટેક આવતા મોત થયું હતું. જેનો વીડિયો પણ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. આમોદ પોલીસે અક્સ્માત ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ કિસ્મઅલી સહેજાદઅલી શેખ (રહે. મનિકૌર તા.ભાનપુર જી.બસ્તી.રાજ્ય ઉત્તરપ્રદેશ) સાંજના ૬ વાગ્યાના સમયે આમોદ સમા હોટલ ઉપર તેમની ગાડી પાર્ક કરી સોડા લેવા માટે સમા હોટલના કાઉંટર ઉપર ગયા હતા. જ્યાં તેઓને સોડા લીધા બાદ એટેક આવતા નીચે ઢળી પડ્યા હતા. જેથી હોટલ ઉપર હાજર હોટલના માલિક ઈમરાનભાઈએ તાત્કાલિક ૧૦૮ બોલાવી તેઓને આમોદ સામુહિક આરોગ્ય લાવવામાં આવ્યા હતા.જ્યાં ફરજ ઉપરના તબીબે તેઓને મરણ જાહેર કર્યા હતા. ગાડી ચાલકને આવેલો હાર્ટ એટેકનો ઘટના હોટલમાં રહેલા સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ હતી.

# કપડવંજ : ઈકો ભાડે લઈ ભેજાબાજે ભાડું અને ઈકો પાછી ન આપી

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૨૩

કપડવંજ કાપડીવાવ ખાતે પાણી પુરવઠા વિભાગમાં નોકરી કરતા એક કર્મચારીની ઈકો અમદાવાદ ખાતે મેન પાવર સપ્લાયરની કંપની ધરાવતા કાવઠના ભેજાબાજે માસિક રૂપિયા ૩૦ હજારના ભાડાથી લીધા પછી પાણી પુરવઠા વિભાગના કર્મચારીને ભાડું તો ન આપ્યું પણ ઈકો પાછી ન આપતા તેઓ એ કાવઠના ભેજાબાજ વિરૂદ્ધ કપડવંજ ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.મળતી માહિતી મુજબ કપડવંજના અંતીસર ગામના મોતીપુરા ખાતે રહેતા રાજેશકુમાર શિવાભાઈ ઝાલા (ઉ.વ.૪૪) કાપડીવાવ ખાતે પાણી પુરવઠા વિભાગમા નોકરી કરે છે તેમની આઠેક માસ પહેલા કપડવંજના અમદાવાદ ખાતે મેઈન પાવર સપ્લાયરની કંપની ધરાવતા સુરજ જશવંત વણકર સાથે ઓળખાણ થઈ હતી. તેણે પોતાની કંપનીમાં માણસો લઈ જવા લાવવા માટે રાજેશકુમારની ઈકો નંબર GJ 06 PC 4096 ભાડેથી આપવાની વાત કરી હતી આ સમયે તેણે ઈકોનો દૈનિક રૂપિયા ૧,૦૦૦ ભાડું આપવાની વાત કરવાની સાથે ઈકો ફક્ત પોતાની કંપનીના માણસોને લાવવા લઈ જવા માટે ઉપયોગમાં લેવાશે તેવો રાજેશ કુમારને વિશ્વાસ આપ્યો હતો.ત્યાર પછી નોટરી સમક્ષ સંમતિ કરાર કરી રાજેશ કુમારે પોતાની ઈકો માસિક રૂપિયા ૩૦,૦૦૦ના ભાડેથી અમદાવાદ ખાતે મેઈન પાવર સપ્લાયરની કંપની ધરાવતા સૂરજ જશવંત વણકરને ભાડે આપી હતી. મહિનો વીત્યા પછી કરાર મુજબ ભાડુંના આપતા રાજેશકુમાર ઝાલાએ ઉઘરાણી કરતા સુરજ વણકર વાયદા પર વાયદા કરતો હતો ત્યાર પછી પણ તેણે ભાડું ન આપતા રાજેશકુમાર ઝાલાએ પોતાની ઈકો કાર પાછી માગી હતી. જે ઈકો પરત કરવામાં પણ સૂરજ વણકર વાયદા પર વાયદા કરતો હતો. દરમિયાન રાજેશકુમાર ઝાલાએ કરેલ તપાસમાં તેમની ભાડે લીધેલ ઈકો તેણે એકાદ અઠવાડિયા સુધી કંપનીના કામમાં ઉપયોગમાં લીધા પછી રાજેશ કુમારની ભાડે લીધેલ ઈકો અન્ય જગ્યા એ આપી દીધી હોવાનું ઉજાગર થયું હતું. કપડવંજ ગ્રામ્ય પોલીસે આ અંગે રાજેશકુમાર ઝાલાની ફરિયાદના આધારે સૂરજ વણપર વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# વડોદરામાં કોર્પોરેશનની કચરાની ગાડીમાં ૧૫ લોકોની જોખમી મુસાફરી

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૩

સંસ્કારી નગરી વડોદરામાં મહાનગરપાલિકાની ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરી ફરી એકવાર વિવાદના વમળમાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની કચરાની ગાડીમાં ૧૫ જેટલા શ્રમિકો જીવના જોખમે મુસાફરી કરી રહ્યા હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. આ ચોંકાવનારો વીડિયો વડોદરાના ખિસકોલી સર્કલ વિસ્તારનો હોવાનું જાણવા મળ્યું છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, પાલિકાની કચરા ગાડીમાં સામાનની જેમ માણસોને ભરવામાં આવ્યા છે. અંદાજે ૧૫ જેટલા લોકો આ ખુલ્લી ગાડીમાં લટકતી હાલતમાં અને જોખમી રીતે મુસાફરી કરી રહ્યા હતા. ગઈકાલે રાત્રે જ આ દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા.શહેરીજનોમાં ચર્ચા છે કે આ પ્રકારની ઘટના પહેલીવાર બની નથી. અગાઉ પણ કોર્પોરેશનની ગાડીઓમાં નિયમોના ધજાગરા ઉડતા જોવા મળ્યા છે. જોકે, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોન્ટ્રાક્ટરો સામે દાખલારૂપ કાર્યવાહી કરવાને બદલે માત્ર નોટિસ આપીને કે મામૂલી દંડ ફટકારીને સંતોષ માની લેવામાં આવે છે. તંત્રની આ નરમ નીતિને કારણે કોન્ટ્રાક્ટરોને આવી જોખમી પ્રવૃત્તિઓ કરવાનું પ્રોત્સાહન મળી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, માત્ર બે દિવસ અગાઉ જ વડોદરા આર.ટી.ઓ., જિલ્લા ટ્રાફિક પોલીસ અને એસ.ટી. વિભાગ દ્વારા સંયુક્ત રીતે ડ્રાઈવ યોજીને ગેરકાયદે મુસાફરોની હેરાફેરી કરતા ખાનગી વાહનો સામે લાલ આંખ કરવામાં આવી હતી અને વાહનો ડિટેઈન કરાયા હતા. ત્યારે હવે સવાલ એ થાય છે કે, શું કાયદો માત્ર સામાન્ય નાગરિકો અને ખાનગી વાહનો માટે જ છે ? ડોર-ટુ-ડોર કોન્ટ્રાક્ટરની આ ગંભીર બેદરકારી સામે શહેર ટ્રાફિક પોલીસ અને મ્યુનિસિપલ કમિશનર શું કડક કાર્યવાહી કરશે તે જોવું રહ્યું.

# ધોળકા ખાતે આગામી સમૂહ લગ્ન સંદર્ભે દુલ્હા-દુલ્હનોના વાલીઓની મીટિંગ મળી

(સંવાદદાતા દ્વારા)
ધોળકા, તા.૨૩

અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે ધોળકા અંજુમને નવજવાન સંસ્થા દ્વારા આગામી તા.૨૧/૧૨/૨૦૨૫, રવિવારે સવારે ૧૦ વાગે મનસુરી કોમ્યુનિટી હોલ ખાતે સમસ્ત મુસ્લિમ સમાજના ૧૪માં સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેની હાલ તડમાર તૈયારીઓ ચાલી રહી છે. આ સમૂહ લગ્ન સમારોહના આયોજન સંદર્ભે આજરોજ તા.૨૩/૧૧/૨૦૨૫, રવિવારે સવારે ૧૦ વાગે ધોળકા ખાતે ટાવર બજાર નજીક પીરાન પીરના છીલ્લા વિસ્તારમાં આવેલ અંજુમન બિલ્ડિંગમાં આ સમૂહ લગ્નમાં જોડાયેલ ૩૦ યુગલોના વાલીઓની મીટિંગ અંજુમન સંસ્થાના પ્રમુખ વસીહૈદર પીરઝાદાની ખાસ હાજરીમાં રાખવામાં આવી હતી. જેમાં દુલ્હા-દુલ્હનોના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મૌલાના ગુલામહૈદર, મૌલાના અબ્દુલજબ્બાર અને મૌલાના ફખરેઆલમ દ્વારા ખોટા ખર્ચા નહીં કરવા અને કુરિવાજોથી દૂર રહી ઈસ્લામિક શરીઅત મુજબ શાદી કરવા દુલ્હા-દુલ્હનોના વાલીઓને અપીલ કરાઇ હતી. આ મીટિંગમાં આગામી સમૂહ લગ્નના આયોજન અંગે દુલ્હા-દુલ્હનોના વાલીઓને માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ધોળકા અંજુમને નવજવાન સંસ્થાની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.



# મહેસાણામાં ઝૂંપડપટ્ટીના ગરીબોને ઘરનું ઘર આપવા મનપાનો સર્વે

(સંવાદદાતા દ્વારા)
વિસનગર,તા.૨૩

મહેસાણા નગરના વિકાસ કામો થકી સુવિધા યુકત અને આકર્ષક બનાવવા તેમજ કલિન ઝૂંપડપટ્ટી સિટી બનાવવા મનપા દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ છે. ત્યારે શહેરના પ્રદૂષણપરાની ગરીબ વસાહતના લોકોને ઘરનું ઘર આપવાના આયોજન સંદર્ભે મનપાના અધિકારીઓએ સ્થળ મુલાકાત લીધી હતી. શહેરના પ્રદૂષણપરાની ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતા ગરીબ લોકોને તેમના સ્વપ્નનું ઘર મળે તેવા આશયથી આગામી દિવસોમાં મહેસાણા મહાનગરપાલિકા દ્વારા આ વિસ્તારમાં ખાસ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે સ્થાનિક ગરીબ અને અભણ લોકોએ પણ સક્રિયતા દાખવવી જરૂરી છે. મળતી માહિતી મુજબ રિહેબિલિટેશન કમિટી પ્રોજેક્ટ હેઠળ ગરીબ લોકોને પોતાનું ઘરનું ઘર મળી રહે તેવા પ્રયાસો તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. જેના પગલે નજીકના પરા તળાવ વિસ્તાર વગેરે સ્થળોએ પુનઃવસવાટ કરાવાય તેવી સઘન વિચારણા સાથે સર્વેની કામગીરી મનપા તંત્ર દ્વારા થઈ રહી છે. જેમાં કોઈ બિલ્ડર દ્વારા બહુમાળી બિલ્ડીંગ આકાર પામે તેવી શકયતા વર્તાઈ રહી છે.

# સરદાર પટેલના એકતાના સંદેશને પુનઃસ્થાપિત કરવા ૨૬ નવેમ્બરથી ૧૧ દિવસની 'યુનિટી માર્ચ'નો પ્રારંભ થશે

(સંવાદદાતા દ્વારા)
રાજપીપળા, તા.૨૩

સરદાર પટેલના રાષ્ટ્રીય એકતાના સંદેશને જન-જનના હૃદયમાં પુનઃસ્થાપિત કરવા માટે ગુજરાતમાં રાષ્ટ્રીય સ્તરની પદયાત્રા સરદાર @ ૧૫૦ : યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રાષ્ટ્રીય પદયાત્રા તા.૨૬ નવેમ્બર - સંવિધાન દિવસના રોજ સરદાર પટેલના વતન કરમસદની ભૂમિથી શરૂ થશે. સરદારના પ્રારંભ અને તેમના વિરાટ વ્યક્તિત્વ વચ્ચે સેતુરૂપ આ યાત્રા તા. ૦૬ ડિસેમ્બરના રોજ નર્મદા નદીના કિનારે બિરાજમાન સરદાર પટેલની વિરાટ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે પૂર્ણ થશે. કરમસદથી એકતાનગર વચ્ચેનું આશરે ૧૫૨ કિલોમીટરનું અંતર હવે રાષ્ટ્રભક્તિનો રાજમાર્ગ બનશે.૧૧ દિવસ સુધી ચાલનારી આ યાત્રા આણંદ, વડોદરા અને નર્મદા જિલ્લાના ગામડાઓ થઈને આગળ વધશે. આ ઐતિહાસિક યાત્રામાં પ્રતિદિન કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રીઓ, પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ સહિત વિવિધ મહાનુભાવો જોડાશે. પ્રત્યેક દિવસે અંદાજે ૧૫,૦૦૦થી વધુ દેશપ્રેમીઓનું ઘોડાપૂર આ યાત્રામાં જોડાઈને સરદાર સાહેબના જીવન આદર્શો અને સત્કાર્યોમાંથી નવી ઊર્જા મેળવશે.

# ડભોઈના કુંભારવાગામાં શોર્ટ સર્કિટથી આગ



ડભોઇ નાના કુંભારવાગામાં રહેતા ડાહ્યાભાઈ પ્રજાપતિના ઘરમાં ફ્રિજના શોર્ટ સર્કિટને કારણે આગ ફાટી નિકળેલ પણ આગ વિકરાળ સ્વરૂપ પકડે એ પહેલા વટેમાર્ગુઓ અને આજુબાજુના રહીશો દોડી આવી આગને બૂઝાવી દીધી સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી નહીવત નુકસાનની વિગતો સાંપડી છે. (તસવીર : આઈ.જી. બોડીવાલા, ડભોઈ)

# એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ અત્યાર સુધીનો સૌથી મોટો નેવિગેશન આધુનિકીકરણ કાર્યક્રમ શરૂ કર્યો

## વડોદરા એરપોર્ટ ડિરેક્ટરે પ્રોજેક્ટને ગેમ ચેન્જર ગણાવ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ દેશના ઉડ્ડયન ક્ષેત્રમાં એક મોટું પગલું ભરતા તેનો સૌથી મોટો એર નેવિગેશન સર્વિસીસ મોર્ડનાઈઝેશન કાર્યક્રમ શરૂ કર્યો છે. આ પહેલનો પ્રાથમિક ઉદ્દેશ્ય એરસ્પેસ ક્ષમતા વધારવાનો અને ફ્લાઈટ કામગીરીને સુરક્ષિત અને સરળ બનાવવાનો છે.

એરલાઈન્સ સતત નવા વિમાનો ઉમેરી રહી છે. પરંતુ પર્યાપ્ત એરસ્પેસના અભાવે નેવિગેશન ક્ષમતાઓમાં અવરોધ ઉભો થયો છે. નિષ્ણાતો માને છે કે જો એરસ્પેસનું વિસ્તરણ અને આધુનિકીકરણ કરવામાં નહીં આવે, તો ભવિષ્યમાં ભારતનો ઉડ્ડયન વિકાસ ધીમો પડી શકે છે. આ જરૂરિયાતને ઓળખીને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ અત્યાધુનિક ટેકનોલોજી, આધુનિક નેવિગેશન સિસ્ટમ્સ અને અદ્યતન ટ્રાફિક મેનેજમેન્ટ પ્રક્રિયાઓનો અમલ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટ ફ્લાઈટ કામગીરીની કાર્યક્ષમતામાં વધારો કરશે, વિલંબ ઘટાડશે અને મુસાફરીના અનુભવમાં સુધારો કરશે. વડોદરા એરપોર્ટ ડિરેક્ટર કહે છે કે આ પગલું ફક્ત મુખ્ય આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટે જ નહીં પરંતુ પ્રાદેશિક એરપોર્ટ માટે પણ ગેમ-ચેન્જર બનશે, કારણ કે તે સમગ્ર દેશમાં એરસ્પેસ મેનેજમેન્ટને મજબૂત બનાવશે. ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, આ આધુનિકીકરણને ભારતના ઝડપથી વિકસતા ઉડ્ડયન ઉદ્યોગ માટે એક મહત્વપૂર્ણ રોકાણ માનવામાં આવી રહ્યું છે.

# વડોદરામાં SIR કેમ્પમાં ૨ કલાકથી લાઈનમાં ઊભેલો યુવક ખેંચ આવતાં ઢળી પડ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં ચાલી રહેલી મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) દરમિયાન રવિવારે એક દુખદ ઘટના સામે આવી છે. મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા કેમ્પમાં વ્યવસ્થાના અભાવે એક અરજદાર યુવકને ગંભીર ઈજા પહોંચી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ફતેગંજની મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો હતો. અહીં એક યુવક પોતાના કામ માટે આવ્યો હતો અને છેલ્લા ૨ કલાકથી લાઈનમાં ઊભો રહીને

### માથામાં ગંભીર ઈજા

પોતાના વારાની રાહ જોઈ રહ્યો હતો. લાંબા સમય સુધી ઊભા રહેવાને કારણે યુવકની તબિયત અચાનક લથડી હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, યુવકને અચાનક ખેંચ આવી હતી, જેના કારણે તે ચક્કર ખાઈને જમીન પર પટકાયો હતો. જમીન પર પડતાની સાથે જ તેના માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી અને તે લોહીલુહાણ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થળ પર નાસભાગ મચી ગઈ હતી. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતાં યુવકને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

# ઉમરેઠમાં ગેરકાયદેસર વાહન સીઝ કરનાર બે સીઝરોની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૩

આણંદ શહેર સહિત જિલ્લાભરમાં ગેરકાયદેસર રીતે વાહનો સીઝ કરનારા અસામાજિક તત્ત્વો બેફામ ફાટી નિકળ્યા છે, ત્યારે ઉમરેઠમાં બાઈકચાલક સાથે મારામારી કરી ગેરકાયદેસર રીતે વાહન સીઝ કરી ફરાર થઈ ગયેલા બે સીઝરો વિરૂદ્ધ ઉમરેઠ પોલીસે ગુનો નોંધી બન્ને સીઝરોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, ત્યારે આણંદ શહેરમાં પણ સામરખા ચોકડી સહીત જુદી-જુદી ચોકડીઓ પર ઉભા રહી ગેરકાયદેસર રીતે વાહન સીઝ કરી વાહન ચાલકો પાસેથી પૈસા પડાવતા ફાટી નિકળેલા ગેરકાયદેસર લુખ્ખા સીઝરો સામે પણ આણંદ ટાઉન પોલીસ અને એલસીબી પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.મળતી વિગતો અનુસાર ઓડની નોખાતલાવડી વિસ્તારમાં રહેતા અજીતભાઈ ગલાભાઈ પરમાર પોતાનાં પત્ની અને બાળકોને લઈને પોતાનાં ભાઈનું મોટર સાયકલ લઈને પોતાની સાસરીમાં કાલસર ગામે જવા નિકળેલા ત્યારે રસ્તામાં સુરેલી ચોકડીથી ધુણાદરા રોડ પર પાછળથી મોટર સાયકલ લઈને આવેલા બે શખ્સોએ જેઓના નામ કિશનકુમાર મહેશભાઈ રોહીત તથા તોફીકખાન સરીફખાન પઠાણ હતા તેઓએ તમારી બાઈકના હપ્તા બાકી છે, તેમ કહીને બાઈકની ચાવી ખુંચવી લેવાનો પ્રયાસ કરતા અજીતભાઈએ બાઈકની ચાવી નહી આપતા બન્ને શખ્સોએ અજીતભાઈ અને તેમની પત્ની અને બાળકોને બાઈક પરથી નીચે પાડી દઈને દાદાગીરી કરીને ગેરકાયદેસર રીતે બાઈક લઈને ફરાર થઈ ગયા હતા. જેથી અજીતભાઈએ આ બનાવ અંગે પોલીસના ૧૧૨ નંબર પર ફોન કરી જાણ કરતા ઉમરેઠ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આ બનાવ અંગે અજીતભાઈની ફરિયાદના આધારે કિશનકુમાર મહેશભાઈ રોહીત તથા તોફીકખાન સરીફખાન પઠાણ (બન્ને રહે.સુરેલી તા.ઉમરેઠ) વિરૂદ્ધ ગુનો નોંધી બન્ને આરોપીઓને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# વડાલીમાં મતદારયાદી સુધારણા માટે ખાસ કેમ્પ : ૫૬.૯૬ ટકા કામગીરી પૂર્ણ



હિંમતનગર, તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકામાં ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ હેઠળ રવિવારના રોજ તમામ મતદાન મથકો પર ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ૦૧-૦૧-૨૦૨૬ની લાયકાત તારીખના સંદર્ભમાં કોઈ પાત્ર નાગરિક મતદારયાદીમાંથી બાકાત ન રહે અને કોઈ અપાત્ર વ્યક્તિનો સમાવેશ ન થાય તે સુનિશ્ચિત કરવાનો છે. આ ઉપરાંત, મૃત્યુ પામેલા, કાયમી સ્થળાંતર કરનારા અને બે જગ્યાએ નોંધાયેલા મતદારોના નામ કમી કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી રહી છે. આ ખાસ કેમ્પ દરમિયાન, બૂથ લેવલ ઓફિસર (BLOs) સવારે ૯:૦૦થી બપોરના ૧:૦૦ કલાક સુધી તેમના મતદાન મથકો પર હાજર રહ્યા હતા. તેમણે મતદારોને ફોર્મ ભરવામાં અને ૨૦૦૨ની મતદારયાદીમાં તેમના નામ શોધવામાં મદદ કરી હતી. મતદારોએ ભરેલા ફોર્મ BLOsને પરત જમા કરાવ્યા હતા. વડાલી તાલુકાના મદદનીશ નોંધણી અધિકારી અને મામલતદાર હર્ષવર્ધન પરમારના જણાવ્યા અનુસાર, તાલુકામાં SIR (Special Intensive Revision) હેઠળ ૭૪,૮૯૯ ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. રવિવારના રોજ બપોરના ૨ વાગ્યા સુધીમાં ૪૨,૬૬૪ ફોર્મનું ડિજિટલાઈઝેશન પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સાથે, વડાલી તાલુકામાં અત્યાર સુધીમાં કુલ ૫૬.૯૬ ટકા SIR હેઠળની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

# વડોદરા નજીક ૧૦ ફૂટના અજગરનું એક કલાકની જહેમતે રેસ્ક્યુ



વડોદરા જિલ્લાના ઈંટોલા ગામમાં મોડીરાત્રે રહેણાંક ફળિયામાં શિકારની શોધમાં મહાકાય અજગર આવી ચડ્યો હતો. જેને જોઈ લોકોમાં ફફડાટ ફેલાયો હતો. બનાવને પગલે વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના કાર્યકરો સ્થળ પર પહોંચ્યા હતા અને કલાકની ભારે જહેમતે ૧૦ ફૂટના મહાકાય અજગરનું રેસ્ક્યુ કરી વનવિભાગને સોંપવામાં આવ્યો હતો. **(તસવીર : અતિત શેખ, વડોદરા)**

# અંકલેશ્વરના પીરામણ ગામ ખાતે ફૂટબોલ પ્રીમિયર લીગનું આયોજન કરાયું

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૩

ભરૂચ ફૂટબોલ પ્રીમિયર લીગ સિઝન ૧નું અંકલેશ્વરના પીરામણ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભરૂચ જિલ્લામાં સૌપ્રથમવાર ભરૂચ ઓક્સન ફૂટબોલ ટુર્નામેન્ટ આયોજિત કરાઈ હતી, જેમાં રૂથલેસ FC અને સરકાર ૧૧ વચ્ચે ફાઈનલ મુકાબલો થયો હતો. જેમાં રૂથલેસ FCનો વિજય થયો હતો. આ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમને ટ્રોફી તથા ૧૧ હજાર રોકડ ઈનામ અપાયું હતું. જ્યારે રનર્સ અપ ટીમને ટ્રોફી તથા ૭ હજારનું ઈનામ અપાયું હતું, ટુર્નામેન્ટનું સફળ આયોજન અરબાઝ મલિક, અરબાઝ પઠાણ, કેફ શાહ, યાસીન કપૂર દ્વારા કરાયું હતું. આ ટુર્નામેન્ટમાં મુખ્ય મહેમાન પૈકી



**(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)**

ભરૂચ જિલ્લા યુવા કોંગ્રેસના મહામંત્રી અને સામાજિક આગેવાન વસીમ ફડવાલા, પિરામણ પંચાયતના ડેપ્યુટી સરપંચ ઈમરાન પટેલ, કોંગ્રેસ અગ્રણી મહેમુદ પઠાણ, ફારૂક પઠાણ, જુનેદભાઈ હાજર રહ્યા હતા.

# વડોદરામાં અપહરણ અને ખંડણી કેસમાં પકડાયેલો વડોદરા સેન્ટ્રલ જેલનો કર્મચારી સસ્પેન્ડ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

વડોદરામાં ભરૂચના બિઝનેસમેનનું અપહરણ કરી સાડા ચાર લાખ પડાવી લેવાના ગુનામાં પકડાયેલા જેલ કર્મચારીને કસ્ટડીમાં ૪૮ કલાક ઉપરાંતનો સમય થઈ જતા તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. ભરૂચ શેરપુરા રોડ પર મદીના પાર્ક સોસાયટીમાં રહેતો ૩૦ વર્ષનો અફાન ઉસ્માનભાઈ કાની ઓન લાઈન ટ્રેડિંગનો બિઝનેસ કરે છે. ૧૨મી તારીખે બપોરે અફાન અને તેની પ્રેમિકા એમ.એસ.યુનિવર્સિટીથી ભરૂચ જતા હતા. તે દરમિયાન એસ.ઓ.જી. અમદાવાદના પોલીસના માણસોની ઓળખ આપી આરોપીઓએ અપહરણ કરી એ સાડા ચાર લાખ પડાવી લીધા હતા. આ કેસમાં પોલીસે જેલ કર્મચારી યાજ્ઞિક રમણભાઈ ચાવડા (રહે. જેલ સ્ટાફ ક્વાટર્સ, સેન્ટ્રલ જેલ, વડોદરા, મૂળ રહે. જી. એચ. બી. કોલોની અસારવા, અમદાવાદ) તથા આફતાબ નઈમખાન પઠાણ, ઉં.વ.૨૬ (રહે. બરકર એપાર્ટમેન્ટની પાછળ, તાંદલજા)ને ઝડપી પાડી રિમાન્ડ લીધા છે. યાજ્ઞિક ચાવડાને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. યાજ્ઞિક જાન્યુઆરી ૨૦૧૪માં ભરતી થયો હતો. જ્યારે વડોદરા જેલમાં જાન્યુઆરી ૨૦૨૩થી ફરજ પર હતો.

# વડોદરા : યુવકનું મોત નીપજાવનારની કારમાં ગાંજો હતો : FSLનો રિપોર્ટ આવતાં ગુનો નોંધાયો

## દોઢ વર્ષ પહેલાંના ચકચારી બનાવમાં કલ્પ અને સૃષ્ટિ સામે નાર્કોટિક્સનો વધુ એક કેસ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

વડોદરા અકોટા બ્રિજ પર દોઢ વર્ષ પહેલાં બેફામ કાર હંકારી સ્કૂટરોને અડફેટમાં લઈ યુવકનું મોત અને બે યુવતીને ગંભીર ઈજાઓ પહોંચાડવાના બનાવમાં પકડાયેલા કલ્પ પંડ્યા અને તેની મિત્ર સૃષ્ટિ સામે વધુ એક ગુનો નોંધાયો છે. ગઈ તા.૧૯-૪-૨૪ના રોજ અકોટા બ્રિજ પર એક કારચાલકે સ્કૂટરોને અડફેટમાં લેતાં આકાશ ચોમલનું મોત નિપજ્યું હતું. જ્યારે, આસ્થા પરીખ અને પ્રિતી શર્માને ઈજા થઈ હતી. આ અંગે બેદરકારી પૂર્વક કાર ચલાવી મોત નીપજાવવા બદલ તેમજ દારૂની બોટલ મળતાં અકોટા પોલીસે અલગ અલગ ગુના નોંધ્યા હતા.પોલીસે કારમાંથી પ્લાસ્ટિકના પાઉચ અને આનંદ મુનક્કા નામના પ્લાસ્ટિકના પેકિંગ કબજે કર્યા હતા.જેમાં ભૂખરા અને લીલાશ પડતો પદાર્થ હતો. આ પદાર્થને પરિક્ષણ માટે ફોરેન્સિકમાં મોકલવામાં આવ્યો હતો. જેમાં પદાર્થ ગાંજો હોવાનું ખૂલતાં ૧૨૭ ગ્રામ ગાંજો રાખવા બદલ અકોટા પોલીસે કલ્પ કનક પંડ્યા અને સૃષ્ટિ સંકેતભાઈ દેસાઈ સામે નાર્કોટિક્સ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

# મહેસાણામાં ઝૂંપડપટ્ટીના ગરીબોને ઘરનું ઘર આપવા મનપાનો સર્વે

(સંવાદદાતા દ્વારા)

વિસનગર,તા.૨૩

મહેસાણા નગરના વિકાસ કામો થકી સુવિધા યુકત અને આકર્ષક બનાવવા તેમજ કલિન ઝૂંપડપટ્ટી સિટી બનાવવા મનપા દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ છે. ત્યારે શહેરના પ્રદૂષણપરાની ગરીબ વસાહતના લોકોને ઘરનું ઘર આપવાના આયોજન સંદર્ભે મનપાના અધિકારીઓએ સ્થળ મુલાકાત લીધી હતી. શહેરના પ્રદૂષણપરાની ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતા ગરીબ લોકોને તેમના સ્વપ્નનું ઘર મળે તેવા આશયથી આગામી દિવસોમાં મહેસાણા મહાનગરપાલિકા દ્વારા આ વિસ્તારમાં ખાસ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે સ્થાનિક ગરીબ અને અભણ લોકોએ પણ સક્રિયતા દાખવવી જરૂરી છે. મળતી માહિતી મુજબ રિહેબિલિટેશન કમિટી પ્રોજેકટ હેઠળ ગરીબ લોકોને પોતાનું ઘરનું ઘર મળી રહે તેવા પ્રયાસો તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. જેના પગલે નજીકના પરા તળાવ વિસ્તાર વગેરે સ્થળોએ પુનઃવસવાટ કરાવાય તેવી સઘન વિચારણા સાથે સર્વેની કામગીરી મનપા તંત્ર દ્વારા થઈ રહી છે. જેમાં કોઈ બિલ્ડર દ્વારા બહુમાળી બિલ્ડીંગ આકાર પામે તેવી શકયતા વર્તાઈ રહી છે.

# પાલનપુરમાં જન આક્રોશ યાત્રા પહોંચી કોંગ્રેસના કાર્યાલયનું પ્રદેશ પ્રમુખે ઉદ્‌ઘાટન કર્યું

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૨૩

ખેડૂતોને પડતી મુશ્કેલી તેમજ લોકોની સમસ્યાને ઉજાગર કરવા માટે જન આક્રોશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાવ થરાદ જિલ્લાના ઢીમા ધરણીધરથી આ યાત્રાની શરૂઆત થઈ હતી અને આ યાત્રા થરાદ લાખણી ધાનેરા ઈકબાલગઢ થઈને પાલનપુર પહોંચી હતી.આગામી સમયમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા કોંગ્રેસ અલગ અલગ જિલ્લાઓમાં જન આક્રોશ યાત્રા થકી છેવાડાના લોકો સુધી પહોંચવાનો પ્રયત્ન કરી રહી છે. ખેડૂતો તેમજ લોકોને પડતી મુશ્કેલીઓ મોંઘવારી ભ્રષ્ટાચાર સહિતના મુદ્દાઓ સાથે ગુજરાત કોંગ્રેસના પ્રદેશના નેતાઓ તેમજ



**(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)**

સ્થાનિક નેતાઓ જન આક્રોશ યાત્રામાં જોડાયા છે અને આ જન આક્રોશ યાત્રા અલગ અલગ શહેરોમાં ફરીને આજે પાલનપુર પહોંચી હતી. બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં જિલ્લા કોંગ્રેસ કાર્યાલય નવીનીકરણ થયા બાદ તેનું ઉદ્‌ઘાટન અમિત ચાવડાના હસ્તે કરવામાં આવ્યું હતું. અમિત ચાવડાએ મીડિયાને સંબોધન કરતાં જણાવ્યું હતું કે લોકોની સમસ્યાઓને વાચા આપવા માટે જન આક્રોશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

# ડીસા ડીવાયએસપીનું ગુજરાત પોલીસ વિભાગ સન્માન કરશે

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૩

ગુજરાત પોલીસ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪ દરમિયાન નોંધપાત્ર અને પ્રશંસનીય કામગીરી કરનાર ૧૧૦ પોલીસ અધિકારી-કર્મચારીઓને DGP's Commendation Disc-2024 માટે પસંદ કરવામાં આવ્યા છે. જેમાં ઉત્તર ગુજરાતમાંથી માત્ર ડીસા ડીવાયએસપી ચંદ્રસિંહ સોલંકીની પસંદગી કરવામાં આવી છે. આ સન્માન સમારોહ ૨૫ નવેમ્બર ૨૦૨૫ના રોજ ગુજરાત પોલીસ અકાદમીના નવા ઓડિટોરિયમમાં બપોરે ૩:૩૦ વાગ્યે યોજાશે. ડીસા ડીવાયએસપી ચંદ્રસિંહ સોલંકી છેલ્લા દોઢ વર્ષથી ડીસા ડિવિઝનમાં ફરજ બજાવી રહ્યા છે. તેમના કાર્યકાળ દરમિયાન તેમણે જાસરામાં ડબલ મર્ડર કેસ, દાંતીવાડા નજીક અપહરણ કેસ,



H.M. આંગડીયા પેઢી લૂંટનો ગુનો અને જૂનાડીસા ગોડાઉનમાં ગેરકાયદેસર ફટાકડા બનાવવાની ઘટના સહિત અનેક ગંભીર ગુનાઓ ઝડપથી અને અસરકારક રીતે ડિટેક્ટ કર્યા હતા.

તેમના માર્ગદર્શન હેઠળ SIT ટીમ અને સ્થાનિક પોલીસ સ્ટેશનોના સંકલનથી તમામ પુરાવા એકત્રિત કરીને આરોપીઓને ઝડપથી પકડી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

# ડભોઈ : કરમાલ નવીનગરીમાંથી વિદેશી શરાબનો જથ્થો ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)ડભોઈ, તા.૨૩

ડભોઈ શહેર તાલુકામાં ભારતીય બનાવટના વિદેશી શરાબનું જાણે હબ બનવા પામ્યું હોય એમ રોજ ભારતીય બનાવટનો વિદેશી જથ્થા ઝડપાવાના બનાવો બને છે. ડભોઈમાં છેલ્લા બે ત્રણ દિવસથી ભારતીય બનાવટના વિદેશી શરાબના સોસીયલ મીડિયામાં વાયરલ થયા જેને ડભોઈ પોલીસે ભારતીય બનાવટના વિદેશી શરાબના જથ્થાને ઝડપી નાબુદ કરવા કમરકસી હોય એમ ઓપરેશન પરાક્રમ હેઠળ નાયબ ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડા મિલન મોદીના માર્ગદર્શન હેઠળ ડભોઈના પી.આઈ. કે.જે. ઝાલાની ટીમે ડભોઈ તાલુકાના કરમાલ નવીનગરીમાં ભારતીય બનાવટના વિદેશી જથ્થાની હેરફેર કરતાં બારીયા પરેશ કાલીદાસને પોલીસે



ઝડપી પાડી અડારીમાં તપાસ કરતાં ભારતીય બનાવટના વિદેશી શરાબના પ્લાસ્ટિક કવાર્ટરીયા અને બિયર ટીન ૧૦૭૬ નંગ જેની કિંમત રૂા.૨,૭૦,૫૬૨ /- નો જથ્થો ઝડપી પોલીસે પ્રોહિબિસનની કલમો લગાડી મુદ્દામાલ કબજે કરી આ ભારતીય બનાવટનો વિદેશી શરાબનો જથ્થો કોણે પુરો પાડેલ ? તેની તપાસ કરે તો સત્ય બહાર આવે હવે જોવુ રહ્યું કે ડભોઈમાં ભારતીય બનાવટના વિદેશી શરાબની બદી ડામવા પોલીસ કારગત નિવડશે ?

# જામનગરમાં ૧૦ લાખ રૂપિયાની લેતી-દેતી મામલે યુવાન પર હિચકારો હુમલો

## ગંભીર ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ ખસેડાયો

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૨૩

જામનગરમાં શરૂ સેક્શન રોડ પર રહેતા અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા હરદેવસિંહ ભીખુભા ભટ્ટી નામના ૨૨ વર્ષના ક્ષત્રિય યુવાન ઉપર છરી, લોખંડના પાઈપ, ધોકા જેવા હથિયારો વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે મેઘપરમાં રહેતા યુવાનના પિતરાઈભાઈ મહેન્દ્ર સિંહ કિશોરશિંહ પિંગળ તેમજ તેના પરિવારના સભ્યો અને સાગરીત એવા મયુર રામાવત, ચિરાગ ભાનુશાળી, વંશરાજસિંહ રૂપસંગ પિંગળ, દુષ્યંતસિંહ ભરતસિંહ પિંગળ અને મિતરાજસિંહ રૂપસંગ પિંગળ સામે યુવાન ફરિયાદ નોંધાવી છે. જ્યારે ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયો છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુવાનની બહેન કે જેઓ વિરૂદ્ધ આરોપી હુમલાખોર મહેન્દ્રસિંહના પિતા કિશોરસિંહ પિંગળે મેઘપર પોલીસ મથકમાં સોનાના દાગીનાની ચોરીની ફરિયાદ નોંધાવી હતી અને તે દાગીના યુવાનની બહેને હરેન્દ્રસિંહ જાડેજાને ૨૨ લાખમાં વેચી નાખ્યા હતા.

જે પ્રકરણમાં પોલીસ ફરિયાદ થયા બાદ મેઘપર પોલીસે યુવાનની બહેન પાસેથી દસ લાખ રૂપિયા રોકડા અને બાકીના ઘરેણા કબજે કર્યા હતા, જે પરત આપવાના મામલે કોર્ટે તમામ ઘરેણા કિશોરસિંહને આપી દેવા હુકમ કર્યો હતો, જ્યાં દસ લાખ રૂપિયા યુવાનની બહેનને પરત કરવાનો કોર્ટે હુકમ કર્યો હતો. જે ૧૦ લાખ રૂપિયાની લેતી દેતી મામલે આરોપી મહેન્દ્રસિંહ અને તેના સાગરિતોએ આવીને આ હિચકારો હુમલો કરી દીધો હોવાનું પોલીસમાં જાહેર થયું છે. હાલ તમામ આરોપીઓ ભાગી છુટ્યા હોવાથી સિટી એ. ડિવિઝન પોલીસ તમામને શોધી રહી છે.

# ધ્રોલ તાલુકાના નાના વાગુદડ ગામે સંતાન પ્રાપ્તિના વિયોગમાં પરિણીતાનો ગળાફાંસો

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૨૩

જામનગરમાં જિલ્લાના ધ્રોળ તાલુકાના નાના વાગુદડ ગામની સીમ વિસ્તારમાં વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજાની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતી મધુબેન અશોકભાઈ વાઘેલા નામની ૨૩ વર્ષની ભીલ જ્ઞાતિની યુવતીએ ગઈકાલે પોતાના ઘેર પતરાના એંગલમાં દોરડું બાંધી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે મૃતકના પતિ અશોક કાનાભાઈ વાઘેલાએ પોલીસને જાણ કરતાં ધ્રોલ પોલીસે બનાવના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન મૃતક મધુબેનને અગાઉ બે વખત કશુવાવડ થઈ ગઈ હતી અને સંતાન પ્રાપ્ત થતું ન હોવાથી તેના વિયોગમાં આ પગલું ભરી લીધું હોવાનું જાહેર કરાયું હતું.



અંકલેશ્વરના ગાર્ડનસીટી ખાતે ગુજરાત પ્રદેશ શિવસેનાના પ્રમુખ એસ.આર પાટીલ દ્વારા તેમના નિવાસસ્થાને ભાગવત પૂજા અને કથાનું આયોજન કરવામાં આવ્યું હતું, આજરોજ ભાગવત કથાના પ્રારંભ પૂર્વે કળશયાત્રા કાઢવામાં આવી હતી. આ કળશયાત્રા ગોપીનાથ મંદિર ખાતે પહોંચી હતી અને પરત વિવેક ગાર્ડન કથા સ્થળે પહોંચી હતી. આ કળશમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને કથાનું રસપાન કર્યું હતું.

### ૩૦ વર્ષ દરમિયાન

# વડોદરામાં ગુનાખોરીમાં સંડોવાયેલા હોય તેવા ૬૦૦ જણાનું વેરિફિકેશન, ૩૦૦નું ડોઝિયર તૈયાર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

દિલ્હીમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવ બાદ ગુજરાત પોલીસ વડાની સૂચનાથી જુદાજુદા શહેરોમાં છેલ્લા ૩૦ વર્ષ દરમિયાન બનેલા નાર્કોટિક્સ, શસ્ત્રો, એક્સ્પ્લોઝિવ, ટાડા-પોટા જેવા ગુનાના આરોપીઓના વેરિફિકેશનનો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.આ દરમિયાન વડોદરા શહેર પોલીસ દ્વારા જુદાજુદા વિસ્તારોમાં કોમ્બિંગ કરીને ૬૦૦ જેટલા આરોપીઓનું વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. જે દરમિયાન ૪૦ જણા હયાત નહીં હોવાનું જણાઈ આવ્યું છે. પોલીસ દ્વારા આરોપીઓની હાલની પ્રવૃત્તિ વિશે પણ માહિતી મેળવવામાં આવી હતી. જેમાં ૩૦થી વધુ આરોપીઓ હાલમાં જેલમાં હોવાની વિગતો બહાર આવી હતી. આ પૈકી ૨૦૦થી વધુ આરોપીઓ ગુજરાત બહારના હોવાથી તેમની પણ ડિટેલ એકત્રિત કરવામાં આવી હતી. જ્યારે તેમના પ્રાંતમાંથી પણ કોઈ ગુનાખોરી આચરી છે કે કેમ તેની માહિતી મેળવવામાં આવી રહી છે. પોલીસે ૩૦૦થી વધુ આરોપીઓનું ડોઝિયર તૈયાર કર્યું છે.

### આંબાવાડીમાં ભાજપના બુથ પ્રમુખે દાદાગીરી કરી ધમકી આપ્યાની ફરિયાદ

# SIRની કામગીરી દરમ્યાન બેસવા મુદ્દે ભાજપ કાર્યકરની થઈ બબાલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

ભાજપના કાર્યકરો-નેતાઓના શિસ્તના લીરા ઉડાવવા સાથે દાદાગીરીના બનાવો છાશવારે પ્રકાશમાં આવતાં રહે છે. ત્યારે આજે આવો જ એક વધુ બનાવ બહાર આવ્યો છે. જો કે તેમાં બંને પક્ષોના એક બીજા સામે આક્ષેપો છે.

દેશભરમાં અત્યારે SIRની કામગીરી ચાલી રહી છે, ત્યારે આંબાવાડીમાં આવેલી સહજાનંદ કોલેજમાં ભાજપના બુથ પ્રમુખ SIRની કામગીરી દરમિયાન સાથે બેઠા હતા. બુથ પ્રમુખ તેમની જગ્યાએથી ઊભા થયા ત્યારે એક વ્યક્તિ તેમની જગ્યા પર બેસી ગયા હતા. આ દરમિયાન બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારે

## દંપતી સામે ભાજપ કાર્યકરે પણ વળતી ફરિયાદ નોંધાવી

બુથ પ્રમુખે મહિલા અને તેમના પતિને ગાળો આપી જાનથી મારી દેવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાઈ છે. બુથ પ્રમુખે પણ મહિલા અને તેમના પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. સેટેલાઈટ પોલીસે બંને પક્ષે સામ સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

આંબાવાડીમાં રહેતા ધારિણીબેન શાહે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ તેમના પતિ સાથે સહજાનંદ કોલેજમાં ફોર્મ ભરવા માટે ગયા હતા. આ દરમિયાન BLO મનોજભાઈ બેઠા હતા અને મનોજભાઈની સાથે શ્રીરામ મોદી પણ બેઠા હતા. શ્રીરામ મોદી તેમની જગ્યા પરથી ઉભા થયા ત્યારે તેમની જગ્યા પર ધારીનીબેનના પતિ મનીષભાઈ બેસી ગયા હતા. મનીષભાઈ બેઠા ત્યારે શ્રીરામ મોદીએ તમને પાછળથી ઝાપટ મારી દીધી હતી જેથી બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન શ્રીરામ મોદીએ ગાળો પણ આપી હતી, જેથી ધારીનીબેને કંટ્રોલરૂમમાં ફોન કર્યો હતો. ત્યારે શ્રીરામ મોદીએ કહ્યું હતું કે, તારે જે કરવું હોય તે કર પોલીસ મારૂં કાંઈ નહીં બગાડી શકે. જો તું પોલીસ સ્ટેશન જઈશ તો હું તારા પતિને ચાર પાંચ દિવસમાં ગાડીથી મરાવી નાખીશ. મારા ભાઈ-ભાભી વકીલ છે તો મારૂં કંઈ બગાડી નહીં શકે. શ્રીરામ મોદીએ ધારીનીબેનને પણ એકલી મળીશ તો જાનથી મારી નાખીશની ધમકી આપી હતી. આ અંગે ધારીનીબેને સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. બીજી તરફ બુથ નંબર ૧૫ના ભાજપના બુથ પ્રમુખ શ્રીરામ મોદીએ પણ સેટેલાઈટ પોલીસે ફરિયાદ નોંધાવી છે કે, તેઓ સહજાનંદ કોલેજમાં ઈલેક્શનની કામગીરીમાં મદદરૂપ થવા માટે બેઠા હતા અને તેમની ખુરશી પરથી ઉભા થયા ત્યારે તેમની જગ્યાએ મનીષાભાઈ નામનો વ્યક્તિ બેસી ગયો હતો. મનીષભાઈને ઉભા થવાનું કહેતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન મનીષભાઈના પત્ની ધારીનીબેને શ્રીરામ મોદીને છુટ્ટું ચપ્પલ માર્યું હતું. શ્રીરામ મોદી જ્યાં બેઠા હતા ત્યાં ધારીનીબેન અને તેના પતિ એક્ટિવા લઈને પહોંચ્યા અને ગાળો આપી હતી અને કહ્યું હતું કે, તું મને ઓળખતો નથી તારા હાથ પગ તોડાવી નાખીશ અને ક્યાંય ખોવાઈ જઈશ. ધારીનીબેને શ્રીરામ મોદીને ધમકી આપી હતી કે, છેડતીના ખોટા કેસમાં ફસાવી જેલ ભેગો કરાવી દઈશ. જેથી શ્રીરામ મોદીએ ધારિની શાહ અને તેમના પતિ મનીષ શાહ વિરૂદ્ધ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે.

### કેન્દ્ર સરકાર સુધી પોતાનો અવાજ પહોંચાડવા ધરણા પ્રદર્શન કરશે

# ટેટ પરીક્ષા અને જૂની પેન્શન યોજના મુદ્દે ગુજરાતના ૨૦૦૦થી વધુ શિક્ષકો દિલ્હી પહોંચ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

કેન્દ્ર સરકાર સામે શૈક્ષિક સંઘે દિલ્હીમાં આંદોલનની જાહેરાત કરી છે. ટેટ પરીક્ષા અને જૂની પેન્શન યોજનાને લઈને શિક્ષકો દિલ્હીમાં ધરણા કરવાના છે. દિલ્હીમાં જંતર મંતર સામે ધરણા પ્રદર્શન કરીને શિક્ષકો સરકાર પાસે ૨૦૦૫ પછીના શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ મળે તે માટેની માંગ કરવાના છે. જેના માટે તમામ રાજ્યમાંથી શિક્ષકો દિલ્હીમાં જંતર મંતર ખાતે ભેગા થઈને વિરોધ નોંધાવશે. તેમજ ગુજરાતમાંથી પણ બે હજાર જેટલા શિક્ષકો દિલ્હી જંતર મંતર ખાતે ધરણા કરવાના છે. સપ્ટેમ્બર અને ઓક્ટોબર

## આજે જંતરમંતર ખાતે ધરણા કરી વિરોધ દર્શાવશે

મહિનામાં રાજ્યભરમાં શિક્ષકોએ જિલ્લા કક્ષાએ અનેક વખત આવેદન આપ્યા હતા. જૂની પેન્શન યોજના લાગુ કરવા માટે તેવી સરકાર પાસે અનેક વખત માંગ કરવામાં આવી હતી. પરંતુ સરકારે માંગણીઓ ના સ્વીકારતા હવે સરકાર સામે બાયો ચડાવી દીધી છે. ગુજરાતમાં કાર્યક્રમ યોજ્યા બાદ હવે શિક્ષકો દિલ્હીમાં ધામા નાખશે. કેન્દ્ર સરકાર સુધી પોતાનો અવાજ અને રજૂઆત પહોચાડવા માટે મોટી સંખ્યામાં શિક્ષકો જંતર મંતર પર ધરણા પ્રદર્શન કરવાના છે. રાષ્ટ્ર વ્યાપી આંદોલનમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ સહિત રાજ્યમાં તમામ શૈક્ષિક સંઘ પણ જોડાવાના છે. ટેટ પરીક્ષા પર સુપ્રીમ કોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. તેમાં ૨૦૧૦ પહેલા નિમણૂક પામેલા શિક્ષકોને ટેટ પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવી હતી જે સુપ્રીમ કોર્ટ દ્વારા રદ કરવામાં આવી છે. જેના કારણે ૨૦૧૦ પહેલાના તમામ શિક્ષકોને ટેટ પાસ કરવાની ફરજ પડશે. તેમજ તેમને પગાર ધોરણ પણ મળશે નહીં. જેને લઈને આવતીકાલે શિક્ષકો જંતર મંતર ધરણા પ્રદર્શન કરી વિરોધ દર્શાવશે.

### મતદાર માત્ર સહી કરી ફોર્મ જમા કરાવી શકે છે : રાજ્ય ચૂંટણીપંચની જાહેરાતથી પ્રશ્નો ઊઠ્યા

# SIRના કોરા ફોર્મ પરત કરાશે તો વિગતો વિના મતદારની ખાતરી કેવી રીતે થશે ?

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

મતદાર યાદી સુધારણા અભિયાનમાં ડખાં થયાં છે. આ તરફ, રાજ્ય ચૂંટણીપંચે એલાન કર્યું છે કે, નામ સહિત અન્ય વિગતો વિના મતદાર માત્ર સહી કરી ફોર્મ જમા કરાવી શકે છે. આ સત્તાવાર જાહેરાતને પગલે વિવાદ સર્જાયો છે કેમ કે, કોરા ફોર્મ પરત કરાશે તો વિગતો વિના મતદારની ખાતરી કેવી રીતે કરાશે.

હવે જ્યારે હજારો બુથ લેવલ ઓફિસરોએ તનતોડ મહેનત કરી મતદારોના ફોર્મ ભરીને પરત પણ મેળવી લીધાં છે ત્યારે રાજ્ય ચૂંટણી પંચે સાતાવાર રીતે

## SIR પ્રક્રિયા હેઠળ મતદાર યાદીઓની શુદ્ધતા શંકાના દાયરામાં : પૂર્વ ધારાસભ્ય

જાહેરાત કરી છે કે, મતદાર માત્ર સહી કરીને ફોર્મ જમા કરાવી શકશે. હવે સવાલ એ ઉઠ્યો કે, કોરા ફોર્મ આધારે મતદાર યાદીની સઘન ચકાસણી કેવી રીતે થશે ?. આ ઉપરાંત માહિતી વિના મતદારની ખરાઈ કેવી રીતે થશે ? વિગતો વિના મતદારોના નામ-સરનામું ડ્રાફ્ટ મતદાર યાદીમાં કેવી રીતે સમાવાશે ? એવી ફરિયાદો ઉઠી છેકે, જે લોકો વર્ષોથી ગુજરાતમાં સ્થાયી થયાં છે અને મતદાન પણ કરે છે પણ તેમનુ નામ વર્ષ ૨૦૦૨ની મતદાર યાદીમાં નામ નથી. આવા મતદારો ફોર્મમાં ખોટી વિગતો ભરશે તો શુ કરાશે ? જો કોરા ફોર્મ જ આપવાનાં હતાં તો બીએલઓએ ફોર્મ વહેચ્યાં તે જ વખતે ફોર્મ પર મતદારની સહી-અંગૂઠો લીધો હોત તો આ કવાયત કરવી પડી ન હોત. આ ઉપરાંત હજારો બીએલઓ રાતદીન કામ કરીને ફોર્મ ભર્યા છે ત્યારે હવે રહી રહીને ચૂંટણી પંચે એલાન કર્યુ છે. જો પહેલાં આ જાહેરાત કરી હોત તો , પાંચ બીએલઓએ જીવ ગુમાવ્યા ન હોત. ટૂંકમાં કોરા ફોર્મ આધારે મતદાર યાદીનુ શુધ્ધિકરણ કેવી રીતે થશે તે મૂંઝવતો સવાલ છે પણ હાલ સરની કામગીરી શંકાના ઘેરામાં મૂકાઈ છે. ત્યારે આ મામલે એક્સ પર ટ્વીટ કરી પ્રતિક્રિયા આપતા પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે જણાવ્યું છે કે,

SIR પ્રક્રિયા હેઠળ મતદાર યાદીઓની શુદ્ધતા શંકાના દાયરામાં છે. આજે, BLO મતદારોને ખાલી ફોર્મ ફક્ત તેમાં સહી કરીને જ સબમિટ કરવાનું કહી રહ્યા છે. ગંભીર પ્રશ્ન એ છે કે, જો માહિતી ભરેલી ન હોય તો ડ્રાફ્ટ યાદીમાં મતદારનું નામ કેવી રીતે સમાવવામાં આવશે.

આ સંપૂર્ણપણે ખોટું છે. મતદારોને તેમની સંપૂર્ણ વિગત સાથે પોતાનો ફોર્મ ભરવા અને સબમિટ કરવાની પૂરતી તક આપવી જોઈએ. વધુમાં, નવા મતદારોને તેમના નામ નોંધાવવા માટે ફોર્મ ૬ ઉપલબ્ધ કરાવવું જોઈએ. જનતાના હિતમાં, અમે વિનંતી કરીએ છીએ કે, BLO આગામી શનિવાર અને રવિવાર, ૨૯ અને ૩૦ નવેમ્બરના રોજ પણ સવારે ૯થી સાંજે ૫ વાગ્યા સુધી બૂથ મથક પર ઉપલબ્ધ કરાવવામાં આવે જેથી ૪ ડિસેમ્બરના રોજ પ્રક્રિયા સરળતાથી અને ન્યાયી રીતે પૂર્ણ થઈ શકે.

### મ્યુનિ. કોર્પોરેશને પોલીસ સાથે રાખી ગેરકાયદે બાંધકામ તોડી પાડ્યું !

# જમાલપુરમાં ગેરકાયદે બિલ્ડિંગ તોડવા સાથે બિલ્ડર વિરૂદ્ધ ફરિયાદ

### બિલ્ડર સામે ગુનો નોંધી ધરપકડ કરવા પોલીસની તજવીજ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

અમદાવાદના ગાયકવાડ હવેલી વિસ્તારના બિલ્ડર સામે ગેરકાયદેસર અને નીચી ગુણવતાવાળું બાંધકામ ઊભું કરવાના મામલે AMC દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. જેને લઈને પોલીસે ગુનો નોંધી AMC સાથે મળીને ગેરકાયદેસર બાંધકામ તોડી નાખ્યું હતું. પોલીસે આરોપી વિરૂદ્ધ તપાસ પણ શરૂ કરી છે.

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ વસંત રજબ પોલીસ ચોકી નજીક આવેલ રહેણાંક ફલેટ વર્ષ ૨૦૨૩માં ૬ માળના ફલેટ બનાવવામાં આવ્યા હતા. જેને પગલે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને ગેરકાયદેસર બાંધકામને લઈને એક પછી એક ૬ નોટિસ આપી હતી તેમ છતાં બિલ્ડર દ્વારા બાંધકામ દૂર કર્યું ન હતું. ત્યારે AMC અને ગાયકવાડ હવેલી પોલીસ દ્વારા ડિમોલીશનની કામગીરી હાથ ધરી ૫ હજાર ૯૦૦ ચોરસ મીટર બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું.

ગાયકવાડ હવેલી પોલીસે જમાલપુરના બિલ્ડર સહિત બે સામે ફરિયાદ પણ નોંધીને ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. ત્યારે પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે ફલેટ AMCની પરવાનગી વગર બનાવ્યા હતા. આ સાથે જ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન વિસ્તાર મોન્યુમેન્ટ વિસ્તારમાં આવે છે જેની પણ મંજૂરી વગર ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જણાવાયું છે. આ બધી વિગતોને લઈ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# ડાંગ પોલીસે સાયબર ફ્રોડના ગંભીર કેસમાં ગાંધીનગર સ્થિત કંપનીના માલિકને દબોચ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

ડાંગ જિલ્લા પોલીસે આંતરરાજ્ય સાયબર ફ્રોડના એક ગંભીર કેસમાં ગાંધીનગર સ્થિત માઈક્રો ટેક્નોલોજી કંપનીના માલિક રાજેશકુમાર રામચરિત્ર સિંઘને ઝડપી પાડ્યો છે.

આરોપી ૧૪ જેટલા સાયબર ફ્રોડના ગુનામાં સંડોવાયેલો હતો. ત્રણ દિવસના રિમાન્ડ દરમિયાન તેણે અન્ય ગુનાઓની પણ કબૂલાત કરી છે.

આ કેસ ડાંગ જિલ્લાના ચિરાપાડા ગામના એક વ્યક્તિની ફરિયાદ પરથી શરૂ થયો હતો. પીડિતને શેરબજારમાં રોકાણ કરાવી ઊંચા નફાની લાલચ આપી છેતરવામાં આવ્યો હતો. આરોપીઓએ હાઈ-પ્રોફાઈલ ટ્રેડિંગ પ્લેટફોર્મ અને નફાના ખોટા દાવાઓ બતાવી પીડિત પાસેથી રૂા.૧.૭૦ લાખ જેટલી રકમ પડાવી હતી. ફરિયાદ મળ્યા બાદ ડાંગ સાયબર ક્રાઈમ પોલીસે ટેકનિકલ સોર્સ, ડિજિટલ પુરાવા અને બેંક ટ્રાન્સફર ટ્રેઈલના આધારે તપાસ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, ૧૪ જેટલા સાયબર ગુનાઓમાં ઉપયોગમાં લેવાયેલા બેંક ઓફ બરોડાના




## સાયબર ક્રાઈમના ૧૪ ગુનામાં સંડોવણી ખુલી

ખાતા માઈક્રો ટેક્નોલોજી કંપનીના માલિક રાજેશકુમાર સિંઘના નામે હતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપી વર્ષોથી વિવિધ રાજ્યોમાં ઓનલાઈન શેરબજાર, ક્રિપ્ટો ટ્રેડિંગ અને રોકાણના નામે લોકો સાથે છેતરપિંડી કરતો હતો. ડાંગ પોલીસે તેની ટેકનિકલ કુશળતાનો ઉપયોગ કરીને આરોપીને ગાંધીનગરમાંથી ઝડપી પાડ્યો હતો.

રિમાન્ડ દરમિયાન સાયબર ક્રાઈમ ટીમે આરોપી પાસેથી મોબાઈલ ફોન, બેંક ખાતાની વિગતો, ડિજિટલ વોલેટ અને અન્ય ડિવાઈસ સહિતના ટેકનિકલ પુરાવા જપ્ત કર્યા છે. આ પુરાવાઓના આધારે વધુ વિગતો બહાર લાવવામાં આવી રહી છે. તપાસમાં આરોપી સામે અન્ય રાજ્યોમાં પણ સમાન પ્રકારના ગુનાઓ નોંધાયા હોવાની શક્યતા છે.

### રાજ્યના C.M.એ કોમનમેન બની લગ્નવાળા પરિવારની પીડા સમજી

# લગ્નનો કાર્યક્રમ બદલવાને બદલે મુખ્યમંત્રીએ પોતાનો કાર્યક્રમ બદલ્યો

### સ્થળ બદલવાની સાથે ફોન કરી C.M.એ પરિવારની ચિંતા દૂર કરી; આજે રૂબરૂ મળશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૩

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સંવેદનશીલતા દર્શાવતી એક અનોખી ઘટના જામનગરમાં સામે આવી છે. ૨૪ નવેમ્બરના રોજ જામનગરના ટાઉનહોલ ખાતે મુખ્યમંત્રીનો સરકારી કાર્યક્રમ નિર્ધારિત હતો, પરંતુ તેના એક દિવસ પહેલાં એટલે કે ૨૩ નવેમ્બરે એ જ સ્થળે પરમાર પરિવારની દીકરી લગ્ન હોવાથી, સુરક્ષા અને બંદોબસ્તના કારણે લગ્નવિધિમાં અવરોધ ઊભો થવાની ચિંતા પરિવારને સતાવી રહી હતી. પરિવારની આ ચિંતાની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને જાણ થઈ એટલે તેમણે એક પિતાની વેદના સમજી કે છેલ્લે ઘડીએ જો લગ્ન સ્થળમાં અવરોધ ઉભો થાય તો પરિવારની કેવી સ્થિતિ થાય ? જેથી તેમણે એક કોમનમેનની(CM) જેમ જ પોતાના કાર્યક્રમનું સ્થળ બદલી નાંખ્યું છે. મુખ્યમંત્રીએ જે ઘરમાં લગ્ન હોય અને આવી સ્થિતિ ઉભી થાય તો કેવી દોડધામ મચી જાય એ વાતને જમીન સાથે જોડાયેલી માણસની જેમ બરાબર સમજી તેમણે તાત્કાલિક અધિકારીઓને કાર્યક્રમનું સ્થળ બદલવાની સૂચના આપી દીધી. માત્ર એટલું જ નહીં પરિવારના મોભીને ફોન કરીને હૈયાધારણ પણ આપી, આવતીકાલે CM જામનગરમાં પરમાર પરિવાર સાથે મુલાકાત કરશે. સામાન્ય રીતે કોઈ કોર્પોરેટરના કાર્યક્રમ હોય તો પણ તેઓ ભાગ્યે જ કોમનમેનની પીડા સમજતા હોય છે. પરંતુ મુખ્યમંત્રીએ જે ઘરમાં લગ્ન હતા તેમની સઘળી ચિંતાઓનો ભાર પળ ભરમાં જ હળવો કરી દીધો હતો. હવે ૨૪ નવેમ્બરનો મુખ્યમંત્રીનો કાર્યક્રમ ધન્વંતરિ ઓડિટોરિયમમાં યોજાશે. જામનગરના પરમાર પરિવારની દીકરી સંજના પરમારના ૨૩ નવેમ્બરનાં રોજ એટલે કે આજે જામનગર શહેરના ટાઉનહોલ ખાતે લગ્ન હતા, પરંતુ લગ્નના એક દિવસ બાદ એટલે કે કાલે (૨૪ નવેમ્બર)નાં મુખ્યમંત્રીનો સરકારી કાર્યક્રમ પણ એ જ સ્થળે નિર્ધારિત હતો. જેના કારણે આસપાસ સુરક્ષા, પોલીસ બંદોબસ્ત અને માર્ગ વ્યવસ્થામાં ફેરફાર થવાને કારણે પરિવાર ચિંતામાં મુકાયો હતો. પરિવારે આ બાબત મુખ્યમંત્રી કાર્યાલય સુધી વાત પહોંચાડતા મુખ્યમંત્રીએ તાત્કાલિક પ્રતિસાદ આપ્યો અને અધિકારીઓને સૂચના આપી કે, 'આપણા કાર્યક્રમનું સ્થળ બદલો. દીકરીના પરિવારની ચિંતાએ આપણી ચિંતા'. આ નિર્ણય બાદ કાર્યક્રમ નવી જગ્યાએ પાર પાડવામાં આવ્યો. સંજના પરમારના કાકા બ્રિજેશ પરમારે આ અંગે જણાવ્યું કે, મુખ્યમંત્રીએ તેમની સાથે વાતચીત કરીને હૈયાધારણ આપતા કહ્યું કે, 'તમે જરાપણ ચિંતા કરશો નહીં. તમારા લગ્ન ધામધૂમથી જ્યાં નિર્ધારિત હતા ત્યાં ટાઉનહોલ ખાતે જ કરો. અમારો પ્રોગ્રામ કરવાની મેં ના પાડી છે કે ત્યાં પ્રોગ્રામ ના કરો. મેરેજ હોય એટલે તમારી તકલીફ સમજી શકું છું. એટલે તમારા સમયે તમે તમારું ફંક્શન કરજો છતાં તમને કઈ તકલીફ હોય તો આ નંબર પર ફોન કરજો. કાકા બ્રિજેશ પરમારે મુખ્યમંત્રી પ્રત્યે આભાર વ્યક્ત કરતાં કહ્યું કે, 'લગ્નગાળામાં તાત્કાલિક સ્થળ બદલવું, મહેમાનોને જાણ કરવી અને નવી વ્યવસ્થા કરવી અઘરી બાબત હતી, પરંતુ મુખ્યમંત્રીનો એક ફોન આવ્યો અને અમે શાંતિથી સુઈ શક્યા.

### આર્મી જવાનની ખોટી ઓળખ આપી હથિયારનો પરવાનો મેળવ્યો હતો

# ઝડપાયેલો નકલી આર્મી જવાન નવસારી જિલ્લા ભાજપ મહિલા મોરચા ઉપપ્રમુખનો પતિ નીકળ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

આર્મી જવાનની ખોટી ઓળખ ઉભી કરી હથિયારનો પરવાનો મેળવનાર એક શખ્સને નવસારી SOG ટીમે ઝડપી પાડ્યો છે. ખેરગામના ઘેજ ગામેથી ઝડપાયેલા આરોપી પાસેથી એક લોડેડ રિવોલ્વર, જીવતા કારતૂસ અને આર્મીના નકલી ઓળખપત્રો કબજે કરવામાં આવ્યા છે. આ ઘટનાથી જિલ્લામાં ચકચાર મચી ગઈ છે. પકડાયેલા આરોપીની પત્ની સરસ્વતી સોલંકી નવસારી જિલ્લા ભાજપના મહિલા મોરચામાં ઉપપ્રમુખ છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીએ ૧૫ રાજપૂત રેજીમેન્ટનું નકલી આઈકાર્ડ બનાવ્યું હતું. તેણે આર્મીના બોગસ દસ્તાવેજો ઉભા કરી, કમાન્ડિંગ ઓફિસરની ખોટી સહી અને સિક્કાનો ઉપયોગ કર્યો હતો. આ નકલી દસ્તાવેજોના આધારે તેણે જમ્મુ-કાશ્મીરના ડોડા ખાતેથી હથિયારનું લાયસન્સ મેળવ્યું હતું અને ત્યારબાદ કાનપુરથી રિવોલ્વરની ખરીદી કરી હતી. બાતમીના આધારે ૧૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ આરોપીના ઘેજ ગામ સ્થિત ઘરે રેડ કરવામાં આવી હતી. પકડાયેલા આરોપીનું નામ ઘનશ્યામભાઈ રમણભાઈ સોલંકી છે, જે ખેરગામના ઘેજ ગામ, વાણંદ ફળિયાનો રહેવાસી છે. તેની પત્ની સરસ્વતી સોલંકી નવસારી જિલ્લા ભાજપ મહિલા મોરચામાં ઉપપ્રમુખ તરીકે કાર્યરત છે. આ મામલે ખેરગામ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કેસમાં નરેન્દ્રસિંહ નામનો એક શખ્સ પણ વોન્ટેડ છે.

### કાચા રસ્તાનો ભોગ બનેલી માતાની કરુણતા

# છોટાઉદેપુરમાં સગર્ભાને કાચા રસ્તે ઝોળીમાં ડિલિવરી !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

ગુજરાતમાં ભલે વિકાસના મોટા દાવા થતા હોય, પરંતુ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં આજે પણ પ્રસુતા મહિલાઓ બાળકને જન્મ આપવા માટે જીવના જોખમે સંઘર્ષ કરવા મજબૂર છે. તંત્રની બેદરકારીને કારણે ઘુમના પરિવારજનો સગર્ભાને ખાટલાની ઝોળી બનાવીને ખુદ ઊંચકીને કાચા રસ્તે દોડ્યા હતા, જેથી તેને છોટીઉંમર ગામે ઊભી રહેલી ખાનગી જીપ દ્વારા સાંકડીબારી પહોંચાડી શકાય.

પ્રસુતા માતા ૧૦૮ સુધી પહોંચે તે પહેલાં જ, રસ્તામાં ખુલ્લામાં જ તેમની ડિલિવરી થઈ ગઈ હતી. જોકે, માતા અને

## તાત્કાલિક સારવારની જરૂર હોવાથી, પરિવારને ત્યાંથી પણ ૩ કિલોમીટર દૂર ખાનગી વાહનનો સહારો લેવો પડ્યો

ગામની એક સગર્ભા મહિલાને કાચા રસ્તે ઝોળીમાં લઈ જવાઈ રહી હતી, પરંતુ હોસ્પિટલ પહોંચે તે રહેલા રસ્તામાં જ બાળકને જન્મ આપવો પડ્યો હતો.

નસવાડી તાલુકાના ડુબાણમાં ગયેલા ઘુમના ગામમાં રહેતી સગર્ભાની પીડા ઉપડતાં પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. પરંતુ ગામ તરફનો ખેંદા સુધીનો રસ્તો કાચો અને બિસ્માર હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ ગામ સુધી પહોંચી શકી નહોતી. ૧૦૮ને છ કિલોમીટરનું લાંબુ અંતર ફરીને સાંકડીબારી ગામે ઊભા રહેવું પડ્યું હતું.

સમયનો બગાડ કર્યા વિના, બાળકને તાત્કાલિક સારવારની જરૂર હોવાથી, પરિવારે ત્યાંથી પણ ૩ કિલોમીટર દૂર ખાનગી વાહનનો સહારો લેવો પડ્યો હતો અને તેમને રૂા.૨૦૦૦નું ભાડું આપીને અંતે સાંકડીબારી ગામે ઊભી રહેલી ૧૦૮ સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

અંતે, ૧૦૮માં માતા અને બાળકને દુગ્ધા પીએચસી (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં બંનેની હાલત સ્થિર છે. આ વિસ્તારમાં આવી ઘટનાઓ અવારનવાર બનતી હોવા છતાં તંત્ર ધ્યાન આપતું નથી, જેના કારણે સ્થાનિક લોકોમાં રોષ ઉઠ્યો છે.

### સરહદી કચ્છ જિલ્લાને મુખ્યમંત્રીએ રૂા.૬૮૦ કરોડના વિકાસ કામોની આપી ભેટ

# કચ્છને ગ્રોથ હબ તરીકે વિકસાવવા રિજિયોનલ ઈકોનોમિક પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે

### કચ્છમાં ઉદ્યોગો અને પ્રવાસન વિકાસના કારણે રોજગારીની અનેક તકો ઊભી થઈ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૩

આજરોજ કચ્છના ભુજ શહેરમાં લાલન કોલેજ ગ્રાઉન્ડથી ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રૂા.૫૦૩ કરોડથી વધુના ૫૫ જેટલા વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમૂહુર્તનો કાર્યક્રમ યોજાયો હતો. આજના જ દિવસે તેમણે ગાંધીધામમાં મહાપાલિકાને રૂા.૧૭૬ કરોડના વિકાસ કામોની ભેટ આપી હતી.

કચ્છની ધરા પર પધારેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશના કચ્છીમાડુઓના જીવનમાં આવેલા પરિવર્તન અંગે કહ્યું કે, કચ્છીમાડુઓના ખમીર અને પુરૂષાર્થથી વિકાસના નવા ચમત્કારો જિલ્લામાં સર્જાયા છે. વિનાશક ભૂંકપ બાદ વિકાસના વિઝનથી તેમજ કચ્છના નાગરિકોના સહકારથી આજે જિલ્લામાં ઉદ્યોગ-ધંધા, રોજગાર અને પ્રવાસનનો તેજ ગતિએ વિકાસ થયો છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, કચ્છના રણોત્સવ, સ્મૃતિવન, શ્યામજી કૃષ્ણવર્મા મેમોરિયલએ કચ્છી સંસ્કૃતિના વિકાસ મંદિરો બન્યા છે. કચ્છ જિલ્લો આયોજનપૂર્વકના વિકાસ સાથે આગળ વધી રહ્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ભૂજ, અંજાર, અબડાસા, માંડવી અને રાપરના વિસ્તારોને રૂા.૫૦૩ કરોડથી વધુ રકમના કાર્યોથી વિકાસની નવી દિશા મળશે. વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યૂઅલ એનર્જી પાર્ક કચ્છમાં આકાર પામી રહ્યો છે તે ગુજરાતને રિન્યૂએબલ એનર્જીનું હબ બનાવશે. ધોરડો રણોત્સવના કારણે 'ઈન્ટરનેશનલ ટૂરિઝમ ડેસ્ટિનેશન' બન્યું છે. ધોરડોના સફેદ રણને દુનિયાના 'બેસ્ટ ટુરિઝમ વિલેજ' તરીકે સ્થાન મળ્યું છે. કચ્છમાં ઉદ્યોગો અને પ્રવાસન વિકાસના કારણે સ્થાનિક રોજગારીની અનેક તકો ઊભી થઈ છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાતના દરેક વિસ્તારના વિકાસના સ્થાનિક પોટેન્શિયલને ધ્યાને રાખીને ઉદ્યોગોને પ્રોત્સાહન માટે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસનો પ્રારંભ કરાયો છે. આગામી જાન્યુઆરીમાં સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશની રિજનલ કોન્ફરન્સ રાજકોટમાં યોજાશે અને તેના કારણે કચ્છને ઔદ્યોગિક રોકાણને નવું બળ મળશે. વિશ્વસ્તરીય શહેરો ઊભાં કરવા માટે વર્ષ ૨૦૪૭ સુધીના આયોજન અંગે જાણકારી આપતા તેમણે ઉમેર્યું હતું કે, શહેરોની નજીકના વિસ્તારોના વિકાસ માટે ગ્રોથ હબ મોડેલને લાગુ કરવામાં આવ્યું છે. કચ્છને ગ્રોથ હબ તરીકે વિકસાવવા રિજિયોનલ ઈકોનોમિક પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે.

**નામ બદલેલ છે**

જૂનું નામ : **મલેક ઝુબેરએહમદ મુનીરૂદ્દીનથી** બદલીને નવું નામ : **જુબેરએહમદ મુનીરૂદ્દીન મલેક** રાખેલ છે.

સરનામું : ૪૪૭/૧૭, મોદીની ચાલી, ઉષા ટોકીઝ સામે, ગોમતીપુર, અમદાવાદ શહેર, રાજપુર ગોમતીપુર અમદાવાદ-૩૮૦૦૨૧

# પોતાના વતન તરફ પાછા ધકેલવા માટે ધક્કો

## લંડનથી આશિષ રે લખે છે કે,યુકે શરણ ઈચ્છુકો માટે ઓછું આતિથ્યશીલ બની રહ્યું છે અને ભારતીયોએ તેનાથી સારી અપેક્ષા રાખવી જોઈએ નહીં

(એજન્સી) તા.૨૩

શબાના મહમૂદ (૪૫), લાયકાત દ્વારા બેરિસ્ટર અને હવે બ્રિટનના ગૃહ સચિવ, શાસક લેબર પાર્ટીના ફ્રન્ટ બેન્ચ પર નવા સ્ટાર છે. ૫ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન કીર સ્ટારમરે તેમને આ પદ પર બઢતી આપી, તેમણે તેમના દેશને સતાવતા એક મોટા મુદ્દા - ન નોંધાયેલ શરણ ઈચ્છુકો અને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ-પર કડક વલણ અપનાવ્યું છે.

છેલ્લા દાયકામાં, બંને યુકેમાં નિયંત્રણ બહાર ગયા છે. આના પરિણામે કટ્ટર-જમણેરી રિફોર્મ યુકે પાર્ટી માટે મતદાન રેટિંગમાં તીવ્ર વધારો થયો છે, જેણે શ્વેત કામદાર વર્ગની મૂળ વૃત્તિને ફાયદાકારક રીતે પ્રોત્સાહન આપ્યું છે.




બિનનિવાસી ભારતીયો બેવડી ભીંસમાં છે : વધતા જાતિવાદનો ભોગ બનવું અને જો તેઓ યુકેમાં રહેવાનું ચાલુ રાખે તો કડક કાર્યવાહી. જૂનના અંતમાં, અંદાજે ૨,૭૦૦ ભારતીયો આશ્રય શોધનારાઓની કતારમાં હતા. કદાચ આ સંખ્યા કરતાં ચાર ગણા વધુ ઈમિગ્રેશન ક્લિયરન્સની રાહ જોઈ રહ્યા છે. બ્રિટનમાં સૌથી પહેલા ૧૯૩૨માં પૂર્વ કન્ઝર્વેટિવ સાંસદ ઓસ્વાલ્ડ મોસલીના નેતૃત્વમાં બ્રિટિશ યુનિયન ઓફ ફાશીવાદીઓની રચના સાથે જમણેરીઓએ પોતાનું કદરૂપું માથું ઊંચક્યું. ત્યારબાદ ૧૯૬૦ના દાયકામાં નેશનલ ફ્રન્ટ, ૧૯૮૦ના દાયકામાં બ્રિટિશ નેશનલ પાર્ટી અને ૨૦૦૦ના દાયકામાં ઈંગ્લિશ ડિફેન્સ લીગનો જન્મ થયો. પરંતુ તે બધા જ નાના ખેલાડીઓ હતા. ૧૯૬૦ના દાયકામાં કન્ઝર્વેટિવ વડાપ્રધાન હેરોલ્ડ મેકમિલનની સરકારમાં મંત્રી એનોક પોવેલ પણ હતા. તેમણે ૧૯૬૮માં કોમનવેલ્થ દેશોમાંથી આવતા ઈમિગ્રેશનની ટીકા કરતા ભયાનક 'લોહીની નદીઓ'વાળા ભાષણથી ડાબેરી અને બિન-શ્વેતોમાં પોતાને ખૂબ કુખ્યાત બનાવ્યા. એડવર્ડ હીથ, જે તે સમયે વિરોધ પક્ષના નેતા બની ગયા હતા, તેમણે તેમને શેડો કેબિનેટમાંથી બરતરફ કર્યા હતા. પૂર્વ કોમોડિટી વેપારી નિગેલ ફેરાજના નેતૃત્વ હેઠળ રિફોર્મ યુકેના હાઉસ ઓફ કોમન્સમાં ફક્ત પાંચ સાંસદ છે, પરંતુ મે મહિનામાં યોજાયેલી સ્થાનિક ચૂંટણીઓમાં તેનું પ્રદર્શન એ સંકેત હતું કે પાર્ટી યુકેમાં વંશીય સંવાદિતાને ખલેલ પહોંચાડી શકે છે. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ અને ગેરકાયદે શરણ ઈચ્છુકોને રોકવામાં સરકારોની નિષ્ફળતાથી નોંધપાત્ર સંખ્યામાં સ્વદેશી બ્રિટિશ લોકો હતાશ છે. આના કારણે ફેરાજ અને તેમના રિફોર્મ સાથીદારો દ્વારા કાળા અને એશિયનો સામે પ્રતિક્રિયા આપવામાં આવી છે.

મહમૂદ પાકિસ્તાન-નિયંત્રિત કાશ્મીરના મીરપુરના એક સિવિલ એન્જિનિયર, સ્થળાંતર કરનારની પુત્રી છે. તે આનો ઉપયોગ કાનૂની સ્થળાંતરને સમર્થન આપવા માટે એક પ્લેટફોર્મ તરીકે કરી રહી છે. ૧૭ નવેમ્બરના રોજ, તેમણે હાઉસ ઓફ કોમન્સમાં આશ્રય અને ઈમિગ્રેશન નીતિઓમાં મોટા સુધારાઓની જાહેરાત કરી હતી. તેની પોતાની પાછળની બાજુએ રહેલા ડાબેરી પક્ષો-સાંસદો જે ઈચ્છે છે કે લેબર પાર્ટી ઈમિગ્રન્ટ્સ પર તેનું આવકારભર્યું વલણ જાળવી રાખે-તરફથી અપેક્ષિત રીતે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. છતાં તેમની અગવડતા કદાચ એ માન્યતાથી ઓછી થઈ છે કે તેમના મોટાભાગના મતદારો મહમૂદના પગલાંનો વિરોધ નહીં કરે. મહેમૂદના પ્રસ્તાવમાં કેટલાક ફેરફારોને અમલમાં મૂકવા માટે લેબર પાર્ટીને સંસદમાં બહુમતીની જરૂર પડશે. યુકેમાં આશ્રય મેળવનારાઓની સંખ્યા વધી રહી છે : ૨૦૨૪માં તે ૧૮ ટકા વધી હતી. બીજી બાજુ, યુરોપિયન યુનિયનના દેશોમાં આ અરજીઓમાં ૧૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા એક દાયકામાં, લોકો ડિંગીઓ પર જોખમી રીતે ઈંગ્લેન્ડ પહોંચવા અને આશ્રય મેળવવા માટે ઈંગ્લિશ ચેનલ પાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ આગમન ૨૦૨૨માં ટોચ પર હતું અને ૨૦૨૫ માટેનો અંદાજિત આંકડો તુલનાત્મક રીતે ઊંચો છે. જે લોકો કાયદેસર રીતે, કામ અથવા વિદ્યાર્થી વિઝા પર બ્રિટન આવ્યા હતા, તેઓ પણ ઘણીવાર આશ્રય માંગે છે. બ્રિટિશ ગૃહ કાર્યાલય દ્વારા દર્શાવ્યા મુજબ, 'મુખ્ય પરિબળો' અન્ય દેશોની તુલનામાં ઉદાર શરણાર્થી રક્ષણ; આશ્રય શોધનારાઓને તેમની દાવેદારી પર નિર્ણયની રાહ જોતી વખતે રહેઠાણ સહિત આપવામાં આવતી સહાયની હદ અને લોકો દેશના કાળા અર્થતંત્રમાં પ્રવેશ કરી શકે તે સરળતા છે. એકવાર આ દરજ્જો મેળવનાર શરણાર્થીને પાંચ વર્ષ માટે રહેઠાણના અધિકારો મળે છે. તે સમયગાળાના અંતે, તેઓ અનિશ્ચિત સમયગાળા માટે મફતમાં વસાહત માટે અરજી કરી શકે છે. હાલ સુધી, શરણાર્થીઓને કોઈપણ ખર્ચ વિના અથવા તેઓ તે કરી શકે છે તે દર્શાવ્યા વિના તેમના પરિવારોને યુકે લાવવાની મંજૂરી આપવામાં આવી હતી. બ્રિટનના યુરોપિયન પડોશીઓ ઘણા ઓછા ઉદાર છે. મહમૂદની યોજના, હકીકતમાં, ડેનમાર્કના માળખા પર આધારિત છે, જેણે એક દાયકા કે તેથી વધુ સમય પહેલા કડક પગલાં લીધા હતા અને તેની આશ્રય અરજીઓ હાલમાં ૪૦ વર્ષના નીચલા સ્તરે છે. આગળ વધતાં, પ્રારંભિક પાંચ વર્ષની રહેવાની રજા ઘટાડીને ૩૦ મહિના કરવામાં આવશે. જ્યાં લોકો માટે તેમના મૂળ દેશોમાં પાછા ફરવાનું સલામત માનવામાં આવશે, ત્યાં તેઓ યુકેમાંથી કાઢી મૂકવા માટે જવાબદાર બનશે. જ્યાં સુધી શરણાર્થી બ્રિટનમાં ૨૦ વર્ષ વિતાવે નહીં ત્યાં સુધી કોઈ અનિશ્ચિત સ્થાયી સ્થિતિ પણ રહેશે નહીં. યુકેમાં રક્ષણ મેળવનાર શરણાર્થીને હવેથી યોગ્ય હોય ત્યાં સુધી કામ કરવા અથવા અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે; વિદ્યાર્થીઓએ ટ્યુશન ફી ચૂકવવી પડશે. આ ૨૦ વર્ષ કરતાં વહેલા 'કમાવા' માટે પ્રોત્સાહન તરીકે કામ કરશે. શરણાર્થીઓમાં જોડાનારા પરિવારોના મુદ્દાને કેસ-બાય-કેસ આધારે ધ્યાનમાં લેવામાં આવશે. ૨૦૦૫માં, EU કાયદાને ધ્યાનમાં રાખીને-કારણ કે બ્રિટન તે સમયે સભ્ય રાજ્ય હતું-યુકે આશ્રય શોધનારાઓને રહેઠાણ સહિત રાજ્ય દ્વારા ભંડોળ પૂરૂં પાડવા માટે બંધાયેલું હતું. જૂન ૨૦૨૫થી, આ રીતે ૧૦૬,૦૦૦ જેટલા લોકોની સંભાળ રાખવામાં આવી રહી હતી. આ હવે વિવેકાધીન બનશે, ગૃહ કાર્યાલયે જણાવ્યું છે કે તે 'જેઓએ જાણી જોઈને પોતાને નિરાધાર બનાવ્યા છે તેમને સહાય આપવાનો ઈન્કાર કરશે'. સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીના વર્ષમાં, ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટે ગેરકાયદેસર કામકાજને જડમૂળથી દૂર કરવા માટે ૧૧,૦૦૦ દરોડા પાડ્યા, જેમાં ૧૧૭ મિલિયન પાઉન્ડનો દંડ (જૂન સુધી) વસૂલવામાં આવ્યો અને ૧,૦૦૦ વિદેશી નાગરિકોને બહાર કાઢવામાં આવ્યા. નિષ્ફળ શરણાર્થીઓને પાછા મોકલવામાં, યુકેનો રેકોર્ડ ખાસ કાંઈ સારો નથી : જૂન ૨૦૨૫ સુધીના એક વર્ષમાં, ૫૮,૦૦૦ આશ્રય દાવાઓ નકારવામાં આવ્યા હતા, પરંતુ ફક્ત ૧૧,૦૦૦ને દૂર કરવામાં આવ્યા હતા. યુકે અપેક્ષા રાખે છે કે દેશો એવા નાગરિકોને પાછા લેશે જેઓ આશ્રય અથવા ઈમિગ્રેશન મેળવવામાં નિષ્ફળ ગયા છે. તેણે એવા દેશોના અરજદારોને વિઝા નકારવાની ધમકી આપી છે જે સહકાર આપતા નથી. યુકે સરકારના અંદાજ મુજબ, બ્રિટનમાં હજારો ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સ છે, પરંતુ ભારત પણ આ બાબતે પાછળ હટી રહ્યું છે.

# આગામી CJI ન્યાયાધીશ સૂર્યકાન્તે ૫ કરોડ કેસોના બેકલોગ માટે યોગ્ય પગલાં લેવા પ્રતિબદ્ધતા દર્શાવી

## 'કેસોની પેન્ડન્સી ઘટાડવી એ અમારી પ્રાથમિકતા હશે' : આગામી CJI સૂર્યકાંત

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

સોમવારે તારીખ ૨૪ નવેમ્બરે ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેતા પહેલા, ન્યાયાધીશ સૂર્યકાન્તે શનિવારે કોર્ટ કેસોના બેકલોગને ઘટાડવાને તેમની ટોચની પ્રાથમિકતા ગણાવી છે અને મધ્યસ્થીને પ્રોત્સાહન આપવાનું વચન આપ્યું છે. મીડિયાકર્મીઓ સાથેની વાતચીતમાં, આગામી CJI એ કહ્યું કે : "અમે સુપ્રીમ કોર્ટ અને દેશભરની અદાલતોમાં પેન્ડિંગ કેસોને કેવી રીતે ઘટાડવા તે અંગે કામ કરીશું." તેમણે જણાવ્યું હતું કે મુખ્ય



સમગ્ર દેશ મધ્યસ્થતા વિશે વાત કરી રહ્યો છે. મધ્યસ્થીએ ખરેખર વેગ પકડ્યો છે. ખાનગી કોર્પોરેશનો, બહુરાષ્ટ્રીય કંપનીઓ, બેંકો, વગેરેએ આંતરિક મધ્યસ્થીઓ માટે તાલીમ મેળવવા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. મને લાગે છે કે મધ્યસ્થતા એ સમયની જરૂરિયાત છે. મધ્યસ્થીથી પેન્ડન્સીમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. સરકાર સૌથી મોટી દાવેદાર છે, જે ઘણીવાર એવા કેસોમાં અપીલ દાખલ કરે છે જે તે હારી ગઈ હોય, ત્યારે પણ અપીલ દાખલ કરે છે, ન્યાયાધીશ કાંતે કહ્યું કે તેઓ સરકાર અને તેની

### ૩૦ વર્ષ કે તેથી વધુ સમયથી પેન્ડિંગ કેસ અંગેના પ્રશ્નનો જવાબ આપતા, ન્યાયાધીશ કાંતે કહ્યું કે તેઓ આવા કેસોને પ્રાથમિકતા આપશે, અને કહ્યું કે બંધારણીય બેંચમાં વધુ કેસ હાથ ધરવામાં આવશે

ન્યાયાધીશ તરીકે શપથ લીધા પછી તરત જ, તેઓ દેશભરની તમામ ઉચ્ચ અદાલતો સાથે વાત કરશે જેથી નીચલી અદાલતોમાં સુનાવણીમાં અવરોધ આવે છે તે મુદ્દાઓને ઓળખી શકાય અને ઉકેલી શકાય. ૬૩ વર્ષીય ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું કે સરકાર સૌથી મોટો પક્ષ (વાદી) હોવાથી, આ મુદ્દાને પણ ઉકેલવા માટે પ્રયાસો કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે લાંબા સમયથી પડતર રહેલા મહત્ત્વપૂર્ણ કેસોની સુનાવણી માટે આગામી થોડા અઠવાડિયામાં પાંચ, સાત અને નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચની રચના કરવા માટે પગલાં લેવામાં આવશે. લાખો કેસોના ભારણને ઘટાડવા માટે મધ્યસ્થીનો પણ અસરકારક રીતે અમલ કરવામાં આવશે. રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે મુકદ્દમાનો ભાર ઘટાડવા અનુસાર, ભારતીય અદાલતોમાં ૫.૨૯ કરોડ પેન્ડિંગ કેસોનું ભારણ છે. આ ડેટા દર્શાવે છે કે જિલ્લા અને ગૌણ અદાલતોમાં સૌથી વધુ ૪.૬૫ કરોડ કેસ પેન્ડિંગ છે, ત્યારબાદ હાઈકોર્ટમાં ૬૩.૩૦ લાખ કેસ અને સુપ્રીમ કોર્ટમાં ૮૬,૭૪૨ કેસ પેન્ડિંગ છે. કેસોના બેકલોગમાં વધારો થવા ઉપરાંત, જિલ્લા અને ગૌણ અદાલતોને સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કરવામાં મુશ્કેલી પડી રહી હોય તેવું લાગે છે. ન્યાય વિભાગના જણાવ્યા અનુસાર, ૨૧ જુલાઈ, ૨૦૧૫ સુધીમાં ૨૫,૮૪૩ ન્યાયિક અધિકારીઓની મંજૂર સંખ્યા સામે, નીચલી અદાલતો ૨૧,૧૨૨ની સંખ્યા સાથે કામ કરી રહી છે. કાનૂની અને ન્યાય મંત્રાલયના જણાવ્યા અનુસાર, પાંચ વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ કેસોનો નિકાલ કરવા માટે તમામ ૨૫ ઉચ્ચ અદાલતોમાં બાકી સમિતિઓની સ્થાપના કરવામાં આવી છે એજન્સીઓને મધ્યસ્થીનો વિકલ્પ પસંદ કરવા માટે પ્રોત્સાહિત કરશે. સુપ્રીમ કોર્ટ અને ન્યાયાધીશોના સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવાના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું, "જો કોઈ સમસ્યા આવે છે, તો ઉકેલ પણ આવે છે." હાઈકોર્ટ બેન્ચના કેન્દ્રીકરણના મુદ્દા પર, તેમણે કહ્યું કે બેન્ચના સ્થાન પાછળ રાજ્યોના પોતાના ઐતિહાસિક અને લોજિસ્ટિકલ કારણો છે. ઉત્તર પ્રદેશમાં લખનૌ બેન્ચ ઉત્કૃષ્ટ માળખાગત સુવિધા ધરાવે છે, પરંતુ બેન્ચ સ્ટ્રેન્થ પૂરતી નથી. અલ્હાબાદ પાસે પણ ચોક્કસ મંજૂર સંખ્યા છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) વિશે બોલતા, તેમણે કહ્યું કે, આપણે ન્યાયિક પ્રક્રિયામાં આપણને કેટલી AIની જરૂર છે તેની સીમાઓ નક્કી કરવી પડશે. અમે એક સર્વાંગી દૃષ્ટિકોણ લઈશું અને બારનો સંપર્ક કરીશું.

### જસ્ટિસ કાંત ૨૪ નવેમ્બરના રોજ ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ તરીકે કાર્યભાર સંભાળશે અને ૯ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી સેવા આપશે, અને તેઓ વર્તમાન CJI બી.આર. ગવઈનું સ્થાન લેશે

માટે મધ્યસ્થીનો ઉપયોગ કરી શકાય છે. સમુદાય મધ્યસ્થી પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ માટે અનુકૂળ વાતાવરણ બનાવવું જોઈએ. કેસોનો બેકલોગ ઘટાડવા માટે છૈં નો ઉપયોગ કરવા વિશે પૂછવામાં આવતા, ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું કે તે અંગે ઘણા મુદ્દાઓ અને પડકારો છે. તેના ફાયદા પણ છે, પરંતુ લોકોને કેટલીક ચિંતાઓ પણ છે. તેનો ઉપયોગ પ્રક્રિયાગત બાબતોમાં થઈ શકે છે. જોકે, દરેક વ્યક્તિ ઈચ્છે છે કે તેમનો કેસ ન્યાયાધીશ દ્વારા નક્કી કરવામાં આવે. નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડ (NJDG) પર ઉપલબ્ધ ૨૧ જુલાઈ સુધીના સત્તાવાર ડેટા અને હવે જિલ્લા અદાલતો હેઠળ પણ આવી જ બાકી સમિતિઓની સ્થાપના કરવામાં આવી છે. CJIએ કહ્યું કે તેઓ હાઈકોર્ટ અને નીચલી અદાલતોમાં પેન્ડન્સી ઘટાડવા માટે પણ કામ કરશે. હું કાયદાના પ્રશ્નોના નિર્ણય માટે પ્રાથમિકતાના આધારે બંધારણીય બેન્ચની રચના કરીશ જેના કારણે હાઈકોર્ટ અને નીચલી અદાલતો નિર્ણયો લઈ શકતી નથી. ન્યાયિક પ્રમોશન અને સુધારાઓ પર, જસ્ટિસ કાંતે કહ્યું કે તેઓ મધ્યસ્થીને સક્રિયપણે પ્રોત્સાહન આપશે, તેને "ગેમ ચેન્જર" અને ઘણી પ્રણાલીગત સમસ્યાઓનો ઉકેલ ગણાવશે. આજે સોશિયલ મીડિયા ટ્રોલ અને ન્યાયતંત્ર પર દબાણ અંગે ચિંતા વ્યક્ત કરતા, ન્યાયાધીશ કાંતે પુનરોચ્ચાર કર્યો કે તેમણે તેમની કારકિર્દીમાં ક્યારેય દબાણ અનુભવ્યું નથી. મને નથી લાગતું કે કોઈ ન્યાયાધીશ કે CJI સોશિયલ મીડિયા... અથવા જેને હું મજાકમાં 'અનસોશિયલ મીડિયા' કહું છું તેના દબાણ હેઠળ આવે છે. ફક્ત તેમને અવગણો. તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો. સુપ્રીમ કોર્ટનો સીધો સંપર્ક કરતા અરજદારો અંગે, તેમણે કહ્યું કે સિસ્ટમે તપાસ કરવી જોઈએ કે લોકો હાઈકોર્ટ અને નીચલી કોર્ટને કેમ બાયપાસ કરે છે.

# રિયાસીમાં વૈષ્ણોદેવી મેડિકલ કોલેજમાં ૫૦માંથી ૪૨ MBBS બેઠકો મુસ્લિમ વિદ્યાર્થીઓને મળી હોવાથી ભાજપે પ્રવેશનો વિરોધ કર્યો

## ભાજપ કહે છે કે મંદિર દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવતી SMVDIMEએ દાતાઓની અપેક્ષાઓ અનુસાર વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવી જોઈએ, તેણે પ્રથમ MBBS બેચની સમીક્ષાની માંગ કરી

(એજન્સી) તા.૨૩

જ્યારે ૫૦ સીટની MBBS બેચમાં મુસ્લિમ સમુદાયના ૪૨ વિદ્યાર્થીઓ હોવાનું જાણવા મળ્યું ત્યારે ભાજપના ધારાસભ્યોના એક પ્રતિનિધિમંડળે લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાની મુલાકાત લીધી, જેમાં રિયાસી જિલ્લામાં શ્રી માતા વૈષ્ણોદેવી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એક્સેલન્સ (SMVDIME)ની પ્રથમ પ્રવેશ યાદીની સમીક્ષાની માંગ કરવામાં આવી હતી. જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુનિલ શર્માના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે લેફ્ટનન્ટ ગવર્નરને મળ્યા અને 'સુધારાત્મક કાર્યવાહી' અને પ્રવેશ ધોરણોની સમીક્ષાની માગણી સાથે એક મેમોરેન્ડમ સુપરત કર્યું. શર્મા સાથે ધારાસભ્યો શામ લાલ શર્મા, સુરજીત સિંહ સ્લાથિયા, દેવિન્દર કુમાર મન્યાલ અને રણબીર સિંહ પઠાનિયા હતા. મીડિયાના અહેવાલ મુજબ, ૨૦૨૫-૨૬ શૈક્ષણિક વર્ષ માટે સંસ્થાની પ્રથમ MBBS સીટ-ફાળવણી યાદીમાં ૫૦ બેઠકોમાંથી ૪૨ મુસ્લિમ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો, જેમાં ફક્ત સાત હિન્દુ અને એક શીખ વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો હતો. અનેક હિન્દુ સંગઠનોએ આરોપ લગાવ્યો હતો કે ધાર્મિક સંસ્થા દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવતી સંસ્થાએ હિન્દુ પ્રતિનિધિત્વને પ્રાથમિકતા આપવી જોઈએ અને માંગ કરી હતી કે સમુદાય-આધારિત અનામતને સક્ષમ બનાવવા માટે SMVDIMEને લઘુમતી સંસ્થા જાહેર કરવામાં આવે. જો કે, અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રવેશ ફક્ત મેરિટ આધારિત છે, ભારપૂર્વક જણાવ્યું હતું કે SMVDIMEને લઘુમતી દરજ્જો આપવામાં આવ્યો નથી અને તેથી ધર્મ આધારિત અનામત લાગુ કરી શકાય નહીં. આ અઠવાડિયાની શરૂઆતમાં યુવા રાજપૂત સભા, રાષ્ટ્રીય બજરંગ દળ અને ચળવળ કલ્કીના સભ્યોએ સંસ્થામાં વિરોધ પ્રદર્શન કર્યા ત્યારે વિવાદ વધુ વકર્યો હતો. રાષ્ટ્રીય બજરંગ દળના પ્રમુખ રાકેશ બજરંગીએ જણાવ્યું હતું કે ૫૦ વિદ્યાર્થીઓની પ્રથમ બેચમાંથી ૪૨ મુસ્લિમ છે, જે તેમને સ્વીકાર્ય નથી અને હિન્દુઓ માટે પૂરતા અનામતની ખાતરી આપવા માટે નવી પ્રવેશ પ્રક્રિયા અને નિયમોની પુનઃપરીક્ષાની માંગ



કરી હતી.ઉધમપુરના ભાજપના ધારાસભ્ય, આર.એસ. પઠાનિયાએ X પર પોસ્ટ કરી હતી કે શ્રી માતા વૈષ્ણોદેવી યાત્રાળુઓની ભક્તિ અને પ્રસાદથી બનેલી સંસ્થાઓએ મંદિરના પવિત્ર સિદ્ધાંતો સાથે સંપૂર્ણ રીતે કાર્ય કરવું જોઈએ અને શ્રાઇન બોર્ડ એક્ટ અને યુનિવર્સિટી એક્ટમાં સુધારા હવે જરૂરી છે. મીડિયાના અહેવાલ મુજબ, જો શ્રાઇન બોર્ડના અધ્યક્ષ લેફ્ટનન્ટ ગવર્નર સિંહા તાત્કાલિક હસ્તક્ષેપ નહીં કરે તો વિરોધ પ્રદર્શન કરનારા નેતાઓએ ચેતવણી આપી હતી કે તેઓ તેમના આંદોલનને વધુ તીવ્ર બનાવશે. મીડિયાના અહેવાલ મુજબ, દરમિયાન, લેફ્ટનન્ટ ગવર્નરે ભાજપના પ્રતિનિધિમંડળને ખાતરી આપી હતી કે આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે અને યોગ્ય નિર્ણય લેવામાં આવશે. ચાલુ શૈક્ષણિક વર્ષ માટે SMVDIMEને ૫૦ MBBS બેઠકો મંજૂર કરવામાં આવી હતી. જ્યારે ભાજપ પ્રતિનિધિમંડળ અને વિરોધ પ્રદર્શન કરનારા નેતાઓ પ્રવેશમાં શ્રદ્ધા આધારિત વિચારણા કરવાની હાકલ કરે છે, ત્યારે અધિકારીઓ ભારપૂર્વક કહે છે કે પસંદગી મેરિટના આધારે કરવામાં આવી છે અને કોઈ ધર્મ આધારિત અનામત લાગુ પડતું નથી.

# ભાજપ જ્યાં હારી ત્યાં SIR દ્વારા ૫૦,૦૦૦થી વધુ મત કાપવાનું કાવતરૂં : અખિલેશ

## SIR વિવાદ : અખિલેશ યાદવે દાવો કર્યો હતો કે ભાજપ જ્યાં હારી ત્યાં ૫૦,૦૦૦થી વધુ મત કાપવાનું કાવતરૂં ઘડવામાં આવી રહ્યું છે. શું આ ચૂંટણીમાં છેતરપિંડીનો આરોપ છે કે રાજકીય રણનીતિ ?

(એજન્સી) તા.૨૩

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે આરોપ લગાવ્યો છે કે ઉત્તરપ્રદેશમાં SIRના નામે એક મોટું કાવતરૂં ચાલી રહ્યું છે. તેમણે ચૂંટણી પંચ અને ભાજપ પર ગંભીર આરોપ લગાવતા દાવો કર્યો છે કે તેઓ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)નો દુરૂપયોગ કરીને વિધાનસભા મતવિસ્તારોમાંથી ૫૦,૦૦૦થી વધુ મત કાપવાનું કાવતરૂં કરી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ઓલ ઈન્ડિયા એલાયન્સે જે મત વિસ્તારોમાં જીત મેળવી હતી તેમને ખાસ નિશાન બનાવવામાં આવી રહ્યા છે.



અખિલેશ યાદવે કન્નૌજમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'આ વખતે લાખો લગ્નો છે અને તે જ સમયે, ચૂંટણી પંચ SIR કરી રહ્યું છે. તેને સુધારો ન કહો; તેને નવી મતદાર યાદી માનો.' તેઓ ૨૦૨૪માં હારી ગયા હોવાથી એક નવી બનાવી રહ્યા છે. ૨૦૨૪ની તેમની હારને જીતમાં ફેરવવા માટે, તેઓ સમાજવાદી પાર્ટીના મત હિસ્સામાં ૫૦,૦૦૦ મતોનો ઘટાડો કરવા જઈ રહ્યા છે જ્યાં તે જીતી હતી. ઉત્તરપ્રદેશમાં આ પરિસ્થિતિ છે અને તેઓ બંગાળમાં પણ આવું જ કરવા જઈ રહ્યા છે. ત્યાં મમતા બેનરજીની સરકાર તેને રોકશે અને તે લડી રહી છે, પરંતુ અહીં આપણી પાસે સરકાર નથી. સપા પ્રમુખે આરોપ લગાવ્યો કે બિહાર મોડેલ મત કાપવા માટે અપનાવવામાં આવ્યું છે, એટલે કે, વિપક્ષ દ્વારા જીતવામાં આવેલી બેઠકો પર વધુ મત કાપવા માટે. અખિલેશે વધુમાં કહ્યું કે બિહાર ચૂંટણી પછી, અખબારો, સોશિયલ મીડિયા અને અન્ય સ્ત્રોતો સૂચવે છે કે ભાજપ, ચૂંટણી પંચ સાથે મળીને, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં વ્યાપક તૈયારીઓ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે SIRનો ઉપયોગ મત કાપવાના બહાના તરીકે થઈ રહ્યો છે.

અખિલેશે લોકોને સતર્ક રહેવા અને મતદાર યાદીમાં તેમના નામ તપાસવાની અપીલ કરી. તેમણે કહ્યું, 'આ ઉત્તરપ્રદેશમાં થઈ રહ્યું છે અને પશ્ચિમ બંગાળમાં તૈયારીઓ ચાલી રહી છે. અમે સંપૂર્ણપણે સતર્ક છીએ.' જનતાને અપીલ કરવામાં આવે છે કે તેઓ તેમની મતદાર યાદીઓ તપાસે જેથી કોઈના નામ ખોટી રીતે કાઢી ન નાખવામાં આવે. ચૂંટણી પંચ ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ખાસ સઘન સુધારણા (SIR) કરી રહ્યું છે. આમાં આંદામાન અને નિકોબાર, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, લક્ષદ્વીપ, મધ્યપ્રદેશ, પુડુચેરી, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. મતદાર યાદીનું અંતિમ પ્રકાશન ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ થશે.

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ અખિલેશના આરોપોને સંપૂર્ણપણે ફગાવી દેતા કહ્યું, 'રાજસ્થાનમાં કોઈ ચૂંટણી નથી, છતાં ત્યાં SIR યોજાઈ રહી છે. ઘણા રાજ્યો એવા છે જ્યાં ચૂંટણીઓ યોજાવાની નથી, છતાં SIR યોજાઈ રહી છે. આ લોકો બૂમો પાડી રહ્યા છે કારણ કે જે લોકોના નામ કાઢી નાખવામાં આવી રહ્યા છે તે તેમની વોટ બેંક છે. હવે તેમને લાગે છે કે તેમનો રાજકીય આધાર સરકી જશે.'

બિહારનું ઉદાહરણ આપતા ભાટિયાએ કહ્યું, 'તેજશ્વી યાદવે છ મહિના પહેલા પણ આ જ વાત કહી હતી, અને પરિણામ ૨૫ બેઠકો સુધી ઘટી ગયું. હવે મમતા બેનરજી અને અખિલેશ યાદવે જ વાતનું પુનરાવર્તન કરી રહ્યા છે. તેઓ પણ ૨૫થી ઓછી બેઠકો પર પહોંચી જશે.' પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસે પણ એક ઝુંબેશ શરૂ કરી છે. પાર્ટીના મહાસચિવ અભિષેક બેનરજીએ SIR સંબંધિત તમામ મુદ્દાઓને ઉકેલવા માટે ૨૪ નવેમ્બરે એક મોટી બેઠક બોલાવી છે. આ બેઠકમાં દરેક બૂથ સ્તરે દેખરેખ રાખવા અને કોઈ પણ નામ ખોટી રીતે કાઢી ન નાખવાની ખાતરી કરવા માટે રણનીતિ બનાવવા અંગે ચર્ચા કરવામાં આવશે. વધુમાં, મુખ્યમંત્રી મમતા બેનરજી ૨૫ નવેમ્બરે ઉત્તર ૨૪ પરગણાના બોનગાંવમાં માતુઆ સમુદાયના સભ્યો સાથે મુલાકાત કરશે. એવો આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે SIR દ્વારા માતુઆ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં મતદાર યાદીઓમાંથી નામ કાઢી નાખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

અખિલેશ યાદવના આ નિવેદનથી ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં રાજકીય તાપમાનમાં વધારો થયો છે. સમાજવાદી પાર્ટી અને તૃણમૂલ કોંગ્રેસે દરેક બૂથ પર પોતાના કાર્યકરોને સક્રિય કર્યા છે, જ્યારે ભાજપ તેને 'વોટ બેંક રાજકારણની હતાશા' ગણાવી રહ્યું છે. બધાની નજર હવે તેના પર છે કે ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પ્રકાશિત થનારી અંતિમ મતદાર યાદીમાંથી ખરેખર કેટલા નામો કાઢી નાખવામાં આવે છે અને શું આ વિવાદ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી સુધી ચાલુ રહેશે.


# ગ્લોબલ પીસ ઓનર્સમાં શાહરૂખ ખાને ૨૬/૧૧ દુર્ઘટનાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી

## આ કાર્યક્રમમાં ગ્લોબલ પીસ ઓનર, નેશનલ વીરતા પુરસ્કાર અને લીડરશીપ ઓનર જેવા સન્માનો પણ આપવામાં આવ્યા હતા.

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૩

બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાને શનિવારે મુંબઈમાં ગ્લોબલ પીસ ઓનર ૨૦૨૫માં એક શક્તિશાળી અને ભાવનાત્મક ભાષણ આપ્યું. આ કાર્યક્રમમાં ૨૬/૧૧ના મુંબઈ હુમલા, પહેલગામ આતંકવાદી હુમલો અને તાજેતરના દિલ્હી વિસ્ફોટોના પીડિતોને યાદ કરવા માટે નાગરિકો, મહાનુભાવો અને સેલિબ્રિટીઓને એકઠા થયા હતા. આ કાર્યક્રમમાં ભારતીય સૈનિકો અને સુરક્ષા કર્મચારીઓની બહાદુરીનું પણ સન્માન કરવામાં આવ્યું છે. ANI દ્વારા શેર કરાયેલા એક વિડિઓમાં, શાહરૂખ ખાને કહ્યું કે, "૨૬/૧૧ ના આતંકવાદી હુમલા, પહેલગામ આતંકવાદી હુમલો અને તાજેતરના દિલ્હી વિસ્ફોટોમાં જીવ ગુમાવનારા નિર્દોષ લોકોને મારી નમ્ર શ્રદ્ધાંજલિ અને આ હુમલાઓમાં શહીદ થયેલા આપણા બહાદુર સુરક્ષા કર્મચારીઓને મારી આદરપૂર્ણ સલામ."

તેમણે ભારતીય સૈનિકોને સમર્પિત ચાર પંક્તિઓ પણ વાંચી. તેમણે કહ્યું કે, "જ્યારે કોઈ તમને પૂછે કે તમે શું કરો છો, ત્યારે ગર્વથી



કહો કે હું દેશનું રક્ષણ કરું છું. જો કોઈ તમને પૂછે કે તમે કેટલું કમાઓ છો, તો સહેજ સ્મિત કરો અને કહો, હું ૧.૪ અબજ લોકોના આશીર્વાદ મેળવું છું અને જો તેઓ ફરીને તમને ફરીથી પૂછે, શું તમે ક્યારેય ડરતા નથી, તો તેમની આંખોમાં જુઓ અને કહો, જેઓ આપણા પર હુમલો કરે છે ત્યારે તેઓ ડર અનુભવે છે." ગ્લોબલ પીસ ઓનર્સ ૨૦૨૫માં સુપરસ્ટાર શાહરૂખ ખાને કહ્યું કે, "૨૬/૧૧ ના આતંકવાદી હુમલા, પહેલગામ આતંકવાદી હુમલો અને તાજેતરના દિલ્હી વિસ્ફોટોમાં જીવ ગુમાવનારા નિર્દોષ લોકોને મારી નમ્ર શ્રદ્ધાંજલિ અને આપણા બહાદુરને મારી આદરપૂર્ણ સલામ.

શાહરૂખે બધાને સંવાદિતા અને માનવતા માટે સાથે ઊભા રહેવા વિનંતી કરી. તેમણે કહ્યું કે, "આવો આપણે બધા સાથે મળીને શાંતિ તરફ આગળ પગલાં લઈએ. ચાલો આપણે આપણી આસપાસ જાતિ, સંપ્રદાય અને ભેદભાવ ભૂલી જઈએ અને માનવતાના માર્ગે ચાલીએ જેથી આપણા દેશની શાંતિ માટે આપણા નાયકોની શહાદત વ્યર્થ ન જાય. જો આપણી વચ્ચે શાંતિ હોય, તો ભારતને કંઈપણ હચમચાવી શકે નહીં." આ સમારોહનું આયોજન વિક્રાંત મેસી દ્વારા કરવામાં આવ્યું હતું. ટાઈગર શ્રોફે શહીદોની યાદમાં એક ખાસ એક્ટ કર્યું. રણવીર સિંહ, ફરહાન અખ્તર અને અન્ય ઘણી હસ્તીઓએ પણ શ્રદ્ધાંજલિ આપી. આ કાર્યક્રમમાં ગ્લોબલ પીસ ઓનર્સ, નેશનલ વીરતા પુરસ્કાર અને લીડરશીપ ઓનર જેવા સન્માનો પણ રજૂ આપવામાં આવ્યા હતા.

**શાહરૂખ ખાને આતંકવાદી હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી : તેમણે કહ્યું કે 'જો આપણી વચ્ચે શાંતિ અને એકતા હોય તો ભારતને કોઈ હચમચાવી શકતું નથી'**

**બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાને આતંકવાદી હુમલાના પીડિતો અને સુરક્ષા કર્મચારીઓને શ્રદ્ધાંજલિ આપી છે અને લોકોને શાંતિ જાળવવા માટે અને વિભાજિત ન થવા વિનંતી કરી છે, અને કહ્યું કે જ્યારે આપણી વચ્ચે શાંતિ અને એકતા હોય છે, ત્યારે "ભારતને કોઈ હચમચાવી કે હરાવી શકતું નથી" અને દેશના નાગરિકોના જુસ્સાને કોઈ તોડી શકતું નથી.**

# રાજ્યમાં ઠંડીનો ચમકારો : નલિયા સૌથી ઠંડું શહેર

## આગામી સમયમાં ઠંડીના પ્રમાણમાં વધારો થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

નવેમ્બર મહિનાના અંતમાં ગુજરાતમાં હવે શિયાળાની બરાબર શરૂઆત થઈ છે. રાજ્યમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના આંકડા અનુસાર, તમામ મોટા શહેરોનું તાપમાન ૨૦ ડિગ્રી કરતા નીચે નોંધાયું છે. છેલ્લા કેટલાક દિવસથી નલિયામાં સૌથી વધુ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ત્યારે ફરી એક વખત રાજ્યમાં ૧૦.૪ ડિગ્રી સાથે નલિયામાં સૌથી ઠંડુગાર શહેર બની ગયું છે.

હવામાન વિભાગના આંકડા પ્રમાણે રાજકોટમાં ૧૩.૯ ડિગ્રી, ડીસામાં ૧૪.૩ ડિગ્રી, અમદાવાદમાં ૧૫.૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે. પોરબંદરમાં ૧૫.૮ ડિગ્રી, ભુજમાં ૧૬.૪ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૬.૨ ડિગ્રી, વડોદરામાં ૧૬.૬ ડિગ્રી, કંડલામાં ૧૭ ડિગ્રી, ભાવનગરમાં ૧૭.૮ ડિગ્રી સુરતમાં ૧૮.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

અમદાવાદ સહિત રાજ્યમાં હાલ પૂર્વના તેજ પવન જમીન પર નીચલા સ્તરે ફૂંકાઈ રહ્યા છે. તેની સાથે જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધ્યું છે. આ પરિસ્થિતિમાં હજુ આગામી ૨૪ કલાક સુધી તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સુધીનો વધારો થવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રીની આસપાસ રહેશે જેથી રાતના સમયે ઠંડીનો ચમકારો અનુભવાશે.

ઠંડીનો ચમકારો વહેતા વહેલી સવાર ગાર્ડનમાં પણ લોકોની સંખ્યા વધી ગઈ છે. ઠંડીથી બચવા માટે વહેલી સવારે મોટી સંખ્યામાં લોકો ગાર્ડનમાં ચાલતા અને કસરત કરતા જોવા મળી રહ્યા હતા. જો કે આગામી સમયમાં ઠંડીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. જેના કારણે સૌરાષ્ટ્રના ભાગોમાં તાપમાનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

# સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘનો વિસ્ફોટક દાવો, સિંધપ્રાંત ભારત તરફ પરત આવી જાય તેવી શક્યતા, સરહદોમાં ફેરફારો થઈ શકે છે

નવી દિલ્હી, તા.૨૩

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આજે એવો દાવો કર્યો હતો કે પાકિસ્તાન સાથે રહેલો સિંધપ્રાંત ભારત સાથે આવી જવાની શક્યતા છે. સંસ્કૃતિ અને ઈતિહાસની દૃષ્ટિએ સિંધ પ્રાંત ભલે આજે ભારત સાથે નથી પણ એ હંમેશા માનવ સંસ્કૃતિની દૃષ્ટિએ ભારતનો ભાગ રહ્યું છે અને રહેશે. તેમણે કહ્યું હતું કે સિંધુ નદી ઉપરનો આ વિસ્તાર ૧૯૪૭ના ભારતમાં ભાગલા પછી પાકિસ્તાનના ભાગમાં રહ્યો હતો.



સિંધમાંથી સિંધી લોકો મોટા પ્રમાણમાં ભારત આવ્યા. ગુજરાત અને રાજસ્થાન સાથે પણ સિંધની આંતરરાષ્ટ્રીય સરહદ જોડાયેલી છે. એક કાર્યક્રમમાં બોલતાં તેમણે કહ્યું હતું કે એલ.કે. અડવાણી અગાઉ કહેતા હતા કે આજની પેઢીના સિંધના હિંદુઓ ભારતથી અલગતા સહન કરી શકતા નથી કેમ કે સિંધના હિંદુઓ પણ સિંધુ નદીને પવિત્ર માને છે. એટલે સિંધ આજે ભલે ભારતનો હિસ્સો નથી પણ સંસ્કૃતિની દૃષ્ટિએ હંમેશા ભારતનો ભાગ રહેશે. સરહદો બદલી શકાય છે અને કોને ખબર કાલે સિંધ ભારતને પાછુ મળી જાય.

# કોંગ્રેસની વર્કર્સ વિંગ દ્વારા નવા લેબર કોડ્સ વિરૂદ્ધ પ્રદર્શન : તેને 'કોર્પોરેટ-સંચાલિત' અને કામદાર વિરોધી ગણાવ્યા

## કોંગ્રેસના અસંગઠિત કામદારો અને કર્મચારીઓએ 'કામદાર વિરોધી' કોડ્સને તાત્કાલિક પાછો ખેંચવાની માંગણી સાથે નવી દિલ્હીમાં વિશાળ વિરોધ પ્રદર્શન કર્યું હતું

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૩

દેશની મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસની વર્કર્સ વિંગે શનિવારે રાષ્ટ્રીય રાજધાનીમાં શ્રમ શક્તિ ભવનની બહાર એક વિશાળ વિરોધ પ્રદર્શન કર્યું, જેમાં કેન્દ્રના નવા લેબર કોડ્સના અમલીકરણનો વિરોધ કરવામાં આવ્યો હતો. અસંગઠિત કામદારો અને કર્મચારી કોંગ્રેસ (KKC) દ્વારા વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ તેના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ સાંસદ ડૉ. ઉદિત રાજ દ્વારા કરવામાં આવ્યું હતું. રમેશ કુમાર યાદવ, સંજય ગાબા, શાહિદ અલી, સીપી સોની, ડૉ. અંશુ એન્થોની, વિનોદ પવાર અને નરેશ મલિક સહિત વરિષ્ઠ નેતાઓ સેંકડો કામદારો સાથે પ્રદર્શનમાં જોડાયા હતા. વિરોધીઓએ લેબર કોડ્સના ગેઝેટ સૂચનાઓની નકલો સળગાવી, કાયદાઓને 'કોર્પોરેટ-સંચાલિત' અને 'કામદાર વિરોધી' ગણાવ્યા હતા. ઉદિત રાજે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સરકાર દ્વારા લાવવામાં આવેલા ચાર શ્રમ સંહિતાઓએ યુનિયનોને નબળા પાડ્યા છે, વેતન ઘટાડ્યું છે અને કરોડો કામદારોના તેમના મહેનતથી મેળવેલા અધિકારો છીનવી લીધા છે. આ કાયદાઓ સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે. તેમણે નોકરીની સુરક્ષાનો નાશ કર્યો છે અને ભારતના ૯૦% કાર્યબળને મૂંઝવણમાં ધકેલી દીધા છે,' તેમણે જાહેરાત કરી કે તે રદ કરવા માટે રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરશે. ડૉ. રાજે કહ્યું કે ઔદ્યોગિક સંબંધો સંહિતા, ઓએસએચ સંહિતા, સામાજિક સુરક્ષા સંહિતા અને વેતન સંહિતા સામૂહિક રીતે 'ભાડે રાખવા અને કાઢી મૂકવા', કાર્યસ્થળની સલામતીને નબળી પાડવા, સામાજિક સુરક્ષાને ઘટાડવા અને કામદારોના હાથમાં ઓછા પૈસા માટે વેતન માળખા લાદવા જેવા કાર્યોને કાયદેસર બનાવે છે. તેમણે આરોપ લગાવ્યો કે આ સંહિતા 'કામદારોના અધિકારો કરતાં કોર્પોરેટ સુગમતાને પ્રાથમિકતા આપે છે', જે દાયકાઓથી ચાલી આવતી શ્રમ સુરક્ષાને નબળી પાડે છે. તેઓએ માંગ કરી હતી કે સરકાર તાત્કાલિક શ્રમ સંહિતા રદ કરે; નહીં તો તે કોઈપણ હદ સુધી જશે. મુખ્ય ડાબેરી પક્ષ સીપીઆઈ (એમ)એ પણ માંગ કરી હતી કે સરકારે આ કાયદાઓ પાછા લેવા જોઈએ. સીપીઆઈ (એમ) પોલિટબ્યુરોએ જણાવ્યું હતું કે તે શ્રમ સંહિતાના એકપક્ષીય નોટિફિકેશનનો સખત વિરોધ કરે છે. આ સંહિતા મહેનતથી મેળવેલા શ્રમ કાયદાઓને તોડી પાડે છે જે અત્યારસુધી કામદારોને અમુક હદ સુધી સુરક્ષિત રાખતા આવ્યા છે. ઘણી મર્યાદાઓ હોવા છતાં, અમુક હદ સુધી વેતન, કામના કલાકો, સામાજિક સુરક્ષા, ઔદ્યોગિક સલામતી, નિરીક્ષણ-પાલન




પદ્ધતિઓ અમલમાં હતી. હવે આ કાયદા સરળીકરણને બદલે, નવા સંહિતા લાંબા સમયથી અસ્તિત્વમાં રહેલા અધિકારો અને હકને નાબૂદ કરવાનો પ્રયાસ કરે છે અને નોકરીદાતાઓની તરફેણમાં છે. સરકારનો એવો દાવો કે આ શ્રમ સંહિતા રોજગાર અને રોકાણને વેગ આપશે તે સંપૂર્ણપણે પાયાવિહોણા છે. આ સંહિતા મૂડીના આક્રમણ સામે શ્રમને અસુરક્ષિત રાખવા માટે છે. તેમનો ઉદ્દેશ્ય શ્રમ અધિકારોના વિવિધ પાસાઓને આવરી લેતા તમામ અર્થપૂર્ણ નિયમો રદ કરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મૂડીને આકર્ષવાનો છે. વધુમાં, તેઓ હડતાલ કરવાનો અધિકાર છીનવી લેવા અને કામદાર વર્ગ દ્વારા કોઈપણ સામૂહિક કાર્યવાહીને ગુનાહિત બનાવવાનો પ્રયાસ કરે છે. શ્રમ સંહિતા, એકંદરે, સરકાર અને વહીવટીતંત્રના સક્રિય પ્રાયોજકતા સાથે કામદારોના અધિકારો અને હકો પર એકપક્ષીય રીતે દબાણ કરીને કોર્પોરેટ વર્ગને સશક્ત બનાવવાનો પ્રયાસ કરે છે. પોલિટબ્યુરોએ હિસ્સેદારો, ખાસ કરીને કામદારો સાથે વાસ્તવિક ત્રિપક્ષીય પરામર્શ વિના આ સંહિતાઓને આગળ ધપાવવાના લોકશાહી અને સંઘીય ધોરણોના ઘોર ઘૃણાસ્પદ ઉલ્લંઘનની પણ નિંદા કરતા કહ્યું કે, સરકારે સમગ્ર પ્રક્રિયા દરમિયાન ટ્રેડ યુનિયનો સાથે ચર્ચા કર્યા વિના સંસદમાં કાયદો ઉતાવળમાં પસાર કર્યો છે. સીપીઆઈ (એમ)એ શ્રમ સંહિતા તાત્કાલિક પાછી ખેંચવાની હાકલ કરી અને તમામ ટ્રેડ યુનિયનો અને લોકશાહી દળોને સરકારના સરમુખત્યારશાહીનો પ્રતિકાર કરવા અને કામદાર લોકોના અધિકારો અને હકોનું રક્ષણ કરવા અને વધુ વ્યાપક શ્રમ અધિકારો અને રક્ષણ માટે વિનંતી કરી છે.

# મુઘલ સમ્રાટ અકબર અને ટીપુ સુલ્તાનના નામ સાથેના મહાન શબ્દ દૂર કરી દેવાતા રાજકીય ઘમાસાણ, કોંગ્રેસે પ્રતિક્રિયા આપી કે આ અભિગમ ખોટો છે

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૩

મુઘલ શહેનશાહ અકબર અને મૈસુરના વાઘ ટીપુ સુલ્તાનના નામ આગળથી મહાન શબ્દ ઈતિહાસના પાઠ્યપુસ્તકમાંથી દૂર કરવાના NCERTના પગલાંથી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય યુદ્ધ જામી પડ્યું છે. મહાન શબ્દ દૂર કરવાથી જાગેલો વિવાદ કોઈ રીતે ઠંડો પડવાનો નામ લેતો નથી. કોંગ્રેસે ભાજપ અને આરએસએસનો અભિગમ ખોટો હોવાની ટીકા કરી હતી. કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે પોતાની નીતિઓને સમાવવા માટે સરકાર ઈતિહાસને તોડી મરોડીને સંકૂચિત કરીને રજૂ કરી રહી છે. કેટલાક શાસકો અને ખાસ કરીને મુઘલ શહેનશાહો પ્રતિ ભાજપનો રાજકીય અણગમો જાણીતો છે. કોંગ્રેસ સાંસદ ઈમરાન મસુદે સરકારને યાદ કરાવ્યું હતું કે અકબર અને





## NCERT દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે કે કોવિડ મહામારીના સમયથી અમે વિદ્યાર્થીઓ ઉપરનો બોજો ઘટાડવા અને બિનજરૂરી તેમજ વારંવાર આવતી એકસરખી વિગતો કાઢી નાખીને અભ્યાસક્રમમાં પરિવર્તન કરી રહ્યા છીએ જેનો મતલબ શિક્ષણ અને જ્ઞાનમાં કાપ મૂકવાનું નથી

ટીપુ સુલ્તાન તથા એમના વંશજોએ દેશ ઉપર ૭૦૦ વર્ષ સુધી રાજ કર્યું હતું. એમનું રાજ એક કે બે દિવસ ન હતું. મહાન શબ્દ કાઢી નાંખવાથી ભાજપ શું સિદ્ધ કરવા માંગે છે એ મોટો પ્રશ્ન છે. અકબરના શાસનમાં દેશ અત્યંત સમૃદ્ધ હતો અને ભારતની જીડીપી ૨૭ ટકા જેટલી હતી એટલે જ તો ભારતને સોને કી ચીડિયા કહેવામાં આવતું હતું. બ્રિટીશરોએ આખરી મુઘલ સમ્રાટના સંતાનોનો શિરદછેદ કરીને સોનાની થાળીમાં એમના માથા શહેનશાહ સમક્ષ રજૂ કર્યા હતા. આજે એમના વારસદારો કોલકાતાની શેરીઓમાં ઘરકામ કરીને વાસણો ઉટકી રહ્યા છે અને બ્રિટીશરોને સલામ કરનાર લોકોના વંશજો આજે સત્તા ઉપર બેઠા છે. તેમણે સવાલ કર્યો હતો કે રાણી લક્ષ્મીબાઈ સાથે દગો કોણે કર્યો હતો, આજે એમનો વારસદાર મંત્રી તરીકે છે. કોંગ્રેસ નેતા કે. મુરલીધરને ફેરફારોની ટીકા કરી હતી અને કહ્યું હતું કે શહેનશાહ અકબરના સમયમાં દેશમાં અભૂતપૂર્વ કોમી એકતા હતી, એખલાસ હતો. અકબરે હિન્દુ ધર્મને પણ માન આપ્યું હતું. ટીપુ અંગ્રેજો સામે લડતાં શહીદ થયા હતા. આ બંને મહાન વહીવટકર્તાઓ હતા એટલે કેન્દ્ર સરકારનો એમની તરફનો અભિગમ યોગ્ય નથી.

## આજે 'અઘોષિત કટોકટી' છે, જેમાં નાગરિકોના એન્કાઉન્ટર અને તેમના ઘરો પર બુલડોઝર ચલાવાય છે

# ભારતીય દંડ સંહિતામાં કોઈ નાગરિકના ઘરને બુલડોઝરથી તોડી પાડવા જેવી કોઈ સજા જ નથી

## કસોટીના સમયે આજે ન્યાયાધીશો ઊભા રહી શકતા નથી, જે દર્શાવે છે કે લોકશાહી સુરક્ષિત નથી : સિનિ. એડવોકેટ દુષ્યંત દવે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૩

અગાઉના સમયમાં કટોકટી જાહેર કરાઈ હતી. જો કે આજે આપણી પાસે 'અઘોષિત કટોકટી' છે એટલે કે જાહેર કર્યા વિનાની કટોકટી તેથી નાગરિકોને એન્કાઉન્ટરમાં મારવામાં આવી રહ્યા છે એટલું જ નહીં. નાગરિકોના ઘરો બુલડોઝર વડે તોડી પાડવામાં આવી રહેલ છે. ભારત દંડ સંહિતામાં ઘરને બુલડોઝરથી તોડી પાડવા જેવી કોઈ સજા જ નથી એમ આજે અમદાવાદમાં રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાનમાળામાં પોતાના સંબોધનમાં સુપ્રીમકોર્ટ બાર એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ અને સિનિયર એડવોકેટ દુષ્યંત દવેએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તમે બંધારણમાં ફેરફાર નથી કરી રહ્યા પરંતુ બંધારણનું સ્વરૂપ બદલી રહ્યા છો, આ ખૂબ ગંભીર બાબત છે. આપણે સરકારના સ્વરૂપમાં આ પરિવર્તન જોઈ રહ્યા છીએ. જેમ અગાઉ આપણે જાહેર કરાયેલ કટોકટી દરમ્યાન કર્યું હતું. આજે જાહેર કરાયા વિનાની કટોકટીમાં સરકાર અને વ્યકિત વચ્ચે સતત સંઘર્ષ જોવા મળી રહ્યો છે. વ્યકિત તેના અધિકારો માટે દાવો કરે છે સંઘર્ષ કરે છે અને સરકાર તે અધિકારોને કચડી નાખવાના પ્રયાસો કરે છે. સ્વતંત્રતાનો વિચાર આવ્યો ત્યારથી શાસકોએ જયારે પણ





ઈન્ડિયન સોસાયટી ફોર કોમ્યુનિટી એજ્યુકેશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં પ્રો. રામલાલ પરીખ મેમોરિયલ લેક્ચરમાં સુપ્રીમકોર્ટના સિનિયર એડવોકેટ દુષ્યંત દવે, ગાંધી પીસ ફાઉન્ડેશન, દિલ્હીના પ્રમુખ અને ગાંધી વિચારધારા સાથે જોડાયેલ કર્મશીલ કુમાર પ્રશાંત તથા પ્રો. હેમંતકુમાર શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

નાગરિકે બોલવાનો પ્રયાસ કર્યો છે ત્યારે નાગરિકને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો છે. બ્રિટીશ શાસન દરમ્યાન સ્વાતંત્ર્ય સેનાનીઓએ આનો અનુભવ કર્યો હતો. બ્રિટીશ શાસન દરમ્યાન બ્રિટીશરો દ્વારા આપણા દેશના લોકો પર કરવામાં આવેલા અત્યાચારોની આપણે કલ્પના પણ કરી શકતા નથી. બંધારણ ઘડનારાઓએ બંધારણનો મુસદ્દો બનાવતી વખતે પોતાના બધા દુઃખ અને અનુભવો ઠાલવી દીધા હતા. બંધારણના તૈયાર કરતી વખતે ૧૧૪ દિવસ સુધી ચર્ચા ચાલી હતી જયારે અમેરિકન બંધારણ ચાર માસથી ઓછા સમયમાં તૈયાર થઈ ગયું હતું. ભારતના બંધારણના મૂળ પાયામાં સાર્વભૌમ લોકશાહી અને પ્રજાસત્તાકની ભાવના હતી ત્યારબાદ તેમાં સમાજવાદી અને 'ધર્મનિરપેક્ષ' શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બંધારણના ઘડવૈયાઓ વિચારી રહ્યા હતા કે બંધારણમાં આ મૂળભૂત મુલ્યો કેવી રીતે મુકવા અને એક ફકરામાં જેને પ્રસ્તાવના કહેવામાં આવે છે. તેમણે આ મૂળભૂત માનવીય મૂલ્યો મુક્યા તેમ સુપ્રીમકોર્ટના સિનિયર એડવોકેટ દુષ્યંત દવેએ જણાવતા વધુમાં ઉમેર્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલ ભલે એક ચોક્કસ વિચારધારાના હીરો છે પરંતુ તેઓ ખરેખર ખૂબ જ અલગ માણસ હતા. જેમણે ભારતને માત્ર એકીકૃત જ કર્યું નથી. પરંતુ આપણને મૂળભૂત અધિકારો પણ આપ્યા. આ અધિકારો અસ્પૃશ્ય અને પવિત્ર છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ભૂતકાળમાં કેટલાક ન્યાયાધીશોએ અમને નિષ્ફળ બનાવ્યા અને પોતાને ઉદારવાદી તથા સમાજવાદી જાહેર કર્યા. જો કે કસોટીનો સમય આવ્યો ત્યારે તેઓ અમારા માટે ઉભા ન થયા. કસોટીના સમયે જો ન્યાયાધીશો ઉભા રહેવા તૈયાર ન હોય તો લોકશાહી સુરક્ષિત નથી. આજે પણ એવું જ થઈ રહ્યું છે, આપણા ન્યાયાધીશો ઉભા રહી શકતા નથી એમ કટાક્ષ કરતા વધુમાં તેમણે ઉમેર્યું હતું.

# સ્મૃતિ મંધાનાના પિતાને હૃદયરોગનો હુમલો આવતા પલાશ મુછલ સાથેનો લગ્ન સમારંભ મુલતવી

(એજન્સી)

સાંગલી, તા.૨૩

સ્ટાર ભારતીય મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાનાના પિતા શ્રીનિવાસને રવિવારે અચાનક હૃદયરોગનો હુમલો આવતા એમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સ્મૃતિ અને પલાશ મુછલના લગ્ન સમારંભને મોકૂફ રાખવામાં આવ્યો છે. સાંગલીના સમડોલ વિસ્તારમાં આવેલા ફાર્મહાઉસમાં સ્મૃતિના પિતાને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. આ ફાર્મહાઉસ તેના પિતાનું છે જ્યાં ભવ્ય લગ્ન સમારંભ યોજાનાર હતો. સ્મૃતિના મેનેજર તુહિન મિશ્રાએ કહ્યું હતું કે શ્રીનિવાસ મંધાનાને રવિવારે સવારે અચાનક હૃદયરોગનો હુમલો આવ્યો હતો એમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયા હતા. એમની સારવાર અત્યારે કરી રહેલા તબીબોએ જણાવ્યું હતું કે થોડા દિવસ એમને હોસ્પિટલમાં રાખવા પડશે. સ્મૃતિએ તેના પિતા બિલકુલ સાજા થઈ ન જાય ત્યાં સુધી લગ્ન સમારંભ મુલતવી રાખી દીધો છે.





# સોમવારે CJI તરીકે શપથ લેનારા ન્યાયાધીશ સૂર્યકાન્તે 'સ્વદેશી ન્યાયશાસ્ત્ર' અને સમાવેશકતા માટે આહ્વાન કર્યું

## જસ્ટિસ સૂર્યકાન્તે ભારતીય ન્યાયતંત્રને વસાહતી વારસામાંથી બદલવા માટે સ્વદેશી ન્યાયશાસ્ત્ર માટે આહવાન કર્યું હતું, તેઓ સોમવારે ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેવાના છે

(એજન્સી)

તા.૨૩

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI)-નિયુક્ત ન્યાયાધીશ સૂર્યકાન્તે શનિવારે ભારતીય કાનૂની માળખાના વિકાસ માટે 'સ્વદેશી ન્યાયશાસ્ત્ર' માટે આહ્વાન કર્યું હતું. એક વિશિષ્ટ વાતચીતમાં, ન્યાયાધીશ કાંતે કહ્યું કે ભારતીય ન્યાયતંત્રને વસાહતી વારસામાંથી વધુ પ્રમાણિક રીતે ભારતીય સંસ્થામાં રૂપાંતરિત કરવા માટે ''બહુ-પક્ષીય અભિગમ'' જરૂરી છે.

ક્લાસિક વસાહતી અદાલતથી વધુ ભારતીય અદાલતમાં પરિવર્તન સંબંધિત પ્રશ્નના જવાબમાં, CJIએ કહ્યું કે, ''ભારતીય ન્યાયતંત્રને વસાહતી વારસાથી વધુ પ્રમાણિક રીતે ભારતીય સંસ્થામાં રૂપાંતરિત કરવા માટે બહુપક્ષીય અભિગમની જરૂર છે જે કાનૂની પ્રણાલીના માળખાકીય, પ્રક્રિયાગત અને સાંસ્કૃતિક પાસાઓને સંબોધિત કરે છે. કોર્ટ કાર્યવાહીથી લઈને વિવિધ કાયદાઓ સુધી વસાહતી સંદર્ભ માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. સમકાલીન ભારતીય સમાજ અને મૂલ્યોને પ્રતિબિંબિત કરવા માટે આ નીતિઓમાં સુધારો અને સ્વદેશીકરણ કરવું મહત્ત્વપૂર્ણ છે.''

તેમણે સમાવેશકતાને પ્રાથમિકતા આપવા અને ન્યાયને વધુ સુલભ બનાવવા માટે તકનીકી અવરોધોને ઘટાડવા પર વધુ ભાર મૂકતા કહ્યું કે, ''વસાહતી અદાલતો શાહી હિતો માટે ડિઝાઈન કરવામાં આવી હતી, જે ઘણીવાર જનતાને દૂર કરતી હતી. પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા, તકનીકી અવરોધો ઘટાડવા અને ડિજિટલ ઍક્સેસ પ્રદાન કરવાથી ન્યાય વધુ સુલભ બની શકે છે. ખરેખર ભારતીય ન્યાયતંત્રે સમાવેશકતાને પ્રાથમિકતા આપવી જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે ગ્રામીણ નાગરિકો ધાકધમકી વિના સિસ્ટમમાં નેવિગેટ કરી શકે. સમાધાન અને સુમેળ સાથે સાંસ્કૃતિક અભિગમો બ્રિટિશ રાજમાંથી વારસામાં મળેલી વિરોધી પ્રણાલીને પૂરક બનાવશે.

જ્યુટિસ કાંતે જણાવ્યું હતું કે ન્યાયિક નિમણૂકો અને સમયબદ્ધ કેસોના નિકાલને સુવ્યવસ્થિત કરવાથી વસાહતી યુગની અસ્પષ્ટતા અને વિલંબને દૂર કરશે. ભારતના ન્યાયતંત્રને ખરેખર ભારતીય પ્રણાલીમાં રૂપાંતરિત કરવા માટે સ્વદેશી સુલભતા અને સાંસ્કૃતિક સુસંગતતા સાથે આધુનિક કાર્યક્ષમતાનું મિશ્રણ કરવાની જરૂર છે. આ પરિવર્તન સુનિશ્ચિત કરશે કે ન્યાય ભારતના સામાજિક માળખાનો એક અભિન્ન ભાગ છે.

જસ્ટિસ સૂર્યકાન્ત સોમવારે ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેશે. તેઓ જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો દૂર કરતી કલમ ૩૭૦ નાબૂદ કરવા, બિહાર મતદાર યાદી સુધારણા અને પેગાસસ સ્પાયવેર કેસ સહિત અનેક સીમાચિહ્નરૂપ ચુકાદાઓ અને આદેશોમાં ન્યાયાધીશ રહ્યા છે.

# દિલ્હી વિસ્ફોટની તપાસમાં નવા ધડાકા, શિક્ષિત આતંકવાદીઓના મોડ્યુલ દ્વારા બે વર્ષથી વિસ્ફોટકોનો સંગ્રહ કરવામાં આવતો હતો

## એનઆઈએની તપાસમાં ખુલાસો થયો, કાવતરાને અંજામ આપવા પાંચ ડોક્ટરોએ રૂા.૨૬ લાખ ભેગા કર્યા હતા

(એજન્સી)

ચંદીગઢ, તા.૨૩

વ્હાઈટ કોલર આતંકવાદી મોડ્યુલ અંગે એનઆઈએની તપાસ આગળ વધી રહી છે અને નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. એવું બહાર આવ્યું છે કે શિક્ષિત આતંકવાદીઓની આ ટુકડી છેલ્લા બે વર્ષથી વિસ્ફોટકો અને રિમોટથી ધડાકા કરવાના સરંજામને એકત્ર કરી રહી હતી. એનઆઈએની પૂછપરછમાં ડોક્ટર મુઝમ્મીલ ગનઈ દ્વારા કબૂલ કરવામાં આવ્યું હતું કે હરિયાણાના ગુરૂગ્રામ અને નૂહમાંથી ૨૬ ક્વિન્ટલ જેટલું એનપીકે ખાતર મેળવવામાં આવ્યું હતું. ડો. ઉમર નબીની દેખરેખ હેઠળ ખાતરમાંથી સ્ફોટક પદાર્થ બનાવવામાં આવતો હતો. એ માટેના રિમોટ ડિટોનેટર અને બોમ્બ માટેની સર્કિટની વ્યવસ્થા પણ ઉમરે કરી હતી અને તમામ ટેક્નિકલ ઓપરેશન સંભાળ્યું હતું. ડો. ગનઈ કહે છે કે વિસ્ફોટકો રાતોરાત તૈયાર થયા ન હતા ખૂબ લાંબાગાળાની મહેનત પછી બનાવવામાં આવ્યા હતા. ખાતર તથા રસાયણો, એમોનિયમ નાઈટ્રાઈટ અને યુરિયાનો જથ્થો ડો. ગનઈ એકત્ર કરતો હતો. સૂત્રોએ એવું પણ કહ્યું કે પાંચ ડોક્ટરોએ એકત્ર થઈને કાવતરાને અંજામ આપવા રૂા.૨૬ લાખ એકઠાં કરી લીધા હતા.



# રાજ્યમાં ઠંડીનો ચમકારો : નલિયા સૌથી ઠંડું શહેર

## આગામી સમયમાં ઠંડીના પ્રમાણમાં વધારો થશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૩

નવેમ્બર મહિનાના અંતમાં ગુજરાતમાં હવે શિયાળાની બરાબર શરૂઆત થઈ છે. રાજ્યમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના આંકડા અનુસાર, તમામ મોટા શહેરોનું તાપમાન ૨૦ ડિગ્રી કરતા નીચે નોંધાયું છે. છેલ્લા કેટલાક દિવસથી નલિયામાં સૌથી વધુ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ત્યારે ફરી એક વખત રાજ્યમાં ૧૦.૪ ડિગ્રી સાથે નલિયામાં સૌથી ઠંડુગાર શહેર બની ગયું છે.

હવામાન વિભાગના આંકડા પ્રમાણે રાજકોટમાં ૧૩.૯ ડિગ્રી, ડીસામાં ૧૪.૩ ડિગ્રી, અમદાવાદમાં ૧૫.૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે. પોરબંદરમાં ૧૫.૮ ડિગ્રી, ભુજમાં ૧૬.૪ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૬.૨ ડિગ્રી, વડોદરામાં ૧૬.૬ ડિગ્રી, કંડલામાં ૧૭ ડિગ્રી, ભાવનગરમાં ૧૭.૮ ડિગ્રી સુરતમાં ૧૮.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

અમદાવાદ સહિત રાજ્યમાં હાલ પૂર્વના તેજ પવન જમીન પર નીચલા સ્તરે ફુંકાઈ રહ્યા છે. તેની સાથે જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધ્યું છે. આ પરિસ્થિતિમાં હજુ આગામી ૨૪ કલાક સુધી તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સુધીનો વધારો થવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રીની આસપાસ રહેશે જેથી રાતના સમયે ઠંડીનો ચમકારો અનુભવાશે.

ઠંડીનો ચમકારો વહેતા વહેલી સવાર ગાર્ડનમાં પણ લોકોની સંખ્યા વધી ગઈ છે. ઠંડીથી બચવા માટે વહેલી સવારે મોટી સંખ્યામાં લોકો ગાર્ડનમાં ચાલતા અને કસરત કરતા જોવા મળી રહ્યા હતા. જો કે આગામી સમયમાં ઠંડીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. જેના કારણે સૌરાષ્ટ્રના ભાગોમાં તાપમાનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

# સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘનો વિસ્ફોટક દાવો, સિંધપ્રાંત ભારત તરફ પરત આવી જાય તેવી શક્યતા, સરહદોમાં ફેરફારો થઈ શકે છે

નવી દિલ્હી, તા.૨૩



સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આજે એવો દાવો કર્યો હતો કે પાકિસ્તાન સાથે રહેલો સિંધપ્રાંત ભારત સાથે આવી જવાની શક્યતા છે. સંસ્કૃતિ અને ઈતિહાસની દૃષ્ટિએ સિંધ પ્રાંત ભલે આજે ભારત સાથે નથી પણ એ હંમેશા માનવ સંસ્કૃતિની દૃષ્ટિએ ભારતનો ભાગ રહ્યું છે અને રહેશે. તેમણે કહ્યું હતું કે સિંધુ નદી ઉપરનો આ વિસ્તાર ૧૯૪૭ના ભારતમાં ભાગલા પછી પાકિસ્તાનના ભાગમાં ગયો હતો. સિંધમાંથી સિંધી લોકો મોટા પ્રમાણમાં ભારત આવ્યા. ગુજરાત અને રાજસ્થાન સાથે પણ સિંધની આંતરરાષ્ટ્રીય સરહદ જોડાયેલી છે. એક કાર્યક્રમમાં બોલતાં તેમણે કહ્યું હતું કે એલ.કે. અડવાણી અગાઉ કહેતા હતા કે આજની પેઢીના સિંધના હિંદુઓ ભારતથી અલગતા સહન કરી શકતા નથી કેમ કે સિંધના હિંદુઓ પણ સિંધુ નદીને પવિત્ર માને છે. એટલે સિંધ આજે ભલે ભારતનો હિસ્સો નથી પણ સંસ્કૃતિની દૃષ્ટિએ હંમેશા ભારતનો ભાગ રહેશે. સરહદો બદલી શકાય છે અને કોને ખબર કાલે સિંધ ભારતને પાછું મળી જાય.

# સ્મૃતિ મંધાનાના પિતાને હૃદયરોગનો હુમલો આવતા પલાશ મુછલ સાથેનો લગ્ન સમારંભ મુલતવી

(એજન્સી) સાંગલી, તા.૨૩



સ્ટાર ભારતીય મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાનાના પિતા શ્રીનિવાસને રવિવારે અચાનક હૃદયરોગનો હુમલો આવતા એમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સ્મૃતિ અને પલાશ મુછલના લગ્ન સમારંભને મોકૂફ રાખવામાં આવ્યો છે. સાંગલીના સમડોલ વિસ્તારમાં આવેલા ફાર્મહાઉસમાં સ્મૃતિના પિતાને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. આ ફાર્મહાઉસ તેના પિતાનું છે જ્યાં ભવ્ય લગ્ન સમારંભ યોજાનાર હતો. સ્મૃતિના મેનેજર તુહિન મિશ્રાએ કહ્યું હતું કે શ્રીનિવાસ મંધાનાને રવિવાર સવારે અચાનક હૃદયરોગનો હુમલો આવ્યો હતો એમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયા હતા. એમની સારવાર અત્યારે કરી રહેલા તબીબોએ જણાવ્યું હતું કે થોડા દિવસ એમને હોસ્પિટલમાં રાખવા પડશે. સ્મૃતિએ તેના પિતા બિલકુલ સાજા થઈ ન જાય ત્યાં સુધી લગ્ન સમારંભ મુલતવી રાખી દીધો છે.

આજે 'અઘોષિત કટોકટી' છે, જેમાં નાગરિકોના એન્કાઉન્ટર અને તેમના ઘરો પર બુલડોઝર ચલાવાય છે

# ભારતીય દંડ સંહિતામાં કોઈ નાગરિકના ઘરને બુલડોઝરથી તોડી પાડવા જેવી કોઈ સજા જ નથી

## કસોટીના સમયે આજે ન્યાયાધીશો ઊભા રહી શકતા નથી, જે દર્શાવે છે કે લોકશાહી સુરક્ષિત નથી : સિનિ. એડવોકેટ દુષ્યંત દવે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૨૩





ઈન્ડિયન સોસાયટી ફોર કોમ્યુનિટી એજ્યુકેશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં પ્રો. રામલાલ પરીખ મેમોરિયલ લેક્ચરમાં સુપ્રીમકોર્ટના સિનિયર એડવોકેટ દુષ્યંત દવે, ગાંધી પીસ ફાઉન્ડેશન, દિલ્હીના પ્રમુખ અને ગાંધી વિચારધારા સાથે જોડાયેલ કર્મશીલ કુમાર પ્રશાંત તથા પ્રો. હેમંતકુમાર શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

અગાઉના સમયમાં કટોકટી જાહેર કરાઈ હતી. જો કે આજે આપણી પાસે 'અઘોષિત કટોકટી' છે એટલે કે જાહેર કર્યા વિનાની કટોકટી તેથી નાગરિકોને એન્કાઉન્ટરમાં મારવામાં આવી રહ્યા છે એટલું જ નહીં. નાગરિકોના ઘરો બુલડોઝર વડે તોડી પાડવામાં આવી રહેલ છે. ભારત દંડ સંહિતામાં ઘરને બુલડોઝરથી તોડી પાડવા જેવી કોઈ સજા જ નથી એમ આજે અમદાવાદમાં રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાનમાળામાં પોતાના સંબોધનમાં સુપ્રીમકોર્ટ બાર એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ અને સિનિયર એડવોકેટ દુષ્યંત દવેએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તમે બંધારણમાં ફેરફાર નથી કરી રહ્યા પરંતુ બંધારણનું સ્વરૂપ બદલી રહ્યા છો, આ ખૂબ ગંભીર બાબત છે. આપણે સરકારના સ્વરૂપમાં આ પરિવર્તન જોઈ રહ્યા છીએ. જેમ અગાઉ આપણે જાહેર કરાયેલ કટોકટી દરમ્યાન જોયું હતું. આજે જાહેર કરાયા વિનાની કટોકટીમાં સરકાર અને વ્યક્તિ વચ્ચે સતત સંઘર્ષ જોવા મળી રહ્યો છે. વ્યક્તિ તેના અધિકારો માટે દાવો કરે છે જે સંઘર્ષ કરે છે અને સરકાર તે અધિકારોને કચડી નાખવાનો પ્રયાસો કરે છે. સ્વતંત્રતાનો વિચાર આવ્યો ત્યારથી શાસકોએ જયારે પણ નાગરિકે બોલવાનો પ્રયાસ કર્યો છે ત્યારે નાગરિકને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો છે. બ્રિટિશ શાસન દરમ્યાન સ્વાતંત્ર્ય સેનાનીઓએ આનો અનુભવ કર્યો હતો. બ્રિટીશ શાસન દરમ્યાન બ્રિટીશરો દ્વારા આપણા દેશના લોકો પર કરવામાં આવેલા અત્યાચારોની આપણે કલ્પના પણ કરી શકતા નથી. બંધારણ ઘડનારાઓએ બંધારણનો મુસદ્દો બનાવતી વખતે પોતાના બધા દુઃખ અને અનુભવો ઠાલવી દીધા હતા. બંધારણના તૈયાર કરતી વખતે ૧૧૪ દિવસ સુધી ચર્ચા ચાલી હતી જયારે અમેરિકન બંધારણ ચાર માસથી ઓછા સમયમાં તૈયાર થઈ ગયું હતું. ભારતના બંધારણના મૂળ પાયામાં સાર્વભૌમ લોકશાહી અને પ્રજાસત્તાકની ભાવના હતી ત્યારબાદ તેમાં સમાજવાદી અને 'ધર્મનિરપેક્ષ' શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બંધારણના ઘડવૈયાઓ વિચારી રહ્યા હતા કે બંધારણમાં આ મૂળભૂત મુલ્યો કેવી રીતે મુકવા અને એક ફકરામાં જેને પ્રસ્તાવના કહેવામાં આવે છે. તેમણે આ મૂળભૂત માનવીય મુલ્યો મુક્યા તેમ સુપ્રીમકોર્ટના સિનિયર એડવોકેટ દુષ્યંત દવેએ જણાવતા વધુમાં ઉમેર્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલ ભલે એક ચોક્કસ વિચારધારાના હીરો છે પરંતુ તેઓ ખરેખર ખૂબ જ અલગ માણસ હતા. જેમણે ભારતને માત્ર એકીકૃત જ કર્યું નથી. પરંતુ આપણને મૂળભૂત અધિકારો પણ આપ્યા. આ અધિકારો અસ્પૃશ્ય અને પવિત્ર છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ભૂતકાળમાં કેટલાક ન્યાયાધીશોએ એમને નિષ્ફળ બનાવ્યા અને પોતાને ઉદારવાદી તથા સમાજવાદી જાહેર કર્યા. જો કે કસોટીનો સમય આવ્યો ત્યારે તેઓ અમારા માટે ઉભા ન થયા. કસોટીના સમયે જો ન્યાયાધીશો ઉભા રહેવા તૈયાર ન હોય તો લોકશાહી સુરક્ષિત નથી. આજે પણ એવું જ થઈ રહ્યું છે, આપણા ન્યાયાધીશો ઉભા રહી શકતા નથી એમ કટાક્ષ કરતા વધુમાં તેમણે ઉમેર્યું હતું.

# મુઘલ સમ્રાટ અકબર અને ટીપુ સુલ્તાનના નામ સાથેના મહાન શબ્દ દૂર કરી દેવાતા રાજકીય ઘમાસાણ, કોંગ્રેસે પ્રતિક્રિયા આપી કે આ અભિગમ ખોટો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

મુઘલ શહેનશાહ અકબર અને મૈસુરના વાઘ ટીપુ સુલ્તાનના નામ આગળથી મહાન શબ્દ ઈતિહાસના પાઠ્યપુસ્તકમાંથી દૂર કરવાના NCERTના પગલાંથી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય યુદ્ધ જામી પડ્યું છે. મહાન શબ્દ દૂર કરવાથી જાગેલો વિવાદ કોઈ રીતે ઠંડો પડવાનો નામ લેતો નથી. કોંગ્રેસે ભાજપ અને આરએસએસનો અભિગમ ખોટો હોવાની ટીકા કરી હતી. કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે પોતાની નીતિઓને સમાવવા માટે સરકાર ઈતિહાસને તોડી મરોડીને સંકૂચિત કરીને રજૂ કરી રહી છે. કેટલાક શાસકો અને ખાસ કરીને મુઘલ શહેનશાહો પ્રતિ ભાજપનો રાજકીય અણગમો



**NCERT દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે કે કોવિડ મહામારીના સમયથી અમે વિદ્યાર્થીઓ ઉપરનો બોજો ઘટાડવા અને બિનજરૂરી તેમજ વારંવાર આવતી એકસરખી વિગતો કાઢી નાખીને અભ્યાસક્રમમાં પરિવર્તન કરી રહ્યા છીએ જેનો મતલબ શિક્ષણ અને જ્ઞાનમાં કાપ મૂકવાનું નથી**

જાણીતો છે. કોંગ્રેસ સાંસદ ઈમરાન મસુદે સરકારને યાદ કરાવ્યું હતું કે અકબર અને ટીપુ સુલ્તાન તથા એમના વંશજોએ દેશ ઉપર ૭૦૦ વર્ષ સુધી રાજ કર્યું હતું. એમનું રાજ એક કે બે દિવસ ન હતું. મહાન શબ્દ કાઢી નાંખવાથી ભાજપ શું સિદ્ધ કરવા માંગે છે એ મોટો પ્રશ્ન છે. અકબરના શાસનમાં દેશ અત્યંત સમૃદ્ધ હતો અને ભારતની જીડીપી ૨૭ ટકા જેટલી હતી એટલે જ તો ભારતને સોને કી ચીડિયા કહેવામાં આવતું હતું. બ્રિટીશરોએ આખરી મુઘલ સમ્રાટના સંતાનોનો શિરદછેદ કરીને સોનાની થાળીમાં એમના માથા શહેનશાહ સમક્ષ રજૂ કર્યા હતા. આજે એમના વારસદારો કોલકાતાની શેરીઓમાં ઘરકામ કરીને વાસણો ઉટકી રહ્યા છે અને બ્રિટીશરોને સલામ કરનાર લોકોના વંશજો આજે સત્તા ઉપર બેઠા છે. તેમણે સવાલ કર્યો હતો કે રાણી લક્ષ્મીબાઈ સાથે દગો કોણે કર્યો હતો, આજે એમનો વારસદાર મંત્રી તરીકે છે. કોંગ્રેસ નેતા કે. મુરલીધરને ફેરફારોની ટીકા કરી હતી અને કહ્યું હતું કે શહેનશાહ અકબરના સમયમાં દેશમાં અભૂતપૂર્વ કોમી એકતા હતી, એખલાસ હતો. અકબરે હિન્દુ ધર્મને પણ માન આપ્યું હતું. ટીપુ અંગ્રેજો સામે લડતાં શહીદ થયા હતા. આ બંને મહાન વહીવટકર્તાઓ હતા એટલે કેન્દ્ર સરકારનો એમની તરફનો અભિગમ યોગ્ય નથી.

# SIR પ્રક્રિયા દરમિયાન ત્રણ અઠવાડિયામાં ૧૬ BLOનાં મોત, સત્તા બચાવવા માટે લોકશાહીનું બલિદાન : રાહુલ ગાંધી

## રાહુલ ગાંધીએ SIR પ્રક્રિયા દરમિયાન ત્રણ અઠવાડિયામાં ૧૬ BLOના કથિત મૃત્યુ અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે, કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે સરકાર સત્તા બચાવવા માટે લોકશાહી અને ચૂંટણી કાર્યકરોની સુરક્ષાને અવગણી રહી છે

(એજન્સી) તા.૨૩



દેશભરમાં SIR દરમિયાન એક પછી એક BLOનાં મોતના અહેવાલો વચ્ચે, રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ અને ભાજપ પર હુમલો કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે, SIRના નામે દેશભરમાં અરાજકતા ફેલાઈ છે, જેના પરિણામે છેલ્લા ત્રણ અઠવાડિયામાં ૧૬ બૂથ-લેવલ ઓફિસરો (BLO)નાં મોત થયા છે. તેને 'લાદવામાં આવેલ દમન' ગણાવતા રાહુલે કહ્યું કે, તે લોકશાહી પર હુમલો અને મત ચોરી કરવાના કાવતરાનો ભાગ છે. રાહુલ ગાંધીએ આ નિવેદન એક સમાચાર અહેવાલને ટાંકીને આપ્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે SIR દરમિયાન ૧૯ દિવસમાં છ રાજ્યોમાં ૧૬ BLOનાં મોત થયા છે. રાહુલનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પશ્ચિમ બંગાળ, ગુજરાત અને અન્ય રાજ્યોમાંથી BLOના મૃત્યુના અહેવાલો સતત આવી રહ્યા છે, જે SIR દરમિયાન વધુ પડતા કામના ભારણ અને તણાવને લીધે કહેવામાં આવે છે. ચૂંટણી પંચ (ECI) અનુસાર SIRનો બીજો તબક્કો નવેમ્બરમાં શરૂ થયો હતો જે દરમિયાન BLOને ૩૦ દિવસની અંદર લાખો મતદારોની વિગતો અપડેટ કરવાની જરૂર છે. જો કે, આ સમયગાળા દરમિયાન ભારે દબાણને કારણે સ્વાસ્થ્ય સમસ્યાઓમાં વધારો થઈ રહ્યો છે. અહેવાલો સૂચવે છે કે SIR દરમિયાન BLOને લાંબા સમય સુધી કામ કરવું પડે છે, જેના કારણે તણાવ હૃદયરોગનો હુમલો આવે છે અને તેઓ આત્મહત્યા પણ કરી રહ્યા છે. શનિવારે બંગાળના નાદિયા જિલ્લાના કૃષ્ણનગરમાં એક મહિલા BLO શિક્ષિકાએ આત્મહત્યા કરી હતી. તેણીએ પોતાની સુસાઇડ નોટમાં ચૂંટણી પંચને દોષી ઠેરવ્યું હતું. પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં આંગણવાડી કાર્યકર શાંતિ મુનિ એકાએ ૧૮ નવેમ્બરના રોજ આત્મહત્યા કરી હતી. પરિવારનું કહેવું છે કે SIRના દબાણને કારણે તે ભારે તણાવમાં હતી. તેવી જ રીતે, નાદિયા જિલ્લામાં એક મહિલા BLOનો મૃતદેહ મળી આવ્યો હતો, જેને પરિવારે આ તણાવ સાથે જોડ્યો હતો. ગુજરાતમાં, રમેશ ભરમા નામના BLOનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું. પરિવારે SIRના કાર્યભારને દોષી ઠેરવ્યો હતો. વધુમાં, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ અને કેરળમાંથી પણ મૃત્યુના અહેવાલો સામે આવ્યા છે. SIRથી આ મૃત્યુ થઈ રહ્યા છે અને વિપક્ષનો આરોપ છે કે ચૂંટણી પંચે BLOની યોગ્યતા અને સ્વાસ્થ્યની અવગણના કરી છે.

**મમતા બેનરજીએ ચૂંટણી પંચ પર સવાલ ઉઠાવ્યા છે :** મુખ્યમંત્રી મમતા બેનરજીએ બંગાળના નાદિયા જિલ્લામાં બનેલી ઘટના અંગે ચૂંટણી પંચ પર કડક સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, શનિવારે કૃષ્ણનગરમાં એક મહિલા BLO શિક્ષિકાએ આત્મહત્યા કરી તે જાણીને ખૂબ જ આઘાત લાગ્યો છે. છપરાના AC ૮૨ના ભાગ નંબર ૨૦૧ના BLO રિંકુ તરફદારે આજે (શનિવારે) તેમના નિવાસસ્થાને આત્મહત્યા કરતા પહેલા પોતાની સુસાઇડ નોટમાં ચૂંટણી પંચ પર આરોપ લગાવ્યો હતો. આનાથી વધુ કેટલા લોકોના જીવ જશે ? આના માટે કેટલા લોકોને મરવું પડશે, સાહેબ ? આ પ્રક્રિયા માટે આપણે હજુ કેટલા મૃતદેહો જોવા પડશે ? આ ખરેખર ચિંતાજનક બની ગયું છે ! જો કે, ચૂંટણી પંચે વારંવાર આ આરોપોને ફગાવી દીધા છે અને કહ્યું છે કે, SIR એક જરૂરી પ્રક્રિયા છે જે મતદાર યાદીઓની ચોકસાઈ સુનિશ્ચિત કરે છે. પંચે મૃત્યુને 'વ્યક્તિગત કારણોસર' ગણાવા અને રાજકીયકરણ ન કરવા કહ્યું છે.

**અખિલેશ યાદવનો હુમલો :** સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે આરોપ લગાવ્યો છે કે, ઉત્તરપ્રદેશમાં SIRના નામે એક મોટું કાવતરૂં ચાલી રહ્યું છે. તેમણે ચૂંટણી પંચ અને ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યા છે અને દાવો કર્યો છે કે, તેઓ વિધાનસભા મતવિસ્તારોમાંથી ૫૦,૦૦૦થી વધુ મતો કાઢી નાખવા માટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)નો દુરૂપયોગ કરવાનું કાવતરૂં ઘડી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ઓલ ઈન્ડિયા એલાયન્સે જે વિધાનસભા મતવિસ્તારો જીત્યા હતા તેમને ખાસ નિશાન બનાવવામાં આવી રહ્યા છે. અખિલેશ યાદવે કન્નૌજમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'આ વખતે લાખો લગ્નો છે અને તે જ સમયે ચૂંટણી પંચ SIR કરી રહ્યું છે. તેને સુધારો ન કહો, ફક્ત તેને નવી મતદાર યાદી માનો.' તેઓ ૨૦૨૪માં હારી ગયા હોવાથી એક નવી યાદી બનાવી રહ્યા છે. ૨૦૨૪ની હારને જીતમાં ફેરવવા માટે, તેઓ સમાજવાદી પાર્ટી જ્યાં પણ જીતી ત્યાં તેના મત ૫૦,૦૦૦ ઘટાડી દેશે. યુપીમાં પણ આ જ સ્થિતિ છે અને તેઓ બંગાળમાં પણ આવું જ કરવા જઈ રહ્યા છે. મમતાજીની સરકાર છે, તે તેને રોકશે અને તે લડી રહી છે, પરંતુ અહીં સરકાર આપણી નથી.

# સોમવારે CJI તરીકે શપથ લેનારા ન્યાયાધીશ સૂર્યકાન્તે 'સ્વદેશી ન્યાયશાસ્ત્ર' અને સમાવેશકતા માટે આહ્‌વાન કર્યું

## જસ્ટિસ સૂર્યકાન્તે ભારતીય ન્યાયતંત્રને વસાહતી વારસામાંથી બદલવા માટે સ્વદેશી ન્યાયશાસ્ત્ર માટે આહવાન કર્યું હતું, તેઓ સોમવારે ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેવાના છે

(એજન્સી) તા.૨૩

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI)-નિયુક્ત ન્યાયાધીશ સૂર્યકાન્તે શનિવારે ભારતીય કાનૂની માળખાના વિકાસ માટે 'સ્વદેશી ન્યાયશાસ્ત્ર' માટે આહ્‌વાન કર્યું હતું. એક વિશિષ્ટ વાતચીતમાં, ન્યાયાધીશ કાંતે કહ્યું કે ભારતીય ન્યાયતંત્રને વસાહતી વારસામાંથી વધુ પ્રમાણિક રીતે ભારતીય સંસ્થામાં રૂપાંતરિત કરવા માટે "બહુ-પક્ષીય અભિગમ" જરૂરી છે. ક્લાસિક વસાહતી અદાલતથી વધુ ભારતીય અદાલતમાં પરિવર્તન સંબંધિત પ્રશ્નના જવાબમાં, CJIએ કહ્યું કે, "ભારતીય ન્યાયતંત્રને વસાહતી વારસાથી વધુ પ્રમાણિક રીતે ભારતીય સંસ્થામાં રૂપાંતરિત કરવા માટે બહુપક્ષીય અભિગમની જરૂર છે જે કાનૂની પ્રણાલીના માળખાકીય, પ્રક્રિયાગત અને સાંસ્કૃતિક પાસાઓને સંબોધિત કરે છે. કોર્ટ કાર્યવાહીથી લઈને વિવિધ કાયદાઓ સુધી વસાહતી સંદર્ભ માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. સમકાલીન ભારતીય સમાજ અને મૂલ્યોને પ્રતિબિંબિત કરવા માટે આ નીતિઓમાં સુધારો અને સ્વદેશીકરણ કરવું મહત્ત્વપૂર્ણ છે." તેમણે સમાવેશકતાને પ્રાથમિકતા આપવા અને ન્યાયને વધુ સુલભ બનાવવા માટે તકનીકી અવરોધોને ઘટાડવા પર વધુ ભાર મૂકતા કહ્યું કે, "વસાહતી અદાલતો શાહી હિતો માટે ડિઝાઈન કરવામાં આવી હતી, જે ઘણીવાર જનતાને દૂર કરતી હતી. પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા, તકનીકી અવરોધો ઘટાડવા અને ડિજિટલ ઍક્સેસ પ્રદાન કરવાથી ન્યાય વધુ સુલભ બની શકે છે. ખરેખર ભારતીય ન્યાયતંત્રે સમાવેશકતાને પ્રાથમિકતા આપવી જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે ગ્રામીણ નાગરિકો ધાકધમકી વિના સિસ્ટમમાં નેવિગેટ કરી શકે. સમાધાન અને સુમેળ સાથે સાંસ્કૃતિક અભિગમો બ્રિટિશ રાજમાંથી વારસામાં મળેલી વિરોધી પ્રણાલીને પૂરક બનાવશે. જ્યુટિસ કાંતે જણાવ્યું હતું કે ન્યાયિક નિમણૂકો અને સમયબદ્ધ કેસોના નિકાલને સુવ્યવસ્થિત કરવાથી વસાહતી યુગની અસ્પષ્ટતા અને વિલંબને દૂર કરશે. ભારતના ન્યાયતંત્રને ખરેખર ભારતીય પ્રણાલીમાં રૂપાંતરિત કરવા માટે સ્વદેશી સુલભતા અને સાંસ્કૃતિક સુસંગતતા સાથે આધુનિક કાર્યક્ષમતાનું મિશ્રણ કરવાની જરૂર છે. આ પરિવર્તન સુનિશ્ચિત કરશે કે ન્યાય ભારતના સામાજિક માળખાનો એક અભિન્ન ભાગ છે. જસ્ટિસ સૂર્યકાન્ત સોમવારે ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેશે. તેઓ જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો દૂર કરતી કલમ ૩૭૦ નાબૂદ કરવા, બિહાર મતદાર યાદી સુધારણા અને પેગાસસ સ્પાયવેર કેસ સહિત અનેક સીમાચિહ્નરૂપ ચુકાદાઓ અને આદેશોમાં ન્યાયાધીશ રહ્યા છે.

# કોંગ્રેસની વર્કર્સ વિંગ દ્વારા નવા લેબર કોડ્સ વિરૂદ્ધ પ્રદર્શન તેને 'કોર્પોરેટ-સંચાલિત' અને કામદાર વિરોધી ગણાવ્યા

## કોંગ્રેસના અસંગઠિત કામદારો અને કર્મચારીઓએ 'કામદાર વિરોધી' કોડ્સને તાત્કાલિક પાછો ખેંચવાની માંગણી સાથે નવી દિલ્હીમાં વિશાળ વિરોધ પ્રદર્શન કર્યું હતું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩



દેશની મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસની વર્કર્સ વિંગે શનિવારે રાષ્ટ્રીય રાજધાનીમાં શ્રમ શક્તિ ભવનની બહાર એક વિશાળ વિરોધ પ્રદર્શન કર્યું, જેમાં કેન્દ્રના નવા લેબર કોડ્સના અમલીકરણનો વિરોધ કરવામાં આવ્યો હતો. અસંગઠિત કામદારો અને કર્મચારી કોંગ્રેસ (KKC) દ્વારા વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ તેના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ સાંસદ ડૉ. ઉદિત રાજ દ્વારા કરવામાં આવ્યું હતું. રમેશ કુમાર યાદવ, સંજય ગાબા, શાહિદ અલી, સીપી સોની, ડૉ. અંશુ એન્થોની, વિનોદ પવાર અને નરેશ મલિક સહિત વરિષ્ઠ નેતાઓ સેંકડો કામદારો સાથે પ્રદર્શનમાં જોડાયા હતા. વિરોધીઓએ લેબર કોડ્સના ગેઝેટ સૂચનાઓની નકલો સળગાવી, કાયદાઓને 'કોર્પોરેટ-સંચાલિત' અને 'કામદાર વિરોધી' ગણાવ્યા હતા. ઉદિત રાજે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સરકાર દ્વારા લાવવામાં આવેલા ચાર શ્રમ સંહિતાઓએ યુનિયનોને નબળા પાડ્યા છે, વેતન ઘટાડ્યું છે અને કરોડો કામદારોના તેમના મહેનતથી મેળવેલા અધિકારો છીનવી લીધા છે. આ કાયદાઓ સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે. તેમણે નોકરીની સુરક્ષાનો નાશ કર્યો છે અને ભારતના ૯૦% કાર્યબળને મૂંઝવણમાં ધકેલી દીધા છે,' તેમણે જાહેરાત કરી કે તે રદ કરવા માટે રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરશે. ડૉ. રાજે કહ્યું કે ઔદ્યોગિક સંબંધો સંહિતા, ઓએસએચ સંહિતા, સામાજિક સુરક્ષા સંહિતા અને વેતન સંહિતા સામૂહિક રીતે 'ભાડે રાખવા અને કાઢી મૂકવા', કાર્યસ્થળની સલામતીને નબળી પાડવા, સામાજિક સુરક્ષાને ઘટાડવા અને કામદારોના હાથમાં ઓછા પૈસા માટે વેતન માળખા લાદવા જેવા કાર્યોને કાયદેસર બનાવે છે. તેમણે આરોપ લગાવ્યો કે આ સંહિતા 'કામદારોના અધિકારો કરતાં કોર્પોરેટ સુગમતાને પ્રાથમિકતા આપે છે', જે દાયકાઓથી ચાલી આવતી શ્રમ સુરક્ષાને નબળી પાડે છે. તેઓએ માંગ કરી હતી કે સરકાર તાત્કાલિક શ્રમ સંહિતા રદ કરે; નહીં તો તે કોઈપણ હદ સુધી જશે. મુખ્ય ડાબેરી પક્ષ સીપીઆઈ (એમ)એ પણ માંગ કરી હતી કે સરકારે આ કાયદાઓ પાછા લેવા જોઈએ. સીપીઆઈ (એમ) પોલિટબ્યુરોએ જણાવ્યું હતું કે તે શ્રમ સંહિતાના એકપક્ષીય નોટિફિકેશનનો સખત વિરોધ કરે છે. આ સંહિતા મહેનતથી મેળવેલા શ્રમ કાયદાઓને તોડી પાડે છે જે અત્યારસુધી કામદારોને અમુક હદ સુધી સુરક્ષિત રાખતા આવ્યા છે. ઘણી મર્યાદાઓ હોવા છતાં, અમુક હદ સુધી વેતન, કામના કલાકો, સામાજિક સુરક્ષા, ઔદ્યોગિક સલામતી, નિરીક્ષણ-પાલન પદ્ધતિઓ અમલમાં હતી. હવે આ કાયદા સરળીકરણને બદલે, નવા સંહિતા લાંબા સમયથી અસ્તિત્વમાં રહેલા અધિકારો અને હકને નાબૂદ કરવાનો પ્રયાસ કરે છે અને નોકરીદાતાઓની તરફેણમાં છે. સરકારનો એવો દાવો કે આ શ્રમ સંહિતા રોજગાર અને રોકાણને વેગ આપશે તે સંપૂર્ણપણે પાયાવિહોણા છે. આ સંહિતા મૂડીના આક્રમણ સામે શ્રમને અસુરક્ષિત રાખવા માટે છે. તેમનો ઉદ્દેશ્ય શ્રમ અધિકારોના વિવિધ પાસાઓને આવરી લેતા તમામ અર્થપૂર્ણ નિયમો રદ કરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મૂડીને આકર્ષવાનો છે. વધુમાં, તેઓ હડતાલ કરવાનો અધિકાર છીનવી લેવા અને કામદાર વર્ગ દ્વારા કોઈપણ સામૂહિક કાર્યવાહીને ગુનાહિત બનાવવાનો પ્રયાસ કરે છે. શ્રમ સંહિતા, એકંદરે, સરકાર અને વહીવટીતંત્રના સક્રિય પ્રાયોજકતા સાથે કામદારોના અધિકારો અને હકો પર એકપક્ષીય રીતે દબાણ કરીને કોર્પોરેટ વર્ગને સશક્ત બનાવવાનો પ્રયાસ કરે છે. પોલિટબ્યુરોએ હિસ્સેદારો, ખાસ કરીને કામદારો સાથે વાસ્તવિક ત્રિપક્ષીય પરામર્શ વિના આ સંહિતાઓને આગળ ધપાવવાના લોકશાહી અને સંઘીય ધોરણોના ઘોર ઘૃણાસ્પદ ઉલ્લંઘનની પણ નિંદા કરતા કહ્યું કે, સરકારે સમગ્ર પ્રક્રિયા દરમિયાન ટ્રેડ યુનિયનો સાથે ચર્ચા કર્યા વિના સંસદમાં કાયદો ઉતાવળમાં પસાર કર્યો છે. સીપીઆઈ (એમ)એ શ્રમ સંહિતા તાત્કાલિક પાછી ખેંચવાની હાકલ કરી અને તમામ ટ્રેડ યુનિયનો અને લોકશાહી દળોને સરકારના સરમુખત્યારશાહીનો પ્રતિકાર કરવા અને કામદાર લોકોના અધિકારો અને હકોનું રક્ષણ કરવા અને વધુ વ્યાપક શ્રમ અધિકારો અને રક્ષણ માટે વિનંતી કરી છે.

# 'નિવૃત્તિનો કોઈ અફસોસ નથી, 'સંપૂર્ણ સંતોષ' સાથે આ સંસ્થા છોડી રહ્યા છે અને કોઈ સરકારી પદ ગ્રહણ કરીશ નહીં' : નિવૃત્ત CJI ગવઈ

## તેમણે કહ્યું કે, જો કોઈ મુખ્ય સચિવના પુત્ર અથવા ગામમાં કામ કરતા ભૂમિહીન મજૂરના બાળકને IAS કે IPS અધિકારીના પુત્ર સાથે સ્પર્ધા કરવી પડે તો શું તે સમાન પ્લેટફોર્મ પર હશે ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈએ રવિવારે ન્યાયાધીશોની નિમણૂક માટે કોલેજિયમ સિસ્ટમનો બચાવ કર્યો અને અનુસૂચિત જાતિના ક્વોટામાંથી સમૃદ્ધ લોકોને બાકાત રાખવા અને ટોચની અદાલતમાં તેમના કાર્યકાળ દરમિયાન કોઈ મહિલા ન્યાયાધીશની નિમણૂક ન કરવા બદલ અફસોસ વ્યક્ત કર્યો. બાલકૃષ્ણન પછી ભારતીય ન્યાયતંત્રનું સુકાન સંભાળનારા ૫૨મા સીજેઆઈ, પ્રથમ બૌદ્ધ અને બીજા દલિત છે તેમણે પોતાના સત્તાવાર નિવાસસ્થાને પત્રકારો સાથેની એક નિખાલસ અને અનૌપચારિક વાતચીતમાં જણાવ્યું હતું કે તેઓ 'સંપૂર્ણ સંતોષ' સાથે આ સંસ્થા છોડી રહ્યા છે અને નિવૃત્તિ પછીના કોઈપણ કાર્યભાર સ્વીકારશે નહીં. તેમણે કહ્યું કે, મેં પદ સંભાળ્યું ત્યારે સ્પષ્ટ કર્યું હતું કે, હું નિવૃત્તિ પછીના કોઈપણ કાર્યભાર સ્વીકારવાનો નથી. આગામી ૯-૧૦ દિવસ માટે, તે શાંત સમયગાળો છે. તે પછી એક નવી ઈનિંગ છે. કાર્યાલયમાં તેમના છેલ્લા દિવસે, ન્યાયાધીશ ગવઈએ લગભગ તમામ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર વાત કરી જેમાં જૂતા ફેંકવાની ઘટના, પેન્ડન્સી, રાષ્ટ્રપતિના સંદર્ભ પરના તેમના ચુકાદાઓની ટીકા, ક્વોટા લાભોમાંથી અનુસૂચિત જાતિઓમાં ક્રીમી લેયર્સને બાકાત રાખવા અંગેના તેમના વિવાદાસ્પદ મંતવ્યો અને ઉચ્ચ ન્યાયતંત્રમાં મહિલાઓનું ઓછું પ્રતિનિધિત્વનો સમાવેશ થાય છે. ક્વોટા લાભોમાંથી એસસીમાં સમૃદ્ધ લોકોને બાકાત રાખવા માટે ક્રીમી લેયર ખ્યાલ રજૂ કરવા અંગેના પોતાના મંતવ્યોનો બચાવ કરતા તેમણે કહ્યું કે, 'જો લાભો એક જ પરિવારોને વારંવાર મળે છે, તો એક વર્ગની અંદર એક વર્ગ ઊભરી આવે છે. અનામત એવા લોકો સુધી પહોંચવી જોઈએ જેમને ખરેખર તેની જરૂર છે. જો કોઈ મુખ્ય સચિવનો પુત્ર અથવા ગામમાં કામ કરતા ભૂમિહીન મજૂરના બાળકને IAS કે IPS અધિકારીના પુત્ર સાથે સ્પર્ધા કરવી પડે તો શું તે સમાન પ્લેટફોર્મ પર છે.

# દિલ્હી વિસ્ફોટની તપાસમાં નવા ધડાકા, શિક્ષિત આતંકવાદીઓના મોડ્યુલ દ્વારા બે વર્ષથી વિસ્ફોટકોનો સંગ્રહ કરવામાં આવતો હતો

## એનઆઈએની તપાસમાં ખુલાસો થયો, કાવતરાને અંજામ આપવા પાંચ ડોક્ટરોએ રૂા.૨૬ લાખ ભેગા કર્યા હતા

(એજન્સી) ચંદીગઢ, તા.૨૩



વ્હાઈટ કોલર આતંકવાદી મોડ્યુલ અંગે એનઆઈએની તપાસ આગળ વધી રહી છે અને નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. એવું બહાર આવ્યું છે કે શિક્ષિત આતંકવાદીઓની આ ટુકડી છેલ્લા બે વર્ષથી વિસ્ફોટકો અને રિમોટથી ધડાકા કરવાના સરંજામને એકત્ર કરી રહી હતી. એનઆઈએની પૂછપરછમાં ડોક્ટર મુઝમ્મીલ ગનઈ દ્વારા કબૂલ કરવામાં આવ્યું હતું કે હરિયાણાના ગુરૂગ્રામ અને નૂહમાંથી ૨૬ ક્વિન્ટલ જેટલું એનપીકે ખાતર મેળવવામાં આવ્યું હતું. ડો. ઉમર નબીની દેખરેખ હેઠળ ખાતરમાંથી સ્ફોટક પદાર્થ બનાવવામાં આવતો હતો. એ માટેના રિમોટ ડિટોનેટર અને બોમ્બ માટેની સર્કિટની વ્યવસ્થા પણ ઉમરે કરી હતી અને તમામ ટેક્નિકલ ઓપરેશન સંભાળ્યું હતું. ડો. ગનઈ કહે છે કે વિસ્ફોટકો રાતોરાત તૈયાર થયા ન હતા ખૂબ લાંબાગાળાની મહેનત પછી બનાવવામાં આવ્યા હતા. ખાતર તથા રસાયણો, એમોનિયમ નાઈટ્રાઈટ અને યુરિયાનો જથ્થો ડો. ગનઈ એકત્ર કરતો હતો. સૂત્રોએ એવું પણ કહ્યું કે પાંચ ડોક્ટરોએ એકત્ર થઈને કાવતરાને અંજામ આપવા રૂા.૨૬ લાખ એકઠાં કરી લીધા હતા.

# SIR પ્રક્રિયા દરમિયાન ત્રણ અઠવાડિયામાં ૧૬ BLOનાં મોત, સત્તા બચાવવા માટે લોકશાહીનું બલિદાન : રાહુલ ગાંધી

## રાહુલ ગાંધીએ SIR પ્રક્રિયા દરમિયાન ત્રણ અઠવાડિયામાં ૧૬ BLOના કથિત મૃત્યુ અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે, કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે સરકાર સત્તા બચાવવા માટે લોકશાહી અને ચૂંટણી કાર્યકરોની સુરક્ષાને અવગણી રહી છે



(એજન્સી) તા.૨૩

દેશભરમાં SIR દરમિયાન એક પછી એક BLOનાં મોતના અહેવાલો વચ્ચે, રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ અને ભાજપ પર હુમલો કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે, SIRના નામે દેશભરમાં અરાજકતા ફેલાઈ છે, જેના પરિણામે છેલ્લા ત્રણ અઠવાડિયામાં ૧૬ બૂથ-લેવલ ઓફિસરો (BLO)નાં મોત થયા છે. તેને 'લાદવામાં આવેલ દમન' ગણાવતા રાહુલે કહ્યું કે, તે લોકશાહી પર હુમલો અને મત ચોરી કરવાના કાવતરાનો ભાગ છે. રાહુલ ગાંધીએ આ નિવેદન એક સમાચાર અહેવાલને ટાંકીને આપ્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે SIR દરમિયાન ૧૯ દિવસમાં છ રાજ્યોમાં ૧૬ BLOનાં મોત થયા છે. રાહુલનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પશ્ચિમ બંગાળ, ગુજરાત અને અન્ય રાજ્યોમાંથી BLOના મૃત્યુના અહેવાલો સતત આવી રહ્યા છે, જે SIR દરમિયાન વધુ પડતા કામના ભારણ અને તણાવને લીધે કહેવામાં આવે છે. ચૂંટણી પંચ (ECI) અનુસાર SIRનો બીજો તબક્કો નવેમ્બરમાં શરૂ થયો હતો જે દરમિયાન BLOને ૩૦ દિવસની અંદર લાખો મતદારોની વિગતો અપડેટ કરવાની જરૂર છે. જો કે, આ સમયગાળા દરમિયાન ભારે દબાણને કારણે સ્વાસ્થ્ય સમસ્યાઓમાં વધારો થઈ રહ્યો છે. અહેવાલો સૂચવે છે કે SIR દરમિયાન BLOને લાંબા સમય સુધી કામ કરવું પડે છે, જેના કારણે તણાવ હૃદયરોગનો હુમલો આવે છે અને તેઓ આત્મહત્યા પણ કરી રહ્યા છે. શનિવારે બંગાળના નાદિયા જિલ્લાના કૃષ્ણનગરમાં એક મહિલા BLO શિક્ષિકાએ આત્મહત્યા કરી હતી. તેણીએ પોતાની સુસાઇડ નોટમાં ચૂંટણી પંચને દોષી ઠેરવ્યું હતું. પશ્ચિમ બંગાળના જલપાઇગુડીમાં આંગણવાડી કાર્યકર શાંતિ મુનિ એકાએ ૧૮ નવેમ્બરના રોજ આત્મહત્યા કરી હતી. પરિવારનું કહેવું છે કે SIRના દબાણને કારણે તે ભારે તણાવમાં હતી. તેવી જ રીતે, નાદિયા જિલ્લામાં એક મહિલા BLOનો મૃતદેહ મળી આવ્યો હતો, જેને પરિવારે આ તણાવ સાથે જોડ્યો હતો. ગુજરાતમાં, રમેશ ભરમા નામના BLOનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું. પરિવારે SIRના કાર્યભારને દોષી ઠેરવ્યો હતો. વધુમાં, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ અને કેરળમાંથી પણ મૃત્યુના અહેવાલો સામે આવ્યા છે. SIRથી આ મૃત્યુ થઈ રહ્યા છે અને વિપક્ષનો આરોપ છે કે ચૂંટણી પંચે BLOની યોગ્યતા અને સ્વાસ્થ્યની અવગણના કરી છે.

**મમતા બેનરજીએ ચૂંટણી પંચ પર સવાલ ઉઠાવ્યા છે :** મુખ્યમંત્રી મમતા બેનરજીએ બંગાળના નાદિયા જિલ્લામાં બનેલી ઘટના અંગે ચૂંટણી પંચ પર કડક સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, શનિવારે કૃષ્ણનગરમાં એક મહિલા BLO શિક્ષિકાએ આત્મહત્યા કરી તે જાણીને ખૂબ જ આઘાત લાગ્યો છે. છપરાના AC ૮૨ના ભાગ નંબર ૨૦૧ના BLO રિંકુ તરફદારે આજે (શનિવારે) તેમના નિવાસસ્થાને આત્મહત્યા કરતા પહેલા પોતાની સુસાઇડ નોટમાં ચૂંટણી પંચ પર આરોપ લગાવ્યો હતો. આનાથી વધુ કેટલા લોકોના જીવ જશે ? આના માટે કેટલા લોકોને મરવું પડશે, સાહેબ ? આ પ્રક્રિયા માટે આપણે હજુ કેટલા મૃતદેહો જોવા પડશે ? આ ખરેખર ચિંતાજનક બની ગયું છે ! જો કે, ચૂંટણી પંચે વારંવાર આ આરોપોને ફગાવી દીધા છે અને કહ્યું છે કે, SIR એક જરૂરી પ્રક્રિયા છે જે મતદાર યાદીઓની ચોકસાઈ સુનિશ્ચિત કરે છે. પંચે મૃત્યુને 'વ્યક્તિગત કારણોસર' ગણાવવા અને રાજકીયકરણ ન કરવા કહ્યું છે.

**અખિલેશ યાદવનો હુમલો :** સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે આરોપ લગાવ્યો છે કે, ઉત્તરપ્રદેશમાં SIRના નામે એક મોટું કાવતરૂં ચાલી રહ્યું છે. તેમણે ચૂંટણી પંચ અને ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યા છે અને દાવો કર્યો છે કે, તેઓ વિધાનસભા મતવિસ્તારોમાંથી ૫૦,૦૦૦થી વધુ મતો કાઢી નાખવા માટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)નો દુરૂપયોગ કરવાનું કાવતરૂં ઘડી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ઓલ ઈન્ડિયા એલાયન્સે જે વિધાનસભા મતવિસ્તારો જીત્યા હતા તેમને ખાસ નિશાન બનાવવામાં આવી રહ્યા છે. અખિલેશ યાદવે કન્નૌજમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'આ વખતે લાખો લગ્નો છે અને તે જ સમયે ચૂંટણી પંચ SIR કરી રહ્યું છે. તેને સુધારો ન કહો, ફક્ત તેને નવી મતદાર યાદી માનો.' તેઓ ૨૦૨૪માં હારી ગયા હોવાથી એક નવી યાદી બનાવી રહ્યા છે. ૨૦૨૪ની હારને જીતમાં ફેરવવા માટે, તેઓ સમાજવાદી પાર્ટી જ્યાં પણ જીતી ત્યાં તેના મત ૫૦,૦૦૦ ઘટાડી દેશે. યુપીમાં પણ આ જ સ્થિતિ છે અને તેઓ બંગાળમાં પણ આવું જ કરવા જઈ રહ્યા છે. મમતાજીની સરકાર છે, તે તેને રોકશે અને તે લડી રહી છે, પરંતુ અહીં સરકાર આપણી નથી.

# કોંગ્રેસની વર્કર્સ વિંગ દ્વારા નવા લેબર કોડ્સ વિરૂદ્ધ પ્રદર્શન તેને 'કોર્પોરેટ-સંચાલિત' અને કામદાર વિરોધી ગણાવ્યા

## કોંગ્રેસના અસંગઠિત કામદારો અને કર્મચારીઓએ 'કામદાર વિરોધી' કોડ્સને તાત્કાલિક પાછો ખેંચવાની માંગણી સાથે નવી દિલ્હીમાં વિશાળ વિરોધ પ્રદર્શન કર્યું હતું



(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

દેશની મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસની વર્કર્સ વિંગે શનિવારે રાષ્ટ્રીય રાજધાનીમાં શ્રમ શક્તિ ભવનની બહાર એક વિશાળ વિરોધ પ્રદર્શન કર્યું, જેમાં કેન્દ્રના નવા લેબર કોડ્સના અમલીકરણનો વિરોધ કરવામાં આવ્યો હતો. અસંગઠિત કામદારો અને કર્મચારી કોંગ્રેસ (KKC) દ્વારા વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ તેના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ સાંસદ ડૉ. ઉદિત રાજ દ્વારા કરવામાં આવ્યું હતું. રમેશ કુમાર યાદવ, સંજય ગાબા, શાહિદ અલી, સીપી સોની, ડૉ. અંશુ એન્થોની, વિનોદ પવાર અને નરેશ મલિક સહિત વરિષ્ઠ દ્વન્દ્વ નેતાઓ સેંકડો કામદારો સાથે પ્રદર્શનમાં જોડાયા હતા. વિરોધીઓએ લેબર કોડ્સના ગેઝેટ સૂચનાઓની નકલો સળગાવી, કાયદાઓને 'કોર્પોરેટ-સંચાલિત' અને 'કામદાર વિરોધી' ગણાવ્યા હતા. ઉદિત રાજે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સરકાર દ્વારા લાવવામાં આવેલા ચાર શ્રમ સંહિતાઓએ યુનિયનોને નબળા પાડ્યા છે, વેતન ઘટાડ્યું છે અને કરોડો કામદારોના તેમના મહેનતથી મેળવેલા અધિકારો છીનવી લીધા છે. આ કાયદાઓ સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે. તેમણે નોકરીની સુરક્ષાનો નાશ કર્યો છે અને ભારતના ૯૦% કાર્યબળને મૂંઝવણમાં ધકેલી દીધા છે,' તેમણે જાહેરાત કરી કે તે ૨૬ કરવા માટે રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરશે. ડૉ. રાજે ઉમેર્યું કે ઔદ્યોગિક સંબંધો સંહિતા, ઓએસએચ સંહિતા, સામાજિક સુરક્ષા સંહિતા અને વેતન સંહિતા સામૂહિક રીતે 'ભાડે રાખવા અને કાઢી મૂકવા', કાર્યસ્થળની સલામતીને નબળી પાડવા, સામાજિક સુરક્ષાને ઘટાડવા અને કામદારોના હાથમાં ઓછા પૈસા માટે વેતન માળખા લાદવા જેવા કાર્યોને કાયદેસર બનાવે છે. તેમણે આરોપ લગાવ્યો કે આ સંહિતા 'કામદારોના અધિકારો કરતાં કોર્પોરેટ સુગમતાને પ્રાથમિકતા આપે છે', જે દાયકાઓથી ચાલી આવતી શ્રમ સુરક્ષાને નબળી પાડે છે. તેઓએ માંગ કરી હતી કે સરકાર તાત્કાલિક શ્રમ સંહિતા રદ કરે; નહીં તો તે કોઈપણ હદ સુધી જશે. મુખ્ય ડાબેરી પક્ષ સીપીઆઈ (એમ)એ પણ માંગ કરી હતી કે સરકારે આ કાયદાઓ પાછા લેવા જોઈએ. સીપીઆઈ (એમ) પોલિટબ્યુરોએ જણાવ્યું હતું કે ચાર શ્રમ સંહિતાના એકપક્ષીય નોટિફિકેશનનો સખત વિરોધ કરે છે. આ સંહિતા મહેનતથી મેળવેલા શ્રમ કાયદાઓને તોડી પાડે છે જે અત્યારસુધી કામદારોને અમુક હદ સુધી સુરક્ષિત રાખતા આવ્યા છે. ઘણી મર્યાદાઓ હોવા છતાં, અમુક હદ સુધી વેતન, કામના કલાકો, સામાજિક સુરક્ષા, ઔદ્યોગિક સલામતી, નિરીક્ષણ-પાલન પદ્ધતિઓ અમલમાં હતી. હવે આ કાયદા સરળીકરણને બદલે, નવા સંહિતા લાંબા સમયથી અસ્તિત્વમાં રહેલા અધિકારો અને હકને નાબૂદ કરવાનો પ્રયાસ કરે છે અને નોકરીદાતાઓની તરફેણમાં છે. સરકારનો એવો દાવો કે આ શ્રમ સંહિતા રોજગાર અને રોકાણને વેગ આપશે તે સંપૂર્ણપણે પાયાવિહોણા છે. આ સંહિતા મૂડીના આક્રમણ સામે શ્રમને અસુરક્ષિત કરવા માટે છે. તેમનો ઉદ્દેશ શ્રમ અધિકારોના વિવિધ પાસાઓને આવરી લેતા તમામ અર્થપૂર્ણ નિયમો રદ કરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મૂડીને આકર્ષવાનો છે. વધુમાં, તેઓ હડતાલ કરવાનો અધિકાર છીનવી લેવા અને કામદાર વર્ગ દ્વારા કોઈપણ સામૂહિક કાર્યવાહીને ગુનાહિત બનાવવાનો પ્રયાસ કરે છે. શ્રમ સંહિતા, એકંદરે, સરકાર અને વહીવટીતંત્રના સક્રિય પ્રાયોજકતા સાથે કામદારોના અધિકારો અને હકો પર એકપક્ષીય રીતે દબાણ કરીને કોર્પોરેટ વર્ગને સશક્ત બનાવવાનો પ્રયાસ કરે છે. પોલિટબ્યુરોએ હિસ્સેદારો, ખાસ કરીને કામદારો સાથે વાસ્તવિક ત્રિપક્ષીય પરામર્શ વિના આ સંહિતાઓને આગળ ધપાવવાના લોકશાહી અને સંઘીય ધોરણોના ઘોર ઘૃણાસ્પદ ઉલ્લંઘનની પણ નિંદા કરતા કહ્યું કે, સરકારે સમગ્ર પ્રક્રિયાને ભારતીય શ્રમ પરિષદ બોલાવ્યા વિના સંસદમાં વિવાદાસ્પદ કાયદાઓની ચર્ચા કર્યા વિના સંસદમાં કાયદો ઉતાવળમાં પસાર કર્યો છે. સીપીઆઈ(એમ)એ શ્રમ સંહિતા તાત્કાલિક પાછી ખેંચવાની હાકલ કરી અને સરકારને સરમુખત્યારશાહીનો પ્રતિકાર કરવા ટ્રેડ યુનિયનો અને લોકશાહી દળોને અને કામદાર લોકોના અધિકારો અને હકોનું રક્ષણ કરવા અને વધુ વ્યાપક શ્રમ અધિકારો અને રક્ષણ માટે વિનંતી કરી છે.

# 'નિવૃત્તિનો કોઈ અફસોસ નથી, 'સંપૂર્ણ સંતોષ' સાથે આ સંસ્થા છોડી રહ્યો છું અને કોઈ સરકારી પદ ગ્રહણ કરીશ નહીં' : નિવૃત્ત CJI ગવઈ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈએ રવિવારે ન્યાયાધીશોની નિમણૂક માટે કોલેજિયમ સિસ્ટમનો બચાવ કર્યો અને અનુસૂચિત જાતિના ક્વોટામાંથી સમૃદ્ધ લોકોને બાકાત રાખવા અને ટોચની અદાલતમાં તેમના કાર્યકાળ દરમિયાન કોઈ મહિલા ન્યાયાધીશની નિમણૂક ન કરવા બદલ અફસોસ વ્યક્ત કર્યો. બાલકૃષ્ણન પછી ભારતીય ન્યાયતંત્રનું સુકાન સંભાળનારા પરમા સીજેઆઈ, પ્રથમ બૌદ્ધ અને બીજા દલિત છે તેમણે પોતાના સત્તાવાર નિવાસસ્થાને પત્રકારો સાથેની એક નિખાલસ અને અનૌપચારિક વાતચીતમાં જણાવ્યું હતું કે તેઓ 'સંપૂર્ણ સંતોષ' સાથે આ સંસ્થા છોડી રહ્યા છે અને નિવૃત્તિ પછીના કોઈપણ કાર્યભાર સ્વીકારશે નહીં. તેમણે કહ્યું કે, મેં પદ સંભાળ્યું ત્યારે સ્પષ્ટ કર્યું હતું કે, હું નિવૃત્તિ પછીના કોઈપણ કાર્યભાર સ્વીકારવાનો નથી. આગામી ૯-૧૦ દિવસ માટે, તે શાંત સમયગાળો છે. તે પછી એક નવી ઈનિંગ છે. કાર્યાલયમાં તેમના ગણાવતા, તેમણે નોંધ્યું કે તેમના નેતૃત્વ હેઠળની સર્વોચ્ચ અદાલતે કેસોના વર્ગીકરણ અને વર્ગીકરણ માટે (AI)નો ઉપયોગ કરવાનું શરૂ કર્યું અને તેનો ઉકેલ લાવવાનું 'સૌથી વધુ પ્રાથમિકતા' હોવી જોઈએ. AI મદદ કરશે પરંતુ સર્વોચ્ચ પ્રાથમિકતા ન્યાયતંત્રના તમામ સ્તરોમાં પેન્ડન્સી ઘટાડવા અને નિકાલમાં સુધારો લાવવાની હોવી જોઈએ. નિવૃત્ત CJIએ તેમના કાર્યકાળ દરમિયાન સર્વોચ્ચ અદાલતમાં મહિલા ન્યાયાધીશની નિમણૂક કરવામાં અસમર્થ હોવાનો અફસોસ વ્યક્ત કર્યો પરંતુ સ્પષ્ટ કર્યું કે, તે પ્રતિબદ્ધતાના અભાવને કારણે નથી. કોલેજિયમના નિર્ણયોમાં ઓછામાં ઓછા ચાર ન્યાયાધીશોની જરૂર હોય છે. સર્વસંમતિ આવશ્યક છે. કોલેજિયમ સર્વાનુમતે સ્પષ્ટ કરી શકે તેવું કોઈ નામ આવ્યું નથી. ત્યારબાદ ન્યાયાધીશ વિપુલ મનુભાઈ પંચોલીને સર્વોચ્ચ અદાલતમાં બઢતી આપવાની કોલેજિયમની ભલામણ સામે ન્યાયાધીશ બી.વી. નાગરત્નાના લેખિત અસંમતિ

## તેમણે કહ્યું કે, જો કોઈ મુખ્ય સચિવના પુત્ર અથવા ગામમાં કામ કરતા ભૂમિહીન મજૂરના બાળકને IAS કે IPS અધિકારીના પુત્ર સાથે સ્પર્ધા કરવી પડે તો શું તે સમાન પ્લેટફોર્મ પર હશે ?

છેલ્લા દિવસે, ન્યાયાધીશ ગવઈએ લગભગ તમામ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર વાત કરી જેમાં જૂતા ફેંકવાની ઘટના, પેન્ડન્સી, રાષ્ટ્રપતિના સંદર્ભ પરના તેમના ચુકાદાઓની ટીકા, ક્વોટા લાભોમાંથી અનુસૂચિત જાતિઓમાં ક્રીમી લેયર્સને બાકાત રાખવા અંગેના તેમના વિવાદાસ્પદ મંતવ્યો અને ઉચ્ચ ન્યાયતંત્રમાં મહિલાઓનું ઓછું પ્રતિનિધિત્વનો સમાવેશ થાય છે. ક્વોટા લાભોમાંથી એસસીમાં સમૃદ્ધ લોકોને બાકાત રાખવા માટે ક્રીમી લેયર ખ્યાલ રજૂ કરવા અંગેના પોતાના મંતવ્યોનો બચાવ કરતા તેમણે કહ્યું કે, 'જો લાભો એક જ પરિવારોને વારંવાર મળે છે, તો એક વર્ગની અંદર એક વર્ગ ઊભરી આવે છે. અનામત એવા લોકો સુધી પહોંચવી જોઈએ જેમને ખરેખર તેની જરૂર છે. જો કોઈ મુખ્ય સચિવનો પુત્ર અથવા ગામમાં કામ કરતા ભૂમિહીન મજૂરના બાળકને IAS કે IPS અધિકારીના પુત્ર સાથે સ્પર્ધા કરવી પડે તો શું તે સમાન પ્લેટફોર્મ પર છે. તેમણે ચેતવણી આપી હતી કે, આવા બાકાત વિના, અનામત લાભો પેઢી દર પેઢી થોડા પરિવારો આગળ આવે છે, જેના કારણે 'એક વર્ગની અંદર એક નવો વર્ગ' બને છે. જો કે, તેમણે સ્પષ્ટતા કરી કે, આ મુદ્દા પર અંતિમ નિર્ણય 'કાર્યપાલિકા અને સંસદ દ્વારા લેવાનો રહેશે.' કોલેજિયમ સિસ્ટમનો બચાવ કરતા, તેમણે કહ્યું કે તે 'ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવવા'માં મદદ કરે છે. કોઈપણ સિસ્ટમ સંપૂર્ણ નથી તે સ્વીકારતા, તેમણે કહ્યું કે, 'ન્યાયાધીશોની પસંદગી કરવી વધુ યોગ્ય છે કારણ કે, વકીલો વડાપ્રધાન કે કાયદા પ્રધાન સમક્ષ આવીને દલીલ કરતા નથી. એવી ટીકા થાય છે કે, ન્યાયાધીશો પોતાની નિમણૂક કરે છે પરંતુ આ સ્વતંત્રતા સુનિશ્ચિત કરે છે. અમે ઈન્ટેલિજન્સ બ્યુરોના ઈનપુટ્સ અને કારોબારી વિભાગના મંતવ્યો પણ ધ્યાનમાં લઈએ છીએ પરંતુ અંતિમ નિર્ણય કોલેજિયમનો છે. બિલો પર રાજ્યપાલોના નિર્ણયો માટે સમયરેખાને હળવી કરવાની ટીકાના જવાબમાં ન્યાયાધીશ ગવઈએ કહ્યું, 'બંધારણ કોર્ટને સમયરેખાની મંજૂરી આપતું નથી પરંતુ અમે કહ્યું છે કે, રાજ્યપાલ અનિશ્ચિત સમય માટે તે રોકી શકતા નથી. ન્યાયિક સમીક્ષા અત્યંત વિલંબમાં ઉપલબ્ધ છે. સામાજિક કાર્ય શરૂ કરવા પર, રાજકીય કાર્યકર્તા રામકૃષ્ણ એસ ગવઈના પુત્ર ન્યાયાધીશ ગવઈએ કહ્યું કે, તે 'તે તેમના લોહીમાં' છે અને તેઓ તેમના ગૃહ જિલ્લામાં અમરાવતીમાં આદિવાસી કલ્યાણ માટે કામ કરવામાં સમય પસાર કરવાની આશા રાખે છે. પેન્ડન્સીને 'મોટી સમસ્યા' અંગે પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે, આ પહેલીવાર નથી થઈ રહ્યું. જો અસંમતિમાં કોઈ યોગ્યતા હોત, તો ચાર અન્ય ન્યાયાધીશો તેના પર સંમત થયા હોત. તેઓ આ લોકપ્રિય મત સાથે સહમત ન હતા કે, કોર્ટે સરકારો વિરૂદ્ધ ચુકાદો આપવો જોઈએ જેથી તેઓ સ્વતંત્ર છે તે સ્થાપિત કરી શકાય. તેમણે કહ્યું કે, તમે તમારી સમક્ષ રહેલા કાગળોના આધારે નિર્ણય લો છો. સરકાર જીતી શકે છે કે હારી શકે છે. સ્વતંત્રતાનું માપ તમે કેન્દ્ર વિરૂદ્ધ કેટલીવાર આદેશ કરો છો તેના પરથી માપવામાં આવતું નથી. જસ્ટિસ ગવઈએ એક વૃદ્ધ વકીલ દ્વારા તેમના કોર્ટરૂમમાં તેમના પર જૂતા ફેંકવાની અભૂતપૂર્વ અને આઘાતજનક ઘટના વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે, હું બૌદ્ધ ધર્મ પાળું છું, પરંતુ હું બધા ધર્મોમાં માનું છું. તેમણે વકીલને 'માફ' કરવાનું કેમ પસંદ કર્યું તે પૂછતાં તેમણે કહ્યું કે, મને લાગે છે કે તે નિર્ણય મેં સહજ રીતે લીધો હતો, કદાચ બાળપણમાં વિકસિત થયેલી વિચાર પ્રક્રિયાને કારણે મેં વિચાર્યું કે યોગ્ય વસ્તુ ફક્ત તેને અવગણવાની હતી. કોર્ટ કાર્યવાહીમાં સોશિયલ મીડિયાની ભૂમિકા પર, તેમણે લાઈવ-સ્ટ્રીમિંગ સામગ્રીના ખોટી રિપોર્ટિંગ અને દુરૂપયોગ અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, તમે કોર્ટમાં જે નથી કહેતા તે તમારા નામે મૂકવામાં આવે છે. કદાચ આગામી CJI આની તપાસ કરી શકે છે. મૃત્યુદંડ નાબૂદ કરવા અંગે, તેમણે કહ્યું કે તે સજા દુર્લભમાં દુર્લભ કેસોમાં આપવામાં આવી રહી છે અને ન્યાયાધીશ તરીકે, તેમણે ન્યાયતંત્રમાં તેમના બે દાયકાથી વધુના કાર્યકાળ દરમિયાન ક્યારેય તે સજા આપી નથી. ૨૦-૩૦ વર્ષથી, ન્યાયશાસ્ત્ર મૃત્યુદંડને બદલે લાંબી જેલની સજા તરફ આગળ વધ્યું છે. મેં એક પણ મૃત્યુદંડને સમર્થન આપ્યું નથી. સુપ્રીમ કોર્ટના કર્મચારીઓની નિમણૂકોમાં OBC, SC અને ST માટે ક્વોટા રજૂ કરનારા જસ્ટિસ ગવઈએ એ અવલોકનોને નકારી કાઢ્યા કે સુપ્રીમ કોર્ટમાં મહિલા સ્ટાફની સંખ્યા ઓછી છે. તેમણે એ પણ કહ્યું કે સરકારે તેમના કાર્યકાળ દરમિયાન કોલેજિયમ દ્વારા ભલામણ કરાયેલા લગભગ તમામ નામોને મંજૂરી આપી હતી. હાઈકોર્ટમાં લગભગ ૧૦૭ ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી હતી. મેં બોમ્બે હાઈકોર્ટમાં ૧૪ અને મધ્યપ્રદેશમાં ૧૨ ન્યાયાધીશો આપ્યા હતા. શું વડાપ્રધાનના સીજેઆઈના નિવાસસ્થાનની મુલાકાત ન્યાયિક સ્વતંત્રતાને અસર કરે છે તે અંગે પૂછવામાં આવતા, તેમણે કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો.


# સોમવારે CJI તરીકે શપથ લેનારા ન્યાયાધીશ સૂર્યકાન્તે 'સ્વદેશી ન્યાયશાસ્ત્ર' અને સમાવેશકતા માટે આહ્‌વાન કર્યું

## જસ્ટિસ સૂર્યકાન્તે ભારતીય ન્યાયતંત્રને વસાહતી વારસામાંથી બદલવા માટે સ્વદેશી ન્યાયશાસ્ત્ર માટે આહવાન કર્યું હતું, તેઓ સોમવારે ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેવાના છે

(એજન્સી) તા.૨૩

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI)-નિયુક્ત ન્યાયાધીશ સૂર્યકાન્તે શનિવારે ભારતીય કાનૂની માળખાના વિકાસ માટે 'સ્વદેશી ન્યાયશાસ્ત્ર' માટે આહ્‌વાન કર્યું હતું. એક વિશિષ્ટ વાતચીતમાં, ન્યાયાધીશ કાંતે કહ્યું કે ભારતીય ન્યાયતંત્રને વસાહતી વારસામાંથી વધુ પ્રમાણિક રીતે ભારતીય સંસ્થામાં રૂપાંતરિત કરવા માટે ''બહુ-પક્ષીય અભિગમ'' જરૂરી છે. ક્લાસિક વસાહતી અદાલતથી વધુ ભારતીય અદાલતમાં પરિવર્તન સંબંધિત પ્રશ્નના જવાબમાં, CJIએ કહ્યું કે, ''ભારતીય ન્યાયતંત્રને વસાહતી વારસાથી વધુ પ્રમાણિક રીતે ભારતીય સંસ્થામાં રૂપાંતરિત કરવા માટે બહુપક્ષીય અભિગમની જરૂર છે જે કાનૂની પ્રણાલીના માળખાકીય, પ્રક્રિયાગત અને સાંસ્કૃતિક પાસાઓને સંબોધિત કરે છે. કોર્ટ કાર્યવાહીથી લઈને વિવિધ કાયદાઓ સુધી વસાહતી સંદર્ભ માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. સમકાલીન ભારતીય સમાજ અને મૂલ્યોને પ્રતિબિંબિત કરવા માટે આ નીતિઓમાં સુધારો અને સ્વદેશીકરણ કરવું મહત્ત્વપૂર્ણ છે.'' તેમણે સમાવેશકતાને પ્રાથમિકતા આપવા અને ન્યાયને વધુ સુલભ બનાવવા માટે તકનીકી અવરોધોને ઘટાડવા પર વધુ ભાર મૂકતા કહ્યું કે, ''વસાહતી અદાલતો શાહી હિતો માટે ડિઝાઈન કરવામાં આવી હતી, જે ઘણીવાર જનતાને દૂર કરતી હતી. પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા, તકનીકી અવરોધો ઘટાડવા અને ડિજિટલ ઍક્સેસ પ્રદાન કરવાથી ન્યાય વધુ સુલભ બની શકે છે. ખરેખર ભારતીય ન્યાયતંત્રે સમાવેશકતાને પ્રાથમિકતા આપવી જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે ગ્રામીણ નાગરિકો ધાકધમકી વિના સિસ્ટમમાં નેવિગેટ કરી શકે. સમાધાન અને સુમેળ સાથે સાંસ્કૃતિક અભિગમો બ્રિટિશ રાજમાંથી વારસામાં મળેલી વિરોધી પ્રણાલીને પૂરક બનાવશે. જ્યુટિસ કાંતે જણાવ્યું હતું કે ન્યાયિક નિમણૂકો અને સમયબદ્ધ કેસોના નિકાલને સુવ્યવસ્થિત કરવાથી વસાહતી યુગની અસ્પષ્ટતા અને વિલંબને દૂર કરશે. ભારતના ન્યાયતંત્રને ખરેખર ભારતીય પ્રણાલીમાં રૂપાંતરિત કરવા માટે સ્વદેશી સુલભતા અને સાંસ્કૃતિક સુસંગતતા સાથે આધુનિક કાર્યક્ષમતાનું મિશ્રણ કરવાની જરૂર છે. આ પરિવર્તન સુનિશ્ચિત કરશે કે ન્યાય ભારતના સામાજિક માળખાનો એક અભિન્ન ભાગ છે.

# મુઘલ સમ્રાટ અકબર અને ટીપુ સુલ્તાનના નામ સાથેના મહાન શબ્દ દૂર કરી દેવાતા રાજકીય ઘમાસાણ, કોંગ્રેસે પ્રતિક્રિયા આપી કે આ અભિગમ ખોટો છે



**NCERT દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે કે કોવિડ મહામારીના સમયથી અમે વિદ્યાર્થીઓ ઉપરનો બોજો ઘટાડવા અને બિનજરૂરી તેમજ વારંવાર આવતી એકસરખી વિગતો કાઢી નાખીને અભ્યાસક્રમમાં પરિવર્તન કરી રહ્યા છીએ જેનો મતલબ શિક્ષણ અને જ્ઞાનમાં કાપ મૂકવાનું નથી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩

મુઘલ શહેનશાહ અકબર અને મૈસુરના વાઘ ટીપુ સુલ્તાનના નામ આગળથી મહાન શબ્દ ઈતિહાસના પાઠ્યપુસ્તકમાંથી દૂર કરવાના NCERTના પગલાંથી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય યુદ્ધ જામી પડ્યું છે. મહાન શબ્દ દૂર કરવાથી જાગેલો વિવાદ કોઈ રીતે ઠંડો પડવાનો નામ લેતો નથી. કોંગ્રેસે ભાજપ અને આરએસએસનો અભિગમ ખોટો હોવાની ટીકા કરી હતી. કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે પોતાની નીતિઓને સમાવવા માટે સરકાર ઈતિહાસને તોડી મરોડીને સંકૂચિત કરીને રજૂ કરી રહી છે. કેટલાક શાસકો અને ખાસ કરીને મુઘલ શહેનશાહો પ્રતિ ભાજપનો રાજકીય અણગમો જાણીતો છે. કોંગ્રેસ સાંસદ ઈમરાન મસુદે સરકારને યાદ કરાવ્યું હતું કે અકબર અને ટીપુ સુલ્તાન તથા એમના વંશજોએ દેશ ઉપર ૭૦૦ વર્ષ સુધી રાજ કર્યું હતું. એમનું રાજ એક કે બે દિવસ ન હતું. મહાન શબ્દ કાઢી નાંખવાથી ભાજપ શું સિદ્ધ કરવા માંગે છે એ મોટો પ્રશ્ન છે. અકબરના શાસનમાં દેશ અત્યંત સમૃદ્ધ હતો અને ભારતની જીડીપી ૨૭ ટકા જેટલી હતી એટલે જ તો ભારતને સોને કી ચીડિયા કહેવામાં આવતું હતું. બ્રિટીશરોએ આખરી મુઘલ સમ્રાટના સંતાનોનો શિરચ્છેદ કરીને સોનાની થાળીમાં એમના માથા શહેનશાહ સમક્ષ રજૂ કર્યા હતા. આજે એમના વારસદારો કોલકાતાની શેરીઓમાં ઘરકામ કરીને વાસણો ઉટકી રહ્યા છે અને બ્રિટીશરોને સલામ કરનાર લોકોના વંશજો આજે સત્તા ઉપર બેઠા છે. તેમણે સવાલ કર્યો હતો કે રાણી લક્ષ્મીબાઈ સાથે દગો કોણે કર્યો હતો, આજે એમનો વારસદાર મંત્રી તરીકે છે. કોંગ્રેસ નેતા કે. મુરલીધરને ફેરફારોની ટીકા કરી હતી અને કહ્યું હતું કે શહેનશાહ અકબરના સમયમાં દેશમાં અભૂતપૂર્વ કોમી એકતા હતી, એખલાસ હતો. અકબરે હિન્દુ ધર્મને પણ માન આપ્યું હતું. ટીપુ અંગ્રેજો સામે લડતાં શહીદ થયા હતા. આ બંને મહાન વહીવટકર્તાઓ હતા એટલે કેન્દ્ર સરકારનો એમની તરફનો અભિગમ યોગ્ય નથી.

# સરહદો બદલાઈ શકે છે, સિંધ ભારતમાં પાછું આવી શકે છે : રાજનાથ સિંહનું નિવેદન

**એક કાર્યક્રમમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે સિંધ પ્રદેશ, જે હવે પાકિસ્તાનમાં છે, તે આજે ભારતનો ભાગ ન હોય શકે, પરંતુ સભ્યતાની દૃષ્ટિએ તે હંમેશા ભારતનો ભાગ રહેશે**



(એજન્સી) તા.૨૩

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે, સિંધ આજે ભારતનો ભાગ નથી, છતાં આ પ્રદેશ ભારતના સભ્યતા વારસા સાથે ઊંડો જોડાયેલો છે. એક કાર્યક્રમમાં સિંહે કહ્યું કે સિંધ, જે ૧૯૪૭ પહેલા અવિભાજિત ભારતનો ભાગ હતો અને તે પછી પાકિસ્તાનમાં છે, અને તે ફરીથી ભારતમાં પાછો આવી શકે છે. તેમની ટિપ્પણીઓ એવા સમયે આવી છે જ્યારે મે મહિનામાં ઓપરેશન સિંદૂર બાદ બંને દેશો વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ છે. રવિવારે નવી દિલ્હીમાં સિંધી સમાજ સંમેલન કાર્યક્રમને સંબોધતા, સિંહે કહ્યું કે સંસ્કૃતિની દૃષ્ટિએ, સિંધ હંમેશા ભારતનો ભાગ રહેશે, અને ભૂરાજકીય સીમાઓ કાયમી નથી.

આજે, સિંધની ભૂમિ ભારતનો ભાગ ન હોઈ શકે, પરંતુ સભ્યતાની દૃષ્ટિએ, સિંધ હંમેશા ભારતનો ભાગ રહેશે. અને જ્યાં સુધી જમીનનો સંબંધ છે, સરહદો બદલાઈ શકે છે. કોણ જાણે છે, કાલે સિંધ ફરી ભારતમાં પાછું આવી શકે છે.

હાલના પાકિસ્તાનનું સિંધ રાજ્ય સિંધી સમુદાયના સભ્યોનું મૂળ સ્થાન છે, જેઓ ભારતની વસ્તીનો મોટો હિસ્સો છે. સિંધ સિંધુ ખીણ સભ્યતાનું ઉદ્ભવ સ્થાન પણ છે. વિભાજન પછી દાયકાઓ પછી પણ સિંધી હિન્દુઓ આ પ્રદેશ સાથે જે ભાવનાત્મક અને સાંસ્કૃતિક જોડાણ ધરાવે છે તેની ચર્ચા કરતી વખતે સંરક્ષણ મંત્રીએ ભાજપના વરિષ્ઠ નેતા લાલ કૃષ્ણ અડવાણીનો ઉલ્લેખ કર્યો હતો. અડવાણીના લખાણોનો ઉલ્લેખ કરતા, તેમણે નોંધ્યું કે તે પેઢીના ઘણા સિંધી હિન્દુઓએ સિંધના ભારતથી અલગ થવાનો સંપૂર્ણ સ્વીકાર કર્યો નથી. સિંધમાં હિન્દુઓ અને ઘણા મુસ્લિમો બંને ઐતિહાસિક રીતે સિંધુ નદીના પાણીને પવિત્ર માનતા હતા. હું અહીં લાલ કૃષ્ણ અડવાણીનો પણ ઉલ્લેખ કરવા માંગુ છું. તેમણે તેમના એક પુસ્તકમાં લખ્યું છે કે સિંધી હિન્દુઓ, ખાસ કરીને તેમની પેઢીના લોકોએ હજુ પણ સિંધના ભારતથી અલગ થવાનો સ્વીકાર કર્યો નથી. ફક્ત સિંધમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતમાં, હિન્દુઓ સિંધુ નદીને પવિત્ર માનતા હતા. સિંધના ઘણા મુસ્લિમો પણ માનતા હતા કે સિંધુનું પાણી મક્કાના આબ-એ-ઝમઝમ કરતાં ઓછું પવિત્ર નથી. આ અડવાણીનું વાક્ય છે. સિંધના લોકો ભલે તેઓ આજે ગમે ત્યાં રહે છે તે હંમેશા આપણા પોતાના રહેશે.

આ જ કાર્યક્રમ દરમિયાન, સંરક્ષણ પ્રધાને નાગરિકતા સુધારો અધિનિયમ (CAA) પર પણ ભાર મૂક્યો અને કહ્યું કે પડોશી દેશોમાં પીડિત લઘુમતી સમુદાયોના રક્ષણ માટે આ કાયદો જરૂરી છે. તેમણે દલીલ કરી હતી કે સિંધી સમુદાય સહિત આ જૂથોએ વર્ષોથી ગંભીર હિંસા અને ભેદભાવનો સામનો કર્યો છે, છતાં તુષ્ટિકરણની રાજનીતિથી ચાલતી સરકારો તેમને ટેકો આપવામાં નિષ્ફળ ગઈ હતી. તેમણે કહ્યું કે હિન્દુ સમુદાય જેને ખરેખર મદદની જરૂર હતી તેની અવગણના કરવામાં આવી હતી, જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ તેમના દુઃખને ઓળખતા હતા. સિંહે નોંધ્યું કે, CAA લાગુ કરવા પાછળનું આ મુખ્ય કારણ હતું.

લઘુમતીઓની દુર્દશા પર સિંહે કહ્યું કે, 'ઘણા પડોશી દેશોમાં લઘુમતી સમુદાયો વર્ષોથી પીડાઈ રહ્યા છે. તેમના ઘરોને બાળી નાખવામાં આવ્યા, તેમના બાળકોને મારી નાખવામાં આવ્યા, તેમની પુત્રીઓને ક્રૂરતા અને ત્રાસ આપવામાં આવ્યો, અને લોકોને બળજબરીથી ધર્માંતરણ કરાવવામાં આવ્યું. જ્યારે તેમાંથી ઘણા કોઈક રીતે ભાગી છૂટવામાં અને ભારત આવવામાં સફળ થયા, ત્યારે તુષ્ટિકરણ ઈચ્છતી સરકારો દ્વારા તેમની સાથે કરવામાં આવેલા વર્તનની નિંદા કરવી પૂરતી નથી. ફક્ત એક ચોક્કસ સમુદાયની વોટ બેંકને ખુશ કરવા માટે તેમને અપમાનિત કરવામાં આવ્યા. પડોશી દેશોમાંથી આવતા એક ખાસ વર્ગના લોકોને આશ્રય આપવામાં આવ્યો હતો. પરંતુ આ હિન્દુ સમુદાયના લોકો, જેઓ ખરેખર તેના લાયક હતા, તેમને તે અધિકારો આપવામાં આવ્યા ન હતા જે તેઓ લાયક હતા. તેમની વેદનાને કરુણાથી સમજવામાં આવી ન હતી. પરંતુ જો કોઈ આ દુઃખને સમજતું હોય, તો તે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી હતા. તેથી જ અમે CAA રજૂ કર્યું છે.

નાગરિકતા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનથી આવેલા હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી સ્થળાંતર કરનારાઓને ભારતીય નાગરિકત્વ આપે છે જેઓ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ પહેલા ભારતમાં પ્રવેશ્યા હતા અને સંબંધિત ઈમિગ્રેશન કાયદાની જોગવાઈઓમાંથી મુક્તિ આપવામાં આવી છે.

# ઈઝરાયલે બેરૂતમાં હિઝબુલ્લાહના ચીફ-ઓફ-સ્ટાફ પર હુમલો કર્યો; ૫ લોકોનાં મોત અને અનેક લોકો ઘાયલ

## ઈઝરાયલે બેરૂતમાં હિઝબુલ્લાહના ચીફ-ઓફ-સ્ટાફ પર હુમલો કર્યો, જે લશ્કર સામેના તેના ચાલુ અભિયાનમાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે આ હુમલાથી રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો છે

(એજન્સી) તા.૨૩

ઈઝરાયલે રવિવારે બેરૂતમાં એક દુર્લભ હવાઈ હુમલો કર્યો, જેમાં હિઝબુલ્લાહના ચીફ-ઓફ-સ્ટાફને લક્ષ્ય બનાવ્યું હતું અને અધિકારીઓએ જૂથના લશ્કરી કમાન્ડ માળખા પર ફટકો ગણાવ્યો છે. રોઈટર્સના અહેવાલ મુજબ, રાજધાનીના દક્ષિણ ઉપનગરોમાં એક મુખ્ય માર્ગ પર હુમલો થયો, જે ઈરાન-જોડાણવાળા લશ્કરના ગઢ તરીકે ઓળખાતો જિલ્લો છે, અને અહીના રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો છે. રાજધાનીના દક્ષિણ ઉપનગરોમાં મહિનાઓમાં આ પહેલો હુમલો છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે જણાવ્યું હતું કે ઈઝરાયલ સંરક્ષણ દળોએ હિઝબુલ્લાહ ચીફ-ઓફ-સ્ટાફ પર હુમલો કર્યો હતો જે જૂથના લશ્કરી નિર્માણ અને પુનઃશસ્ત્રીકરણ માટે જવાબદાર હતા, જોકે તે પુષ્ટિ કરતું નથી કે આ લક્ષ્યમાં વરિષ્ઠ કમાન્ડર અલી તબ્બતબાઈ માર્યા ગયા છે કે નહીં. એક ઈઝરાયલી સૂત્રએ ઓપરેશન વિશે માહિતી આપી હતી અને એક લેબનીઝ સુરક્ષા અધિકારીએ તબ્બતબાઈને ઈચ્છિત લક્ષ્ય તરીકે ઓળખાવ્યા હતા. યુએસ ટ્રેઝરીએ તેમને ૨૦૧૬માં એક મુખ્ય હિઝબુલ્લાહ લશ્કરી નેતા તરીકે નિયુક્ત કર્યા હતા, વોશિંગ્ટને તેમના વિશે માહિતી આપવા માટે ૫૦ લાખ ડોલર સુધીનું ઈનામ જાહેર કર્યું હતું. એક વરિષ્ઠ યુએસ અધિકારીએ એક્સિઓસને જણાવ્યું હતું કે ઈઝરાયલે હુમલા પહેલા વોશિંગ્ટનને જાણ કરી ન હતી. અન્ય એક અમેરિકન અધિકારીએ જણાવ્યું હતું કે અમેરિકા ઘણા દિવસોથી જાણતું હતું કે ઈઝરાયલ લેબનોનમાં તેના અભિયાનને વધારવાની તૈયારી કરી રહ્યું છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે યુદ્ધ વિમાનોની ગર્જના અને પછી જોરદાર ધડાકાનો અવાજ સાંભળીને રહેવાસીઓ એપાર્ટમેન્ટ બિલ્ડીંગોમાંથી ભાગી ગયા હતા. તબીબી સૂત્રોએ જણાવ્યું હતું કે ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા હતા અને લગભગ બે ડઝન ઘાયલ થયા હતા. હિઝબુલ્લાહે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી ન હતી. ઈઝરાયલે છેલ્લા એક વર્ષમાં દક્ષિણ લેબનોનમાં હવાઈ કાર્યવાહી વધુ તીવ્ર બનાવી છે, અને કહ્યું છે કે તેનો હેતુ હિઝબુલ્લાહને સરહદ પર તેના લશ્કરી માળખાને પુનર્જીવિત કરતા અટકાવવાનો છે. છેલ્લા બે વર્ષમાં ઈઝરાયલી હુમલાઓમાં હિઝબુલ્લાહના પૂર્વ નેતા હસન નસરાલ્લાહ, ઘણા વરિષ્ઠ કમાન્ડરો અને અંદાજે ૫,૦૦૦ લડવૈયાઓ માર્યા ગયા છે. રવિવારના હુમલા પહેલા, નેતન્યાહૂએ તેમના મંત્રીમંડળને જણાવ્યું હતું કે ઈઝરાયલ અનેક મોરચે કામગીરી ચાલુ રાખશે. અમે હિઝબુલ્લાહને અમને ધમકી આપવાની ક્ષમતા ફરીથી સ્થાપિત કરતા અટકાવવા માટે જરૂરી બધું પગલાં લેવાનું ચાલુ રાખીશું.

# 'ઉનકો અપના આઈકોન બનાઈયે...' : મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે એપીજે અબ્દુલ કલામને 'સાચા મુસ્લિમ પ્રતિક' કહ્યા



(એજન્સી) મુંબઈ, તા.૨૩

ચૂંટણી પ્રચાર દરમિયાન કરવામાં આવેલી વિભાજનકારી ટિપ્પણીઓની વરિષ્ઠ નેતાએ કડક ટીકા કર્યા બાદ તાજેતરની રાજકીય ટિપ્પણીએ લોકોનું ધ્યાન ખેંચ્યું છે. આ ટિપ્પણીઓ એક વાતચીત દરમિયાન સામે આવી હતી જેમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પ્રશ્ન કર્યો હતો કે જ્યારે ડૉ. એપીજે અબ્દુલ કલામ જેવા નેતાઓ હોય છે, ત્યારે બીજાઓને શા માટે

## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ચૂંટણી પ્રચારમાં વિભાજનકારી ટિપ્પણીઓની ટીકા કરી અને ખાસ કરીને મૌલાના અરશદ મદનીની મુસ્લિમોને દબાવવાના હેતુથી સરકારી પગલાં અંગેની ટિપ્પણીઓની ટીકા કરી, ફડણવીસે ડૉ. એપીજે અબ્દુલ કલામ જેવા વ્યક્તિઓના મહત્વ પર ભાર મૂક્યો, અને ભારપૂર્વક કહ્યું કે તેઓ 'મુસ્લિમો માટે વાસ્તવિક આઈકોન' છે

આઈકોન બનાવવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે ડૉ. કલામ 'મુસ્લિમો માટે વાસ્તવિક આઈકોન' છે. નાગુરમાં પત્રકારો સાથે વાત કરતી વખતે, મુખ્યમંત્રી ફડણવીસે મૌલાના અરશદ મદની વિશેના પ્રશ્નનો જવાબ આપ્યો, જેમણે દાવો કર્યો હતો કે તેમણે વર્ણવેલા પ્રદેશમાં સરકાર દ્વારા લેવામાં આવેલા કેટલાક પગલાં મુસ્લિમોને દબાવવાના હેતુથી હતા. પોતાના મુદ્દાને સમર્થન આપવા માટે, તેમણે પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામના જીવન અને વારસા અંગે વાત કરી. તેમને 'મુસ્લિમોના વાસ્તવિક પ્રતિક' ગણાવતા, તેમણે કહ્યું કે કલામ સમુદાયોમાં ઊંડો આદર ધરાવે છે, અને તેમનું જીવન એ વાતનો પુરાવો છે કે ગૌરવ, જ્ઞાન અને રાષ્ટ્રની સેવા આખી પેઢીને ઉત્થાન આપી શકે છે. તેમણે લોકોને એવા વ્યક્તિઓ તરફ જવા માટે પ્રોત્સાહિત કર્યા જે વિભાજનને બદલે એકતાને પ્રેરણા આપે છે. ફડણવીસે કહ્યું કે, 'જુઓ, ભારતમાં, એ.પી.જે. અબ્દુલ કલામ જેવા લોકો, જે આપણા રાષ્ટ્રપતિ બન્યા, તેઓ મુસ્લિમોના વાસ્તવિક પ્રતિક છે. જ્યારે આપણે તેમને જોઈએ છીએ, ત્યારે આપણું માથું આદરથી ઝૂકી જાય છે. અને તેઓ હંમેશા માથું ઊંચું રાખતા હતા. તેમને પ્રતિક બનાવો. તમે બીજાઓને પ્રતિક કેમ બનાવો છો ? મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનું આ નિવેદન મૌલાના અરશદ મદનીની ફેસબુક પોસ્ટ બાદ આવ્યું છે જેમાં તેમણે કહ્યું હતું કે, 'ધર્મના આધારે લોકોને વિભાજીત કરવાથી દેશ નબળો પડી રહ્યો છે. જે થઈ રહ્યું છે તે જોતાં, આપણે કહેવાની ફરજ પડી છે કે સાંપ્રદાયિક શક્તિઓ ઈસ્લામ અને મુસ્લિમો બંનેને નાબૂદ કરવા માટે તૈયાર છે.

રોડ પહોળો કરવા સંમતિથી બાંધકામનો કેટલોક ભાગ તોડી પડાયાની તંત્રની વાત

# ભાવનગરમાં ધાર્મિક સ્થળમાં ભારે પોલીસ બંદોબસ્ત સાથે મ્યુનિ. દ્વારા કરાયું ડિમોલિશન

મદ્રેસાની બિલ્ડિંગમાંથી ૬ ફ્લેટ, ૬થી વધારે હોસ્ટેલના રૂમ સહિતની જગ્યા ખુલ્લી કરાઈ



## મદ્રેસાના જવાબદાર માણસોને-આગેવાનોને સમજાવીને કામગીરી કરાઈ : મ્યુનિ. કમિ.

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૩

ભાવનગર શહેરના અકવાડા લેક સામે આવેલા દારૂ ઉલૂમ અકવાડા મદ્રેસા નજીકમાં જ વિકાસના કામ અર્થે રોડ પહોળો કરવાની કામગીરી હોવાથી આજે રવિવારે વહેલી સવારથી ઉચ્ચ અધિકારીઓ અને મદ્રેસાના જવાબદાર માણસોને સાથે રાખીને ભારે બંદોબસ્ત સાથે ડિમોલીશન કામગીરી હાથ ધરવામાં આવી હતી. ધાર્મિક સ્થળમાં ડિમોલીશનને પગલે અગાઉથી જ સત્તાવાળાઓ દ્વારા કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવા સહિતના પગલા લીધા હતા.

પ્રાપ્ત વિગતો મજબ આજરોજ વહેલી સવારે દારૂલ ઉલૂમ અકવાડા મદ્રેસાના ભાગમાંથી ૨૪ મીટર ડી.પી. રોડ નીકળતો હોઈ તેમાં મદ્રેસાની બિલ્ડિંગ હોસ્ટેલ અને ફલેટના અમુક ભાગ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૬ ફલેટ અને ૬થી વધારે હોસ્ટેલના રૂમો સહિત ૧૫૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરવામાં આવી હતી. જો કે આ ડિમોલીશન પહેલા કોઈ નોટિસ વગેરેની કાર્યવાહી કરાઈ ન હોવાના આક્ષેપો પણ લોકોમાંથી ઉઠી રહ્યા છે. જેને લઈને ચર્ચા પણ વ્યાપક બની હતી.

આ બાબતે ભાવનગર મહાનગર પાલિકાના કમિશનરે જણાવ્યું હતું કે મદ્રેસાના આગેવાનો અને સમાજના લોકોને સમજાવીને આ કામગીરી કરવામાં આવેલ છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને શાંતિ જળવાઈ રહે તે રીતે આજે સવારે કામગીરી ચાલુ કરવામાં આવી હતી. ભાવનગર ટી.પી.નં.૨૩માં ૨૪ મીટર રસ્તો ખુલ્લો કરવાનો હોઈ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વધુમાં કમિશનરે જણાવ્યું હતું કે ૩૦ મીટર ટી.પી. રોડ હતો. જેમાંથી સરકાર તરફથી રાહત આપી ૨૪ મીટર કરવામાં આવેલ છે. જેથી બિલ્ડિંગનો અમુક ભાગ રોડ બનાવવામાં નડતરરૂપ હોઈ તેને તોડી પાડવાની કામગીરી આજે હાથ ધરવામાં આવેલ છે.


જયારે ભાવનગર જિલ્લા પોલીસ વડા નીતિશ પાંડેએ જણાવ્યું હતું કે આ કામગીરી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને સુલેહ શાંતિ તથા કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ઘટના સ્થળે ડી.વાય.એસ.પી. પી.આઈ., પી.એસ.આઈ. અને ૧૫૦ જેટલા પોલીસ જવાનો સહિતનો પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભાવનગર શહેર અને આજુબાજુના વિસ્તારમાં સુલેહ અને શાંતિ જળવાઈ રહે તે માટે સતત પોલીસ પેટ્રોલિંગ પણ કરવામાં આવ્યું હતું. આ વેળાએ ૪ જે.સી.બી., ૩ હિટાચી સહિતની મશીનરીથી આ ડીમોલીશન કામગીરી કરવામાં આવી હતી.

# સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦ વર્ષમાં ૩૮૦ લોકોએ મૂળ ધર્મ છોડી બૌદ્ધ ધર્મ અપનાવ્યો

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૩

સુરેન્દ્રનગર જિલ્લામાં ધર્મ પરિવર્તન કરનારા લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. અત્યારે ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા દસ વર્ષમાં ૩૮૦ લોકો દ્વારા ધર્મ પરિવર્તન કરવામાં આવ્યું છે. ખાસ કરીને મોટાભાગે મૂળ ધર્મ પરિવર્તન કરી અને બૌદ્ધ ધર્મ સ્વીકાર કરવામાં આવ્યા હોવાનું પણ સામે આવ્યું છે ત્યારે આ મુદ્દે સુરેન્દ્રનગર જિલ્લામાં સૌથી વધુ ૨૦૨૩ના વર્ષમાં ૧૦૧ લોકો દ્વારા ધર્મ પરિવર્તન કરવામાં આવ્યું હતું અને બૌદ્ધ ધર્મ અપનાવવામાં આવ્યો છે.



સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અસ્પૃશ્યતા અને ખાસ કરીને પાણી ભરવા જેવા પ્રશ્નો સર્જાવા મુદ્દે ધર્મ પરિવર્તન મોટાભાગે થતા હોવાનું ચર્ચાઇ રહ્યું છે ત્યારે સુરેન્દ્રનગર કલેક્ટર કચેરીમાં આવેલી ઈમેજી શાખામાં અરજી કરી અને ત્યારબાદ ૨૦૧૬થી લઈ ૨૦૨૫ સુધીમાં ૩૮૦ લોકો દ્વારા ધર્મ પરિવર્તન કરવામાં આવ્યું છે જેમાં હિન્દુ ધર્મ છોડી અને બૌદ્ધ ધર્મ અપનાવવામાં આવ્યા હોવાનું રજિસ્ટ્રેશન થયેલું છે. જેમાં અનુસૂચિત સમાજના લોકોની સંખ્યા સૌથી વધુ હોવાનું પણ સામે આવ્યું છે. હાલના તબક્કામાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૮૦ જેટલા લોકો દ્વારા બોધ ધર્મ અપનાવવામાં આવ્યા બાદ તેમને બૌદ્ધ ધર્મ સ્વીકાર કર્યાના દાખલાઓ કલેક્ટર કચેરીમાંથી આપવામાં આવી રહ્યા છે પરંતુ જાતિના દાખલા કઢાવવા જાય ત્યારે બોધ ધર્મના દાખલાઓ ન નીકળતા આ અંગે પણ સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે અને જાતિના દાખલામાં પણ બૌદ્ધ ધર્મનો ઉલ્લેખ કરવામાં આવે તે પ્રકારની માંગ કરવામાં આવી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં સૌથી વધુ ધર્મ પરિવર્તન ધાંગધ્રા અને દસાડા તાલુકામાં થઈ રહ્યા હોવાનું સામે આવ્યું છે ત્યારે આ મુદ્દે સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે ધર્મ પરિવર્તન કેમ થઈ રહ્યું છે ? તે દિશામાં હવે પ્રશાસન દ્વારા પણ તપાસ શરૂ કરવામાં આવી છે. કલેક્ટરે કાયદો અને વ્યવસ્થા અંગેની બેઠક યોજાઈ હતી. તેમાં પણ આ અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી અને જિલ્લામાં ધર્મ પરિવર્તનની સંખ્યામાં વધારો કેમ થઈ રહ્યો છે તે દિશામાં પણ તપાસ થાય તેવી સૂચનાઓ આપવામાં આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લામાં ધર્મ પરિવર્તન અંગે કારણ જાણવામાં આવતા ભિક્ષુક પ્રથીક શ્રેષ્ટી દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગ્રામ્ય વિસ્તારોમાં અનુસૂચિત સમાજના લોકો ઉપર અત્યાચારો કરવામાં આવે છે પીવાનું પાણી આજે પણ સંપો ઉપરથી નથી ભરવા દેવામાં આવતું આ ઉપરાંત ઘોડે ચડવા દેવામાં નથી આવતા મૂછો રાખવા દેવામાં નથી આવતી જેને લઈને અનુસૂચિત સમાજના લોકો ધર્મ પરિવર્તનનો માર્ગ અપનાવતા હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે.

યુવાનની તેની પત્ની દ્વારા હત્યા કરાઈ હોવાનો પરિવારજનોનો આક્ષેપ : પોલીસ તપાસ શરૂ

# વડોદરામાં હત્યાના આક્ષેપને લઈ પોસ્ટમોર્ટમ માટે કબરમાંથી પુરૂષનો મૃતદેહ બહાર કઢાયો






(તસવીર : અતિક શેખ, વડોદરા)

## પરિવારને મૃતકની પત્નીનો મોબાઈલ ચેક કરતા શંકા ગઈ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૩

વડોદરાના તાંદલજા વિસ્તારમાં વધુ એક ચોંકાવનારો બનાવ બનતા ચકચાર મચી ગઈ હતી, જેમાં તાંદલજામાં દફન કરાયેલો એક પુરૂષનો મૃતદેહ પાંચમા દિવસે પોલીસ દ્વારા બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતક યુવકના પરિવાર દ્વારા પત્નીએ પતિની હત્યા કરી હોવાનો આક્ષેપ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી હતી.

મળતી માહિતી અનુસાર, ૧૮ નવેમ્બરની રાત્રે ૧૫થી ૧ વાગ્યા દરમિયાન આ ઘટના બની હતી, પરિવારે આરોપ લગાવતા કહ્યું છે કે, ઈર્ષાને પગલે ઊંઘની ગોળીઓ આપીને બેભાન કરવામાં આવ્યો હતો અને પછી ગળું દબાવીને તેની હત્યા કરવામાં આવી છે. મૃતકના પરિવારે આક્ષેપ કર્યો છે કે ૩૨ વર્ષીય ઈમાદ વણઝારાની હત્યા તેની પત્ની ગુલબાનુએ મુંબઈ સ્થિત પોતાના મિત્ર તૌસીફ અને અન્ય એક શખ્સ સાથે મળી ષડયંત્ર રચીને કરી હતી. પરિવારજનોએ આકસ્મિક મોત થયું હોવાનું માનીને ૧૯ નવેમ્બરના રોજ ઈમાદની દફનવિધિ પણ કરી દીધી હતી.

દફનવિધિ બાદ મૃતકના પરિવારને શંકા જતા તેણે પત્ની ગુલબાનુના મોબાઈલ ફોનની તપાસ કરીહતી. આ તપાસમાં તેમને જાણવા મળ્યું કે પત્ની ગુલબાનુએ સતત કોઈ એક જ નંબર પર લાંબા સમય સુધી ફોન કર્યા હતા, જેના કારણે તેમની શંકા વધુ ગાઢ બની હતી. આ શંકાના આધારે, હત્યાની સઘન તપાસ કરવા માટે પોલીસ અને મેજિસ્ટ્રેટની હાજરીમાં ૩૨ વર્ષીય યુવકના મૃતદેહને કબરમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

વડોદરાના તાંદલજા ગામ ચોક પાસે રહેતા ઈશાક અબ્દુલ કરીમ બંજારાનું ૧૮ નવેમ્બરના રાત્રે મૃત્યુ થતા તેમનું પરિવાર ઊંડા શોકમાં ગરકાવ થઇ ગયું હતું. પાંચ સભ્યોના હસ્તા-રમતા પરિવારમાં અચાનક એક એવો સન્નાટો છવાઈ ગયો હતો. ઈશાક બંજારાનું મૃત્યુ શરૂઆતમાં એક સામાન્ય મોત જેવું લાગ્યું હતું પરંતુ તેની પત્નીના ચહેરા પર કોઈ પ્રકારનો શોક ન જોવા મળતા પરિવારજનોના મનમાં શંકા ગઈ હતી. જેથી તેમણે જેપી રોડ પોલીસને જાણ કરતા પોલીસ અધિકારીએ મૃતદેહને કબરમાંથી બહાર કાઢવાનો નિર્ણય કરી યુવકનો મૃતદેહ કબરમાંથી બહાર કઢાયો હતો અને ગોત્રી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો હતો.

## મારા ભાઈની તેની પત્નીએ તેના મિત્ર સાથે મળી હત્યા કરી છે : મૃતકનો ભાઈ

મૃતક ઈશાકના ભાઈ ઈમ્તિયાઝ અબ્દુલ કરીમ બંજારાએ જણાવ્યું હતું કે, ૧૮ નવેમ્બરના રોજ રાત્રે મારા નાના ભાઈને છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. ત્યારબાદ તેને પાણી પીધું હતું અને ચક્કર આવ્યા બાદ તે પડી ગયો હતો. ત્યારબાદ તેની પત્નીએ તેને બેડ ઉપર સુવડાવી દીધો હતો. ત્યારબાદ વહેલી સવારે ત્રણ વાગે તેની પત્નીએ કહ્યું હતું કે, તેના પતિનું મૃત્યુ થયું છે. ત્યારબાદ સગા સંબંધીઓને બોલાવવામાં આવ્યા હતા અને સામાન્ય મૃત્યુ સમજીને અમે તેની દફનવિધિ કરી હતી. ઈમ્તિયાઝે વધુમાં કહ્યું કે, મારા ભાઈના મૃત્યુ બાદ તેની પત્નીના ચહેરા પર કોઈ પણ પ્રકારનો શોકનો ભાવ દેખાતો નહોતો. તેને કોઈ ફરક જ પડયો નહોતો. જેથી અમને શંકા ગઈ હતી. જેથી અમે અમારા ભાઈની પત્નીના માતા-પિતાને બોલાવ્યા હતા અને તેમની હાજરીમાં પૂછપરછ કરી હતી. મૃતકના ભાઈએ કહ્યું કે, મારૂ કહેવું છે કે મારા ભાઈની પત્ની અને બે લોકોએ મળીને મારા ભાઈની હત્યા કરી છે. અમને ન્યાય મળવો જોઈએ. પોલીસે મારા ભાઈના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

કોંગ્રેસની 'જન આક્રોશ યાત્રા' દરમ્યાન એક ગામની મહિલાઓએ નેતાઓને કરી ફરિયાદ

# અમારા વિસ્તારમાં પીવાનું પાણી મળતું નથી પરંતુ દારૂ જોઈએ તેટલા પ્રમાણમાં મળે છે

કચેરીમાં દક્ષિણા વગર કામ થતું નથી; પોલીસ માત્ર હપ્તા ઉઘરાવે, તિજોરી ભરનારા ગાંધીનગરમાં : ચાવડા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

ગુજરાત કોંગ્રેસ દ્વારા ખેડૂતો અને લોકોની સમસ્યાઓને ઉજાગર કરવા માટે જન આક્રોશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા વાવ થરાદ જિલ્લાના ઢીમા ધરણીધરથી શરૂ થઈને ઈકબાલગઢ પહોંચી હતી. જયાં કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપનું નામ લીધા વગર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું કે, કોઈપણ સરકારી ઓફિસમાં 'દક્ષિણા' આપ્યા વગર કોઈ કામ થતું નથી અને જે હપ્તા ઉઘારવવામાં આવે છે તેની તિજોરી ભરનારા ગાંધીનગરમાં બેઠા છે'.

ઈકબાલગઢમાં એક જાહેરસભાને સંબોધતા કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, 'આપણા મતથી સત્તા પર બેઠેલા કે આપણા પૈસે પગાર લેનારા પણ આપણી વાત સાંભળતા નથી. કોઈપણ ઓફિસમાં જાવ જ્યાં સુધી દક્ષિણા ન આપો ત્યાં સુધી કોઈ કામ થતું નથી.' અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું કે, યાત્રા દરમિયાન એક ગામમાં મહિલાઓએ ફરિયાદ કરી હતી કે, અહિં પીવાનું પાણી નથી મળતું પરંતુ દારૂ જોઈએ એટલો મળે છે. ચાવડાએ દાવો કર્યો કે, જ્યારે આ અંગે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી ત્યારે પોલીસે દારૂ ક્યાં મળે છે તેની જાણ ન હોવાનું જણાવ્યું હતું. તેમણે આક્ષેપ કર્યો કે, પોલીસ હપ્તો લેતી હોવાથી તેમને ખબર નથી પડતી.

વધુમાં જણાવ્યું કે, એક પોલીસકર્મીએ તો કહ્યું હતું કે, તેઓ હપ્તો ઉઘરાવે છે, પરંતુ તે સીધો ગાંધીનગર જાય છે અને તેમના ભાગમાં બહુ ઓછું આવે છે. ગાંધીનગરવાળા જો ઈચ્છે તો આ બધુ બંધ થઈ જાય. પણ આ તો ઉઘરાવવા વાળા છે, તેની તિજોરી ભરવાવાળા તો ગાંધીનગરમાં બેઠા છે. અમિત ચાવડાએ કહ્યું કે, બીજા એક ગામમાં ગયા ત્યા ગરીબ લોકોએ કહ્યું કે, સાહેબ અમને પ્રધાનમંત્રી આવાસ યોજનાનું ફોર્મ મંજૂર કરાયું પણ તલાટીએ ફોર્મ મંજૂર કરવાના ૧૦ હજાર લીધા હતા. આ અંગે ૪૦ લોકોએ સહી કરીને એક વર્ષથી તેઓ ફરિયાદ કરે છે. આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ પહેલા કોંગ્રેસ આ યાત્રા દ્વારા છેવાડાના લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. આ યાત્રા થરાદ, લાખણી, ધાનેરા, ઈકબાલગઢ થઈને આજે બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં પહોંચી હતી.

ખેડૂતોને પડતી મુશ્કેલીઓ, મોંઘવારી અને ભ્રષ્ટાચાર સહિતના મુદ્દાઓ સાથે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અને સ્થાનિક નેતાઓ આ જન આક્રોશ યાત્રામાં જોડાયા હતા. પાલનપુરમાં અમિત ચાવડાના હસ્તે કોંગ્રેસના નવીન કાર્યાલયનું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવ્યું હતું.

પરિણીતા પતિને કહીને ઘરેથી નીકળી ને બીજા દિવસે મળી લાશ

# રાજકોટમાં પાણીપૂરી ખાવા ગયેલી મહિલાનો માથું છૂંદેલી હાલતમાં મૃતદેહ મળતાં ચકચાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૩

રાજકોટમાં એક પરિણીત મહિલાની નિર્મમ હત્યા કરાયેલી લાશ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભય અને ચકચારનો માહોલ છવાઇ ગયો છે. ૩૩ વર્ષીય સ્નેહાબેન આસોડીયાને તેઓના ઘરથી ૨૦૦ મીટર દૂર ખુલ્લા પટમાં તીક્ષ્ણ હથિયારના ઘા મારી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યાં છે. ગઈકાલે સાંજે પોતાના પતિને પાણીપૂરી ખાવા જાઉં છું, કહી ઘરેથી નીકળ્યાં હતાં અને બાદમાં પરત ફર્યા જ નહોતાં. જે બાદ આજે (૨૩ નવેમ્બર) સવારે તેમનો મૃતદેહ મળી આવ્યો હતો, જેથી પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા અને DCP ક્રાઈમ જગદીશ બાંગરવા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. હત્યા કોણે કરી તે હજુ અકબંધ છે, ત્યારે પોલીસે હત્યારાને ઝડપી પાડવાં ચક્રો ગતિમાન કર્યા છે.

## પોલીસે હત્યારાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા

મહિલાના પતિ હિતેશભાઈ આસોડિયાએ જણાવ્યું હતું કે, મારી પત્નીએ ગઈકાલે રાત્રે મને ફોન કરી કહ્યું હતું કે પાણીપુરી ખાવા જાઉં છું. મને એમ પણ કહ્યું હતું કે, મને ત્યાંથી તેડતા જજો, જેથી હું બહારથી ઘરે આવતો હતો, ત્યારે ત્યાંથી નીકળ્યો પરંતુ મારી પત્ની મને ક્યાંય ન મળી. જે બાદ હું ઘરે આવ્યો ત્યારે ઘરની લાઈટ ચાલુ હતી. લોક ખોલ્યા બાદ હું અંદર ગયો તો તેનો મોબાઈલ પણ ચાર્જિંગમાં પડેલો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમારે નાના-મોટા ઝઘડો થતા હતા, પરંતુ આવો સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યું કે મારી પત્નીનું મૃત્યુ થઈ જશે. મને માનવામાં આવતું નથી કે મારી પત્નીનું મૃત્યુ થયું છે. મારા ત્રણ વર્ષ પહેલાં લગ્ન થયા છે અને હું મારા પત્ની અને પુત્ર સાથે અહીં રહું છું. મારો બે વર્ષનો પુત્ર શિવાંશ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બેડી ચોકડી નજીકથી સ્નેહાબેનનો મૃતદેહ મળી આવ્યો હતો. હત્યારાઓએ અત્યંત ક્રૂરતાપૂર્વક મોઢાના ભાગે તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી અને માથું છૂંદી નાખીને આ હત્યાને અંજામ આપ્યો હોવાની આશંકા છે. મૃતદેહ લોહીલુહાણ હાલતમાં મળી આવતા અરેરાટી વ્યાપી ગઇ હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ગુનો નોંધીને હત્યારાને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ગુજરાત ટુડે

ફોર્મ ભરવામાં સાવચેતી રાખો.... કોરા ફોર્મ સહી કરીને ન આપો

ગુજરાતભરમાં 'સર'ની કામગીરી હાલ પૂરજોશમાં ચાલુ છે ત્યારે ઠેકઠેકાણે મતદારયાદી સઘન સુધારણા માટે નાગરિકો પોતાના ફોર્મ ભરી રહ્યા છે ત્યારે એવી વાત બહાર આવી છે કે સહી કરેલા કોરા ફોર્મ પણ સ્વીકારવામાં આવી રહ્યા છે પરંતુ આમાં અનેક વિસંગતતાઓ અથવા તો સવાલો પેદા થઈ રહ્યા છે ત્યારે જે લોકો પાસે પોતાની વિગતો ઉપલબ્ધ છે તે ભરીને જ ફોર્મ પરત આપે એ હિતાવહ છે.

ખાસ નોંધ:- તમારા ફોર્મ પર તમારા મતદાન મથકના BLOનો મોબાઈલ નંબર છાપેલો છે એમનો સંપર્ક કરીને તમારૂં ભરેલું ફોર્મ એમને રૂબરૂમાં પરત કરો....

જાગૃત રહો...જાગૃત બનો....જાગૃત કરો...

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS